[illegible]

[illegible]


गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक 5553 वर्गांक

पुस्तकनुं नाम નંદશંકર જીવન-ચિત્ર

विषय ૮૩૫



પિતાશ્રી નંદશંકર તુલજાશંકર મહેતા

જન્મ ઈ. સ. ૧૮૩૫. અવસાન ઈ. સ. ૧૯૦૫

નંદશંકર જીવન-ચિત્ર.

કર્તા તથા પ્રસિદ્ધકર્તા

વિનાયક નંદશંકર મહેતા.

બી. એ. આઈ. સી. એસ.

સંવત ૧૯૭૩. ઈ. સ. ૧૯૧૬.

મૂલ્ય રૂ. ૧-૦-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

“ગુજરાતી” પ્રિંટિંગ પ્રેસમાં મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપ્યું,
સાસુન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ-મુંબઈ.

પ્રસિદ્ધકર્તા

વિનાયક નંદશંકર મહેતા

બી. એ. આઇ. સી. એસ બાહરાઇચ (યુનાઇટેડ પ્રોવીન્સીસ)



માતુશ્રી નંદગૌરી

જન્મ ઇ. સ. ૧૮૪૬

અર્પણપત્રિકા.

મ્હારી પરમ પૂજ્ય માતુઃશ્રીના હસ્તકમલમાં
વડીલ પિતાશ્રીનાં જીવન તથા
સમયનું ચિત્ર મૂકું છું.

લી૦ આજ્ઞાંકિત સેવક,

વિનાયક.

પ્રસ્તાવના.

લિખિત હકીકતને અભાવે મારા પરમ પૂજ્ય પિતા નંદશંકર તુળજાશંકરનાં જીવન-ચિત્ર લખવા માટે મેં જે પદ્ધતિ સ્વીકારી છે તે વાંચક વર્ગને માન્ય થશે.

આ લખાણુ મ્હેં ૧૯૧૩ના સપ્ટેમ્બર મહિનામાં સંપૂર્ણ કર્યું ને મ્હારા વડીલ બંધુ માર્કંડરાવ તરફ મોકલી આપ્યું કે લખાણમાં સુધારો વધારો કરે. દમના દુષ્ટ રોગે એમની તન્દુરસ્તી શિથિલ કરી નાંખી હતી તેથી કામ ધીરે ધીરે થતું ગયું-એવામાં એકાએક આ સપ્ટેમ્બરની બીજી તારીખે એ પરમ પ્રિય બંધુનો દેહાંત થયો. લખાણમાં મ્હેં કાંઈ ફેરફાર કર્યો નથી ને જેવું છે તેવુંજ છપાવ્યું છું. મ્હારા મિત્ર રા. રા. મંગળદાસ પકવાસા ને મણિલાલ ઇચ્છારામ દેશાઇએ જે શ્રમ લીધો છે તે માટે તેમનો હું સંપૂર્ણ રીતે આભારી છું.

બહરાઇચ.
માતાની આઠેમ ૧૯૭૩.

વિનાયક નંદશંકર મહેતા.

નંદશંકર જીવન–ચિત્ર

પ્રકરણ પહેલું

ઉદય

મારા પિતાનો જન્મ ઈસ્વી ૧૮૩૫ ની તારીખ ૨૧ મી એપ્રીલ: એટલે વિક્રમાર્ક ૧૮૯૧ ના ચૈત્ર વદ ચોથને દિવસે, સુરત શહેરમાં થયો હતો. ગોપીપુરા મોહોલ્લામાં, શેતાન ફળિયાને નાકે, ભટ્ટજીના વૈષ્ણવ મંદિરની સ્હામે એક ભાડાના મકાનમાં એમના પિતા રહેતા હતા, ત્યાં આ સજ્જન પુરુષની આંખ પહેલ વહેલી ગુર્જર ભૂમિપર પ્રકાશી. તેમના માતામહ, સુરજલાલ દેસાઈ, ઓરપાડમાં રહેતા હતા. પૈસે ટકે સુખી તથા ન્યાતમાં પ્રતિષ્ઠિત ગણાતા હતા, પણ જુવાનીમાં વિધુરવસ્થા પ્રાપ્ત થવાથી પોતાની એકાકી પુત્રીને તેની પ્રસૂતિ સમયે ઘેર બોલાવી શક્યા ન હતા; જેથી જ્ઞાતિરિવાજ મુજબ સુવાવડ પિયૂર નહીં કરતાં સાસરે જ કરવામાં આવી હતી.

મનુષ્યજીવનનું બંધારણ કુળ–સંસ્કાર, દેશ–સંસ્કાર અને જાતિ-સંસ્કાર ઉપર પ્રથમ આલંબન રાખે છે. આ જીવન પ્રવાહને જેમ વાળવો હોય તેમ પુરુષ તેને વાળી શકે છે, પણ "મૂળ" માટે તે જોખમદાર નથી. જવાબદારી તો "મુખ" ઉપર જ આધાર રાખે છે. હિંદમાં ખાનદાની નોંધ રાખવાની ટેવ હોતી નથી. ક્યાંથી હોય? કમાનમાંથી છૂટતા તીરની ગતિ તરફ નિહાળવાથી શો ફાયદો? પાછળની ઠેસ બંધ થઈ, એટલે ગતિ અટકશે. તેની હીલચાલની નોંધ

તે શી રાખવી? શોભારામ સુત મયારામ મ્હેતા હમારા પૂર્વજમાં ગણાતા. પણ એમના માત્ર નામ શિવાય બીજું ક્યાંઈ વિશેષ માલૂમ નથી. જીવનસાગરમાં એમણે કાંઈ આંદોલન પેદા કર્યું કે નહિ, જન્મ્યા તે સમય કરતાં સૃષ્ટિને સુધારવાને પ્રયત્ન કર્યો કે નહિ, એ કાંઈ જણાતું નથી. પરપોટા સમ તેમનું વ્યક્તિત્ત્વ સપાટીપર આવેલું તે શમી ગયું. માત્ર ગગનસ્થાયી તારાઓએ તે નિહાળ્યું. કોઈ વ્યક્તિ જાણતી તો હશે જ પણ ભૂતકાળ બાબત તેનું મુખ બંધ છે. "મુગે કો સુપનો ભયો સમજ સમજ પસ્તાય." મારા પિતાના દાદા અમૃતરામ મ્હેતાને માટે થોડી ઘણી દંતકથા હજી ન્યાતમાં ચાલે છે. તેમનો જન્મ ઇ. સ. ૧૭૭૬ ની લગભગ થયો હશે. સુરત બંદરે-મુબારક ઉપર ઇંગ્રેજી તથા મોગલાઈ બન્ને વાવટા તે વખતે ઉડતા હતા. અલી નવાજખાન નવાબ હતા. પચીસ છવીશ વર્ષે ભર જુવાનીમાં તેમનો કાળ થયેલો. પાછળ બે વર્ષનું બાળક ને પરાક્રમી વિધવા મૂકી ગયેલા. જાતે મુત્સદ્દી ઠર્યા એટલે કારકુની કે તેની ઉમેદવારી કરતા હતા. સમૃદ્ધિ કરતાં હોંસ તેમનામાં વિશેષ હતી. સાહસની સીમા ન હતી. એમના કોઈ ટોળિયા મિત્રે તાણો માર્યો કે "અલ્યા માલકો તો તું છે પણ પાલખીએ તો હજુ ના બેઠો." તુરત જવાબ મળ્યો: "એમાં શી બડી બાત છે? અમુક જગ્યાએ તમે ઉભા રહેજો ને પછી જોજો કે હું પાલખીમાં બેશી કેવો જાઉં છું?" નાગર કાયસ્થનું તે વેળા નવાબીમાં જોર, એટલે હાલ જેમ 'હૅટ' ઝુકાવવામાં માન ગણાય છે તેમ તે વેળા મોગલાઈ પાઘડી પ્હેરાતી. ફક્કડ જુવાનિયાઓ રંગબેરંગી પાઘડી ઝુકાવતા, જામો પહેરતા, તથા પીછોડી લટકાવતા. આથી મુત્સદ્દીની છાપ સચોટ પડતી. વળી કિરપારામ મ્હેતા તે વેળા દિવાનજી હતા, એટલે નાગરોનું માન ઝાઝું હતું. એક વરઘોડીઆ વ્યાપારી પાસે અમરિતરામ મેહેતા (આજ એમનું પ્રાકૃત નામ હતું) પહોંચ્યા ને

હુકમ આપ્યો કે પૂરા સાજસમેત એક સુખાસન જોઇએ છીએ. હુકમ મળતાં જ તેનો અમલ થયો. ભોઇઓએ જોયું કે, જરૂર કોઈ મોટાં શેઠનો કારભારી જણાય છે, એને ખુશી કરીશું તો ઉપરથી "ચેરીમેરી" મળશે. આ કલ્પનાથી જ કારભારી સાહેબનો ઇલ્કાબ તેમને મળ્યો, ને વિનંતિ કરવામાં આવી કે પાયદલ શા માટે જાઓ છો પાલખીમાં જ બેસો. પ્રથમ આનાકાની તો કરી પણ "ભાવતું હતું ને વૈદ્યે કહ્યું" એ ન્યાયે તે બિરાજમાન થયા. સંકેત સ્થાન વટાવી પાલખી આગળ વધી ત્યારે પોતાના પગ ઘસડતા મિત્રો તરફ ફરી ઠાવકું મ્હોં રાખી સાહેબ સલામ કીધી. આત્મારામ ભૂખણવાળા શેઠને ત્યાં લગ્નની ધામધૂમ હતી, ત્યાં પાલખી ઉભી રાખી. મેહેતા અંદર ગયા ને પાછલે બારણેથી પોબારા ગણી ગયા. ભોઈ થાકી વદાય થયા હશે. બબડ્યા પણ હશે. 'હાથી પૂઠે છો કુતરાં ભસતાં' એમ કહી સાહસી અમરિતરામે તે વેણને ખંખેરી, તુચ્છકારી નાંખ્યાં હશે. શેઠના ઘરવાળાઓએ પણ કાંઈ સમજ ફેર થઈ હશે, એમ ગણી પેઢીના મોભા પ્રમાણે ભોઇઓને કાંઈ રકમ આપીને સુખાસન વિદાય કર્યું હશે. "વગર પૈસે ખૂબ સ્હેલ કરી હોં!" એમ કહી મિત્રોએ ધન્યવાદ આપ્યો. ઇ. સ. ૧૮૦૧ માં તેમનો કાળ થયો. ન્યાતના રિવાજ પ્રમાણે વિધવાએ પતિને ઘેર એક વર્ષ લગી રહેવું જોઇએ. એ વાત ઉમીઆકુંવરને મંજુર નહિ હતી. એક તો દેસાઇની છોકરી, હઠીલા સ્વભાવની, તેમાં વળી બોર-પાડમાં હરફરની છૂટ અનુભવેલી, એટલે ઘરના ખૂણામાં એકલાં ભરાઈ રહેવું કેમ પરવડે? વર તરફનું ન મળે કોઈ સગું કે વ્હાલું, પણ મોહોલ્લાવાળાનું જોર ઝાઝું હતું. રૂઢિની વિરુદ્ધ વર્તન તેઓ સાંખત જ નહિ. તેથી ગુપચુપ પ્રાતઃકાળે ઉમીઆકુંવર ઘર છોડી, બાળકને લઈ, પિયર ગયાં. જતાં જતાં બારણે કોયલાવતી લખ્યું કે, મ્હારી ખોળ ન કરશો, હું બોરપાડ ગઈ છું. આ ઉપરથી એટલું

તો સાબિત થાય છે કે તે જમાનામાં પણ બાઈને લખતાં આવડતું હશે. તાપી નદીપર તે વેળા પૂલ ન હતો. ઉનાળાની શરુઆત એટલે પાણી પણ આછાં હતાં. ઉતારુ માટે રાખવામાં આવેલી હોડીને આવતાં વાર લાગી એટલે બાળકને ગળે બાંધી, તરીને પેલે કિનારે પહોંચ્યાં, ને બપોર થયા પહેલાં પિયર દાખલ થઈ ગયાં. ન્યાતના રિવાજ પ્રમાણે "હાયરે ઉમીઆ તું અહીં ક્યાંથી?" આવા ઉદ્ગારોથી તેમને સ્વાગત મળ્યું હશે. પોતે આ પરાક્રમી દાદીને જોયેલાં ને જ્યારે તેમનો કાળ થયો ત્યારે પોતે દશ વર્ષના હતા. પોતાના પિતા તુળજાશંકરનું બચપણ ઓરપાડમાં જ વ્યતીત થયેલું. નાગર મોહોલ્લામાં દેશાઈઓ ઝાઝા વસતા. ઘરને સ્હામે આંગણે સુરજલાલ દેશાઈની બેઠક રહેતી. એમની ઉંમર એ વેળા અઠ્ઠાવીશ વર્ષની હશે. બેતાળીશ વર્ષની તેમની વય થઈ ત્યારે એક પુત્રી સાંપડી. ત્યાર પછી થોડા કાળમાં તેમને વિધુર અવસ્થા પ્રાપ્ત થઈ. આ બાળકી તથા ઉમીઆકુંવરના બાળક વચ્ચે ઉંમરનો તો ફર્ક ઝાઝો હતો, તોપણ ઉમીઆકુંવરને સુરજલાલ દેશાઈની પુત્રી લેવાનો બહુ શોખ હતો. પોતે દેશાઈની પુત્રી તેથી પોતાના પુત્રને માટે પણ દેશાઈનાં જ ઘર ખોળવાં એ નિશ્ચય હતો. વળી ગરીબ મહેતાને ત્યાં પોતે પરણેલી. ન મળે દ્રવ્ય કે ન મળે ન્યાતીલાનો સહારો! તોપણ પોતાના એકનાએક પુત્રને દેશાઈજીની એકાકી પુત્રી મળે, એ ઘાટ બહુ બંધ બેસતો આવશે. એ ખ્યાલથી વિવાહ થયો ને સમય આવતાં લગ્ન પણ થયું.

એચીસનના સુલાહનામાની નોંધ ઉપરથી જણાય છે કે, તા૰ ૩૧ મી ડીસેમ્બર ૧૮૦૨ માં વસાઈનું તહનામું લખાયું, તે વેળા રાઘોબાએ સુરતની અઠ્ઠાવીશીમાંથી ઓરપાડ, વલસાડ, અને જલાલપુર તાલુકા, પારડી ને બારડોલીનો કેટલોક ભાગ તથા ચોરાશી તાલુકાનાં ત્રણ ગામઃ કતારગામ, કુંભારીયા, અને કુલપાડા અંગ્રેજ

સરકારની મદદની ફોજના ખર્ચ પેટે આપ્યાં. ઓરપાડ જવા ન દેવું એવો પેશ્વાનો આગ્રહ હતો, તેથી નરસિંહ ખંડેરાવ વિંચુરકરના કબજામાં ઓરપાડ રહ્યું ને તેને બદલે ૧૮૦૩ ની પેટા સંધિથી અંગ્રેજ સરકારને બુંદેલખંડમાં કેટલીક જમીન મળી. વળી સુરત શહેરની આમદની ઉપર ગાયકવાડનો પણ હક્ક હતો. ચોરાશી માહાલનાં ઘણાં ગામો ગાયકવાડી રાજ્યનાં થઈ પડ્યાં હતાં, આથી ગુજરાત પ્રાંતના આ દક્ષિણ પ્રદેશે પેશ્વાઈનો પૂરો અમલ ભોગવેલો. મુલ્ક સર કરવા કરતાં તેને ખંડિયો જ રાખવો, એ નીતિ મરાઠાઓને વધારે પસંદ હતી. તેમની દયાનત માત્ર નાણાં કઢાવવાની જ હતી. આથી ગામડાંઓમાં ખેતી અદૃશ્ય થવા લાગી, ખેડુતો પાયમાલ થઈ ગયા, ને મુલ્ક ઉજડ થવા લાગ્યો. જમીનના ઇજારા આપવાની પેશ્વાને ફરજ પડી. આને પરિણામે ગામના અગ્રગણ્યોને એકઠા કરી તેમને જમીન-દારો બનાવ્યા, તેઓ અમુક માલગુજારી આપતા, ને પોતાના તાબાની રૈયત ઉપર પૂરેપૂરો અખત્યાર ભોગવતા. ઉજ્જડ ગામો વસાવવાં, ખેતી વ્હેંચવી, કુવા ખોદાવવા, પડતરની ત્રેવડ કરવી વગેરે જમીનદારીને લગતી સર્વ યોજના દેશાઇઓના હાથમાં રહી. દેશાઈ પાસે ઝાઝી હકુમત હતી, પણ તે લાંબા કાળ સૂધી ટકી નહિ. ઇ. સ. ૧૮૧૭ માં બાજીરાવ અંગ્રેજ સરકારને શરણ આવ્યો, પુણાનું તહનામું થયું. આ વેળા વિંચુરકરના અંગ્રેજની વિરુદ્ધના વર્તનને લીધે તહનામાનો ભંગ કરી ઓરપાડ મરાઠાઓ પાસેથી છીનવી લેવામાં આવ્યું. અંગ્રેજ લોકને ઉત્તર હિંદુસ્તાનમાંના જમીનદારનો પૂરો અનુભવ મળ્યો હતો. દેસાઈ લોક રૈયતના ફાયદા માટે કાંઈ પણ કૃત્ય કરતા નથી, એ બાબત સંપૂર્ણ ખાતરી થઈ. સરકારની વિરુદ્ધ તેઓ છે એવો ઉણો ઉણો અવિશ્વાસ પણ દાખલ થયો. આથી તેમનો અખત્યાર નાબુદ કરી તેમના હક્કને રોકડ અવેજના સ્વરૂપમાં બદલી નાંખવામાં આવ્યા. સુરજલાલ દેશાઇએ તો આ પ્રમાણે દેશાઇઓની ચઢતી ને પડતી બંને જોયલાં, ને

કહેવત મુજબ "સાપ ગયા પણ લીંસોટા રહી ગયા" તેમ તે વેળા પણ મ્હેતા કરતાં દેશાઇઓ પોતાને કુળમાં ઉંચા સમજતા હતા.

તુળજાશંકર તથા તેમનાં પત્ની ગંગાલક્ષ્મીએ સુરતમાં ગૃહસંસાર માંડ્યો. જકાત ('કસ્ટમ્સ') ખાતામાં પોતાના પિતાને નોકરી હતી એમ પોતે કહેતા. પાંચ રૂપીઆના પગારથી નોકરી શરુ કરી, અવસાન સમયે પંદર રૂપીઆના દરજ્જા સૂધી ચઢયા હતા. તે જમાનામાં પગાર ઉપરાંત દસ્તૂરી ઠીક મળતી. આ એક જાતનો હક્કજ સમજવામાં આવતો. એની માંગણી કરવાની જરૂર જ પડતી નહિ. જો કોઈ ન લે તો ધન્યવાદ તો ઘેર ગયો, પણ ઓલિયા યા ધુનીમાં ખપે. આ જમાનામાં સારાંનરસાંનો ખ્યાલ એવો તો હલકો થઈ ગયો હતો કે, આવી જાતની દસ્તૂરી મળે તો તે અયોગ્ય છે એમ કોઈ સમજતું નહિ. સરકારની દસ્તૂરી નાણાંમાં લેવાતી ને તેનો હક્ક માલમાં જ લેવાતો. સામાન્ય ખ્યાલ તો એવો જ હતો કે, જોર જુલમ થાય કે અધિકારી વર્ગ પાસેથી વધારે મંગાય તો જ શિક્ષાપાત્ર થવાય; બાકી તો થતું આવ્યું છે તેમ થવા દેવામાં કાંઈ દોષ નહિ સમજાતો. આ કારણથીજ તે સમયમાં પગાર જ્યાં ઓછો રાખવામાં આવતો.

"તુળજાભાઈ" (આ નામથી તેઓ ન્યાત જાતમાં ઓળખાતા) ન્યાતમાં પ્રમાણિક અને ગરીબ ગણાતા. નિરભિમાની હતા. તે સાદા, સીધા, નિખાલસ, ટોળિયા સ્વભાવના હતા.

પૈસે ટકે ગરીબાઈ હતી, પણ તેમને દેવું ન હતું. તેમનો ઘરસંસાર સરળ ચાલતો હતો. તેમની વડીલ પુત્રી જસોદાગૌરીનો જન્મ ઈ૦ સ૦ ૧૮૨૯માં થયો હતો. ત્યારબાદ એક બે પુત્ર સાંપડેલા પણ તે ચાલતા થયલા. ઈ૦ સ૦ ૧૮૩૫માં જ્યારે પોતાનો જન્મ થયો ત્યારે હર્ષ માયો જાય નહિ. પોતાનાં ન્હાનાં બ્હેન, કૈલાસગૌરી, પોતાથી ત્રણ વર્ષે ન્હાનાં હતાં. તુળજાભાઇને દાણની ચોરી અટકાવવા માટે ગામે ગામ બહુ ફરવું પડતું હતું. એવામાં એકાએક એમની બદલી સુરતથી બગવાડે

ચઢતી પાયરી ઉપર થઈ. સુરતમાં તે વેળા નાગરી ન્યાતમાં લગ્નસરા શરુ થઈ હતી ને મિષ્ટાન્ન ચાલતાં હતાં. વળી માંડવીની આબો હવા બહુ બુરી ગણાતી. સામાન્ય કહેતી છે કેઃ-

> માલધા, લીમાધા, મોતિફાલ, નહિ મરે તો દેવગઢ ચાલ;
> દેવગઢ કહે હું લીલો કરું પીળો કરું, નહિ મરે તો હું શું કરું?

વળીઃ-

> બગવાડે જીવે અડધોજી, પણ માંડવીમાં મરે પૂરોજી;

મિષ્ટાન્ન ખોવાં, ખરાબ પાણી સ્હેવાં, એ કોના ઘરનો ઇન્સાફ? સારું કામ કર્યું તેના બદલામાં બે રૂપીઆ પગાર તો વધાર્યો, પણ જંગલમાં મોકલી ગરદન મારી. બદલીનો હુકમ રદ્દ કરાવવા ખટપટ તો કરી પણ તે ફાવી નહિ, બદલી રોકાઈ નહિ. એવામાં તેમના મનમાં ખ્યાલ આવ્યો કે માદા થવાનો ઢોંગ કરીએ. કમળાનો ઢોંગ કરવો સૌથી સહેલો લાગ્યો. હળધથી શરીરપર પીળાટ લાવી, આંખમાં પણ તેનો જ આભાસ આણ્યો. મીઠાનું પાણી પી ખૂબ ઉલટીઓ કરી ને ડાકટર પાસે ગયા. ઉષ્ણ-કટિબંધમાંના પ્રદેશોમાં ચાલતા સામાન્ય રોગોને લગતું વૈદકજ્ઞાન આ જમાનામાં છેક જ બાલ્યાવસ્થામાં હતું. ઇંગ્રેજી ડાકટરને ચિકિત્સા કરવાનો મ્હાવરો કમ હતો, તેથી વિસ્તૃત પેટ તથા ચામડીનો રંગ જોતાં વાર જ એણે તો બે મ્હિનાની રજાની ભલામણ લખી આપી ને વધારામાં નોંધ કરી કે જો તેને 'મેલેરીયા' ને નામે ઓળખાતા તાવવાળા તાલુકામાં મોકલ્યો તો તે તુરત મરી જશે. આવા વૈદક અભિપ્રાયથી રજા મળી, ન્યાતમાં ખૂબ મિષ્ટાન્ન ખાધાં, શરીરમાં કૌવત દાબી દાબીને ભર્યું ને દુષ્ટ પાલીયાં પાણી જોડે યુદ્ધ કરવા સજ્જ થઈ આ નવા હોદ્દા ઉપર દાખલ થયા. તે જમાનાના બે મુખ્ય દોષો તુળજાભાઈમાં નહિ હતા. ન હતી મોટાઈ કે ન હતી કુછંદવૃત્તિ. મજાક તો તેમની જ. સ્વભાવ ચાંચલ્ય પણ તેમનું જ. ઝપાટો મારે પણ નિરૂપણ કરો તો

તેમની જિહ્વા લાલન જ કરતી હોય. હસી હસાવે, ટોળ કરે પણ દુભાવે નહિ: જેમકે પંખી ઉડતું આવી, સર-સપાટીપર ચંચુ પ્રહાર કરી ઉડી જાય. પ્રસન્નતામાં ખામી પડે, પણ તે ઉપર ખ્યાલ આવે તે પહેલાં તો પ્રસન્નતા તેવીને તેવીજ કાયમ થઈ જાય. મ્હારા માતામહ, તુળજાભાઇની હઝાર કહાણીઓ હમને કહેતા ને હસાવતા. મ્હારા માતામહના માતામહ હિમ્મતરાય વૃદ્ધાવસ્થામાં મરણ પામ્યા હતા. શબને અગ્નિદાહ કીધા પછી સ્મશાનથી પાછા ફરતા જ્ઞાતિબંધુ જે ઘરમાં મોત થયું હોય તે ઘર સમીપ આવે ત્યારે બૂમ પાડીને રુદન કરે, તે રૂઢિ મુજબ જેમ વધારે ઘાંટો પાડીને રુદન કરે તેમ લાગણી વિશેષ ગણાય, તે ખ્યાલથી તુળજાભાઈ, મ્હારા માતામહના મામા જમિયતરામનો હાથ ઝાલી બોલ્યા: 'જમિયતરામ! ખીર લ્હેંચીનાં કરે તો રડવા ખૂબ લાગીશ હોં!' આવા ગમગીન સમયે પણ આવું સાંભળી કોને હસવું ન આવે? તે જમાનામાં વૃદ્ધાવસ્થામાં કાળ થાય તે તો ભાગ્યશાળીને નસીબે એમ મનાતું, તેમાં વળી શોક શો કરવો? એક વેળા રંડાપામાં રીડાં થઈ ગયેલાં અમરિતકુંવરને ગુસ્સામાં આમ તેમ ફરતાં જોઈ તુળજાભાઈ બોલ્યા: "કેમ આજ બનવાંછ કે!" તુરત ઉત્તર મળ્યો:-"હા, મુવાની કયારની શોધ કરું છું પણ મળતો જ નથી. શાનો મળે? લગ્નસરા જાગી ને મશાલ છત્રી લઈ જાય એટલે દરકાર કોની!" ઘડપણમાં વિધુર અવસ્થા પ્રાપ્ત થયેલી, તેથી તુળજાભાઇને હાથે રાંધવું પડતું. એક પ્રસંગે એકાએક માળે આવી પોતાની પાસે કાંપવા લાગ્યા. "કેમ ભા શું થયું?" હસીને ઉત્તર આપ્યો "જોને આ નીચે રેલ આવી છે તે! કદી ઉભરાઈ જાય છે તે હું તણાઈ ન જાઉં?" આ કદાવર બાંધાના પુરુષે છેલ્લે લગી નોકરી કરી. પુત્રને સારો પગાર મળવા લાગ્યો એટલે પોતાના જુજ રળતરની આવશ્યકતા રહી નથી, એ ખ્યાલે એમને હરામખોરી સુઝાડી નહિ. પુત્રને સો રૂપિયાનો પગાર થતો જોયો. પુત્રવધૂને લક્ષ્મી સરખી ઘર દીપાવતી જોઈ. સુખ જોયું,

આરામ જોયો. કમળ–દલ ચારે તરફ મંદ મંદ હાસ્ય કરી રહ્યાં હતાં, તેવામાં તુષારનો સખ્ત પ્રહાર થયો. ગળામાં 'કેન્સર'નો કારમો રોગ લાગુ પડ્યો. "ના, ના, એક ક્ષણ–પળભર વિલંબ કર! સુંદર જીવન! તું અતિ પ્રિય છે" આમ એમનાથી કદાપિ બોલાઈ પણ ગયું હશે. પણ તે અટક્યું રહે કેમ? હાસ્ય ઊર્મિ ઉછાળતા, સાથે લાગો હાસ્યનો ચેપ પ્રસરાવતા, તુળજાભાઈ અવસાન સમીપ આવી પહોંચ્યા. બાળક પુત્રવધૂને પાસે બોલાવી કહ્યું:–"બ્હીશ મા હોં! આ ટોલ્લે બેસી રહીશ ને તને કનડનારને ખાઈ જઇશ." નવવધૂએ બહુ ચાકરી કરી. પોતે તો હમેશ માફક શાળામાં ગયા હતા. પિતાની તબીયત કાંઈ વિશેષ બીગડેલી નહિ હતી. એવામાં ખબર આવી કે હાલત બહુ બુરી છે. શાળા છોડી ઘેર આવવા પોતે નીકળ્યા. ધોળા કુવા સમીપ આવતાં માલૂમ પડ્યું કે, સઘળું સમાપ્ત થઈ ગયું છે. "થવા કાળ!" બધાએ આશ્વાસન કર્યું. પુત્ર ગામમાં જ પણ પિતાના મરણ સમય પાસે નહિ! જ્યારે મ્હારે યુરોપ જવાનું ઠર્યું ત્યારે એમના પુરાણા મિત્રોએ કહેલું કે તમે વૃદ્ધાવસ્થામાં કેમ એને જૂદો કરો છો? ત્યારે ઝટ એમણે જવાબ વાળેલો કે મુલ્કમાં રહેવાથી વધારે શું? હું ક્યાં બહારગામ ગયો હતો, કે વિખૂટો થયો હતો, છતાં મ્હારા પિતાના અવ-સાન સમયે હું ક્યાં હાજર હતો? આ લખતાં લખતાં મ્હને એમનું શાંત ગંભીર ઐશ્વરી મ્હોં યાદ આવે છે. તે વેળા મ્હને સ્વપ્ને પણ ખ્યાલ નહિ આવેલો કે મ્હારા ભાગ્યમાં પણ આ જ નિર્મેલું હતું. તુળજાભાઇના અક્ષર મ્હેં જોયા છે. તેમનું લખાણ પાકું ને મુત્સદ્દી હતું. રંગે શ્યામળા હતા. ચુંદડીની પાઘડી બાંધતા. ટીખલીખોરને નકલ કરનાર પહેલા દરજ્જાના હતા. "તુળજાભાઈ સારું માણસ" એમ તે વેળાના ન્યાતીલાનો અભિપ્રાય વાસ્તવિક હતો. દાંભિકપણાના દુશ્મન, હેતાળ, સરળ તથા સર્વ રીત્યા પાર્થિવ ને માનુષિક તુળજાશંકર મહેતા પોતાના પુત્રના ભવિષ્યસુખ માટે સંપૂર્ણ શ્રદ્ધા સાથે મરણ પામ્યા.

પોતાના માતામહ સુરજલાલ દેશાઇનું વતન તે જમાના પ્રમાણે પ્રતિષ્ઠિત હતું. દેસાઇગીરીના રોકડ વતન ઉપરાંત જમીન પણ તેમના કબજામાં વિશેષ હતી. જાતે કાવલા, ઠાવકા ને પ્રતિષ્ઠિત ગણાતા. જુવાનીમાં બળદની ગાડી હાંકવાનો ભારે શોખ હતો. એ તો જગજાહેર છે કે, ગાડી હાંકવાનો શોખ થયો તો કિયા સુરતવાસીએ ગાડી ધીરી હાંકેલી સાંભળી? એક વેળા ગાડી ઉંધી વળી જવાથી તેમનો હાથ ભાંગ્યો હતો, છતાં બેલગાડી હાથે હાંકવાની ને તે પણ ધમધોક્કાર હાંકવાની કુટેવ ગઈ નહિ. જ્યારે પોતે ઓરપાડ જતા ત્યારે ગાડીમાં સાથે બેસાડી ગામોગામ ધૂમાવવાનો એમને ભારે શોખ હતો. ખેડુત પાસેથી ગણોત ઉઘરાવવું; સામ, દામ, દંડ અને ભેદ આ ચારે પેચ વાપરી તેની નાદિહંદ વૃત્તિને અંકુશમાં લાવવી; સો જૂઠાણાં તે બોલે તો હજાર ધમકી આપવી; 'દયાની માને ડાકણ ખાય' એ ન્યાયે કાંઈ કોમળ લાગણી ઉદ્ભવતાં જ તે દબાવી દઈ પૂરું ગણોત ઉઘરાવવું; એવા એવા અનુભવ તે વેળા થયેલા, તેથી કેવળ વ્યાજખાવાના હેતુથી "જમીનદારી"માં પડવા વિરુદ્ધ ત્યારથી જ પોતાને તિરસ્કાર થયેલો. શહેરીઓએ 'જમીન'માં નાણું રોકવું નહિ, એમાં ભારે કડાકૂટ છે, આ પ્રતીતિ ત્યારથી જ થયેલી. મહાજનને વ્યાજ-વધારવાની વૃત્તિ, ત્યારે ગણોતિયાને ગણોત મારવાની વૃત્તિ! ખેડુતોમાં એવી ઐકયતા હોય છે કે જમીન લીલામ કરાવો તો કોઈ વેચાણ નહીં લે. ખેતી સારી થાય નહિ, ને ખેડુત બતાવવા માંગે કે જમીન નરસી છે. અર્થાત્ સૃષ્ટિમાં ખેડુત કરતાં વધારે ઠગનારું ને ઠગાયેલું પ્રાણી ભાગ્યે જ કોઈ મળશે! મ્હારા માતામહે જમીન પાછળ સારું નાણું રોકેલું ને ખોયલું, તેથી તેઓ વસિયતનામામાં લખી ગયા છે કે મ્હારાં નાણાં જમીન પાછળ રોકશો નહીં. સુરજલાલ દેસાઇનો કાળ ઇ. સ. ૧૮૫૭ ની સાલમાં, તેમના જમાઈ તુળજાભાઇના મૃત્યુ પછી, થોડા સમયમાં ચોર્યાશી વર્ષની વયે થયેલો.

માતામહ જોડે ઓરપાડ ને તેની આસપાસનાં ન્હાનાં ન્હાનાં ગામડાંમાં પોતે ફરેલા, તેથી ગામડાંના જીવનનો સારો અનુભવ થયેલો. આથી સૃષ્ટિસૌંદર્ય સાથે ચિત્તનું સચોટ અનુસંધાન થયું. કુદરતનું ખેલાડીપણું ત્યારથી જોવામાં આવેલું. તેનું રહસ્ય, તનમનાટ, ઉગ્રતા, માર્દવ, સૌ પૃથક્ પૃથક્ સ્વરૂપ નિહાળેલાં. સુરતવાસીને આ અનુભવમાં ન્યૂનતા રહે છે તે ખામી પોતાનામાં ન આવી. કરણઘેલાના વાચક વર્ગને સ્પષ્ટ માલૂમ પડ્યું હશે કે, તેમનાં વર્ણન માત્ર કલ્પિત ન હતાં. આંખ વસ્તુની મિત્રતા કરતી. વસ્તુ તેની સન્મુખ હૃદય-રહસ્ય ખોલી બેસતી. આ પ્રતિબિંબ, આ ચિત્ત-ચિત્ર જ્યારે પાછું યાદ લાવી શબ્દદ્વારા પ્રદર્શિત કરવામાં આવતું ત્યારે એમ જ થતું કે અહા! કુદરતની શી નકલ કરી છે! *नष्टाशंका हरिणशिशवो मंद मंदं चरंति. આ કડીથી મહાન્ કવિ કાલિદાસે અર્થને સંવાદી પદલાલિત્ય, આશ્રમની શાંતિસૂચક જે ભાવ, ત્યાંની ખૂબી કહો તો ખૂબી, ત્યાંનું રહસ્ય કહો તો રહસ્ય, સૂચવ્યું છે, તે પ્રત્યક્ષ-અનુભવ વિનાના પાંડિત્ય-કવિઓથી કદિ લખાય છે? એ જ પ્રમાણે શબ્દદ્વારા સૃષ્ટિસૌન્દર્યનો તાદૃશ ચિતાર ખડો કરવાની શક્તિ આ ન્હાનપણના સચોટ અનુભવથી જ પોતાને પ્રાપ્ત થયેલી. કરણઘેલાના પંદરમા પ્રકરણમાં જે સાયંકાળનું વર્ણન છે તે કેવું સચોટ છે? "ગાયો તથા ગોધા ચરીને મસ્તી કરતાં તથા રસ્તામાં કોટેકોટ ધુળ ઉડાવતાં પાછાં ગામ તરફ આવતાં હતાં. ખેડુતો પોતાના ખેતરોમાંથી થાકેલા પાકેલા ધીમે ધીમે ઘર તરફ આવતા હતા, તથા તેઓના બળદો રાતનો વિસામો ખાવાને ઘણા આનંદથી સીંગડાં ડોલાવતા તથા તેઓને ગળે બાંધેલા ઘુઘરાનો અવાજ કરતા ચાલતા હતા. વખત ઘણો રળિયામણો લાગતો હતો. સૂર્યનારાયણ પશ્ચિમને દરવાજેથી જતા રહેવાની તૈયારીમાં હતા. આસપાસનાં ઝાડો તથા ફુલોનો મંદ મંદ સુવાસ સઘળે પથરાઈ રહ્યો હતો, તેમાં માત્ર

* બધી શંકા દૂર થવાથી હરણાંઓ મંદ મંદ ફરતાં હતાં.


માણસની બેફિકરાઈ કે કુવડાઈથી ઉત્પન્ન થતી દુર્ગંધ કોઈ વેળા ભળતી હતી. ગામમાં હરેક ઘરની સ્હામે એકેક ઉકરડો હતો, તેમાં વર્ષોનાં વર્ષ થયાં છાણ વિગેરે ઘણી ગલીચી એકઠી થયાં કરતી હતી, એ ઝેરના ઢગલામાંથી જે નાશકારક રજકણો હવામાં ઉડતાં હતાં, તેથી તેઓના આવરદામાં ઘણો ઘટાડો થતો હતો. પણ તે બીચારા પશુતુલ્ય પ્રાણીઓને એ વાતનું કાંઈ ભાન ન હતું. પોતાના દૈવ ઉપર પાકો ભરોસો રાખીને, જે થાય છે તે ઈશ્વરની તરફથી બને છે, એમ સમજી તેઓ સુખી અજ્ઞાન અવસ્થામાં પોતાના દહાડા કહાડતા હતા." સૃષ્ટિનું કેવળ સૌંદર્ય ને તેમાં મનુષ્ય મલીનતાનો ભેગ! દેવળદેવીની નિર્દોષ મૂર્ત્તિને ઝહરીલી ભટાણીનાં ઉગ્રરૂપનો મેળાપ! આ સઘળું તે સમયના અનુભવનું પરિણામ. પણ આ વિષયનું વિવેચન આગળ જતાં કરીશું. સિદ્ધનાથ મહાદેવની યાત્રા તો વારંવાર થતી. સૃષ્ટિની સૌ નિર્દોષ સ્વાભાવિક કેલીઓ જોયલી ને તેની છાપ પડેલી. કરણઘેલાના સોળમા પ્રકરણમાં વેરાગી તથા બ્રાહ્મણ ધર્મશાળામાં ચલમ પીતા હતા, તેમણે જ્યારે કરણના પાણીમાં પડવાનો ધબકારો સાંભળ્યો ત્યારે વેરાગીએ જે ઉદ્ગાર કર્યો છે તે કેટલો આબેહુબ છે! "વેરાગી ચલમ પીતાં પીતાં અટક્યો તે તેને કડવું ઝેર જેવું લાગ્યું. આવી રાતની વખતે કોણ અભાગિયો પાણીમાં પડ્યો? કોઈ કુતરો અથવા બીજું કાંઈ જનાવર હશે. આ વખતે માણસ તો કોઈ નહિ હોય. ગમે તે હો તો પણ તેણે મારી ચલમનો તાલ ખોવડાવ્યો, હવે નિશો ચઢવાનો નથી. આ ઢોરે બધો દહાડો ખરાબ કીધો. આજે સવારે કોઈ ચંડાળનું મ્હોં જોયું હશે કે અમલ કરવામાં આવો અટકાવ થયો. એને મરવા દો. હું એને બચાવવા જવાનો નથી." પછી જ્યારે મડદું નીકળ્યું ત્યારે "વીત-રાગી" વેરાગીની ભીતિ કે રખેને અદાલત જવું પડશે! ને જ્યારે તે સાજો થયો ત્યારે 'अहं ब्रह्म' નું જ્ઞાન આવવાની તેની તત્પરતા, આ બધાનો સરસ ચિતાર આ જ જમાનાના અનુભવથી ઉદ્ભવેલો.

પોતાનાં માતુશ્રી, ગંગાલક્ષ્મી, ઘરઘેલાં, ઘરરખુ હતાં. કોઈ જોડે લપ્પન છપ્પન મળે જ નહિ. શરીરે ભારે બાંધાનાં હતાં. શ્યામલું પણ મામૂલી મુખ ન હતું. તેમાં માર્દવ, સ્નેહ, આપનિષ્ઠપણું, તથા આર્જવ લખ લખ કરી રહ્યાં હતાં. પોતાની સંતતિ ઉપર કઈ માતાને પ્રીતિ નહિ હોય? પણ એમના હૃદય-સ્રોતને બીજે વહેવાનો માર્ગ નહિ એટલે બધો ઢળતો તે એકાકી પુત્ર ને બે પુત્રીપર જ. તે સ્વભાવે ખરાં હતાં. કામગરાં તો અથાગ. ગરીબ ઘરમાં ઠીકઠાક રાખવું, એ કાંઈ સ્હેલું નથી. આ વ્યવસ્થામાં તેમના દેસાઈ બાપના ઘરની "હોતી હૈ" બાદશાહી આવતી નહીં. તેમનામાં પિયરની મ્હોટાઈ હતી નહિ. દેસાઇની પુત્રી–તે પણ વળી કરજમાં નહિ ડૂબેલા, વાર્ષિક છસેં રૂપિયાના વતનદાર દેસાઇની એકાકી પુત્રી–એક ગરીબ મ્હેતાને ઘેર વરેલી, પણ ગરીબ ગાય જેવી હતી.

ગંગાલક્ષ્મી ધીરાં ને તબીયત શાણી;
નર્યું જાણે પોષ માસનું પાણી.'

આવું કોઇએ જોડકણું ગાયું હતું. એકાકી પુત્ર ઉપર પ્રીતિ તો હોય જ, પણ તે બહાર દેખાડવી કે નહિ, તે તો સ્વભાવ ઉપર આધાર. પોતે કહેતા કે:–"મારી મા પ્યાર પ્રદર્શિત કરવામાં હંમેશ ખંચાતી. એક તો પાછળ પડતો સ્વભાવ. બીજી અસ્પષ્ટ ભીતિ કે રખે તે કોમળ મૃદુ કુંપળને ગાઢ ચુંબન કે આલિંગન દેતાં તે મ્લાન પડી જાય, રીસાઈ જાય, દેવતાઓ અદેખાઈ કરે ને પામરનું સુખ છીનવી લે! 'છોકરાં કોનાં' એ પ્રશ્નના ઉત્તરમાં 'તાપી માતાનાં' એમ ઘણી માતા કહેતી. કેટલીએક તો પોતાને કેટલાં છોકરાં છે, તે કદાપિ ગણતી નહિ. ગ્રીસમાં જે 'પ્થોનોસ' (pthonos) નો ખ્યાલ હતો તે પણ આજ પાયાપર રચાયલો હશે. હિંદની માતાઓ બાલ્યકાળમાં ઢીંગલા–ઢીંગલીથી કદિ રમવા પામતી નથી, ને પામે છે તો જેટલા અવસર લગી રમવું, ખેલવું, મ્હોટાનું અનુકરણ કરવું, ભવિ-

ષ્યના જીવનનું વર્તમાનમાં સૂક્ષ્મરીત્યા પૂર્વાસ્વાદન કરવું, એ સ્વાભાવિક છે, તેટલા અવસર લગી પામતી નથી. આને અભાવે વીશ વર્ષ પ્હેલાં જે સંતતિ થાય છે તેની જોડે માતા ખેલે છે. "મ્હારી જોડે પણ મ્હારી માતા ખેલેલી" એમ પોતે કહેતા. "મ્હારી ઉમ્મર ચાર વર્ષની તો થઈ ન હતી, તે પહેલાં મ્હારું વેવિશાળ મ્હારી ભવિષ્યની ભાણેજ વહુની મા જોડે કરી દેવામાં આવ્યું હતું. કન્યા એકાદ વર્ષે મ્હારાથી મ્હોટી પણ હશે. પુત્રવધૂને ઘેર આવતી જોઈ મ્હારી માતાનું મ્હોં મલકાઈ ગયું. હમારે ગરીબને ઘેર એકદમ કન્યાબાઈ આવ્યાં, આ ખ્યાલથી તેની છાતી ઉંચી આવતી." ઢીંગલા ઢીંગલીને બાળાઓ રમતમાં પરણાવે છે, તે પ્રમાણે પોતાનાં મ્હોટાં બ્હેન જસોદાગૌરીનું લગ્નસાત વર્ષની વયમાં મનમથરામ મ્હેતા જોડે થયેલું. નીચેની વંશાવળી ઐતિહાસિક દૃષ્ટિથી પણ ઉપયોગી છે."



ગણેશરામ મ્હેતા નવાબીમાં નાયબ-દિવાન હતા. જ્યારે કિરપારામ મ્હેતાએ ત્રણસેં રૂપીઆનું માસિક 'પેન્શન' અંગ્રેજ સરકાર પાસેથી ઇ. સ. ૧૮૦૦ માં સ્વીકાર્યું ત્યારે એમણે, પચીસ વર્ષની વયમાં, જમાનાના ઢંગની વિરુદ્ધ, આ વચન ઉચ્ચારેલું: "માલિકની સત્તા છીનવી લેવાય તેમાં અંતરાય ન નાંખવા માટે કાંઈ પણ મુસારો ઇંગ્રેજ આપે ને તે લઈ તેને અનુકૂળ થવું, તે તો નિમકહરામી જ" આવા વિચારથી પ્રમાણિકપણું જળવાયું ખરું પણ ઘરની ગરીબી ઓછી ન

થઈ, ને સો રૂપીઆનું 'પેન્શન' ખોયું. સત્તાવીશ વર્ષની ઉગતી વયે તેમનો કાળ થયો. કિરપારામ મહેતા ઘણા બાહોશ પુરુષ હતા. એમણે સમયને અનુસરી વર્તન કર્યું. નવાબી કાયમ રહે એમ હતું નહિ, તો પડતાં ને ખડું ન રાખતાં, પતન-ક્લેશ કમ થાય તે માટેની સારી શરતો હાંસિલ કરવામાં માલિક તરફ વફાદારી ગણાઈ ને આજ સેવાની પરાકાષ્ઠા સમજાઈ. ગવર્નર ડંકનનાં લખાણ ઉપરથી માલૂમ પડે છે કે, કિરપારામ મહેતાએ ખેંચ પકડ બહુ કરેલી ને તેમને જે 'પેન્શન' મળ્યું તે પ્રાપ્ત કરવા તેમણે મરજી નહિ બતાવેલી. એમનો ફારસી ભાષાનો અનુભવ કામ આવ્યો હશે, ને મુસારો મંજુર કરતા પહેલાં મન વાળ્યું હશે કે;—

*ઐઝર! તુ ખુદાનીસ્ત વ લેકિન બખુદા.
સત્તારે અયૂબ ઓ કાઝી ઉલ હાજાતી.

આવા બુદ્ધિશાળી અમલદારોનું લોહી મનમથરામ મહેતાની રગોમાં વહેતું હતું, પણ વીશ રૂપીઆની કારકુની ઉપરાંત તેઓ આગળ વધ્યા નહોતા. તેમની સંતતિમાં ખાનદાની કુશાગ્ર-બુદ્ધિ હાલમાં આવિર્ભૂત થઈ છે. પોતે કહેતા કે: "એક પગથિયું ચૂકી જઈ બુદ્ધિ દેવી નીચલાં પગથિયાંપર પગ મૂકી દે છે," તેનું આ ઉદાહરણ છે. જસોદાગૌરીને પોતાના ન્હાનાભાઈ (જેમને એ જ નામથી તે બોલાવતાં) ઉપર માતાતુલ્ય પક્ષપાત હોય એમાં શી નવાઈ! ભાઈનો પણ મોટી બ્હેન ઉપર અથાગ પ્રેમ હતો. મ્હારી માતુશ્રી જોડે પોતાનું લગ્ન સાધવામાં હમારાં આજ ફોઈએ આગળ પડતો ભાગ લીધો હતો. તેમના એ હોનહાર પુત્રોને કેળવણી સંપાદિત કરાવવામાં મામાએ બહુ ઉત્સાહ, તથા લગ્ન કરાવવામાં ને ઘર માંડી આપવામાં મામીએ હોંસ

---

* ઓ ઝર! તું ખુદા નથી, તો પણ ખુદાને નામે ખરેજ તું ઐબને ઢાંકનાવાળો અને જરૂરીઆતને દૂર કરવાવાળો (કાપનાર) છે.

બતાવેલી. ઇ. સ. ૧૮૬૫ માં માત્ર છત્રીશ વર્ષની વયે દુષ્ટ 'કોલેરા'ની બીમારીથી તે મરણ પામ્યાં. આ ભલાં, હોંસીલાં, ખરા સ્વભાવનાં બાઇને પોતાના ન્હાનકડા પુત્રોને છોડી, જગતની માયાને રામરામ કરી જતાં, બહુ ખેદ થતો હતો. આ વેળા પોતે બહુ જ પ્રીતિથી તેમને વચન આપ્યું કે હું ભાણેજની દેખરેખ રાખીશ. મહાન્ વ્યાધિમાં ગ્રસ્ત થયેલી જુવાન બ્હેન એમના જ હાથમાં મરણ પામ્યાં. એ તો સર્વને વિદિત છે કે, ભાણેજોની બધી રીતે ખાતરદારી કરવામાં પોતે ઊણા નહિ ઉતર્યા.

ગંગાલક્ષ્મીને, પોતાના પુત્રની દશ વર્ષની વયે, મ્હોટું દુઃખ આવી પડ્યું. પુત્રવધૂ વયે બહુ મ્હોટી થઈ ગયેલી. મ્હેતાના ઘરમાં દ્રવ્ય ઝાઝું મળે નહિ. દેવું તો ન હતું, પણ દેવું એ તો ગજાવાળો જ કરે એ ન્યાયને અનુસરીને વધૂ-માતાએ વિવાહ ટાળ્યો ને મુનશીના કુટુંબમાં લગ્ન કર્યું. માતાને ભ્રાંતિ પેઠી કે પુત્ર પરણ્યા વિનાનો રહી જશે. બહુ વ્રત કર્યાં ને માનતા પણ લીધી હશે. "મ્હને તે અવસર સ્પષ્ટ યાદ આવે છે," પોતે કહેતા, "માતા પિતાને અથાગ માઠું લાગ્યું." મ્હને કાંઈ દુઃખ ન હતું. હું બાળક હતો. ભૂતકાળ ઉપર દૃષ્ટિ નાંખતાં, હવે મ્હને ખુશી થાય છે કે મ્હારી કલમ તે વેળા કપાઈ ગઈ. મ્હારું લગ્ન જો તે બાઈ સાથે થયું હોત, તો ગૃહસંસાર વ્હેલો માંડવો પડત, નોકરી લેવાની ફરજ પડત, ભણાત નહિ ને જલદી ઘાંચીના બેલ માફક દુનિયાની ઘાણીમાં પલોટાઈ જવું પડત. પછી કારકુનીમાં જીવન વ્યતીત કરી નવલરામભાઈ જોડે ગાવા લાગત: "ભણ્યા નથી પણ પરણ્યા છૈયેં, ધનમાં આ ઉભી ધાડો રે!" હિંદ દેશમાં સરખી વયની કન્યા સાથે વિવાહ ન કરવો જોઈયે. પુત્રી ૧૪ થી ૧૮ વર્ષની ને પુત્ર ૨૦ થી ૨૬ વર્ષનો થાય એ અરસામાં એમનાં લગ્ન કરવાં. નહિ તો સરખો કાળ જતાં સ્ત્રી વિશેષ વૃદ્ધ થાય છે. પુરુષમાં પળિયાં આવતાં વાર લાગે છે ને ઘડપણ મોડું આવે છે. વળી ગૃહસ્થાશ્રમની અગત્યતા જ્યાં લગી માલુમ ન પડે ત્યાં લગી

લગ્ન થવુંજ ન જોઇએ. તે પહેલાં લગ્ન થાય તો તે આશ્રમ માટે તીવ્ર અભિલાષા રહેતી નથી, ને તેથી વિણુ માંગેલું ફળ મળતાં તેની કીમત ઓછી થાય છે. પોતાનો વિવાહ છંડાયા પછી પાછો વિવાહ મળતાં વાર ન લાગી. ઉપર જે વંશાવળી આપી છે તે ઉપરથી જણાયું હશે કે, જસોદાગૌરી કાંટાવાળાને ત્યાં પરણ્યાં હતાં. તે કુટુમ્બના વિદ્યારામ મ્હેતાની પુત્રી ઉપર—એટલે પોતાના પિત્રાઈ જેઠની પુત્રી ઉપર—તેમની આંખ પડેલી. પુત્રીના પિતામહ વિગેરેએ તેનો વિવાહ દિવાનજીના કુળમાં કરવા ધારેલું. આત્મારામ દિવાનજીને માટે મોતીરામ મ્હેતાએ મોટાઈમાં જમાનત આપેલી ને તેને અંગે કરજ કહાડી નાણાં આપવાં પડેલાં. કરજ તો પાછું મળવાનું નથી તો ત્યાં કન્યા આપી એમનું પેનશન તો ભોગવે, એ જ તેમના મનમાં ખ્યાલ વસ્યો હતો. મારાં માતામહી ઓચ્છવલક્ષ્મી, દેસાઈ ઓચ્છવલાલનાં દીકરી હતાં. આ કુટુંબની સમૃદ્ધિ સર્વોત્કૃષ્ટ ગણાતી. સુરજલાલ દેશાઈના દૌહિત્રને પોતાની દૌહિત્રી આપવી, એવો એમનો આગ્રહ હતો. મોતીરામ મહેતાએ હઝાર વાંધા ઉઠાવ્યા. "તુળજાભાઇનું ખાનદાન કયાં ઉંચું છે? નંદશંકર અંગ્રેજી ભણે છે ને શાસ્ત્રોક્ત આચરણ કયાં કરે છે?" મહોસાળિયાં અડધા વિવાહના માલિક એમ ગુજરાતમાં ગણાય છે, પણ આ વેળા તો પૂરા વિવાહના કર્તા બન્યાં ને ચાર વર્ષની વયે મારી ભવિષ્યની માતુશ્રીનું વેવિશાળ પોતા જોડે થયું. તે વેળા પોતાની ઉમર સોળ વર્ષની હતી. ગંગાલક્ષ્મીનો હર્ષ માયો જાય નહિ. પુત્રવધૂને સાક્ષાત્ લક્ષ્મી માફક પૂજતાં ને ઢીંગલી માફક રમાડતાં. મારી માતા કહે છે કેઃ—"પહેલે દહાડે હું સાસરે ગઈ ત્યારે મારાં સાસુજી મને કેડે લઈ બધા મહોલ્લાવાળા કને મલકાતે મ્હોંયે ગયેલાં તથા ઉછળતે હૈયે નાની વહુ સૌને બતાવેલી." લગભગ એકવીશ વર્ષની વયે, જ્યારે મારી માતા નવ વર્ષ ઉપરાંતની હતી ત્યારે, એમનાં લગ્ન થયેલાં. આ લગ્ન કરવામાં મારા માતામહનો આગ્રહ હતો, પણ બાપથી એટલા દબેલા રહેતા કે કાંઈ

બોલાતું નહિ. મારા પિતા તરફથી તેમના મિત્ર દોલતરાયજીએ બહુ કોશીશ કરેલી, ને એટલે લગી મોતીરામ મહેતાને વચન આપેલું કે "નંદશંકર નાસ્તિક નથી, માત્ર સંધ્યાપૂજા કરવાને બદલે અભ્યાસ કરે છે; એને તે ઉપર કાંઈ તિરસ્કાર નથી ને જો જો હું એને સંધ્યાએ શીખવીશ." દોલતરાયજી હસતાં હસતાં કહેતા કે "માસ્તરે (મારા પિતા આ જ નામથી પાછળથી ઓળખાતા) સંધ્યા પણ આરંભેલી, પણ તે પાંચ મીનીટની: ને તેથી વડસસરા ખુશ પણ થયેલા."

કરણઘેલાના અગીઆરમા પ્રકરણમાં દેવળદેવી બાબત જે લખ્યું છે, તે પોતાના લગ્ન સંબંધી વાત સાંભળ્યા પછી મને ઘણીવાર થતું કે જાતિ અનુભવથી તો નહિ લખ્યું હોય? નિર્મળ પણ જુસ્સાદાર લાગણીથી ભરપૂર આ લખાણ, મ્હોટી ઉમરનાં લગ્નની તરફેણમાં આ ફકરો મને ઘણો જ પસંદ આવે છે. આ વિષય ઉપર કોઈ અન્ય પુસ્તકમાં પણ લખાયું હશે તો તેમાંનું સારામાં સારું પણ આની આગળ પાણી ભરે છે. "જગતના ઈતિહાસ ઉપરથી માલૂમ પડે છે કે, જે લોકોમાં સ્ત્રી પુરુષ બાલ્યાવસ્થામાં લગ્ન કરતાં નથી, જેઓમાં કન્યા ગાય ઢોરની પેઠે જેને આપે તેના હાથમાં જતી નથી, જેઓમાં સ્ત્રી પુરુષનો લગ્ન જેવો પવિત્ર સંબંધ સામાન્ય માલની ખરીદી પેઠે માલ વેચનાર તથા ખરીદદારની વચ્ચે થતો નથી, જેઓમાં લગ્નની છુટે નહી એવી ગાંઠ બન્ને પક્ષની રીતભાત, ગુણ, સ્વભાવ, વિગેરેપર કાંઈ પણ લક્ષ ન આપતાં બાંધવામાં આવતી નથી, જેઓમાં સ્ત્રી પુરુષો કેટલીક મુદ્દત સુધી એક બીજાનો સ્વભાવ તથા યોગ્યતા જુવે છે, તથા જેઓમાં બન્નેની રાજીખુશીથી તથા બન્નેના માબાપની કબુલાતથી લગ્ન કરવામાં આવે છે, તેઓમાં કોઇક વખત એવું બને છે કે કોઈ ગરીબ સ્થિતિનો જુવાન કોઈ શ્રીમંત અથવા તેનાથી ચઢતી સ્થિતિની કન્યા સાથે પ્રીતિ બાંધે છે; પણ એટલું તો ખરું કે જ્યાં સુધી તેની અવસ્થા ગરીબ રહે ત્યાં સુધી તે કન્યાનો પ્યાર તેના ઉપર ગમે તેટલો

હોય તો પણ તેની સાથે પરણવાની જરા પણ ઉમેદ તેને હોતી નથી. તે કન્યાના માબાપ એવા ગરીબ માણસની સાથે તેને ડહાપણ ભરેલા વિચારથી, અથવા તો અહંકારના બળથી, પરણાવતાં નથી. તેમ પેલો પુરુષ પણ તેવી અવસ્થામાં તેને પરણીને પોતાની સાથે તેને દરિદ્રતાના દુઃખમાં નાખવાને ચાહાતો નથી. તે કુમારિકા ઉપર તેને એટલી બધી પ્રીતિ હોય છે કે પોતાના સ્વાર્થને તથા તુરતના સુખને એક બાજુપર મુકી તે તેને એવો દિલાસો આપે છે કે હું જાતે ઘણો શ્રમ કરી કોઈ ઉંચી જાતનો ધંધો શીખીશ અને જ્યારે હું મારા પોતાના બુદ્ધિબળે કરીને આ દુનિયામાં પંકાઈશ, અને દ્રવ્ય મેળવીશ, ત્યારે જ હું તારા બાપ પાસે તને વરવાની રજા માગીશ. એવો શુભ પ્રસંગ આવતાં વર્ષોનાં વર્ષો વહી જાય તોપણ તેમાં શી ચિંતા? તે મધ્યરાત્રે દીવા આગળ બેસી અભ્યાસમાં જ તલ્લીન થયો હોય તે વેળા તેની પ્રાણપ્રિયાનું ચિત્ર તેની આંખ આગળ જ પ્રકટ થાય છે, અને જ્યારે તે અભ્યાસના શ્રમથી, પૈસાની તંગીથી, તથા બીજી ઘણી મુસીબતોથી કંટાળી જઈ ધારેલું કામ મુકી દેવાનું મન કરે છે, એટલે તે પ્રેમમય મૂર્તિ તેને ઠપકો દેતી હોય તેમ તેની સામું જુવે છે તથા 'ધીરજ' 'ધીરજ' એવા મીઠા શબ્દ બોલે છે. તેને જે જે અડચણો નડે, તે, બીજા લોકોને ગમે તેવી વિકટ તથા દુસ્તર લાગે તોપણ તેના અંતઃકરણના સિંહાસન ઉપર બિરાજેલી દેવીની આરાધનાથી તથા કામના મંત્રવડે તે સઘળી ફુંક મારવાથી ઉડી જાય છે." શું આ વેણ પોતાના જાતિ અનુભવમાંથી નથી સ્ફુરાયું? તેમના મિત્ર નર્મદાશંકર આ બાબતમાં સુખી ન હતા. તેઓ ન્હાનપણમાં પરણેલા, ભણતર પૂરું ન થયું તેટલામાં સુરત ઘર માંડવા આવવું પડેલું. સ્ત્રી જોડે ચોકઠું બેસતું નહિ આવેલું. તેનો કાળ થયેલો. સાત વર્ષ લગી વિધુર રહેવું પડેલું ને તે સમયમાં કુછંદ વૃત્તિનો ચેપ લાગેલો.

પહેલું સુખ તે જાતે નર્યાં;
બીજું સુખ ઘેરે દીકરા.
ત્રીજું સુખ તે ઘરમાં જાર;
ચોથું સુખ સુલક્ષણા નાર.

આ પ્રમાણે પોતાને શારીરિક સુખ, સંતતિસુખ, પૈસા ટકાનું સુખ ને સૌથી ઉત્કૃષ્ટ સુલક્ષણાનું સુખ પ્રાપ્ત થયેલું હતું.

લગ્નના સુખ પછી માતાની ઘેલાઈ લાંબો કાળ લગી પહોંચી નહિ. "આ સુખ મ્હારા જેવીને છાજે?" આમજ તે સાદી, કાંઈક વ્હેમીલી બાઈ બોલતાં. એક દિવસે છોબંધી પરસાલમાં તેઓ પડી ગયાં. ચોમાસું હતું એટલે લપસાણું તો હોય જ. પગમાં માત્ર છોડીયું વાગ્યું. લોહી નીકળ્યું. જાળું મારી દીધું. દહાડો જતાં ત્રાડ બહુ વધ્યો એટલે દીનાભાઈ વૈદ્યને બોલાવ્યા. દીનાભાઈને તો આંખે સુઝતું જ નહિ; પછી દિન હો કે રાત, પણ વૈદ્યકમાં વળી જોવાની શી જરૂર છે? ચિકિત્સા તો નાડીના સ્પર્શે થાય, ને હકીકત કાને સંભળાય. તેમણે કાંઈ લગાડવાની દવા આપી ને પાટો બંધાવ્યો. પાણી તો અડકાડાય નહિ તેથી ઘા ધોવાયો નહિ. પાટો પણ સાત દિન લગી ખોલવો નહિ. ચાર દિવસમાં સઘળું ગંધાઈ ઉઠ્યું. પછી દીનાભાઈ શું કરે? હાથ ધોઈ બેઠા ને પોતાને માતુઃશ્રીના જીવનની આશા મુકાવી. ધનુરનો દુષ્ટ રોગ થઈ ગયો. ધ્રુજતે અવાજે પોતે કહેતા કે "મ્હારી મજબુત બાંધાની માતાના શરીરમાં એટલા તો જોરથી તાણ આવતી કે તદ્દન કમાન વળી જતી. મ્હને તો ભીતિ થતી કે રખે બધાં સ્નાયુ એનાં તુટી જશે. ચોવીસ કલાક લગી હું માતા પાસ બેઠેલો ને બેઠેલો રહ્યો. બધા પ્રયત્ન નિષ્ફળ નીવડ્યા ને તે ચાલતી થઈ. છત્રીશ વર્ષની વયે અકૃત-કૃત્ય, આ શાંત, વાત્સલ્યમય મૂર્તિ, લોપ થઈ ગઈ. મ્હને એટલી વ્યર્થ નિરાશા ઉત્પન્ન થયેલી, એટલો ત્રાસ, એટલો શોક થયેલો કે, હું ગમગીનીમાં ગિરફતાર થઈ, શૂન્યચિત્ત બની જાત.

પણ મ્હારી રગોરગમાં વૈર વૈર વ્યાપી રહ્યું હતું. તે આંધળા અનાડી વૈદ્યે મ્હારી માતાનો જીવ લીધો. આથી જ હું સુમડા જેવો બેશી ન રહ્યો. મ્હારાથી ખૂબ રડાયું, ને તે ગાઢ રુદનને લીધે જ માણસાઇમાં પાછો હું આવ્યો. હમારું ઘર ખરે જ ભાંગ્યું. મ્હારાં મનને પણ ભારે ધોક્કો લાગ્યો કે આ શો ન્યાય? ન મને વાંચવામાં મન પરોવવું ગમે કે ન શીખવવામાં. કાળે બધું વિસારાય છે, તેમ મ્હારા ઘા પણ રુઝાયા." ત્યારથી માંડી ને તે આખર લગી એમને સામાન્ય વૈદ્યક (જુનાની અને આયુર્વેદિક) ઉપર અનાસ્થા જારી રહી. તે જમાનામાં antiseptic (એન્ટી-સેપ્ટિક) મલમ વપરાતા નહિ ને જાનની ભારે ખુવારી થતી. મ્હારા માતામહની માતા પણ ચોવીશ વર્ષની વયે ધનુરથી જ મરણ પામેલાં. દીનાભાઈ આંખે બહુ કમ દેખતા. વૈદ્યરાજ એટલે ટટ્ટુપર બેસી ઠચુક ઠચુક જતા. સાઈસ (ઘોડાવાળો) જોડે ચાલતો અને તેને આમ સૂચના હતી કે, કોઈ પ્રતિષ્ઠિત માણસ માર્ગે જતું હોય તો તે તરફ પીછોડી ખેંચવી કે, તરત દીનાભાઈ 'મોતાભાઈ' (મ્હોટાભાઈ) "સાહેબ મહેરબાન," "શેઠિયા" કરી સલામ કરતા. દીનાભાઈ સર્વમાન્ય હતા, પણ આવડત કમ હતી ને હતી તેટલી અંધાપાએ ખોવડાવેલી. 'નીમ હકીમ ખત્રે જાન' આમ મ્હારા માતામહ એમને માટે કહેતા. એટલું તો ખરું જ કે વૈદ્યરાજ મીલનસાર આદમી હતા અને લોભ ઝાઝો ન હતો. પોતે કહેતા કે મેં કદાચ દીનાભાઇને અન્યાય કર્યો હશે, કેમકે એમના બીજા જોડીઆ એમનાથી નબત્તર હતા. ચરક-સંહિતામાં વૈદ્યરાજના નીચે પ્રમાણે ગુણો વર્ણવ્યા છે: 'વૈદક શાસ્ત્ર માટે નિ:સંશય હોય, અનુભવી, કાબિલ, દયાળુ, પવિત્ર વસ્ત્ર પહેરનાર, વ્હાડ કાપમાં એક્કો, ઓજારવાળો, ચિકિત્સા જાણનારો, મનુષ્યવર્તનનો અનુભવી, વ્યાવહારિક જ્ઞાનવાળો, ઈર્ષ્યારહિત, ક્રોધરહિત, કષ્ટસહિષ્ણુ, શિષ્ય તરફ માયાળુ, બધી ઇન્દ્રિયનો સાબિત હોવો જોઇએ." જ્યારે આમાંના એક પણ ન ગુણ

રહ્યા ત્યારે તો વૈદક દેવી તેમને છોડી રીસાઈ ગઈ ને "દોસ્તે શફા" હતો તે "દસ્તે કઝ" થઈ ગયો.

* चितां प्रज्वलितां दृष्ट्वा वैद्यो विस्मयमागतः ।
नाहं गतो न मे भ्राता कस्येदं हस्तलाघवम् ॥

કુળ-સંસ્કાર વિષે આટલું વિવેચન કર્યા પછી હવે કાંઇક દેશ-સંસ્કાર માટે બોલીએ. પોતે કહેતા કે સુરત જીલ્લો ઉલટી ત્રિકોણ આકૃતિનો છે. તેની બેઠક રેખામાં (base) ગાયકવાડી મુલ્કની ખુટ્ટા ત્રિકોણની ફાંસ પડી છે. ટોચે વલસાડ અને પારડી આવેલાં છે ને પશ્ચિમ કોણ તરફ ઓરપાડનો ફળદ્રુપ મુલ્ક અને પૂર્વ કોણ તરફ માંડવીનો જંગલી મુલ્ક; ઈશાન અને અગ્નિ કોણમાં પહાડ અને જંગલ હોવાથી વસ્તીનું દબાણ પશ્ચિમ તરફ, દરિયા કિનારે વસતાં ગામ તરફ થતું, અને ત્યાંનો વધારો ઉભરાઈ જઈ સમુદ્ર વાટે બહાર દેશાવર જતો. પશ્ચિમના કિનારા ઉપર નજર નાંખીએ તો, કીમ, સેના, તેના, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર, કોલક અને દમણ ગંગા નદીઓ ઉત્તરથી માંડી દક્ષિણ લગી પૂર્વ-પશ્ચિમ વહેતી જણાય છે. આ વારિસ્રોત પણ સમુદ્ર તરફ આંગળી બતાવી રહ્યા છે કે આ મહાભૂત ઉપર ત્હારું નસીબ ટંગાયલું છે. તારું ભવિષ્ય આણી વાટે સધાશે. આવાંજ સ્થાનમાં નૌકાશાસ્ત્ર જન્મ પામે છે. લોક પેદાઇશથી જ વ્યાપારી બને, આપ લે કરે, એ તો સ્વાભાવિક જ. કન્યા પરણતી ત્યારે સુરતની રસિક નારીઓ ગાતી કે 'હોરમઝગઢથી મોતી મંગાવો. સિંહલ દ્વિપથી મોતીડાં મંગાવો.' 'સોનું તો ખાસ લંકાનું જોઇયે.' "જે જાય જાવે તે ફરી ન આવે, ને આવે તો પરિયાને પરિયા ચાવે તેટલું લાવે." સુમાત્રાનું, આચીન નામનું, પુરાણા

---

* ચિતાને પ્રજ્વલિત થયેલી જોઈ અચંબો પામી વૈદ્ય બોલ્યોઃ નથી હું તેની પાસ (માવજત) ગયો નથી મારો ભાઈ ગયો આ કોના હાથની ચતુરાઈ (થી મર્યો.)

વખતથી વ્યાપારનું મથક હતું. ત્યાંથી તેજાના આવતા ને કાપડ લેવાતું. ઇરાની અખાત અને ખંભાતનો અખાત તો નાવ–સેતુથી જોડાઈ ગયા હોય એટલો ધમ ધોકાર વ્યાપાર તે વચ્ચે ચાલતો. યુરોપ ખંડ–"એશીયા માઇનર"–વાટે હિંદનો માલ લેતો તથા પોતાનો માલ ત્યાં મોકલતો. આ પ્રાન્તનો જ આદમી મોઝામ્બીકમાં રખડતો હતો, તેણે વાસ્કો–દ–ગામાને કાલિકટનો માર્ગ બતાવ્યો. ટુંકમાં સુરતના લોક સાહસી, ઉદ્યમી, કાર્યકુશળ, રસિલા, ખંતિલા હતા. આવી જ ભૂમિમાં એ વીરલો પાકે કે જેણે "યા હોમ કરીને પડો ફતેહ છે આગે," એમ ગાઇને આગળ ધસનારી દેશપતાકા ઉડાવી હતી. આજ પણ દિલ્લી દરવાજો યાદ દેવાડે છે કે 'અગર ચેહ દિલ્લી દુર ખસ્ત દુશ્વાર્ટનીસ્ત.' બુરહાનપુરી ભાગોળ તો વ્યાપારનો માર્ગ બતાવે છે, જ્યારે મકાઈ ભાગોળનું નામ જ લેતાં મક્કા શરીફના યાત્રાળુનો ચિતાર ખડો થાય છે. જેવું અરબસ્તાનમાં જદ્દા છે તેવું આ બાજુએ સુરત હતું. ઉત્તર હિંદુસ્તાનના ગરદાથી ઘવાયલો મુસ્લિમ જ્યારે તાપીમાં ન્હાઈ નવાં વસ્ત્ર સજતો ત્યારે એવી ધાર્મિક લાગણીથી કહેતો કેઃ 'હવે તો પાક જગાના આંગણમાં આવ્યા.' માત્ર પાણીનો રેલો જ વચમાં પડેલો છે. 'જમીન છોડે છે, વારિ જોડે છે' આ ન્યાય પુરાતન વખતથી ચાલતો આવ્યો છે. ગ્રીસ દેશના લોક ફિનીશીયન કિનારાને પોતાનાં પરાં સમજતા, પણ જમીન વાટે મળેલાં એપીરસને જંગલી દૂર મુલ્ક ગણતા. તેમ જ લાંબી ખુશ્કી સફર બાદ સુરત પછીની નૌકાગતિ બહુ ત્વરાયમાન, સહિસલામત લાગતી. સુરત મોગલ સલ્તનતનું સૌથી વિશાળ બંદર, બાબુલમક્કા કહેવાતું, એટલું જ નહિ પણ બાબુસ્તિજારત ગણાતું. પોર્ટ્યુગીઝ, વલંદા, ફ્રેન્ચ, ઓસ્ટ્રીયન, સ્વીડ, અને અંગ્રેજ વ્યાપારીઓ અહીં જ પહેલવહેલા આવ્યાઃ કોઠીઓ સ્થાપીને વ્યાપાર માર્ગે રાષ્ટ્રીય પગપેસારો પણ કરવા માંડ્યો. જે દિલ્હી માટે કહેવાયું છે તે જ સુરતને લાગુ પાડી કહી શકીએ.

"યહી ચમન હૈ, વ લેકિન પંખિયાં અપની અપની બોલી બોલકે પરવાજ કરગયે." ઇંગ્રેજનો તરૂનો સૌથી લાંબો પહોંચ્યો, ને મહુવરના નાદથી જેમ નાગ ઘેલો બની ડોલે છે તેમ સમસ્ત હિંદ પ્રજાને તેમના ગાયને નચાવી. સુરતવાસીઓ બહારથી આવેલા વ્યાપારી જોડે સૌથી પહેલા મળ્યા. તેમના સુખ દુઃખના ભાગીદાર—પરદેશી થયા. માલ લદાવવો—લદાવવાનો માલ તૈયાર કરાવવો, આવેલો માલ વ્હેંચવો, આ બધું કામ સુરતના દલાલોને હાથ પડ્યું. તેઓ માલદાર થઈ ગયા. મોજ શોખ વધી પડ્યો ને સાથે લાગી સુરતની રૌનક વધી. "જીવ્યા કરતાં જોયું ભલું" આ કહેવત સુરતવાસી શોખીન જીવડાઓની અવગણના કરવામાં વપરાય છે. તે વેળા આ ખ્યાલ નથી આવતો કે, એ તો એમના અનુભવાર્થી સાહસિક સ્વભાવની પ્રશંસા છે. બારેક વર્ષ ઉપર સુરત નાગર—સમિતિએ રા. ગોવર્ધનરામભાઈને એકાદ બોધદાયક વિષયપર વ્યાખ્યાન આપવા બોલાવેલા. પોતે અધ્યક્ષ સ્થાને બેઠેલા. આવેલા સાક્ષરશ્રીએ સુરતના જૂદા જૂદા ન્યાતીલાના ધર્મો વિષે વ્યાખ્યાન આપેલું ને તેમાં સુરતને વેનીસની ઉપમા આપી હતી. એડ્રીએટિકનાં આસ્માની વારિધિમાં કેલિ કરતી, વેનિસ સુંદરી, વ્યાપારદ્વારા જ સાહસિક સુકુમાર અને સુલક્ષણા બનેલી. પોતે કહેતા કેઃ અમાનતને ઘણો સમય વીત્યા બાદ પણ સિપુર્દાને પાછી સમર્પણ કરવા તત્પર બનેલી ગરીબ બ્રાહ્મણીએ વ્યાપારના મૂળરૂપ આર્જવનું બીજ રોપ્યું. તે જ દિયાનતદારીના ખડક ઉપર સુરતની જાહોજલાલીનો કિલ્લો બંધાયલો. તે જ્યાં લગી પ્રમાણિકપણાનો આગ્રહ રહ્યો, ત્યાં લગી અપરાજિત રહ્યો. ચિત્ત અને ચિત્તનું સંઘટ્ટન અહિં જ પહેલું થયું. ચકમક ઝરેલી પણ સાથે લાગ્યો પ્રકાશ થતાં જ એક એકના ગુણનો અનુભવ થયો. આથી કુશાગ્ર બુદ્ધિ પ્રાપ્ત થયેલી. જાડાશ ચાલી ગયેલી. 'કૂપમંડૂક'ની ખાલી મ્હોટાઈ નાબુદ થયેલી ને જેમ કુતૂહલ ભરેલી દૃષ્ટિથી બાળક

ફાડેલી આંખે સૌ ચીજ નિહાળે છે, તેમ આ નવી સૃષ્ટિ સુરતવાસીઓ સ્હામું આવી ઉભી. તેનું નિરૂપણ એમણે સૌથી પહેલું કર્યું. જિજ્ઞાસા તૃપ્ત કરી લીધી. સાગરને તીરે વસતા સુરતીભાઇઓને, કાઠિયાવાડની માર્મિક ભાષામાં, સ્થૂલ દેહીને, જે કટાક્ષ ભરેલો પ્રશ્ન પૂછવામાં આવે છે કે 'કાં ભા! દરિયો કેટલે છેટે' તે પ્રશ્ન લાગુ પડતો નહીં. જેમ લુણને સબરસ કહે છે, જેમ લુણમાં જાળવી રાખવાનો ગુણ છે, તેમ તેની લેહજતથી લોહી જ જુદા પ્રકારનું દોડે છે. જર્મન શહેનશાહે પ્રશીયનો બાબત જે વેણ વદેલું, તે કાંઈક અંશે મગરુર સુરતવાસી સુરત માટે વાપરી શકે. "Sie Sind das Salz der Erde" 'તમે પૃથ્વીનું લૂણ છો.' રાજ્યવિપર્યય પણ એટલો જ અનુભવાયલો. તેનું વર્ણન કરવાની અહિં જરૂર નથી. સુરતના 'ગેઝેટીયર' માં, નર્મ ગદ્યમાંનાં "સુરતની મુખ્તેસર હકીકત" ના નિબંધમાં કે પછી એદલજી પટેલ કૃત સુરતની તવારીખમાંથી જણાશે. નૌકા શાસ્ત્રમાં પણ પ્રવીણ ગણાયા તે સુરતવાસીઓ. પારસીઓ આ કળામાં એક્કો ગણાતા ને સેંકડો યુરોપવાસીઓએ હજારો ખાંડીનો બોજો ઉઠાવી શકનાર સુરતમાં બનેલાં વહાણોની તારીફ કરી છે. સુજ્ઞ વાંચનારને શોખ હોય તો મુકરજી કૃત "હિંદની નૌકાયાન" નામના પુસ્તક ઉપરથી તેમને ઘણી હકીકત મળશે.

આ બાબત અહિં પડતી મૂકી જાતિ–સંસ્કાર ઉપર કાંઈક વિવેચન કરીશું. પોતાના જીવનનો પહેલવહેલો બનાવ જે પોતાને સચોટ યાદ હતો તે સુરતની 'સાડત્રીશી' આગ હતી. ઈ. સ. ૧૮૩૭ ની ૨૪ મી એપ્રીલને સોમવારે પાછલા પહોરના પાંચ વાગતે એક પારસી વ્યાપારીના ઘરમાં ઉકળતા ડામરમાંથી તે આગ શરુ થઈ હતી. મકાનના માલિકની સમૃદ્ધિ ઉપર ઇર્ષ્યા હોય કે પછી પારસીઓની અગ્નિ શાંત કરવા તરફની અભ્રચ્છના હોય. જે હોય તે ખરું પણ આગ શરુથી જ છંટાઈ નહિ. પછી તે કાબુમાં કેમ રહે? થોડીવારમાં ત્રણ માઇ-

લના ઘેરાવામાં અગ્નિદેવતા પ્રસર્યા. પચાશ માઇલ સુધી રાત્રિએ ભડકા દેખાયા. મંગળવારે સવારથી નૈર્ઋત્ય કોણમાંથી વાયુ ફુંકાયો. આગ ચારે બાજુએ ધાઈ. અંબામાતાનું તે અરસામાં કંઇક અપમાન થયેલું. તે સિંહાસન છોડી ચાલતાં થયાં, તે એક મૂર્ખ પૂજારીએ જોયાં. આગના ગોળાનું પૂછવું જ શું? મંગળવારે મધ્યાહ્ને અગ્નિ દેવતાની કેલી ટોંચે પહોંચી. ખૂબ નાચ્યા, કુદયા, ખેલ્યા ને પછી તૃપ્ત થયા હોય તેમ પોતાની આંચ કમ કરવા લાગ્યા. બુધવારે સવારે આ ભયાનક વહ્નિ શાંત થયો. સેંકડો બૈરાંઓ ઘરમાં જ બળી મુવાં હશે. કંઇકે જાન બચાવવા જતાં પોતીકી જાન ખોઈ હશે. માલ બચાવવા માટે જાન ખોનાર તરફ કોઈ દિલસોજી બતાવતું નહિ. તોપણ જીવનથી અધિકતર પ્યારી મતા છોડી કેટલાકથી ન અવાયું તે બળી મુવા. મારા માતામહ એમની રસિક શૈલીમાં આ બયાન પૂર આવેશમાં કરતા ત્યારે હમને એમ જ લાગતું કે હમે પણ તે આગની ખરાબી જોઇએ છીએ. દશ માઇલના વિસ્તારમાં ખંડીચેર પડેલું. કાળચક્રના સપાટામાંથી સુરતની જે કાંઈ રૌનક બચી હતી, તેને આ ભયાનક વહ્નિજિહ્વા ચાટી ગઈ. ઉંચાં નકશીદાર, ગીચોગીચ મકાન, વિશાળ પથ્થરની હવેલીઓ, એક સરખી વિભૂતિમાં ભળી ગયાં. આગ ગોપીપુરામાં ગોવિંદજીનું મંદિર બાળી છીપવાડ આગળ અટકી. "અડધી હવેલી બળી તે અભેરામની જો" આમ ગરબો ગવાયો. સ્વ. મોટાભાઈ દેશાઇના મકાન આગળ આ ઈમારત હજુ મોજુદ છે. તે દિવસે ચૈત્ર વદ ચોથ હતી. પોતાનો તે જન્મદિવસ હતો તેથી તે મશ્કરીમાં કહેતા કે નર્મદાશંકર, નવલરામ, તથા હું પુરાણા આચાર વિચારને બાળી નાંખવા તૈયાર થયા હતા ત્યારે મ્હને આ યાદ આવેલું કે, મ્હારી ત્રીજી સાલગરેહ આગને દિવસે જ પડેલી. માતામહ કહેતા કે બે ગાડામાં બધું રાચરચીલું ભરી હમારું બહોળું કુટુંબ સંઘાડીયાવાડમાંથી નીકળ્યું ને રઘુનાથપુરા તરફ જઈ પડ્યું. વાસણ

ને લુગડાં કુવામાં નાંખી દઈ ઢાંકી દીધાં, ઝેવર સાથ લીધું, પછી તો ઘરના કાટ શિવાય બીજું ઝાઝું રહ્યું નહતું. આપદાનું તો કાંઈ પૂછવું જ નહિ. કેશવરામ મ્હેતા ન્યાતમાં મ્હોટા ગણાતા. એજન્સી દફ્તરદારની નોકરી કરેલી ને પગાર બહુ પ્રતિષ્ઠિત મળતો હતો. તેમનાં એક પછી એક વિશાળ મકાન ગોપીપુરામાં બળી ગયાં. કહેવાય છે કે આગ પહેલાં તેઓ ટટાર ચાલતા, પણ પોતાની મતા બળી જવાથી એમને એવો તો કારમો ઝાટકો લાગ્યો કે બેઠા હતા ત્યાંથી ઉઠાયું નહીં, ને પોતાના પુત્ર ભાઉજીને કહ્યું કે "લાકડી આપ." ત્યાર બાદ ટેકો દિધા શિવાય એમનાથી ચલાયું નહિ. આવા દ્રવ્યવાન્ આદમીની કરોડ ભાંગી ગઈ તો ગરીબની હાલત શી થઈ હશે ને તેથી વધારે મધ્યમ અવસ્થાના પ્રતિષ્ઠિતપણાના આડંબરવાળા લોકનું શું થયું હશે, તે તો વર્ણવી શકાય જ નહિ. વિષ્ણુશર્માએ ખરે જ સત્ય કહ્યું છે કે, જ્યાં લગી હિરણ્યક નામના ઉંદર પાસે વિત્ત હતું ત્યાં લગી તેની હુંફને બળે તે ઝાઝું કુદતો ને તામ્રચૂડના ટોલ્લે ટાંગેલા તુમડામાંથી અન્ન ખાઈ જતો. પણ જ્યારે તેનું સર્વસ્વ દાટેલું ચોરાઈ ગયું ત્યારે તેનાથી તેટલું ઉચું કુદાયું નહિ. આગ બાદ કુવા ટાંકાંમાં નાખેલાં વાસણ કહાડવા જનાર ઘણાક સાહસિક માણસો મુવેલાં. તેમાં 'કાર્બોનિક ગેસ' ભરાઈ રહેલો ને જે અંદર પેસતો તે શાંત જ થઈ જતો. ઝાંપામાં વસતા હોરા કોમની સ્ત્રીઓ બહુ બળી મરેલીઃ તેમણે ધાર્યું કે મસ્જીદમાં પનાહ લઇશું તો આતિશથી પણ પનાહ મળશે. પણ પ્રયત્ન વ્યર્થ ગયો ને આ ધગધગતા મકાનમાં તેઓ સસડી ગઈ. કેટલીક સુવાવડી સ્ત્રીઓ તો શયન ખંડમાં જ બળી મરી. આટલાં ખંડીએર થવાથી ચોરનો ભય, જે અરદેશર કોતવાલની રીયાસતમાં કમ થયો હતો, તે પાછો જાગ્યો. સર્પનું ઉભરામણ વિશેષ થયું. પણ સૌથી બુરું તો એ થયું કે, કલ્પનાશક્તિથી ભરપૂર વ્હેમીલા લોકમાં હઝાર તરેહની ભૂત પ્રેત શંખિણી યક્ષિણીઓની વાતો ચાલવા લાગી.

ફુલાણી સુવાવડી શંખણી બની ગાફેલ મોહોલ્લાવાળાને કનડે છે. અહીં તો ધડાધડ કોઈ ભુસ્કા મારે છે. પેલી તરફ તો ભડકું જ નાચ્યાં કરે છે. આ મોહોલ્લામાં તો દાટેલા દ્રવ્યનું રક્ષણ કરતું ભૂત ભમે છે. વગેરે વગેરે અનેક વેહેમોથી લોકો ભયભીત થવા લાગ્યા. પોતે તથા માતામહે મને આ વિષે ઘણી વાતો કહેલી. મ્હને થોડી યાદ આવે છે તે નીચે કહું છું. મ્હારા માતામહના મસીયાઈ ભાઈ, ભાઉજી, હાલમાં જે સ્થળે 'ચંદાવાડી' બાંધેલી છે તે પાસેના મકાનમાં રહેતા હતા. ત્યાંથી એક દિવસે રાત્રીએ પોતાને ઘેર જતાં જે હકીકત બની, તે એમની જ ભાષામાં હું વર્ણવું છું. "ચોમાસાની એક રાત્રિયે દશેક વાગતાની બાદ હું ખપાટીએ ચકલે થઈ, હવાડીઆ ચકલો વટાવી, આમલીરાનને રસ્તે થઈ સંઘાડીઆવાડ જતો હતો. રાત અંધારી, મ્યુનીસીપાલીટી મળે નહિ, એટલે ન રસ્તા પાકા કે ન મળે રોશની માટે ફાનસ! મ્હારી પાસ હાથ ફાનસ હતું. ઉમર મ્હારી તે વેળા સોળ વર્ષની હતી. અડધો પડધો વ્હેમ, ને તે સમયે સાંભળેલી વાતો, તેથી જાતે જ અનુભવેલો ભય—જુવાનીઆને ભય કેવો તે વિચારે જબરદસ્તીથી પકડી રાખેલી હિંમત—આ વિચારસાગરમાં તરતો હું ત્વરાયમાન ગતિથી ચાલ્યો જતો હતો. એવામાં પાછળથી અવાજ આવ્યો કે "જરા ઉભા રહો તો!" સ્પષ્ટ કિન્નર કંઠી કોઈ શંખણીનો જ અવાજ! સચોટ તે જ જગ્યા જ્યાં સુવાવડી બળી મરેલી! મારાં ગાત્ર તો શિથિલ થઈ ગયાં, પણ બ્રાહ્મણને ડર કેવો? અડધી પડધી ગાયત્રી જપતો હું જે તરફથી અવાજ આવતો હતો તેણી તરફ ગયો. એક યુવતી ઓટલા ઉપર ઉભેલી ને સ્હોડમાં કોડીયું. આનો દિવો ગુલ થઈ ગયો છે એમ લાગ્યું. તે જમાનામાં દીવાસળી ન મળે. ચકમકથી લોક અગ્નિ પેદા કરે, કે પછી ગંધક પૂરેલી બરુની લાકડી મળતી તેને આગમાં મુકી ભડકો તૈયાર કરે. 'મ્હારો દીવો હોલવાઈ ગયો છે, મને સળગાવવા દો.' મેં એના સ્હોડીયાંને આંતરે ફાનસ ખોલ્યું. તેણે દીવો પ્રકટાવ્યો.

પણ એવામાં એવો તો પવનનો ઝપાટો એકાએક આવ્યો કે હમારા બન્નેના દીવા બુજાઈ ગયા. હૈયું તો તાળવે ટાંગેલું ને તેમાં આ વળી આફ્ત! મારાથી તો ચીસ પડાઈ જવાય એવું થયું. પવન ન હતો તે એકદમ ક્યાંથી આવ્યો? કોઈ ગૃહસ્થની બાઈ આટલી વેળા મકાન બહાર કેવી? તે બાઈ 'હાસ હાસ' કહેતી મુગી રહી. હું જોર પકડી આગળ ધાયો. એટલામાં જાગતોજોત દાંડિયો મળ્યો. અનાયાસે પૂછાઈ ગયું 'કેટલા વાગ્યા?' ઉત્તર મળતાંજ ભય ભાંગ્યો." તેઓ મશ્કરીમાં કહેતા કે હજુએ મ્હને ખાતરી નથી કે તે સ્ત્રી પાર્થિવ હતી કે અપાર્થિવ. તે જમાનામાં સોનીઓને ત્યાં હંમેશ આગ સળગેલી રહેતી ને ગંધકના બરુ લઈ સોની મહાજનને ત્યાં જતાં ઘણાં બૈરાં મળતાં. બીજી એ કહાણી કે: પોતાના એક મિત્ર હરીપરેથી ગરબો સાંભળીને આવતા હતા. એક પ્રહર રાત બાકી હશે. નવરાત્રી ગયેલી ને શરદ પુનમ આવવાની. અંબાજીના ચકલા આગળ તેમણે એક સસલું જોયું. વસ્તીમાં સસલું કેવું એ ખ્યાલ આવે તે પહેલાં તો ત્યાં કુતરું દીઠું. તર્ક વિતર્કનો સમય ન મળ્યો તે પહેલાં ગાય! ન દોડાય, ન ચલાય, ન થંભાય! એટલામાં એક યુવતી એમની આગળથી ચાલી ગઈ. રાત્રે એકલડોખલ જતાં લોકો બ્હીયે કે રખે કોઈ મળે. ગોપીપુરામાં એક પુરાણા કુવા આગળ પીપળો હતો. રાત્રિયે લોક "આવો રામ, આવો રામ"નાજ અવાજ સાંભળે. પીપળે ભૂતનો વાસ તેથી દૃઢ નિશ્ચય બંધાયો કે ભૂત જ છે. કોઈ નાસ્તિક એમ પણ કહેતા કે, એ તો કોસવાળો બોલે છે "આવ્યા રામ," પણ એવું સ્હેલું સ્પષ્ટીકરણ કોઇને પસંદ ન આવ્યું. મુલ્લાં ખડકીમાં એક મસ્જીદ પાસ પુરાણો કુવો હતો. ત્યાં તો સાયંકાલે પણ એકલડોખલ કોઈ જતું તો 'ડુબુંછ હોં, ડુબુંછ હોં!' એવો અવાજ સાંભળતું. આવા અસ્વાભાવિક અવાજો ને ચમત્કારિક દેખાવોએ બાલક મન ઉપર સચોટ અસર કરેલી, તે કરણઘેલામાં

ઠામ ઠામ નજરે પડે છે. સુરત ઉપર તો ઉપાધિ બેઠી છે, દેવોનો કોપ થયો છે, એમ સામાન્ય મનાતું. કરણઘેલાના સાતમા પ્રકરણમાં કેશવ મરાયો ને ગુણસુંદરી સતી થઈ ત્યાર પછી જે પાટણની ખરાબી થઈ, તેનું વર્ણન આબેહુબ બાળપણના અનુભવ ઉપરથી તો નહિ લીધું હોય? કેશવના મુવા પછી ત્રણ દહાડે પાટણમાં મોટી આગ લાગી. "જેમ છાંટતા ગયા, તેમ તેમ બીજાં નવાં ઘરો સળગતાં ગયાં, લોકો ઘણા ભયભીત થયા. કેટલાક લોક કહેવા લાગ્યા કે, આ તો દેવકોપ થયો. કેટલાક બોલવા લાગ્યા કે, અમે આકાશમાં ઉડતાં માણસોને આગ લગાડતાં જોયાં. કેટલાએકની બારીએ રાતની વખતે મોટા મોટા પથ્થરો અથડાયા; કેટલાએકનાં ઘરમાં રાંધેલું બદલાઈ જઈ નરક થઈ ગયું; કેટલાએકના ઘરનાં કુવાનાં પાણી બદલાઈ લોહી જેવાં થઈ ગયાં; રાત્રે મોટી મોટી ચીસો સંભળાવા લાગી. કોઇથી દીવા થયા પછી બહાર નીકળાય નહીં. ઘણાએકના ઘરમાં બઇરીઓ ધુણવા લાગી." હરપાળને શક્તિ જોડે થયેલું છમકલું વર્ણવ્યું છે, તે હરીપુરાથી ગરબા સાંભળી ચકચૂર થયેલા પોતાના મિત્રે જોયેલા સસલા જેવું જ કાંઇક હતું. આ બાબતનું વિવેચન આવતા પ્રકરણમાં વિશેષ કરીશ.

જૂનો અર્ધદગ્ધ કાટ વેચવાનો ધંધો ત્યારથી જાગૃત થયો. પોતે કહેતા કે 'કાટપીટીયા'ની અટક આ વખતથી જ હસ્તીમાં આવી. છારું તો એટલું એકઠું થયેલું કે પૂછવું જ નહિ. પણ તે જ સાલ મોટી રેલ આવી ને બધું સારું નરસું બહારી ગઈ. લોક જાનમાલથી ખુવાર બનેલા; મુંબઈ વ્યાપાર સટકી જવાથી ધંધા વિનાના થયેલા; તેથી આ કાર્યહીન હાલતમાં તેમની કમજોર નજરને તો સુરત એક ભયંકર કબ્રસ્તાન જેવું માલૂમ પડતું હતું. તેની જાહોજલાલી 'રસિકતા' સૌ દફન થઈ ગયાં. વ્યાપારનું મથક તો મુંબઈ સ્થપાઈ ચૂક્યું હતું. શેષને શિર મેખ મરાઈ ગઈ હતી. માત્ર ખાનદાની ઘરો સુરતમાં

મોજુદ હતાં, તેથી રજાના દિવસોમાં આરામ લેવા, સુરતની બરફી ખાવા, ટાંકાનાં પાણી પીવા, કે પછી તાડી પીવા મુંબઈમાં વસતા સુરતવાસી આવી જતા. પણ આગથી જ્યારે ઘરો નષ્ટ થયાં ત્યારથી આ પણ બંધ થયું. સુરતની વ્યુત્પત્તિ માછીવાડમાંથી શરુ થઈ. મુંબાપુરી પણ સાલસેટનું એક મત્સ્ય-ગ્રામ જ હતું. દરીઆ જોડે સુરતવાસીને પુરાણી મહોબત હતી, તે મુંબઈ જઈ જારી કરી ને સમુદ્ર જે આઠ માઇલ દૂર હતો તે અહિં તો આંગણીએ ઉભેલો મળ્યો. સુરત 'સુનાની મુરત' તે ત્રાંબાની થઈ ગઈ. હવે તો (મોહમયી, મોહમયી) મુંબાઈ! મુંબાઈ!

જય દરિયા પીર;
ખૂબ દે ખંડ ને ખીર.

આગ ને રેલ! અમર્યાદની હાનિ, ખુવારી! મર્યાદાને પણ મર્યાદામાં રાખવી, એટલે જ સદ્ગુણ: વિકારની ઉચ્છૃંખલતા તે જ દુર્ગુણ. મર્યાદામાં રહી સર્વે વિષયોમાં મધ્ય પથપર ચાલે, તો જ માનવ સદ્ગુણી રહે. એરીસ્ટોટલનો મધ્યમ માર્ગ પોતાને હમેશ પ્રિય હતો. પોતાના સાત્વિક પ્રાબલ્યનું આ પરિણામ હતું. રાજસી-અશ્વ ચાહે તેટલો ભાગે પણ સાત્વિક-રશ્મિ હાથમાં સચોટ પકડેલી. બાળપણનો અનુભવ, મ્હોટપણનું જ્ઞાન, આ બંને એક તરફ દોરવાતાં હતાં.

આ સમયે ચોરનો ભય બહુ વધી ગયેલો. શહેર બહાર, બહારવટે ચઢેલા ગરાસીયાઓ ધાડપાડે, લુંટે, કનડે. શહેરની અંદર તરેહ તરેહના લોકો ચોરીએ નીકળેલા. 'ગંગુ ગળીઆરો' તો સુરતનો 'રોબીન હુડ.' લોકોને ચીઠ્ઠી લખે કે ફલાણે ઠેકાણે આવી સો રૂપીઆ, પાંચસો રૂપીઆ આપી જાઓ. નહિ આપી જાઓ તો ખરાબી થશે. ફરમાન બાદશાહી! ન માન્યું તો ઘરનો સર્વ માલ લુંટાઈ જાય ને વળી માર પડે તે તો નફામાં. ગરીબ ગુરબાં ને 'ગંગુ' છુટે હાથથી પોષતો તેથી તેઓ તેને પનાહ આપતા ને તે પકડાતો નહિ. છીપાઓ પણ ચોરીએ ચઢેલા, ને

કળિયુગ એટલો બેઠેલો કે વાણિયાની જાતમાંથી પણ એ તસ્કર-સેનામાં કેટલાક ભળેલા. અરદેશર કોટવાલે બહુ કોશીશ કરેલી. આગ પહેલાં ચોરો લગભગ નાબુદ કરેલા. પણ જ્યારે આગ ને રેલ આવી ગયાં ત્યારે શહેરમાં એટલાં ખંડિયેર વધ્યાં કે, જ્યાં ત્યાં કુદરતી પનાહગાહ બની ગઈ. પછી ન 'શહેર પનાહે' શહેરીઓનું કે ન 'આલમપનાહે' પરાંવાળાનું રક્ષણ કર્યું. ચાંચીયાનું પણ જોર ભારે વધી ગયું હતું. 'ઘોઘર રાણો' તે ઘોઘા, પીરમ વગેરે સ્થાનના ચાંચીયાનો સરદાર. તેનો શો ભય હતો તે તો બાળકને સુવાડવા માટે ગવાતાં હાલરડાંથી માલૂમ પડે છેઃ—

સુવો સુવો બાવારે ઘોઘર આવ્યા, ઢાંકણીએ ઢંકાતા આવ્યા;
સુપડીયે સંતાતા આવ્યા, વાંસ જેવડો ચોખો લાવ્યા.
ઘંટી જેવડી દાળ લાવ્યા, પૃથ્વિની પતરાવળ કીધી;
દરિયાનો તો દડીયો કીધો, સૌ મળીને જમવા બેઠા.
જમતાં જમતાં લડી પડ્યા રે—

જેમનું દસ્તરખાન તે સારી આલમ! ને પ્યાલો તે સમુદ્ર! તે લોક શું ન કરી શકે? ક્યાં ન જઈ શકે! પંજાબના ખત્રી હરીસીંગ નલ્વાએ મકાણમાં ત્રાસ વર્તાવેલો. ત્યાં હજુએ બાળકને ઉંઘાડતી મા કહે છે 'બચ્ચા ખામુશ બાશ, નલ્વા આમદા.' (બાળક મુંગુ રહે, નલ્વો આવ્યો.) આ ભય અરદેશર કોટવાલે નાબુદ કર્યો ને આખર જે 'ઘોઘર રાણા' ની પ્રતિમા છીપવાડમાં (છીપા લોક કારીગર હતા ને ચાંચીયા તેમનો માલ લૂંટતા વિશેષ, તેથી તેઓએ આ મૂર્તિ સ્થાપેલી) પૂજાતી, તેની ન્હાનકડી મૂર્તિઓ બનાવી તરેહતરેહનાં પાંદડાં ઘાલી ઉપહાસ કરતાં બાળકો આજે પણ નવરાત્રિમાં રમે છે. બળેવનો તહેવાર સુરતમાં મ્હોટો ગણાય છે. (જેમ મુલકગીરી માટે દસેરા પછી મરાઠા સ્વારીએ નીકળતા, તેમ ચાંચીયાઓ બળેવ બાદ નીકળતા) સમુદ્રને જેમ નાળિયેર ચઢે છે, તેમ

તાપી નદીને પણ નાળિયેર, ફૂલ લોક ચઢાવે છે. તે વેળાના ઘણા સરંગોના દિલમાં તો એટલી જ પ્રાર્થના હશે કે, હે પ્રભુ! આ ચાંચિયાથી બચાવજે. મોખડાજી ગોહેલ છેલ્લો ને સૌથી વિકટ ચાંચિયાનો સરદાર થઈ ગયો. અરદેશર કોટવાલને જે સોનાના ચાંદ સરકાર તરફથી મળેલા, તેમાં પોલીસનાં કામની જ મુખ્ય તારીફ લખાઈ હતી.

સુરત શેહેરમાં ઇંગ્રેજી રાજ્યની સત્તા તો ઈ. સ. ૧૮૦૦ ની સાલમાં આવી, પણ માત્ર તેમના સત્તારોપણથી સુરતવાસીઓની માનસિક સ્થિતિમાં કાંઈ પણ ફેરફાર થયો નહિ. શિક્ષણ માત્ર નિશાળ કે મક્તબમાં થોડું ઘણું મળતું તે મળતું. પાઠશાળાનો પ્રસાર કમ થઈ ગયો હતો. હાફિઝોની જરૂરત ઓછી થઈ, એટલે મક્તબો જેમાં કુરાનખ્વાની શિવાય ઉંચું શિક્ષણ નહિ અપાતું, તે પણ નાબુદ થવા લાગી. નામા લખતાં આવડે, માટે આંક પાકા કરવા હિંદુ પારસી ગામઠીશાળામાં જતા.* આજ આ નિશાળ 'નારણ મ્હેતા'ની નિશા-

---

* ભૈયા પ્રતાપચંદ્ર મઝુમદાર લખે છે:—

"We all squatted on the floor, each on his square mat, rather rugged, under a large strawshed in the middle of the court yard. Each boy carried his earthen inkpot either in his hand or suspended from strings and his mat in a long roll under his arm, with the palm leaves, on which he practised his alphabet, sticking out at one end. The very beginners like myself, wrote with bamboo pens on palm leaves; those who were older wrote on plantain leaves; only those who belonged to the highest order of scholarship were allowed to use paper. We were all very noisy, because whatever each boy wrote, whether it was a syllable or a sum, he proclaimed with a nasal intonation; so that the master, who was always dozing or smoking his hookah

ળને નામે ઓળખાય છે. નારણ મ્હેતા જાતે બ્રાહ્મણ હતા. હાથમાં મોટી સોટી રાખતા. ગોપીપુરામાં એક ખંડીચેરના તયખાના (ઉઘાડું ભોંયરું)માં પોતાનો તખ્ત માંડતા, ને दश वर्षाणि ताडयेत् નો નિયમ ઘરમાં તો અમલમાં મૂકાયો હોય કે નહિ, પણ નિશાળમાં તો નિષ્પક્ષપાતે મૂકતા. તે વેળા છોકરો ચારેક વર્ષનો થાય, એટલે મુંડન કરાવી ઘોડે ચઢાવી વાજતે ગાજતે તેને નિશાળે મુકવામાં આવતો. પોતે ક્હેતા કે "માત્ર તે જ દહાડે ખુશીથી તે શાળામાં જતો. તે દિવસ તહેવારનો ગણવામાં આવતો. છુટ્ટી મળતી ને છાત્રગણને મીઠાઈ પણ મળતી. 'મહેતાજીને પામરી હોરાડો' એ રાગ છોકરાઓ પાસે ગવાડતા. નારણ મ્હેતાને શાલ પામરી કે પાઘડી અને દક્ષિણા મળતી. હુમે રોજ ઇચ્છતા કે નવો નિશાળીઓ આવે. શિક્ષણમાં રસ પડતો નહિ. મારનો ત્રાસ ભારે, લાંબો વખત બેસી રહેવાનું ને એકનું એક જ પીંજણ. આ તો ઘરમાં છોકરું રહે તો મસ્તી કરે, પડે, આખડે, માને કનડે, પજવે, તે કરતાં શાળામાં જાય તો રીતભાત તો શીખે, ને કાંઈ નહિ તો કાયર કરતું તો રહે, એ જ ખ્યાલથી ગામઠી નિશાળે ભરતી થતી. નવા શાગિર્દને સૌથી વડો નિંશાળીઓ

---

might make sure that we were hard at work, and the boy himself might feel a zest in his literary progress. We were also very inky, as a sign that we meant to do our business in earnest. But there was another reason for it. No sooner had a boy made a blot in writing than he wiped out the ink with his fingers, rubbing the fingers on his head, which was a sort of universal blotting pad and pen brush, or he licked out the ink with his tongue, if it felt distasteful, which it always did, he rubbed the tongue with his dhotie. So from head to foot he was full of ink. The Pathsala was a friendly gathering and suited everyone.

પોતાની સ્હોડમાં લેતો; ને નરકના અંધકારમાં પડેલા માનવોમાં ઉમેરો થાય છે ત્યારે स्वागतं કહિ એકથી બે ભલા, એ ખ્યાલથી કે પછી दुःखे दुःखाधिकं पश्य, એ ન્યાયથી પોતાના દુઃખમાં ભાગીદાર થનારને તે દિવસે તો આવકાર મળતો. જ્યારે સરકારી શાળાઓ ખુલી ત્યારે આ શાળાનું માન ઉતરી ગયું, ને "નારણ મ્હેતા કારેલી" વિગેરે તુચ્છ શબ્દોથી આ પુરાણા પંતોજીનો તિરસ્કાર થવા લાગ્યો. ઇંગ્રેજ સરકાર તરફથી ઈ. સ. ૧૮૨૬ માં પહેલવહેલી ગુજરાતી શાળાઓ ખોલવામાં આવેલી. ગોપીપુરાની શાળાના મેહેતાજી પ્રાણશંકર હતા. સ્વભાવે તીખા પણ અંદરખાને માયાળુ હતા. કોઈ પણ છોકરો તોફાન કરે તો એકને પાપે વહાણ ડુબે, એ ન્યાયે સૌને માર પડતો. સરવાળા પ્રાર્ધથી ઓછી સંખ્યાના નહી, અને ગુણાકાર તો શંકુ, જલદી, લગી પહોંચતા. હિસાબ ગણાય તે દરમીયાન મહેતાજી માળા જપતા કે નિદ્રા દેવીને વશ થતા. જ્યારે જાગતા ત્યારે સમાધિ છુટી હોય એવો આડંબર રાખતા. કદિ ભડકેલી ગાય જેવું મ્હોં બતાવતા નહિ કે છાત્રગણ હસવા પામે. 'શિક્ષક' એટલે શાસન કરનાર, તે એમની લાંબી નેતરે શીખવ્યું. ત્યાર પછીના શિક્ષક ત્રિપુરાશંકર હતા. એમનું શિક્ષણ ઉંચા પ્રકારનું હતું. હાલની મેટ્રીકયુલેશનથી પણ ચઢતું ગણિત ગુજરાતી શાળામાં શીખવવામાં આવતું. એમની શીખવવાની પદ્ધતિ એવી સારી હતી કે એમના જેટલા શિષ્ય થયા તેમને આખર લગી આકૃતિ માટેનો ભાવ કાયમ રહ્યો. પોતાના ગણિત વિષય ઉપરના પ્રેમનો પાયો અહિં જ નંખાયલો. આગળ જતાં આ શાળા માટે ત્રિકોણમિતિનો તરજુમો પોતે કરેલો. ત્યાર પછી ઇ. સ. ૧૮૪૦ માં 'બોર્ડ ઓફ એડયુકેશન' સ્થપાયું, અને ઇ. સ. ૧૮૪૨માં અંગ્રેજી શાળા શરુ થઈ. પોતે દશ વર્ષની ઉમરે અંગ્રેજી શાળામાં દાખલ થયા. "મ્હારા સહાધ્યાયીઓ મ્હોટી મ્હોટી ઉમરના મુછાળા હતા; તેમાં વળી જે સૌથી ઠોઠ, તે ઘણું કરી બે છોકરાંનો

બાપ હોય. હમારા પેહેલા શિક્ષક નવરોજજી પારેખ હતા. ઇંગ્રેજી ભાષામાં એમની કુશળતા અદ્ભુત હતી. મુંબઇના જાણીતા તબીબ ડૉ. ધનજીશા પારેખ આઈ. એમ. એસ. એમના પુત્ર થાય. મેકૉલેના નિબંધો શિખવવામાં આવતા. શિક્ષક નિબંધમાંથી છટાદાર રીતે વાંચે, ને ઇંગ્રેજી, ઇતિહાસ અને સામાન્ય 'ફિલસુફી' બારીકીથી સમજાવે. અફ્સોસ! કે હમારા પ્યારા ગુરુનો અવસાન કાળ સુખમાં ન ગયો! તે વેળા ગ્રીન સાહેબ મુખ્ય અધ્યાપક હતા. હું સૌથી ન્હાનો, ને એક જ વર્ષમાં ત્રણ ધોરણ કુદાવી ગયેલો, તેથી મ્હારા ઉપર તેઓ બહુ પક્ષપાત રાખતા. 'ગ્રે'ની 'એલીજી'માંથી, જગવિખ્યાત નીચેની* લીંટી, મ્હોંયેથી ઉચ્ચારી મશ્કરીમાં કેહેતા કે, આ ન્હાનકડો ઉત્સાહી વિદ્યાર્થી 'ક્રોમવેલ' પેઠે તમારા બધાપર અમલ ચલાવશે.

મને ગણિત, ઇતિહાસ અને અંગ્રેજી સાહિત્યનો બહુ શોખ હતો. ઇતિહાસ અને સાહિત્ય છુટું પાડવામાં આવતું નહીં, જેથી કરીને મ્હાન ઐતિહાસિક ગ્રંથો જ હમે વાંચતા, ને સાથે લાગું સાહિત્યના જ્ઞાનમાં વધારો કરતા. આ રીતે બર્ક, મેકૉલે, બકલ, ગીબન, અને હૅલમ હમને કંઠસ્થ થઈ ગયેલા. ઇંગ્રેજી કવિઓની સેંકડો લીંટીઓ કંઠસ્થ કરેલી. આથી આગળ જતાં એનો અર્થ સમજ્યા ત્યારે ઘણો આનંદ પ્રાપ્ત થયો અને ચિત્તોત્કર્ષક નીવડી. અફ્સોસ એટલો જ કે ઇ. સ. ૧૮૫૦ માં ગ્રીન સાહેબ હમને છોડી મુંબઈ કોલેજના પ્રોફેસર થયા. આ મહાન્ પુરુષનું જીવન સુરતવાસીઓએ નથી લખ્યું, એ કૃતઘ્નતા જ ગણાય! ઇંગ્રેજી સાહિત્યમાં જેટલું શ્રેષ્ઠ હતું તેટલું જ તેણે હમને બતાવ્યું. સાહિત્યનું મંથન કરી પીયૂષ જ પાયું, ને હલકાં નરસાંથી હમને વાર્યા. ખ્રીસ્તિ ધર્મનો

---

* Some village Hampden that with dauntless breast
The little tyrant of his fields with stood;
Some mute inglorious Milton here may rest,
Some Cromwell guiltless of his country's blood.

ઓળો પણ પડે એવું શીખવ્યું નહિ. બનીયનનો 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' મ્હેં મોટી ઉમરે વાંચેલો: બલકે એમ કહું તો ચાલે કે મિલ્ટનના 'પેરેડાઇઝ લૉસ્ટ' શિવાય બીજા જે સાહિત્યના ગ્રંથો વાંચ્યા, તે અડધા પડધા નાસ્તિકવાદ માન્ય કરનાર ગ્રંથકારના જ હતા. આ કાળજીની તે સમયે ખાસ અગત્યતા હતી. વિદ્વાન્ પાદરી મોન્ટગોમરીના ફંદામાં ફસી નશરવાનજી માણેકજી નામના એક પારસી યુવકે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. હોહા થઈ ગઈ. પારસી જેવી સાહસિક કોમ પણ ઇંગ્રેજી શિક્ષણ લેતાં બ્હીવા લાગી. હિંદુઓના છોકરા શીખતા બંધ થવા લાગ્યા. ગ્રીન સાહેબે જોયું કે, તાલીમની બાજી બગડી. આકાશથી પાતાળ સુધીના ભગીરથ પ્રયત્નો આરંભ્યા. મોંટગોમરી સાહેબના પાદરીપણાપર તુચ્છકારનાં સેંકડો લખાણો લખાયાં, અને આખર રૂસ્તમજી મોદી, દુર્ગારામ મ્હેતાજી ને ગ્રીન સાહેબે મળી પારસી યુવકને સમજાવ્યો, જાતભાઇને શાંત કર્યાં, ને વીશમે દહાડે નશરવાનજીને તેના બાપીકા ધર્મમાં પાછો દાખલ કરાવ્યો. પોતે કહેતા કે નાગરોમાં આ વેળા ભારે ભય પેઠેલો. નાગર, કાયસ્થ, આ બે જ મુત્સદ્દી ન્યાત ગણાતી. ઇંગ્રેજી અમલદારી આવી, એટલે ઇંગ્રેજી ભણેલા કારકુનોની જરૂર પડી. આથી વખત વસમો આવેલો. એક તરફથી ઇંગ્રેજી ભણે તો વટલી જવાય, બીજી તરફથી ન ભણે તો રોટી-પાણીમાં ખલલ પડે. પોતે કહેતા કે ધન્ય ભાગ્ય સુરતવાસીઓનાં કે ગ્રીન સાહેબ જેવા ઉદાર દિલના મનુષ્ય તે વેળા મુખ્ય અધ્યાપક હતા. તેમણે દેશદેશાવરોનાં અખબારોમાં પાદરીપણા ઉપર તીક્ષ્ણ ચર્ચા ચલાવી, હુલ્લડ મચાવી મૂક્યું. ગ્રીન સાહેબ પોતે તો દેવળમાં જતા જ નહિ, પણ પોતિકા મિત્રોને પણ ત્યાં જતા વાર્યા. ઇંગ્રેજી જનસમાજમાં ભારે રમખાણ મચી રહ્યું, ને સાંકડા મનના પરદેશીઓએ એટલે લગી કહ્યું કે, ગ્રીન સાહેબ 'Native Delila'ના ફંદામાં ફસ્યા છે! પારકા દેશના ચિત્તો-

ત્કર્ષ'માટે સ્વજ્ઞાતિલાઓનો આવો ત્રાસ ને ગેરવ્યાજબી વર્તણુક તે ગ્રીન જેવો વિરલો જ સહે. પરિણામ એ આવ્યું કે, શિક્ષણદ્વારા ધર્મ વિષયનો પ્રયોગ અટકયો; ને પંજાબમાં માસ્તર રામચંદ્ર તથા કલકત્તામાં કે. એમ. બેનરજી જેવા કોઈ પુરુષ ગુજરાતમાં આવિર્ભૂત થવા ન પામ્યા. ગ્રીન સાહેબ શાળામાં સહાનુભૂતિથી શીખવતા, એટલું જ નહિ પણ શિષ્યોને પોતાના ખાનગી ઓરડામાં બોલાવી પુસ્તક-ભંડારનું અનુપાન કરવા દેતા. એક પુસ્તક જાતે વંચાવતા-વાંચતા-વાંચવા આપતા-ભેટ આપતા. ગ્રીન સાહેબની, તે વેળા સુરતમાં વસતા એક ઇંગ્રેજી નૌકા સૈન્યના કેપ્ટન સ્કૉટ જોડે, ગાઢી મૈત્રી હતી. ઐતિહાસિક ભુગોળનો-શોખ એમને ઝાઝો હતો. "ગ્રીન સાહેબે" મ્હારું ઓળખાણ સ્કૉટ સાહેબ સાથે કરાવ્યું. જ્યારે જાઉં ત્યારે એમનો દરવાજો ઉઘાડો. 'નંદ' એ નામે મ્હને તે બોલાવતા. નંદને માટે સદર દરવાજો ખુલ્લો: ને નોકરને વરદી પણ આપવાની જરૂર નહિ. ખગોળવિદ્યાના તે ઉપાસક હોવાથી અગાસીમાં તરેહતરેહનાં દૂરબી-નો ગોઠવેલાં હતાં. આકાશ સૃષ્ટિનું-સમ્યક્ નિરૂપણ તેમણે મને કરાવ્યું. તે વેળા મને જે આનંદ થયેલો, તેનું યથાસ્થિત બ્યાન જ ન થાય. કૅન્ટ મહાત્માએ મૃત ચકલીની આંખમાં આકાશને પ્રતિ-બિંબિત જોયું, તે વેળા એનાથી જે ગહન વાકય ઉચરાયું હતું તેવો જ ખ્યાલ મારા હૃદયમાં તે વેળા થયેલો. બ્રહ્માંડની અનંતતા ને મનુષ્યની ગાંભીર્યમયીમતિ!! મુસ્તનદ સફરનામાઓની હારની હાર કબાટમાં ગોઠવાયલી. જીવનચરિતનાં પણ સેંકડો પુસ્તકો. આ જ્ઞાનભંડાર મેં ચાતકની તરસી આંખે નિહાળ્યો ને તેવી જ અધીરાઇથી હું વાંચી ગયો. હું જગતનું બાળક છું એમ મને લાગવા માંડયું. આ બે વ્યકિતઓના સંસર્ગથી ઇંગ્રેજી-જાતના સદ્‌ગુણ ઉપર મારો પક્ષપાત વધ્યો. શિષ્ય-શિક્ષક સંબંધ હોવા છતાં સામાન્ય સમાગમમાં વર્ણભેદનો ઓળો સરખો પણ પડતો નહિ. હમારા સ્પર્શથી શ્યામવર્ણ થઈ જશે,

એ ખ્યાલ સરખોએ ગ્રીન સાહેબમાં હમે જોતા નહિ. હમારી રીતભાત સુઘડ હતી ખરી, પરંતુ એમની રીતભાત શું, તે હમને માલુમ ન હતું. તોપણ એમનાં મન એટલાં સાનુકંપ હતાં કે, પોતાથી જુદી જાતના અન્ય લોકોની રીતભાત પણ સુઘડ હોઈ શકે, એવી તેમને પ્રતીતિ થયેલી. 'Native' (નેટિવ) શબ્દ વપરાતો ખરો પણ તે સાથ 'Gentleman' (જેન્ટ્લમૅન=ગૃહસ્થ) શબ્દ ઉમેરાતો. 'નેટિવ' શબ્દમાં જે તુચ્છકારનો ધ્વનિ કલ્પાય છે તે તો બંગાળામાં જ પહેલવહેલો પ્રકટ થયો. ઈ. સ. ૧૮૫૭ ના બળવા પછી, ફરીથી પાછાં ગ્રીન સાહેબનાં લખાણો વાંચવામાં આવ્યાં 'ઇન્ડો ફીલસ' (હિંદનો અનુરાગી) આ સહી નીચે એમણે હિંદીવાનોના બચાવ માટે લખેલું." એ પુસ્તક પોતાને બહુ પ્રિય હતું. મેં આ પુસ્તક કેમ્બ્રીજનાં પુસ્તકાલયમાં જોયલું ને વાંચેલું. પોતે કહેતા કે, જે મુલકમાં આવાં રત્નો પાકે તેમનું સર્વોત્કૃષ્ટ પ્રાધાન્ય બધે વર્તે એમાં શી નવાઈ? પોતીકા જાતભાઈ અને બ્હેનોને ક્રૂરતાથી બળવાખોરે માર્યાં, તેનું વેર વાળવા જ્યારે યુરોપીય પ્રજાનો મોટો ભાગ તીવ્ર લાગણીથી લખતો હતો, પ્રોત્સાહિત કરતો હતો, તે વેળા આ વિહ્વળ સાગરનું શમન કરતાં એમનાં વાગ્બાણ છુટયાં, "અપરાધીનો ઇન્સાફ કરી તેમને સજા કરો, પણ સાથે નિરપરાધીને શામીલ ન કરશો." જ્યારે અંધ થયેલી વૈર-દેવી હાથમાં ખપ્પર લઈ રક્ત-નૃત્ય કરવા નીકળી હતી ત્યારે તેને હુકમ થયો ! "આંખના પાટા ખોલઃ ઇંગ્રેજના ન્યાયવર્તનમાં ન્યૂનતા ન આવે." આ લખાણથી ગ્રીન સાહેબ ઉપર મુંબઈનો સમસ્ત ઇંગ્રેજવર્ગ નારાજ થયેલો. એમના ઉઘાડછોક નાસ્તિકપણાથી પાદરીઓ તો ત્રાસેલા હતા, કલમના પ્રહારથી ઘવાયા હતા, તેમનો વૈર લેવાનો વારો આવ્યો. નાસ્તિકપણા સાથે રાજ્યદ્રોહનો આરોપ મૂકાયો. આમ એમના વિરુદ્ધ લખી લખી એમના દુશ્મનોએ એમને હેરાન કર્યા. આ વેળા ડેકન કૉલેજમાં એમની બદલી થયેલી. દુષ્ટ

આરોપના પ્રત્યુત્તર આપવામાં, હિંદી પ્રજાના સદ્ગુણ આલેખવામાં તથા સરકારને સારી રાજ-બુદ્ધિ સુઝાડવામાં એમને એટલો શ્રમ પડ્યો કે, મગજની કમજોરીની બીમારી લાગુ પડી ને આ મહાન્ પુરુષ, લૉર્ડ કૅનીંગ માફક, મધ્યાહ્નમાં જ અસ્ત પામ્યા. પાદરીઓની અમાનુષિક પણ સ્વાભાવિક ખુશી જેટલી ખુલ્લી હતી તેટલું જ શિક્ષિત હિંદીઓનું દુઃખ તીવ્ર અને અનિવાર્ય હતું. ગ્રીન સાહેબ સંપૂર્ણ સદ્ગૃહસ્થ હતા. નાસ્તિક નહિ પણ 'ઍગ્નૉસ્ટિક' મતના હતા ને હેમલૅટ સાથે માન્ય કરતા કે 'There are more things in heaven and earth, Horatio, than are dreamt of in your philosophy." પણ કલ્પના-સૃષ્ટિ માટે આ વાક્ય ગમે તેવું અગમ્ય સુખાસ્પદ હોય, તોપણ શાસ્ત્રીય જીવન માટે તો "દેખો તેટલું જ માનો" એ એમનો બોધ હતો. સુરતમાં આ વેળા એક વ્યાખ્યાન અપાયલું:-"જુવો વિદ્યાર્થીઓ! નાસ્તિક શેલીનો મૃત્યુક્ષોભ, ને બીજી તરફ આસ્તિક ખ્રીસ્ત-નિષ્ઠ એડીસનની અવસાન-શાંતિ!!" આ વાગ્બાણ મી૦ ગ્રીનને ઉદ્દેશી હતું. મૉંટગોમરી સાહેબનું નામ સુરતના બાહોશ પાદરીઓમાં ગણાશે. તેઓ વિદ્વાન્ હતા, વિદ્યાવિલાસી હતા. તેમનો આસ્તિકપણા પર બોધ સપક્ષ પણ હતો. પણ ગ્રીન સાહેબની બાબતમાં તો સર્વ પાદરી-ઓના 'નિષ્પક્ષપાતપણા ઉપર તથા તેમના ઉદાર ચિત્ત ઉપર એવું તો આવરણ બંધાઈ ગયું હતું કે, ન્યાયનાં કિરણ તે શી રીતે પ્રકટે? મૉંટગોમરી સાહેબે મને કહેલું કે મારે ત્યાં ભણવા આવશે તો 'લૉજીક' ને 'ફીલોસોફી' શીખવીશ. પણ મને તે વેળા પાદરીઓ તરફ એટલી અભ્રચ્છના થયેલી કે મેં આ અવસરનો લાભ ન લીધો; અને મને પાછળથી અફસોસ થયેલો. 'ટ્રૅલૉની'નાં 'શેલી' બાબતનાં લખાણ પોતે વાંચતા ને કહેતા કે 'શેલી'નું મડદું જળ્યું ત્યારે તેનું કેવું પ્રસન્ન વદન હતું. એક મહાન્ નાટકકાર એક સ્હોડમાં, બીજું

ઇંગ્રેજી બુલબુલ બીજી તરફ, આમ પોતાના કિર્તાર સમક્ષ તે ઉભો રહેલો. (nothing of him that doth fade but suffer a sea change into some thing rich and strange.) આતો મૃત્યુ તે માત્ર રૂપાંતર જ હતું. ગ્રીન સાહેબે કદિ અસત્ય સેવ્યું ન હતું, પારકાને પીલ્યાં ન હતાં, નીચ માર્ગ આદર્યો ન હતો, પરસેવામાં ખામી આણી ન હતી, તો પછી એવાને મૂર્તિપૂજાની શી જરૂરત ને દેવળગમનથી શો ફાયદો? એમના જ જીવન ઉપરથી કેટલા વિદ્યાર્થીઓએ પોતાના જીવનનું બંધારણ કરેલું!

यद्यत् कर्म करोमि तत्तदखिलं शंभो तवाराधनम् ॥

સંધ્યાનો પાબંધ હું હતો જ નહિ. દેવદર્શણનો મ્હને શોખ ન હતો. જાત સુધારણ ને લોક સેવા, એ જ વિશ્વકર્તાની આરાધના છે, એ મ્હારો નિશ્ચય ગ્રીન–જીવનમાંથી બંધાયલો.

(૧) તરીકત બજુઝ ખિદમતે ખલ્ક નીસ્ત.
નતસ્બી હો સજ્જા દાઓ દલ્ક નીસ્ત;

તે જમાનાના બીજા પ્રખ્યાત શિક્ષક દાદોબા પાંડુરંગ હતા. તે જાતે પરભુ હતા. જેમ ઉત્તર હિંદુસ્તાનમાં મુસલમાનોની અમલદારીમાં મુત્સદ્દીપણું કાયસ્થ અને ખત્રીએ જાળવ્યું, તેમ પેશ્વાઇના ભગવા ઝંડા નીચે પરભુઓ દાખલ થયેલા. લખનાર કોણ તો કે પરભુ–આ ખ્યાલ એટલે લગી ગયેલો કે મુખ્ય કારકુન ચાહે તે કોમનો હોય તો પણ તે 'પરભુ' કહેવાતો. (જેમ હાલમાં ઉત્તર હિંદમાં 'લાલા'નું નામ કાયસ્થને લીધે કારકુનોને ચ્હોંટેલું છે તેમ). હવે તેમનું પ્રયોજન રહ્યું નથી એટલે આ રસિક કોમ સુરતમાંથી નાબુદ થઈ છે. 'પ્રયોજન' ઉપરજ વિશ્વમાં સૌ બંધારણ અવલંબન રાખે છે. તેનો પોતે આ દાખલો આપતા. ગ્રીન સાહેબ પછી ગ્રેહામ સાહેબ આવ્યા. મ્હારા પિતા

(૧) લોકની સેવા બજાવ્યા શિવાય (ઐશ્વરી) જ્ઞાન પ્રાપ્ત થતું નથી. માળાની, નમાઝના તકિયા વિગેરે સાધનની જરૂરત નથી.

ઉપર એમની અથાગ મ્હેરબાની હતી. અભ્યાસનું કામ આગળ વધતું ગયું, તે સાથે ઇ. સ. ૧૮૪૯ થી નીચલાં ધોરણોમાં 'વઝીફેદાર શાગિર્દ' તરીકે શિક્ષણ પણ આપવા લાગ્યા. ગણિતમાં ગ્રૅહામ સાહેબ બહુ પ્રવીણ હતા. છ ફીટ ઉંચા, ચૌડા, મજબૂત બાંધાના, દુર્વાસા જેવા ક્રોધી છતાં તેમનું હૈયું મીણ જેવું મુલાયમ હતું. આ ઉદાર દિલના 'આયરીશમેન'ની મહોબ્બત કોઈ દિવસ એમનાથી ભૂલાઈ નહિ. 'હમારા બધાનાં નામ ટુંકા કરી નાંખેલાં. મ્હારું 'નૅન્ડ,' મહિપતરામનું 'માઇપ,' પાર્વતીશંકરનું 'પાર્વટી' ને એદલજીનું 'એડલ.' સાહેબ ખાતા હોય કિંવા ગમે તે અવસ્થામાં હોય તો પણ હમને પોતાના ઓરડામાં બોલાવે ને વાતોચિતો કરી હમારું દિલ બહલાવે. એક આખી મરઘી એની મેજ ઉપર આવતી, મરી મસાલો કાંઈ લે નહિ. દારુનો મ્હોટો શીશો ખડો ને ખડો! તેથી ગડબ ગડબ એને ખાતો જોઈ હમને તો કુંભકરણની જ ક્ષુધા યાદ આવતી. એણે કોઈ દિવસ કોઈ છોકરાને નહિં કહેલું કે મ્હારી સાથ ખાવા લાગ. વટાળવાનો ધંધો એનો ન હતો. " સૌ સૌનો માર્ગ સારો, સૌ સૌના દેવ રુડા" આ સૉક્રેટીસનું વેણ વદી ધર્મ બાબત કદિ પણ તેઓ બોલતા નહિ. એમનું જીવન કાંઇક તામસી પણ નિર્મળ ને સાદું હતું. પૈસા ઝાઝા નહિ પણ સ્વભાવ ઉદાર હતો. પાટીયાંપર 'ચોક' વડે લખે ને ભૂસવું હોય તો થુંકેથી ભૂસે, આથી અમને બહુ આશ્ચર્ય લાગતું. એક દિવસ તેણે કહેલું:–"આ બચપણથી બુરી આદત પડી છે. હમે થંડા મુલકના રહીશ એટલે (hydrophobia) પાણીના ત્રાસથી હંમેશ ગ્રસ્ત રહીએ છૈએ." 'રોમન કૅથૉલિક' હોવા છતાં દેવળમાં પોતે જતા નહિ. ઇ. સ. ૧૮૫૨ ની પહેલી જુને ઉત્તર વિભાગની શાળાના 'સુપરીન્ટેન્ડન્ટ'ના હાથ નીચે કારકુનની જગ્યા પ્રથમ પોતાને મળી. મોનીટરથી કારકુન થયા તેથી પ્રતિષ્ઠા વધી ને પગાર પણ વધ્યો. એક ટટ્ટુ મ્હેં ખરીદ્યું ને ગ્રૅહામ સાહેબ સાથે હું ડીસ્ટ્રીકટમાં નીકળ્યો. સ્વ-

ભાવે તુરંગી, ધૂનમાં હોય તો બહુ વિદ્વત્તાની વાત કરે. કોઈવાર ચોકઠું ઠીક ન બેઠું હોય તો સામાન્ય દાખલો ગણતાંએ ગોથાં ખાય. પણ પ્રીતિઝરણું અવિચ્છિન્ન ઝરપ્યાં કરતું. ગુસ્સે થાય ને પછી આંખમાં આંસુ આવી જાય. પેનશન લઈ 'નાયગ્રા'ના ધોધના મુલકમાં જઈ વસવાનો એમનો વિચાર હતો. નંદ! તું ત્યાં આવશે ત્યારે હું ત્હારો બહુ સત્કાર કરીશ. ત્યાં ગયા પછી એમણે મ્હને બેએક પત્ર પણ લખેલા 'નાયગ્રા'ના ધોધ હેઠેથી તરી જવાની એમને ધૂન હતી. મ્હને તો લાગે છે કે એ ભોલો–દોલો ખુદાનો આદમી આ જ ભયંકર પ્રયાસમાં મુવેલો. નિશાળો તપાસતાં તપાસતાં એક દિવસ હમે પારનેરાના ડુંગર પાસે આવી પહોંચ્યા. કામ પૂરું કર્યા પછી હમે આ મરાઠાનો ગઢ જોવા નીકળ્યા. ભોમિયો લેવાની મ્હારી ભલામણ રદ ગઈ. 'છટ એની શી જરૂરત છે.' જરૂરત થોડીવારમાં જણાઈ. રસ્તો વિકટ, ઝાડીવાળો ને ટોચે પહોંચતાં રાત થઈ ગઈ. પછી તો કહેવા લાગ્યા, નંદ! અહિં તો સાયંકાળે ટેંડું આવે છે ને હું તો બંધુક મ્હારી ભૂલી ગયો છું. હું તો આવેલે માર્ગે પાછો નહિ ફરું, સીધો જ સરું છું. મ્હેં કહ્યું કે ઉઝરડાઈ જશો. એમ જાનવર તે શું મળવાનું હતું? પણ શેતાન સવાર થયેલો એટલે તો એણે જમીન ઉપર બેશી સીધાં સરવા માંડ્યું. હું તો આવેલે જ રસ્તે પાછો ફર્યો. એક જંગલી જેવો આદમી ઉપર રહેતો હતો, તેને વરતણિયા તરીકે સાથે થોડે લગી રાખેલો. મુકામપર મોડી રાતે હું જઈ પહોંચ્યો. જોઉં છું તો બધે તાપણાં સળગાવેલાં હતાં. મ્હને દૂરથી આવતો જોઈ ગ્રૅહમ સાહેબ તંબુમાંથી નીકળ્યા. એક જાંગિયો પહેરેલો હતો, બાકી શરીર ઉપર કાંઈ નહિ. બધું શરીર ઉઝરડાઈ ગયું હતું. કપડાં ફાટી ગયેલાં. 'મ્હને તો થયું કે ત્હારું નાનકડું શરીર ટેંડુના દસ્તરખાન ઉપર બીરાજ્યું હશે. (I thought your tiny body was adorning the supper table of the Parnera leopard) ને ત્હારા બાપને હું શું

જવાબ દઇશ? ટેંડરવાને ભડકાવવા, અને હું રસ્તો ન ભૂલું તે માટે આ ભયાનક ગરમીની મોસમમાં પણ એણે મ્હારી સહીસલામતી માટે તાપણાં સળગાવેલાં હતાં. સગા બાપની પણ આથી વધારે દાઝ હોઈ શકે? મ્હેં કહ્યું કે તમે ઘાયલ જણાવો છો. છટ એ તો કાંઈ નહિ; કપડાં ને ચામડી ફાટે એ ખરાં ને સંધાઈ પણ જાય. આગળ કાંઈ ક્હેવા જતા હતા એટલામાં હો! હા! સંભળાઈ. એક વાઘ પાસેના ગામમાંથી કોઈનો વાછરડો ઉઠાવી ગયો. ડુંગરપર તો હોય પણ અહિં તો તળેટીમાંએ મામો ઘૂમતો જણાયો! મ્હારામાં ભય કદિ વસેલો જ નહિ. આ જાનવર જ્યાં લગી આદમખોર થતું નથી ત્યાં લગી મનુષ્ય ઉપર હુમલો કરતું નથી. ગ્રૅહમ સાહેબે જ મને ઘોડે બેસતાં શીખવ્યું. પોતાના બુલંદ 'વેલર' ઉપર મને બેસાડે, ને પછી મારે આચકો ઘોડાની લગામને. મનુષ્ય જેમ સ્વાભાવિક તરતાં શીખે છે તેમ બે ચારવાર પડી આખડી ઘોડે બેસતો થઈ જાય છે. "ડર રાખ્યો તો ભીતિ જતી જ નથી ને સવારી શીખાતી નથી." પોતાને આખર લગી ઘોડે બેસવાનો માહવરો રહેલો. ગ્રૅહમ સાહેબ એક ગણિતના અધ્યાપકની મશ્કરી કરી ક્હાણી ક્હેતા કે, વગર વિચારે તે બોલ્યો કે ઘોડેસ્વાર થવું એમાં શી મુશ્કેલી છે? ઠીક બેસવું અને centre of gravity (ગુરુત્વ મધ્યબિંધુ) જાળવી રાખવું, પછી કેમ પડાય? વિચાર–યાને સિદ્ધાંત–અને આચાર–યાને પ્રયોગમાં–શો ફર્ક છે તે તે વેદિયા ઢોરે થોડીવારમાં જોયું. આ ગુરુત્વ મધ્યબિંદુ સચવાયું નહિ ને જમીનપર રગડોળાયો. પરીક્ષા પૂરી કર્યા પછી શિક્ષણ પદ્ધતિ બાબત બધા મહેતાજીઓને એકઠા કરી ભાષણ અપાતાં. હું માસ્તરોને ત્યાં ઉતરતો નહિ. ગામના પટેલ કે દેસાઇને ત્યાં પડાવ નાંખતો. ગામડાના લોક બહુ જ આતિથ્ય સત્કાર કરે. હું જાતનો બ્રાહ્મણ, સાહેબ પાસે મારું આટલું ચલણ, તેથી મારી માવજત તો બધા કરતાં. જીયાફત બધે અપાય, પણ એમના હાથનું રાંધેલું હું ખાઉં નહિ, તેથી કાચું સીધું મને મોકલતા. અના-

વલા બ્રાહ્મણનાં બૈરાં બહુ જ પરોણા ચાકરી કરનારાં હોય છે. અથાણાં પાપડ વિગેરે સૌ મને મોકલે. તે બીચારાં કાંઈ લાલચથી નહિ કરતાં, માત્ર મનુષ્યહૃદયમાં સ્વાભાવિક આતિથ્યસત્કારની ઊર્મિ સ્ફુરી રહેતી. આ ગામડાંના લોક ઉપર મારી અથાગ પ્રીતિ હતી. તેઓ સાદા, સીધા, અભણ પણ નૈસર્ગિક બુદ્ધિવાળા હતા. રસિક વાતો કહેતા. બનેલું ને બનવું જોઈએ તે સેળભેળ કરી દઈ, ચોક્કસ વિચારનો અનાદર કરી તડાકા મારતા, ને મને રમુજ પમાડતા. એક દિવસ હમારા તંબુમાં ઠઠ ઝાઝી મળી હતી. વાતાવરણમાં પણ સ્થૂળતા આવી ગઈ હતી. એકદમ ગ્રેહમ સાહેબ ઉઠ્યા ને સર્વને કહાડી મૂકયા ને એક તગડા (જાડા) હજામને પકડી અંદર લાવ્યા. તે થરથર કાંપતો હતો. તેનું મોં ફાડી એક ગોળી ખવાડી દીધી. હું તો જોયાં જ કરું કે આ શો અકૃતસવાર થયો? મારી આંખ સાથ આંખ મળતાં તે હસી પડ્યા. હું જરા પણ હસ્યો નહિ; ને અરાઢ વર્ષની છોકરવાદ મુખ–મુદ્રાને ગંભીર બનાવી બોલ્યો: 'સાહેબ તમે આ લોકોને અનાદર કરી કહાડી મૂકયા, તે આપણી તપાસણીના કામમાં ફતેહ નહિ મળે.' તેઓ બોલ્યા–"ડર મા, નંદ! કામ ઓછું વ્હોરવું પડશે. મારો ઇરાદો કાંઈ બધાને કહાડવાનો ન હતો. પેલા તાજા, કોઠી હજામને પકડવાનો મારો વિચાર હતો. તે સૌથી પહેલો દોડ્યો, તેથી તેને પકડતાં સૌને દોડાવ્યા. મને લાગ્યું કે એને જુલાબ ફાયદો કરશે. તું બહાર જઈને કહે કે ગોળી ઝેરની નહિ પણ જુલાબની જ છે." મારો સ્વભાવ મૂળથી જ આનંદી, તે હસવું મારું માય જ નહિ. બહાર જઈને જોઉં છું તો તે પીન, પુષ્ટ હજામને જમીન ઉપર લોકે સુવાડેલો ને ઉલટી કરાવવાના ઉપચારો જારી. તે 'કુંદે નાતરાશ'ની હાલત ખરે દયામણી હતી! પરસેવાના રેલા તેના સ્થૂલ કપાલ ઉપરથી વહે! આંખ ચઢાવી દીધેલી, ને ગાત્ર શિથિલ! ખરી વાત મ્હેં કહી દીધી, એટલે તરત જ "હટ્ ખ્હેચરીઆ! ખસ, બાવડી ચસકી."

તે ખાનદાની, મિથ્યાભિમાની, 'નાઉ' ઉભો થઈ ગયો ને ખુંખારી બોલ્યો: હું તો પહેલીથી જ કહેતો હતો કે, એ તો સાહેબે ગેલ કર્યું, પણ આ ડરકુઓ લઈ પડ્યા કે, ઝેર ખવડાવ્યું. હું મરત તેમાં સાહેબને ફાયદો શો હતો? મશાલ ધરવા પછી કોણ વેઠે આવત?' જીવરામભટ્ટનો અમર આત્મા! તારો પરતો સઘળે જામેલો જણાય છે? એ જ 'નાઉ' દીવાબત્તી કરવા રાત્રિયે હમારે મુકામે આવ્યો. સાહેબે તેને એક રૂપિયો ઇનામ આપ્યો. 'આઇરીશમેન'નો મ્હને આગળ જતાં બહુ અનુભવ થયેલો. ધૂની, ટીખલી, જીદ્દીલા, ઝહીન, આનંદી, પ્રકૃતિવાળા અને ચક્રમ, આ લોક જ્યાં જાય છે ત્યાં સર્વના હૃદયાંગણમાં પ્રવેશ કરે છે. પણ જો જો! એમના ભરોસા ઉપર નાવ નાંગરો તો! એમ ન માનશો કે આસપાસ ખરાબા નથી! તપાસણીમાંથી પાછાં ફરતાં એક મ્હોટા બતેલામાં હમે બીલ્લિમોરા થઈ સુરત દરીઆઈ રસ્તે આવ્યા. હવે ગ્રૅહમ સાહેબનો નોકરીમાંથી જવાનો વારો આવ્યો. બે વર્ષની 'ફર્લો' લઈ તે વિદાય થયા. છ મહિનાની અંદર રાજીનામું મોકલી આપ્યું. જતી વખતે મ્હને ભેટયા. તેમની આધેડ આંખમાં આંસુ આવી ગયાં. મ્હારા ઉપર તો અથાગ મ્હેરબાની, પ્રીતિ ને ભરોસો હતો. "યાદ રાખજે હોં! નાયગ્રા ત્હારે આવવાનું છે. ત્યાં મ્હારો આવકાર તું જોશે." નાયગ્રાના નામની સાથે મ્હને ગ્રૅહમ સાહેબ યાદ આવે છે ને તે નિર્મળ જીવન–ચંદ્ર હમારા હૃદયોદધિમાં ભરતી આજે પણ લાવે છે. એમના ગયાથી મ્હને જરૂર ફાયદો થવાનો–બલકે મુખ્ય અધ્યાપકની જગ્યા પણ મળે–તે સ્વાર્થી વિચારથી પણ એમનો વિયોગ મ્હને ઓછો દુ:ખકર ન લાગ્યો. મ્હારી તો બન્ને આંખ અશ્રુપાત કરતી હતી. ગ્રૅહમ સાહેબની એક કહાણી બાકી રહી. એક વેળા મ્હોટી ડાંગ લઈ સાહેબ તથા મ્હારા પિતા ફરવા ગયા હતા. રસ્તામાં સ્મશાનથી પાછા ફરેલા ડાઘુઓ આવતા મળ્યા. બીડી પીતા, ગપ્પાં મારતા, કોઈ નીચ કૌમના માલૂમ પડતા હતા.

મરણ પામેલા શખસનું ઘર નજીક આવેલું, તેની હમને 'નોટીસ' નહિ મળેલી. એકાએક આ રમતગમતમાં મશ્ગુલ, સૌ મનુષ્યનું ઝુંડ કૃત્રિમ શોકનો પોકાર કરવા લાગ્યું. મી૦ ગ્રૅહમ એક વીજળી માફક ઉઠ્યા ને ડાંગ હવામાં ચલાવવા લાગ્યા. બધા જીવ લઇને નાઠા. પછી મ્હને પૂછ્યું કે આ શું? મ્હેં રૂઢિનું બયાન કર્યું. "મરેલાંનું અપમાન મ્હારાથી સંખાતું નથી," એમ બોલી પોતાનો ભીમસેનનો વ્યવહાર ઉચિત સાબિત કર્યો. એમના ગયા પછી ગુડ સાહેબ આવેલા.

હું વડોદરા કૉલેજમાં ભણવા ગયો ત્યાં લગી સાયંકાળે મ્હારા પિતા તથા માતામહ જોડે હમેશ સૈર કરવા જતો ને તે વખતે પાછલી હકીકત પૂછતો, ને તેઓ જે કહેતા, તેનું એકાગ્ર ચિત્તે સાંભળી મનન કરતો. "હમે વિદ્યાર્થી તરીકે પાઘડી અંગરખાં પહેરી શાળામાં જતા તેથી ગ્રૅહમ સાહેબનો પાટલી ઉપર ઉભા રહેવાનો હુકમ કોઈ પણ વિદ્યાર્થીને અમલમાં મૂકવાની ફરજ પડતી ત્યારે તેને શરમ બહુ લાગતી. ભણવામાં કસુર માટે નહિ, પણ આડી અવળી વર્તણુક માટે ગ્રૅહમ સાહેબ 'ચઉદમું રતન' સચોટ વાપરતા. હમારા સહાધ્યાયીઓમાં એદલજી મંજીભાઈ બહુ ઠાવકા ગણાતા. 'તોબા તોબા આજ શી ગરમી છે,' એમ તે નાજુકાઇથી બોલે. હમે હસીયેં કે જુવાનિયાને વળી ગરમી શી? તેમને ખગોળ વિદ્યાનો બહુ શોખ હતો. તારાઓની સ્થિતિ, અસ્તોદય વિગેરેની માહિતી એમને પૂરી હતી. એમના કાનસિયા (તે વેળાના પારસીઓ આ શિવાય બાકીનું માથું સાફ મુંડેલું રાખતા) ઠીકઠાક હોળેલા રાખતા. એમનાં કપડાંપર કરચલી નહિ. સ્લેટ સાફ; ને ચોપડી સારાં પુઠ્ઠાંવાળી. એમનું બધું જ "સુપરફાઇન". મહિપતરામ એટલા જ ગરબડિયા. કામ બધું સટરપટર પણ એમના મગજમાં બધું ચોક્કસ. આગ્રહી સ્વભાવ તો ત્યારનો જ પ્રકટ થયેલો. તે પ્રેમાળ, સાલસ અને સાદા હતા. છેલ્લે લગી મ્હારા મિત્ર રહેલા. રતનલાલ–(અમારા પડોશમાં કાયસ્થ રહેતા હતા)

રંગીલા–'લાલા'–ભણવામાં તેજ પણ મ્હેનત કરે જ નહિ. દુનિયામાં જેટલી મસ્તી તે એમનામાં ભરેલી. સ્હવારની નિશાળ હોય ત્યારે દુકાનદારની બધી લાકડાંની સીંડી ગૈબ કરી દે. પછી ઉંઘમાંથી ઉઠેલા તે ઉદ્યમી પુરુષોમાંથી જેને ધરતી ઉપર ઢળવું પડતું હશે તેનો આશીર્વાદ કોને નહિ ફળ્યો હોય? સુસ્ત નિશાળિયાનાં આંગળાં ચપ્પુની અણીવડે ટોચવાની ગ્રૅહમ સાહેબને ટેવ હતી. "રતન! જા ચપ્પુ લઈ આવ દફ્તરમાંથી!" આમ હુકમ થતાં લાગલા જ રતનલાલ ઉઠે, વાર લગાડી પાછા આવે. ચપ્પુ તો ફૅંકી જ દીધેલો હોય ને આવીને કહે સાહેબ ત્યાં તો ચપ્પુનું નામે નથી! મ્હેં બહુ શોધ્યો. આમ સાહેબના સેંકડો ચપ્પુ ઉડેલા. જગજીવનદાસજી હમારાથી આગળના. મુકુંદભાઈ ઠાવકામાં ખપતા. તેજ બુદ્ધિના, ન બહુ હસે ને ન બહુ બીજામાં ભળે. જાતે ડાહ્યા, મુખત્તેસાન, ને તેથી વિશેષ ડાહી વાતો કરનારા. હમારા વર્ગમાં 'તમે'થી ફક્ત એમને જ હમે બોલાવતા. ચીપીને ધોતિયું પહેરે, ને રમત ગમતમાં ન ભળે. પાર્વતીશંકર ગરીબ હતો. મક્કમ મનનો, કિફાયતશાર, ટીખલી અને ગણિતમાં એક્કો. પાર્વતી–સાહસી પાર્વતી–મ્હારો ખરો દોસ્ત હતો. જેભાઈ ભણવામાં મધ્યમ પણ હમારા વિદ્યાર્થી જીવનનો ચેરાઘ! બેહદ આનંદી! બીજા તો હસીને હસાવે પણ જેભાઈ તો ડાહ્યું ડમરું મોં રાખી એવી એવી તાત્કાલિક સૂચના કરે ને માર્મિક વાગ્બાણ છોડે કે હું તો ગુંછળું જ વળી હસું. એક દિવસ ગ્રૅહમ સાહેબે જેભાઇને પકડ્યા. એમનું ગોરું મ્હોં ને જરા ભારે શરીર, તેથી જ પસંદગી થઈ હશે. એકાએક 'પોર્ટ વાઇન'નું એક 'ગલાસ' પીવાડી દીધું. જેભાઇને પરવડ્યું તો લેશ માત્ર નહિ, પણ નિડર રહી હસવા લાગ્યા. બ્હાર નીકળ્યા ત્યારે મ્હને કહે: "અલ્યા કોઇને કહીશ મા હોં!" હું તો મુગો રહ્યો. આ પ્રમાણે પોતાના હરેક મિત્રોને કહી વળ્યા ને સાથે સૂચના કરી કે ખામુશ રહેવું. આખર સૌને માલૂમ પડી ગયું. હું બોલ્યો તો

બોલ્યો પણ તું કેમ બોલ્યો" આમ માંહોમાંહે તકરાર ચાલતી હતી, એટલામાં જેભાઇએ જ ખુલાસો કર્યો કે મ્હેં જ બધાંને કહેલું. હમે ખૂબ હસ્યા. જેભાઈ સદ્ગુણી હતા. કેળવણીખાતામાં ઉંચી પદ્વિએ ચઢેલા. "માર્કંડ (મ્હારા વડાભાઇ)નાં લગ્ન સમયે હું કચ્છથી આવ્યો ત્યારે જેભાઇની તબીયત ક્ષીણ થઈ ગઈ હતી. હું મળવા ગયલો. વ્હેવાઈ આવ્યા તેની ખુશી બીજાને થઈ ખરી, પણ મ્હારો પુરાણો મિત્ર માંદો માંદો પણ ઉભો થયો ને મ્હને ગાઢ આલિંગન કર્યું. હમારો ભૂત–સ્નેહ યાદ આવ્યો, ને હમારા બન્નેની આંખમાં આંસુ આવી ગયાં." તે વેળા જે જમાનો અસ્ત પામતો હતો, તે અદ્ભુત હતો. નવાબી પડી પડી પણ ઉજાસ મારી રહી હતી. તેના ઝાંખા તેજમાં સૌ ઝંખવાયલા જ હતા. ફારસીનો પ્રચાર ઝાઝો હતો. સંસ્કૃત ગિરા તો સરસ્વતીની સાથે અરણ્ય–રેણુમાં શમી ગઈ હતી. શાસ્ત્રીઓની દક્ષિણા કમી થએલી, એટલે નિષ્કામ સંસ્કૃતનો અભ્યાસ છુટયો, તે પેશ્વાઇના આશ્રય નીચે ખીલવા લાગ્યો. આ ફારસીની ગાંડાઈ એટલે લગી ચાલેલી કે મુત્સદ્દીઓમાં એક્કા કહેવડાવતા રાયજી કુટુંબમાં તો નામ પણ બદલાઇ 'મિજલસરાય' 'સાહેબરાય' નામ રખાયાં. સાહેબરાય તો સંધ્યા પણ ફારસીમાં બોલે, ને કાળને અનુસરી આ ક્રોધી પુરુષના કુળ ગોરને પણ ફારસી બોલવું પડતું. બેહુતબાજીનો લોકને બહુ શોખ હતો, ને ઉત્તર હિંદુસ્તાનમાં–લખનૌ તથા દિલ્લીમાં– 'મુશાયરા' (કવિઓનો જલસો) મળતા, તેમ સુરતમાં પણ નાગર કાયસ્થ મળી પોતપોતાના કસીદા કહી સંભળાવતા. અભેરામ નામના કાયસ્થને પોતાના ફારસી ભાષાના જ્ઞાનની ભારે તુમાખી હતી. નવાબ સાહેબ આગળ પ્રશ્ન મૂકાયો કે: "હઝુરેવાલા! આદિતરામનું નામ 'આઇન'થી લખાય કે 'અલિફ'થી"? નવાબ સાહેબ જેવા શરીરે સ્થૂલ હતા તેવા જ બુદ્ધિના કુંઠિત હતા, "બિલાશક 'આઇન'થી. મ્હારા દિવાનના ઘરમાં મામૂલી 'અલીફ' વપરાય જ નહિ." અભેરામે કહ્યું કે

"ખુદાવંદે નેયમત! આદિતરામજીને પૂછો. આદિત્ય એટલે સૂર્યઃ તે હિંદી શબ્દ એટલે 'આઇન'થી શરુ ના જ થાય!" આદિતરામ આવ્યા. નવાબ સાહેબે પ્રશ્ન પૂછ્યો. પ્રશ્નની લઢણ ઉપરથી મુત્સદ્દીને માલૂમ પડ્યું કે નવાબ સાહેબને 'આઇન'થી શરુ કરાવવું છે. પોતાને ફારસી ભાષાના વિષ્ણુશર્મા–સાદી–નું વેણ યાદ આવ્યું:"દરોગ મસ્લહુત આમેઝ બિહ અઝરાસ્તફિત્ના અંગેઝ." વળી લોકવાયકા છે કે सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम्। (સાચું બોલો, મીઠું બોલો પણ સાચું જે કડવું હોય તે ન બોલો). વળી શેખસાદી કહે છે કે:—

* અગર શેહ રુઝરા ગોયદ શબીનસ્ત;
બબાયદ ગુફ્તન ઉરા માહે પર્વીન.

તેમણે જવાબ આપ્યો. "બજા ફરમાતે હૈ જહાંપનાહ! બન્દેકા નામ 'આઇન'સે શુરુકિયા જાતા હૈ." નવાબ સાહેબે મુછે તાલ દીધો. 'બહુત ઠીક! ચોપદાર! ગબડાદો યિહ મુઝીકો સીડીસે.' અભેરામ નાઠો, તેણે ના ફરી ફારસી બાબત બડાસ મારી કે ના ફરી દરબારમાં મ્હોં બતાવ્યું! આવી નિષ્ફળ તકરારથી બુદ્ધિ સતેજ તો જરૂર થતી, વાચાળપણું વધતું, પણ તેથી નૈતિક કે માનસિક સમૃદ્ધિમાં વધારો થતો નહિ. જેમ કોઈ સૂત્રકાર, એક માત્રા ઓછી કરી, સંક્ષિપ્તમાં આલેખી, પોતાની ખુશીને પુત્ર–પ્રાપ્તિની ખુશી સાથે સરખામણી કરે છે, તેમ યોગ્ય અવસરે યોગ્ય વેણ બોલવું, તેનું કોઈ કવિના પ્રસિદ્ધ વચનથી સમર્થન કરવું, તાત્કાલિક ઉત્તર આપવો ને તે પણ યમક અલંકારથી ભરપૂર, ને વજનનો લિહાજ રાખી આપવો એ તે વખતની ખાસીઅત હતી. શબ્દમાં, વાક્યમાં, તેના ઉચિતપણાને લીધે એક જાતનું વાગ્માધુર્ય આવતું, ને શિલ્પકાર આરસની પ્રતિમા ઘડી કૃતકૃત્ય થઈ તેને આલિંગવા જાય છે, તેમ પોતાના યોગ્ય

* જો પાદશાહ દિનને કહે કે રાત છે તો તેને ઉત્તર આ જ વાળવો ઘટે છે કે હા! જરૂર રાત છે ને ઉજ્જીળો ચંદ્ર પેલો.

વાક્યને વળગી રહેતા–વારેવારે ઉચ્ચારતા–શ્રોતાજનો 'વાહ! વાહ! કમાલ કિયા! આફ્રીન!' આવાં વેણ ઉચ્ચારતા. આથી સત્યની પુષ્ટિ તો શેની જ થાય? પણ "ઇલ્મેમજલીસ"ની પુષ્ટિ તો થઈ. બાબરે જ્યારે હિંદની અંદર પ્રવેશ કર્યો ત્યારે લખેલું. કેઃ "આ અસંસ્કૃત લોકમાં મંડલીમાં બેસવાનો ધારો નથી ને કેમ બોલવું કે કેમ વર્તવું, તે તેમને માલૂમ નથી." આ બધું તે સમયમાં નાબુદ થયેલું. હાકિમથી પોષાયલો કામનો દુર્વિકાર પ્રાબલ્ય પામતો જતો હતો. દારુને નિષિદ્ધ સમજતા, મુસલમાનથી અભડાતા, પરંતુ 'રામજણી'ના હાથની બીડી માન્ય કરવામાં માન સમજતા હતા. ગાનારી વેશ્યા સલામ કરે તો, મારા માતામહના ટોળિયા શબ્દમાં કહીએ તો 'વાઇસરોય સાથે હાથ મેળવે એટલી ખુશી, એટલી જ મોટાઈ મનાતી'!! સલામ ઉપરાંત કદાપિ તે હસે ત્યારે તો મનકમળ વિકસે, ને મ્હોં મલકાઈ જાય. 'રામજણીઓ' શિયા મજહબની કેમ હોય છે, એની કોઇએ તપાસ કરી નથી. સુન્નત જમાતમાં સખ્તાઈ રખાય છે, પણ શિયા લોક તો 'હસન–હુસેન'ના હૃદય દ્રાવક અહેવાલ ગાતા, રોતા, મરસિયા બનાવે છે; ને મરસિયા ગાતાં ગાતાં તે જ ફિરકામાં દાખલ થઈ જવાય છે. શિયાનો માર્ગ જ ન્યારો. તેમના તાજીયા જુદે જ વખતે નીકળતા. આ વેળા સુરતવાસીઓ 'મીરઝા સામી'ના ચકલાથી માંડી લકડીપૂલ લગી ઉભરાતા. 'રામજણી' ઓ ફકીરી ધારણ કરી નીકળતી, ને મરસીયા ગાતી. ગાયનકળાના શોખીન 'વાહ વાહ!' નું ઉચ્ચારણ કરી તેને પ્રોત્સાહિત કરતા, નાટ્યશક્તિને નીહાળી, મ્હોં વકાસી ઉભા રહેતા. ફકીરી લેબાસની તારીફ થતીઃ–વાહ! કેવો છાજે છે! ને કેટલાક તો પોતાની ખરી કે માનેલી માશુકની સાથે ફકીરી ધારણ કરી લીલાં વસ્ત્ર પહેરતા, ને રોતીની સાથે રોતા! ઘરનાં બૈરાં અભણ ને રસશૂન્ય, પુરુષમાં રસજ્ઞતા સ્વાભાવિક. "હું રસઘેલો, તું રસસૂની, મેળ હવે કયમ થાય"–એ વિચારથી અલભ્ય વસ્તુને પ્રાપ્ત કરવા

પુરુષો બહાર ભટકતા થયા. જે લોકમાં એક વેળા '**नार्यस्तु यत्र पूज्यंते रमंते तत्र देवताः**' એ ખ્યાલ હતો, તે જ લોકમાં આ પણ લખાયું: **यदि स्याच्छीतलो वह्निश्चंद्रमा दहनात्मकः। सुस्वादः सागरः स्त्रीणां तत्सतीत्वं प्रजायते॥** વેદનો તેજોમય આચાર અસ્ત થયો; સંસારની સુંદરતા ધર્મહારક સમજાઈ; મિથ્યાવાદ વધ્યો; સ્થૂળ ને સૂક્ષ્મમાં રૂપાંતર પમાડવા કરતાં સ્થૂળનો નાશ જ કરવો એ વધારે ઉચિત સમજાયું. દેહસંસ્કાર કરતાં દેહકષ્ટ વધારે માન્ય થયું. જન્મ તે પાપનું ફળ, એવી માન્યતા થઈ. જ્યારે સ્વતંત્રતા ગઈ, પરતંત્રતા પ્રાપ્ત થઈ; જ્યારે નારી કુળ-માતા ટળી, વિષય-પોષક યંત્ર સમજાઈ; જ્યારે નારી રાજ્યકાર્યમાં પ્રોત્સાહિત થવાને બદલે કજીયા કરવામાં તત્પર રહી, ત્યારે આ દશા પ્રાપ્ત થાય, એમાં કાંઈ નવાઈ છે? તે જગત્-જનની, જગત્-ભરણી, સૌ સૂક્ષ્મતાનું મૂળ છે. તે પોતાના આચારવિચારથી સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ તરફ ઉડતાં શીખવે છે. તેની જ્યાં અવગણના થઈ, એટલે રાક્ષસી યોગ વધ્યો ને રાક્ષસી શૃંગાર વિકસ્યો. રાજસી ગુણો નષ્ટ થયા, તમો અંધકાર વ્યાપી રહ્યો. 'પ્લેટો' ના 'સીમ્પોઝીયમ' નિબંધનું રૂપાંતર 'શેલી'એ એની રસિકભાષામાં કર્યું છે. તેમાં 'એગેથૉન' કેવી કટાક્ષ ને તુચ્છ વાણીમાં કહે છે કે 'ઓ નાચનારા ગાનારા! તમે અંદર જઈ બઈરાંઓનું મન બહલાવો, હમે તો વિજ્ઞાન ઉપર વાદવિવાદ કરીશું. ગ્રીસ દેશના 'એથીનીયન' લોકમાં પરદાનો રિવાજ હશે એવો ક્યાસ કરાય છે. 'શેલી' લખે છે: 'The women thus degraded, became such as it was expected they would become. They had the habits and qualities of slaves. They were devoid of that moral and intellectual liveliness with which the acquisition of knowledge and the cultivation of sentiment animate, as with another life of over powering grace, the lineaments

and the gestures of evry form which they inhabit. Their eyes could not have been deep and intricate from the workings of the mind and could have entangled no heart in soul woven labyrinth. પેરીકલીસ' જેમ એસ્પેશિયાના ફંદામાં પડ્યો તેમ બીજા સેંકડો પતંગિયાં આ અધોગામી રોશનીમાં ઝંપલાવતાં. ચારુદત્ત ને વસંતસેનાનો દાખલો પહેલ વહેલો આપણી નજરે પડે છે. ત્યારબાદ તો એમજ સાબિત થાય છે કે, દુનિયાદારીમાં લાયક ઠરવું હોય તો ગુણિકાને ત્યાંજ તાલીમ લેવી. તે જ ભણેલી, રસપૂર્ણ ને રસ પીવડાવનારી મનાઈ. દશકુમાર ચરિતમાં કન્યાશિક્ષણનું વર્ણન આવે છે, તે માત્ર વારાંગના માટે જ છે. મરીચિને મેળવવા કોશીશ કરતી કામમંજરીની માતા નીચે પ્રમાણે શિક્ષણ પદ્ધતિપર ભાષણ આપે છે: "કામશાસ્ત્ર અંગસમેત ભણાવવું, નૃત્ય, વાદ્ય, નાટ્ય, ગીત, ચિત્ર, ગંધ, સ્વાદુ ચીજ, પુષ્પની કલા, અક્ષર જ્ઞાન, બોલવામાં વિચક્ષણતા, વ્યાકરણ, સિદ્ધાન્ત, તર્ક, કુકડાના યુદ્ધમાં તથા શેત્રંજમાં નિપુણતા, જુગાર આદિ કામણગારી કળામાં પ્રવીણ કરાવવી." એક પણ શબ્દ આમાં ગૃહસ્થની કન્યાના શિક્ષણ બાબત લખ્યો છે? આવી અવદશા આવેલી, તેવામાં મુસલમાન લોક આવ્યા. તેમનો સ્ત્રી માટેનો તિરસ્કાર સુપ્રસિદ્ધ છે. સામાન્ય પુરુષ પણ એક ઉપરાંત બીજી ભાર્યા કરી શકે તેથી પહેલેથીજ કુમારિકાને મોહક, આકર્ષક બનાવવામાં આવતી, ને સપત્નીપર પ્રાધાન્ય મેળવાય એવા ગુણ શીખવવામાં આવતા. 'કરણઘેલામાં પોતે લખ્યું છે કે 'રજપુતોના રાજ્યમાં બઇરાંઓને ફરવા હરવાની છુટ હતી, તે સઘળી જતી રહી. જે બઇરી ખુલ્લી રીતે રસ્તામાં ફરે તેને મુસલમાન લોકો, તે ગમે તેવી આબરુદાર હોય તોપણ કસબણ સમજતા હતા, અને તેનું ઘણું ખરું અપમાન કરતા હતા, તેથી બીચારાં બઇરાંનું સુખ તો પૂરું થયું. તેઓ સઘળે ઠેકાણે કેદીની પેઠે ગોંધાયાં. આબરુદાર લોકોના ઘરમાં

જનાનખાનાનો હોજલ પડદો પળાવા લાગ્યો અને એ પ્રમાણે થવાથી બઈરાંની રીતભાતમાં તથા ચાલ ચલણમાં પણ મોઠો ફેરફાર થવા લાગ્યો." જયોર્જ મેરીડીથે પોતાના 'કોમેડી'ના નિબંધમાં, "મૉ. સેંટ-માર્ક ઝીરારદે" નામના ફ્રેંચ લેખકના પુસ્તકમાંથી, એક આરબ ગૃહસ્થ જોડેની તેની વાતચીત ઉતારી છે. તે આરબ ગૃહસ્થ બઈરાંને ઉદ્દેશી કહે છે: "You can look on them without perturbation but we . . . . . . The face of a woman . . . . Our representative of temperate notions demurely consented that the Arab's pride of inflammability should insist on the prudery of the veil as the civilising medium of his race." મુસલમાન રાજ્યમાં સ્ત્રીને માટે રામાયણમાં જે માનવૃત્તિ છે, તે ક્યાંથી આવી શકે?

नाहं जानामि केयूरे नाहं जानामि कुण्डले ।
नूपुरे त्वभिजानामि नित्यं पादाभिवंदनात् ॥

કિષ્કિધારણ્યમાં, અલંકારસૂચક-માર્ગ ઉપર ઘુમતાં રામ પ્રત્યે લક્ષ્મણે ઉપર પ્રમાણે કહેલું. તે સમયમાં હોજલ પડદો ન હતો, પણ માનની મર્યાદા હતી. સીતા દેવી ગયાં ને તેને બદલે વસંતસેના, કામમંજરી આવ્યાં. "अथवा वर्तते तत्र वसंतो यत्र मे प्रिया (वसति)" આ શબ્દો રામ બોલે છે ત્યારે તે કાળની નિર્મળ નૈસર્ગિક પ્રીતિ આંખ આગળ ખડી થાય છે! ઉત્તર રામચરિતમાં ભવભૂતિએ રામના મુખમાં નીચેનું વાક્ય મૂક્યું છે, તે વાંચીને કોને હર્ષ નહિ થાય?

आविवाहसमयाद्गृहे वने शैशवे तदनु यौवने पुनः ।
स्वापहेतुरनुपाश्रितोऽन्यया रामबाहुरुपधानमेव ते ॥

આવો ગર્વ તે વેળાના પુરુષો કરી શકતા હતા!!! હવે તો ફારસી ભાષાના કવિઓ વંચાવા લાગ્યા. તેની સાથ માશુકની સ્તુતિ થવા લાગી. તેના ગેસુ-ચોટીઆળા કેશમાં-જીલબ્બે થઈ આશિકો રંગાયા.

"તુજે અટખેલીયાં (આડાઇ) કહાં સુજી મેં બેઝાર બૈઠા હું."

આ વિષયનાં બધાં પદો શ્રેષ્ઠ કવિતામાં ગણાવા લાગ્યાં. સુખ દુઃખમાં "રામજણી" ભાગ લેવા લાગી. ઘરમાં મરણ થાય તો "રામજણી" આવી કુટવા લાગે! હોળીના વખતમાં ફાગ ગાવા આવે, ફાગ ખેલે, ઘરની સ્ત્રીની ખૈરઆફીયત પૂછે. વારાંગનાના ઘરની અટારીમાં ઉભેલા ભાગ્યશાળીઓને જોઈ વાટે ચાલતા માણસોની આંખ કાતરીયાં ખાય! નૈતિક જુસ્સાથી નહિ, પણ ઈર્ષ્યાથી જ્વલિત, તેમના અલભ્ય વસ્તુપરના તિરસ્કારનો ઉભરો નીકળી જતો "કેમ માસીને ત્યાં ઉભા!" એવો ઉદ્‌ગાર નીકળતો. આ ઘેલછા એટલે લગી વધેલી કે, અમુક શખસ મુવો ત્યારે તેની લાશ પણ ચકલામાંથી લઈ ગયા ને 'માશુક'નું મકાન આવ્યું ત્યારે પુકાર થયો "ફલાણાને લઈ ચાલ્યા' એટલે 'હાય!' એવો ઉદ્‌ગાર અંદરથી આવ્યો. અકૃત–કૃત્ય પ્રેત જો અદૃશ્ય ત્યાં ભમતું હોત તો આ ધ્વનિથી જરૂર અધોગતિથી બચી મુક્તિ પામ્યું હોત! એક બીજો દાખલો આપી આ ક્ષુદ્ર વિષય બંધ કરું છું. એક શખ્સ વિષયાસક્ત હતો. ઘરમાંથી સાયંકાળે બહાર નીકળ્યો. તેની અર્ધાંગના બીચારી જાણતી હતી કે, સ્હેલાણી ક્યાં સીધારે છે, પણ પૂછવા લાગી 'ક્યાં જાઓ છો?' તુચ્છકારથી ઉત્તર મળ્યો 'મરજીમાં આવે ત્યાં જઇએ. તેમાં કોઇને શું?' બાઇ મુગી રહી. બારણું વાસી મુછપર તાલદેતો, પાંનપટ્ટી ચાવતો, લંપટ બહાર નીકળ્યો ને તે શેખસલ્લીના હવાઈ જહાઝમાં ઉડતો હતો, એવામાં પાછળથી બારણું ખખડ્યું. પાછું ફરી જોય છે તો પોતાની અર્ધાંગના બગલમાં ગોદડું લઈ બહાર જાય! "ક્યાં જાય છે વારુ!" નો શબ્દઘોષ થયો. "ત્હમારે શું કામ?" એવો ઉત્તર મળ્યો! "મરજીમાં આવે ત્યાં." તે મરદ શરમીંદો થઈ ગયો. મુછ નીચી કરી પાછો વળ્યો! ઉમેદ છે કે, ત્યાર પછી પરસ્પરનું દામ્પત્યવ્રત ઠીક રીતે પળાયું હશે!!

ખાવા પીવાનો પણ શોખ તે સમયમાં ભારે હતો. આગળ બતાવી ગયો છું કે મિષ્ટાન્ન ખાવા તુળજાભાઈએ કમળાનો આડંબર કરેલો ને ખીર લ્હેંચી સારુ જમીયતરાયના બાપને નામે મ્હોં સચોટ વાળેલું. 'ચાલ્યો છે તડાકો કેવો તેરમાનો,' તેમ કોઈ વૃદ્ધ મર્યું કે જમવાનાં (બહુ વચનમાં માનાર્થે) બહુ ચાલે ને સહુ તેમાં ભાગ લે. કોઈ તો પોતાની જીવત ક્રિયા, જીવતાં કરે, ને સૌને ન્હોતરી, પોતીકા મૃત્યુભોજનમાં હોંસથી ભાગ લે.* અઘરણીમાં પણ જમવાનું થાય તો લગ્ન જનોઈમાં તો પૂછવું જ શું? સારી લગ્નસરા ચાલી તો મહિના લગી ઘેર ચુલો બંધ. ચોવીસ કલાકે જમવાનું મળતું, તેથી જો કે ખાવાનું પેટમાં ઝાઝું ઓરાતું તોપણ પાચનશક્તિને હાનિ પહોંચતી નહિ. મુળ-ચીથી કોઇક મરતા હશે તોપણ 'अमृतं क्षीरभोजनं'ની ગાંડાઈ ઓછી થતી નહીં. પોતે કહેતા કે લાગણી વિનાના "મૃત્યુ ભોજન"માં ખુશી મનાતી તે જોઈ મ્હને ઘણો ત્રાસ છુટતો ને હમારી ટોળી તે ખાવા જતી નહિ. અમુક મ્હેતા મુવા ત્યારે તેરમાની ન્યાતમાં ખીર લ્હેંચી થયાં. પહેલી પત્નીની પૂઠે વરજેલી ખીર વડા પુત્રથી ન ખવાઈ. ખાય નહિ તો પિત્રીને પહોંચે નહિ તેથી તેમને માટે બાસુદી આવી, ને તે ખૂબ પીવાઈ. હમને તો આ સાંભળી બહુ માઠું લાગ્યું. સત્યાર્થ પ્રકાશના કર્તા, સ્વામી દયા-નંદે, એક વ્યાખ્યાન આપેલું, તેમાં કહેલું, કે 'બમન કા પેટ કુછ લેટર બકસ હૈ કે ઉસ્મેં કુછ અન્ન ડાલોગે વો કાગજ માફિક પિતૃ કે વહાં

---

* કરણઘેલાના ચોથા પ્રકરણમાં ડોશીની વાત જે લખી છે તે તે જમાનાનો તાદૃશ ચિતાર ખડો કરે છે:–"જાત્રામાં ધર્મદાન થાય અને જે બાકી રહે તેમાંથી તેના મુવા પછી ન્યાતમાં છૂટું ઘી પીરસાય એ તેની મોટામાં મોટી ઉમેદ હતી. જીવતાં તો ન્યાતના તરફથી આબરૂ મળી નહીં, ત્યારે મુવા પછી ઉજવાવું અને ન્યાતના લોકો પાસે વાહવાહ કહેવડાવવી, એ તેને સ્વર્ગે જવા બરોબર ખુશી ઉપજાવનાર હતું; બલકે તેમ કીધાથી વૈકુંઠ જવાશે એમ તેને પક્કી ખાતરી હતી, કેમકે તેનો એવો અભિપ્રાય હતો કે, જેના મુવા પાછળ વાહવાહ થઈ, તે પમેશ્વરને ત્યાં પણ સારી જ ગતિ પામે."

પહુંચ જાયેગા !" શાક મોળવું એ પણ એક કળા ! અન્ન પીરસવું એક હુન્નર! પીરસતાં બોલવું એમાં કવન અને વકતૃત્વ શક્તિનું સંઘટ્ટન !! જમણવાર એ કંઈ જમણધાડ નથી, એ તો રંગભૂમિ. નાટયકાર વેશ સારો ન ભજવે તો જીવન પર્યંત રટ્ટણ ઠરે. ઓચ્છવલાલ દેસાઈ કારેલાં સમારે તે જોવા મ્હેતાઓ તો શું પણ દેસાઇઓ પણ પરસ્પરની સ્પર્ધા છોડી દઈ આવે!! शाकप्रियसुरतवासिनः ॥ આમ કહીએ તો ચાલે. હિંદુસ્તાનમાં 'ટૉર્ટ'ની ફરીયાદી કવચિત જ મંડાય છે, પણ ભંડારાને દિવસે પકવાન્નનાં ભોજન સમયે ભાટીયાએ મઠો ખાટો કર્યો તેથી નાણાં તો ન અપાયાં પણ અદાલતે ચઢવા તૈયાર થયેલા સખસનો દાખલો મશહૂર છે. 'ઉદો' ડુંગરપોરો તે તો રસાયણ-શાસ્ત્રમાં 'ડીગ્રી'દાર! ભીમસેન સરખો પણ શું પોતાની કળાની ડંફાંસ એની આગળ મારી શકે? ખાઈ પી મઝાહ કરનાર, અલ્પ વિચારી, ભવિષ્યાંધ, સ્હેલાણી, પતંગીઆ માફક જીવનવ્યતીત કરતા લોક, દેવામાં ડૂબેલા. મ્હાર માતા–મહના પિતા મોતીરામ મહેતા, એક તરેહના ઓગણીસમી સદીના નાગર ભાટ હતા. જેની તેની જમાનત કરે. મ્હોટાઇમાં જતાં ખરડાય ને અંતે વેઠે. અરદેશર કોતવાલ ઉપર હુકમનામા (ડીક્રી)ઓ જારી તો જીમ્મેદારી મોતીરામ મહેતાની. દીવાનજી દેવામાં ડુબેલા તો ઝામિન મોતીરામ મહેતા ! આ માત્ર નામના ભુખ્યા, કુલણજીને 'બેલીફો'થી છુપાઈ રહેવું પડતું; દરમહીને સવાસો રૂપ્યાનો મોટો પગાર છતાં પાછળ દેવું મૂકી ગયા. મ્હારી માતા કહે છે કે હું ન્હાની હતી ત્યારે દાદાજીની એવી જ સૂચના કે કોઈ નવતરો માણસ આવે–મ્હારી ખબર કહાડે–તો વગર પૂછયે કહેવું કે ઘેર નથી. એક બીજા રતનરામ નામે અદ્ભુત પુરુષ હતા. ધંધો વકીલનો ખરો પણ જે કમાઈ આવતી, તે માત્ર ઉઠાવગીરપણાને લીધે. દલ્લાલી પણ કરતા ને વકીલોને 'મુડદાં' આણી આપવાનો ધંધો કરતા. એક દિવસ ઉંચી જાતની વિલાયતી છત્રી લઈ પોતે જતા હતા, એટલામાં સ્હામેથી તેમના કોઈ મિત્ર

ચીનાઈ છત્તર લઈને જતા મળ્યા. મિત્રથી બોલાયા વિના નહિ રહેવાયું: "જુવો આનો દોડ રૂપ્યો આપ્યો છે-ચોવીસ આનાનો!" "પણ આ જોયું" રતનરામ બોલ્યા. તે "જોનારની આંખ તો ટાઢી થઈ ગઈ. "શી ધાંપ મળી વારુ! કે એ લીધું." "ધાપ શેની? ઉધાર ધાપ મ્હારા શેઠ!" તે ઉધાર-ખાઉ એ જવાબ વાળ્યો. 'મ્હારે આનાં નાણાં આપવાં હોય તો કની? આ નોંધપોથી (હમે વકીલ લોક મુકદ્દમાની નોંધ રાખીયેં છૈયેં)માં લખ્યું છે. "બચ્ચા રતન! ફલાણા મહોલ્લાનો છ મહિના સુધી ત્યાગ કર. કાનસીયા વધાર. પાઘડીનો રંગ બદલ!" રતનરામને બીજું એ ભારે દેવું હતું. વેશ બદલે, નાસભાગ કરે. તે છતાં પણ વળે નહિ, ને લેણદાર તકાદો કરવા આવે, તો આ બગલા-ભક્ત એવો શંકર ભક્ત બની, રાખ ચોળી, ધ્યાનમાં બેસે કે માંગવા આવનાર રોકાઈ જાય. પછી પ્રશ્ન થતાં જ તે બોલે:-"અરે દુષ્ટ! તું મ્હને ચ્હીડવ નહિ. આ જો મ્હારો ગુસ્સો!" એમ કહી શરીર ઉપર ચોળેલી ભસ્મ ઉરાડે. "આ જવાળાથી હું તને બાળી ભસ્મસાત્ કરી નાંખીશ!" બ્રાહ્મણ આ જમાનામાં પણ શાપથી દબાવતા ને માંગનાર થર થર કાંપતા, વાયદો લઈ ચાલ્યા જતા. આખરે 'સોચુઆ ખાકે બિલ્લા હજકો ચલા' તેમ જીવનની પૂર્ણાહૂતિ રૂપે રતનરામ બનારસ ગયા. બહુ ઠાઠમાં આવ્યા. ગોરે ખૂબ આગતા સ્વાગતા કરી. દક્ષિણા માગવાનો વારો આવ્યો ત્યારે તેમણે કહ્યું કે: "જુવો મહારાજ! ક્ષણગામી દ્રવ્ય હું તમને આપતો નથી. આ મ્હોર કરેલા, મ્હારાં બે ગામના, વેચાણ દસ્તાવેજ આપું છું." ગોરનો લોભ વધ્યો. 'જાત્રા ભયો' કરાવવા સારુ બ્રહ્મ-ભોજન થવું જોઇએ. રતનરામ બોલ્યા: 'હવે રોકડ નાણું મ્હારી પાસ છે નહિ કે બ્રહ્મ-ભોજન થાય.' ગોરે કહ્યું:-'યજમાનરાજ હું છું કે નહિ?' તેણે રૂપીઆ ત્રણસો ઉધાર કહાડી આપ્યા. અડધા ઉપરાંત ખરચ કર્યાં. દક્ષિણા આપીને પછી વિદાય થયા. આ ગોરે ઘણાને મુડ્યા હશે; પણ શેરને

માથે સવાશેર, આ ઉસ્તાદ, 'ગુરુ-ઘંટાલ,' તેને પણ મળ્યો. પાછળથી જ્યારે ગોરના નોકરો દસ્તાવેજ લઈ સુરત આવ્યા ત્યારે જણાયું કે જે ગામ લખી આપ્યાં હતાં, તેની સાથ રતનરામને કાંઈ સંબંધ હતો નહિ. નાગર કાયસ્થ જ્યાં જુવો ત્યાં 'આત્મારામ ભુખણવાળા,' 'ચકાવાળા' કે 'ભંસાળીવાળા'ના કરજદાર હોય જ! પહેલો છોકરો પરણાવવા માતા પલ્લું આપે, પણ બીજાને માટે તો કરજ કરવું જ પડે. દેસાઇઓ પણ ઋણમાં ડુબેલા. રંગીલા તુર્કો ઝરને જુતી સમાન ગણે છે, પણ જ્યારે મહાજન પાસે નાણાં કઢાવવા જાય છે ત્યારે તેજ જુતી શિરપર મૂકવા તૈયાર થાય છે. આવું ખોટું દૃષ્ટાંત લઈ કરજદારની સ્થિતિમાં કદાપિ આબરુ મનાઈ હોય! 'હોશે તેને જ કોઈ ધીરશે' આ ખ્યાલ સચોટ થયો. જેને બારણે શેઠનો મેહતો ફરક્યો નહીં તે અમીર નહીં; હૈસીયતદાર નહિ; કન્યા તેને કોઈ આપે નહિ, ને જઘાતીઓ રહી જતો. "કોઇદિન ગાડી, કોઇદિન ઘોડા ને કોઇદિન પાંઉસે ચલનાજીઃ કોઇદિન લાડી કોઇદિન વાડી કોઇદિન ફક્કડ ફક્કાજી." સ્થિતિનું અનિશ્ચિતપણું એ જ સિદ્ધાન્ત પ્રચલિત થયો. ને 'જહાંગીરી'માંથી 'ફકીરી'માં રૂપાંતર પામતાં ક્ષણની જ વાર! આને લીધે "ખાના પીના હોસો ખાલો, ફિકર નહિ કલકી, આઝાદો! ફિકર નહિ કલકી." એવો બોધ મળતો. હજાર રૂપ્યાના માસિક પગારે, અરદેશર કોતવાલને પાંચ લાખનું દેવું! હજારો વાર જપ્તી આવે. માલમતા–મિત્રોને ત્યાં સંતાડાય. તે જ્યારે પાછી આવે ત્યારે, અડધી જ! જ્યારે અરદેશરપર બળાત્કારે પૈસા કઢાવવાનું તહોમત આવેલું, ને કામ ચાલી તે નિર્દોષ ઠરી છુટેલા, ત્યારે સુખાસનમાં બેસી ઘેર વિદાય થતાં લોકની મ્હોટી ઠઠ મળેલી. મ્હારા માતામહ કહેતા કે દસ દસ હજાર રૂપ્યાની બે થેલીઓ સ્હામી મૂકેલી તેમાંથી મુઠ્ઠેમુઠ્ઠા રૂપીઆ ચારો તરફ વેરેલા. "અરદેશરકા બોલબાલા–દુશ્મનોકા મું કાલા!" આમ પુકારતી સુરતની ઘેલી પ્રજા તેની પૂઠે ગયેલી.

મોતીરામ મ્હેતાએ ભિક્ષુક નાગર બ્રાહ્મણમાં પેઠેલો કુસંપ મટાડવા કરજ કરી ન્યાત જમાડી ને પીતાંબર દક્ષિણામાં આપ્યાં. જેને તેને જાહિરદારીનો જ શોખ. વરઘોડો દમપર કહાડવો, 'સાબેલા' શણગારવા, ઉછીનું ઘરેણું લાવવું, ને ઘરની વાહવાહ કહેવડાવવી, એજ જેના જીવનનો ઉદ્દેશ! આમ નામ તો અમર થાય છે, એમાં જ તેઓ કૃતકૃત્ય સમજતા. વરઘોડાનો બંદોબસ્ત કરવામાં કેટલાક તો એવા પ્રવીણ કે 'વરઘોડીયા' જ તેઓ કહેવાતા; ને ન્યાત જાતની દરકાર કીધા વગર સર્વ કોમમાં સન્માનથી તેઓને ન્હોતરવામાં આવતા. 'સાબેલા' શણુગારવામાં માકુભાઇનો પહેલો નંબર. વરઘોડે બેઠેલી છોકરીઓના ચોટલા ગુંથવાની કળા તો તેમની જ! કપાળે આડ કરવી, ટાંકાઓ મારી ઘરેણાં લટકાવવાં એ હુન્નરમાં તે એક્કા! આ શણગાર સજવા માટે જે આંખ જોઇયે છિયે તે કાંઈ બધાને જ હોતી નથી. 'એન્ટોનાઇન સીઝર્સ'ના જમાનામાં 'રોમન' પ્રજા જેમ બહારનો દેખાવ કરવામાં ખુવાર થયેલી, તેમ જ સુરતવાસીઓની પડતી દશામાં આ જ ઘેલછા સૂઝેલી. જેમ એક દીવો ગુલ થતાં પેહેલાં જાસ્તી પ્રજ્વલિત થાય છે તેવી રીતે આ સુરતી ભાઇઓની દશા થઈ. આ જમાનાનું રૂપાંતર થયા પછી પણ નવા જમાનામાં જીવન વ્યતીત કરતા કેશવરાયજી તો ઘણાના જોવામાં આવ્યા હશે. તેમણે અરદેશર કોતવાલને ત્યાં ઉમેદવારી કરેલી ને પછી કારકુની ઉપરથી શિરસ્તદારી સુધી ગયલા. પગાર તો ટુંકો પણ 'આડી તેડી' આમદની ઝાઝી! જ્યારે અરદેશરની પડતી આવી, નોકરી છુટી, ત્યારે કોઇએ સૂચવ્યું કે બીજે નોકરી કરો, ત્યારે જવાબ દીધોઃ "માલિકને પતિ તે તો એક જ શોભે. નોકરી કરવી તો અરદેશરની કે જેનામાં નોશીરવાનનો ઈન્સાફ, હાતિમ તાઇની સખાવત, અને યુસુફની ખુબસુરતી!" રાયજીનું દિલ ઉદાર, હાથ છુટો, પણ આવતી કાલનો ખ્યાલ ટુંકો. "રાયજી! કાંઈ થવું જોઇયે હો!" એટલો સવાલ થતાં જ "જા

બચ્ચા! પેલા ગોખલામાંથી એક રૂપીઓ લે, 'મોડીયા'નો માવો લાવ!" એ પ્રમાણે આજ્ઞા અપાય. જીવ્યા ત્યાં સુધી ચૌટામાં એમની દુકાન હતી, તેનું ભાડું ઉઘરાવવા જાય ત્યારે 'વાહ રાયજી કાકા! વાહ!' એવા ઉદ્ગાર લોકોના મ્હોંથી સાંભળે. એકાદ બેને આનો બે આના ઇનામ પણ આપી દે. સોદો ખરીદે, ત્યાં ભાવ ઠેરવતાં હઝાર વાનાં સંભળાવે ને આખર નાણું વિશેષ આપે ને બોલેઃ "આ અરદેશરની અમલદારી નથી તેથી થાય છે હો!" એમ કહી પાન ચાવતા ચાવતા ચાલ્યા જાય. ઘડીઆલ રાખતા તે ઇસ્તાંબુલની, અરદેશરે આપેલી તે. ઘડીઆળ લટકાવી રોબમાં ફરતાં રસ્તામાં મળતા અન્ય ગૃહસ્થને પોતાની ઘડીઆળ કાઢી પૂછેઃ 'જુવો તો કેટલા વાગ્યા છે?' ફક્કડ કપડાં પહેરેલાં એટલે કોણ જાણે કે એમને ઘડીઆળ જોતાં પણ નહી આવડતું હોય!! એમ પણ કદાચ હોય કે પોતાની પાસેની સુશોભિત ચીજનાં દર્શન પણ બીજાને કરાવીએ! એક પ્રસંગે અક્કડ અંગરખું પેહેરી, બૈલગાડીમાં સવાર થઈ, ધૂળપડવાને દહાડે, કેશવરાય અરદેશરને ત્યાં જતા હતા. એ દિવસે શેતાનફળીઉં વટાવવું ને 'ખૈબર પાસ' વટાવવો સરખો! ધૂળે છંટાયા વિના આગળ જવાય જ નહિ. કેશવરાયના પિતા અમરિતરાય ડોસા ઓટલે બેઠેલા તેમણે હુકમ આપ્યો "જુવો છો શું? નાંખો કેશવપર ધૂળ." પળમાં ગર્દથી ખરડાયા. બાપ બેટા વચ્ચે વાગ્બાણ છુટયાં. કેશવરાયે પોતાના સીપાઇને હુકમ કીધો 'ગુન્હેગારને પકડો!' તે હુકમ થતાંજ કેટલાક નાગરના છોકરાઓને પકડી કોતવાલીમાં લઇ જવામાં આવ્યા. તેમની કુમકમાં અમરિતરાય ડોસા પણ આગળ ચાલ્યા. પ્રજા–માન્ય કોતવાલ પાસે તેઓને હાજર કરતાં અમલદારની આંખ બુઢ્ઢાપર પડી. એટલામાં કેશવરાયજી બોલ્યાઃ "આ બુઢ્ઢાની અક્કલ ખોખું થઈ ગઈ છે. આપનું નામ લીધું તોએ મારાપર ધૂળ નંખાવી." બુઢ્ઢા બોલ્યા; "હા બચ્ચા! નાગર કાયસ્થનું નામ બોળવું હતું કે હમે ધૂળ પડવે

વગર ખરડાયલો તને જવા દઇયે! બંદો ખોટું કહે છે, હુઝુર !." એમ અરદેશર તરફ નજર કરી બુઢ્ઢા બોલ્યા. સોહરાબ ને રુસ્તમનું યુદ્ધ થવા પામ્યું નહિ. બુઢ્ઢાને શાન્ત પાડી પાછા કાઢ્યા ને કેશવરાયને મુછ નીચી કરવી પડી. રાયજી વિષે બીજી એક રમુજી કહાણી એ કહેવાય છે કે, એક વેળા તેમના એક જુવાન મિત્રે તેને કહ્યું: "જગન્નાથ શંકરશેઠ જોડે મિત્રતાનો દાવો કરી રહ્યા છો, પણ હમે શું જાણીએ કે એ સત્ય છે." ત્યારે જવાબ મળ્યો કે "ખાંડ ખાઓ છો! એમની છબી લઈ આવું તો કેમ !" તે મમતી, નિરુદ્યમી પુરુષ મુંબઈ ભીડ્યા. વિનાયકરાય જગન્નાથ શંકરશેઠને ત્યાં ગયા, ને વરધી કહેવડાવી કે મરહુમ શેઠના કોઈ મિત્ર આવ્યા છે. આવભાવથી સત્કાર થયો. ત્યાં શેઠનું એક મોટું ચિત્ર ટાંગેલું હતું તે તરફ જોઈ રહ્યા ને પછી રોયા. શેઠે પૂછ્યું "શું કામ રુવો છો?" ત્યારે તેઓ બોલ્યા: "શું કહું? એઓ મારાપર પિતા સમાન હેત રાખતા, પણ તે વાત મારા વંશજો કેમ જાણશે? મને એમણે છબી આપવાની કબુલાત આપેલી, પણ તેઓનો એટલામાં કૈલાસવાસ થઈ ગયો. હૃદયમાંની મૂર્તિ તો મારા દેહ સાથે જશે, પણ ઘરમાં તેની શી નિશાની રહેશે?" "અહો! એમાં શી મોટી વાત છે! લ્યો આ તસ્વીર." એમ બોલી તસ્વીર આપવામાં આવી. હોડ પૂરી કરી, મુછપર તાલ દેતા રાયજી, સુરત આવ્યા. રાયજી સાહેબ બધાના જ વાલી ને મુરબ્બી વારસ તો માત્ર એકના જ! બધે ઠેકાણે ખોટો કારભાર કરવામાં, ઝંપલાવવામાં, તૈયાર. જો કારભારમાં જશ મળે તો મુછે તાલ દે; નિષ્ફળ થાય તો જૂઠું જૂઠું ચાવે પણ મ્હોડાપર સ્મિત તો રમતું જ! એક વખતે અમ્રીતરાયને એમના ભાઈ સંપતરાયે કહ્યું: "ભાઈ! તું અભડાયો, હવે લ્હવેણમાં પેસીશ નહીં" "હું અભડાયો!" ક્રોધાન્ધ અવાજે વૃદ્ધ રાયજી બોલ્યા "લ્યો ત્યારે" એમ કહી અન્ન-ઘ્રાણથી નીશો પામી તુર્યાવસ્થામાં એક કુતરું ત્યાં પડ્યું હતું તેની બે ટાંગ પકડી લ્હવેણમાં તેને પટક્યું! "ક્યાંઉ ક્યાંઉં"

કરી ચીસ પાડતું તે કુતરું હુડે હુડેના અવાજો વચ્ચે લ્હવેણ છોડી બહાર ન્હાસી ગયું, ને સૌ "તેરી મેરી ચુપ" કરી કામે વળગી ગયા.

તે જમાનાનાં બૈરાં શરીરે કદ્દાવર હતાં. સૌ કામગરાં એટલે શરીરે કસાયલાં હતાં. ઘરમાં જાથુ નો "હાંડી ધોયો" કોઇને ત્યાં ન મળે. પાણી ટાંકામાંથી હાથે કહાડવું, ઘર સ્વચ્છ રાખવું, છોકરાંઓને સંભાળવાં, રાંધવું, ને આ સહુ એકલ હથ્થે એટલે સ્ત્રીઓને પૂરતી કસરત મળતી. નાગરી ન્યાતમાંથી હજુ સૌન્દર્ય ગયું ન હતું. દયારામની નાજુક કવન-શ્રેણિમાં નાગરોનાં વખાણ જણાઈ આવશે. તેમનામાં તન્દુરસ્તી હતી. કળા, ટાપટીપ પણ છાજે તેટલી હતી. કુદરતી લખલખાટ જયાં ત્યાં પ્રદર્શિત થતો હતો. "નાગરીઆ કાંચળી લાવશે પણ પાંસળી કયાંથી લાવશે?" આ કહેવત ઉપરથી જણાય છે કે, વસ્ત્રની ઢબનું અનુકરણ નાગર સ્ત્રી ઉપરથી બીજી કોમનાં બૈરાં કરતાં. તેઓ સ્વભાવે ઢીલાં, પોચાં ન હતાં. મારા માતામહ, દીવાનજીના કુટુંબની કહાણીઓ છટાદાર ભાષામાં કહેતા. "જ્યારે મયારામ દીવાનજી મરણ પામ્યા ત્યારે દુષ્ટ, કૃતઘ્ની નવાબ તેઘબખ્તખાને પોતાના નિમકહલાલ, મરહુમ દીવાનના ઘર પર જપતી બેસડાવી. તેમનું શબ અવલ મંજલે લઈ જતાં પહેલાં, તેમની વિધવા પોતાના બે સગીર પુત્ર, કિરપારામ તથા કાશીરામને લઈ, ભારે કીમતનું ઘરેણું છાનુંમાનું લઈ, એકલી ઓરપાડ ચાલી ગઈ. ત્યાં પેશ્વાઇની પનાહ, એટલે સહી સલામત રહી. પોતાના પુત્રના ભવિષ્યની કાળજી રાખી તે બાઇએ પોતાનું સુરતનું ઘર લુંટાવા દીધું." એક વખતે એમણે બીજી એક વાત કહેલી તે એ હતી કે: દીવાનજીના ઘરની એકાદ સ્ત્રી ઉપર નવાબના નોકરની નજર બગડેલી. બાદશાહે મયારામને કહ્યું કે, તમારે ત્યાં હું મ્યાનો મોકલું છું, તેમાં તમારા ઘરમાં અમુક બાઇ છે તેને મોકલો, મ્હારે એને મળવું છે. ઘેર નવાબ સાહેબની પાલખી આવેલી, છતાં ઘરનાં માણસો જરા પણ ગભરાયલાં જણાયાં નહીં. એકદમ,

હળાહળ સોમલ હાજર કરવામાં આવ્યું, ને નવાબની મુલાકાત માટે સજ્જ થતી આ સોળ વર્ષની રંભા, યમનાથને મળવા માટે સામગ્રી કરી સૂતી. પાલખીવાળા બેશી રહ્યા. એટલામાં ન્યાતીલાઓએ આવી તેના શબને સ્મશાન લઈ જવા તૈયારી કરવા માંડી. આ પ્રમાણે ઇજ્જત બચી. શરીરે સુકુમાર પણ લઢવે શૂરી ને કામમાં પૂરી સુરતવાસિની! ત્હારામાં જે મોહક-કામણ-શક્તિ છે તે હજુ સુધી ગઈ નથી! એટલે એકઠી થઈ ન્યાત-ચર્ચા કરતી, રસ્તે જનાર જોડે વાતોમાં ભળતી 'કેમ બેઠાં! કેમ ઉભાં!' આમ પ્રશ્ન-પરંપરાનું પહેલું અસ્ત્ર છોડતી, ને તે છુટતાં જ વાગ્-બાણનો વેગ વધારતી, હજુ પણ તું ત્હારું પ્રાધાન્ય જાળવી રહી છે. લગ્ન પ્રસંગે જોડકણાં જોત જોતામાં જોડાતાં. ચાચરીયાં તો વગર-મ્હોસમે પણ બોલાતાં ને એ દ્વારા અપ્રિય વ્યક્તિ ચકલે ચઢતી. અર્થાત્ "મળે ચાર ચોટલા તો ભાંગે ઓટલા," એ કહેવત યથાર્થ થતી. નાગરી ન્યાતમાં લગ્ન પહેલાં, ઘાઘરી ન્હવાડવામાં આવતી; અઘરણી પ્રસંગે કપાળે ચિતરાવતી, દસીયાં ચરતી, ઘેણરાણી મ્હાલતી. માતા થયાં પછી સંતતિ-વિવાહના તોડ જોડમાં મશગુલ રહેતી. લગ્નનો જાતિ અનુભવ યાદ નહિ તેથી સંતતિ-લગ્નમાં લ્હાવો લેતી. રંડાપો આવે મ્હોંવાળી, રીઢી થઈ, વિરૂપા બની રહેતી. 'સમય હર્ષનો ત્યારે હર્ષ દૃષ્ટિઃ સમય શોકનો ત્યારે બાષ્પ વૃષ્ટિ. પણ સંતપ્ત ભૂમિમાં જેમ વરસાદના પાણીની નિશાની રહેતી નથી તેમ અશ્રુ-સ્રાવના શેરડા તેના ગાલપર તરત સુકાઈ જતા. માયાનાં બાળકો માયાના મોહમાં પડી કહેતાં કે-

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડીયાં
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં.

સુખ દુઃખ મનનાં માનેલાં છે! આ જમાનો માયા-બદ્ધ હોવાથી સુખી હતો. "(Where ignorance is bliss 'tis folly to be wise)." અખો કહી ગયો છે:-'અંધારો કુવો, ઝગડો ચુકવી કોઈ,

નહિ મુવો.' પોતાના શબ્દોમાં કહીએ તો ગુણસુંદરી પેઠે તેઓ બોલતાંઃ- 'પીડાકારણ શું હશે જગતમાં શોધ્યાતણું પાપરે.' તે સમયમાં સોંઘવારી વિશેષ, તેથી કમાણીની ન્યૂનતા, દ્રવ્યની અધિકતર ઉપાર્જન શક્તિને લીધે ઢંકાઈ જતી હતી. જીવન સરલ હતું. આનંદ ઊર્મિઓથી સરસપાટી ક્ષુબ્ધ રહેતી. બધી જાતના મોજશોખ મારતી. વૈધવ્યની છાયા પાસે આવતી જતી જોઈ દુઃખ મનમાં ન આણી, ટાણે કે આડે દિવસે, શણગાર સજી મ્હાલતી. 'પડશે તેવા દેવાશે,' એ જ ન્યાય તેને માન્ય હતો. મુસલમાની રાજ્યની અધોગતિનાં પરિણામ પ્રજાવર્ગ ઉપર કેવાં થયેલાં, તેનો ચિતાર કરણઘેલાના તેરમા પ્રકરણમાં પોતે નીચે પ્રમાણે આપ્યો છેઃ "તેઓનો જુસ્સો નરમ પડી ગયો, તેઓનું શુરાતન નબળું પડવા લાગ્યું, અને તેઓની તલવાર તથા બીજાં લડાઇના શસ્ત્રો કટાવા લાગ્યાં. બીચારા હિંદુઓ ભાજીખાઉ જેવા થઈ ગયા. લડવાને બદલે બબડવાનું કામ વધારે ચાલ્યું. જેમ જેમ તલવાર કટાતી ગઈ, તેમ તેમ જીભ વધારે તેજ થતી ગઈ, અને ગુલામગીરી તથા જુલમ ઘણા દહાડા મુગા મુગા સહન કરવાથી જુઠું બોલવાની ટેવ, ઢોંગ, લુચ્ચાઈ, હલકાઈ, નબળાઈ, આળસ વિગેરે ઘણાએક દુર્ગુણો એ લોકમાં આવ્યા અને તેની અસર આજ પાંચસેં વર્ષ થવા આવ્યાં તો પણ છેક ગઈ નથી."

મ્હારા પિતાનું લગ્ન મોતીરામ મેહેતાના પુત્ર વિદ્યારામની પુત્રી નંદાગૌરી સાથે ઈ. સ. ૧૮૫૫ ની સાલમાં થયું. તે વેળા મ્હારાં માતુશ્રીનું વય માત્ર નવ વર્ષનું હતું. તે વિષે આનંદોર્મિથી વાત કરતાં પોતે કહેતા કેઃ 'હુ તે વખતે સાહેબ સાથે નિશાળોની તપાસણી સારૂ પ્રગણામાં ફરતો હતો. લગ્ન પ્રસંગે સુરત જવા સારૂ સાહેબ પાસે રજા માગતાં તેણે બહુ આનાકાની સાથે માત્ર સાત દિવસની રજા આપી. તે વખતે મુસાફરીનાં સાધનો બરાબર નહીં હોવાથી લાંબો વખત જવા આવવામાં લાગતો. હમારી સ્થિતિને અનુસરીને

ટુંકા ખર્ચમાં લગ્ન કર્યાં તોપણ રૂઢીથી માન્ય થયેલી સઘળી ક્રિયા કરેલી. તે વખતે પણ વરરાજાના ઘોડાની અગાડી કાગળના ફુલની વાડી આજની માફક રાખવામાં આવતી, અને કન્યાનો માંડવો પાસે આવતાં તેને લુંટવામાં આવતી. આ રિવાજ મુસલમાનોમાંથી દાખલ થયો હશે. મ્હારા ઘોડા અગાડી રાખેલી વાડી લુંટાઈ ત્યારે મ્હારા ઘોડાએ ચમકી મસ્તી કીધેલી અને તેથી મ્હારા માથાપરની પાઘડી પડી ગયેલી. સૌએ માન્યું કે ભારે અપશુકન થયા. મોતીરામ મહેતા વહેમીલા એટલે વિનાયકશાંતિ કરવાની મને ફરજ પાડેલી, કે વિઘ્ન દૂર થાય.' મ્હારી માતા દશ વર્ષની ઉમરથી સાસરે આવવા લાગી. સવાર સાંજ રાંધી ચાલી જાય. દાદાજીનાં ભારે લાડ હતાં. તેઓ પણ જ્યારે ચાલતા થયા અને ઘરમાં કોઈ વડીલ રહ્યું નહિ ત્યારે પડોસણે તે ગરજ સારીને મ્હારી માતા આવતી જતી રહી. મ્હારી માતાની તે વખતની કાંતિનું વર્ણન કરતાં મારા માતામહની છાતી હર્ષથી ફૂલી આવતી. "નંદગૌરી મધ્યમ કદની હતી. તેની ચામડી ઉજ્વલ, તેમાં તન્દુરસ્તીથી લોહી પ્રસરેલું તે જ્યાં ત્યાં લાલી પ્રદર્શિત થયેલી. કપાળ વિશાળ; મુખ બહુ મ્હોટું નહિ, પણ ભવ્ય ને લંબગોળ; સ્નેહમયી મોહક આંખ; એકવડું શરીર. આખી દેહલતિકામાં તેના હાવભાવમાં, જાગૃતિ વ્યાપેલી, વિદ્યુત્સમ અહિંતહિં ચમકતી તે જણાય." આ લાવણ્યમયી, ભાગ્યશાલી, લક્ષ્મી હમારા ગરીબ નિવાસમાં દાખલ થઈ ત્યારથી બધા મોહોલ્લાવાળાનું માનવું હતું કે, હમારો સિતારો ચમકવા લાગ્યો. તે વેળા એક જ ચાકરડી ઘરમાં કામ કરનારી હતી પણ ઘર ખટરાગ બધો તેને માથે, એટલે કામ તો ખુબ જ હોય તેમાં શી નવાઈ? (આજે વૃદ્ધાવસ્થામાં છે, કુંડીબંધ નોકરો છે, છતાં પણ તેનાથી બેસી નથી રહેવાતું). 'કામ કીધું તેણે કામણ કીધું:' આ ગુણ એનામાં હતો. હોંસીલી અથાગ; 'તોડીખલ'ની દુશ્મન. એકત્ર કુટુંબ-જાળમાંથી છુટેલાં અંજન માફક

અનિયન્ત્રિત તેને રહેવા મળ્યું, ને મંદ મંદ હસતી કળી જે પિતૃઘરમાંથી નીકળેલી, તે સુશિક્ષિત પ્રેમાળ ભર્તારના સમાગમમાં આવી પ્રૌઢ પ્રતાપી પુષ્પમાં ખીલી. તેનો કાંતિપ્રભાવ ઈશ્વરકૃપાથી હજુ સુધી કાયમ છે. મોતીરામ મહેતાના કુટુંબમાં, સામાન્ય હિંદુ કુટુંબીઓ પેઠે, બાળકીપર કમ મહેરબાની રહેતી. કોણ જાણે કોને પરણશે? સુખી થશે કે દુઃખી. ઘરમાંથી જાય તેમાં જ ફળ. એ તો 'જાયફળ'. કોઇએ એનો એ પણ અર્થ કર્યો કે સંસારથી જાય તેમાં જ ફળ. આવા લોકના ખ્યાલ ત્યારે દેવતાઓ તો રમણ કરવા ક્યાંથી આવે? ભૂતો ભુસ્કા મારે! આ નવા વાતાવરણમાં આવી, સુખઘેલી, માનવૃત્તિ ઉત્પન્ન કરાવનાર પ્રૌઢવૃક્ષ સાથે નાજુક વેલી પેઠે વીંટાઈ ગઈ—જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ. ગૃહસંસાર સૃષ્ટિનો અજબ વણાટ છે. પુરુષ તે તાણો ને સ્ત્રી તે વાણો. વણાટ ટકાઉ જોઇયે, કુમાસ નરમ જોઇયે તો બન્ને વાનાં સરખાં શામિલ થવાં જોઇયે. આથી જ હિંદમાં નારીને અર્ધાંગના કહી છે. "હમે ગરીબ હતાં પણ ટકાનું દેવું ન હતું. જેમ જેમ પગાર વધતો ગયો તેમ તેમ મોકળે હાથે રહેવા લાગ્યાં; પણ રહેવાની રહેણીકરણીમાં બહુ ફેરફાર કીધો નહીં. પોતે બ્હેનોને આપે તે બાબત હું જરા પણ કટાણું મ્હોં કરતી નહિ. ભાઈ પાસે છે તો બ્હેન માંગે છે ને તેને અપાય છે. મ્હારા બધા મનોરથ એમણે પૂરા પાડ્યા; મ્હેં કરકસરથી એકઠું કરવા માંડ્યું. અડીસેં રૂપિયાનો પગાર થયો પણ નોકર એક જ! બળદગાડી ઘેર હતી. તે હાંકનાર બહારનું કામ પણ કરતો. સ્હવારે પોતે 'સ્કુલ' જાય, એટલે હું બાજી (મ્હારાં માતામહી) ને ઘેર જાઉં. સાયંકાળે પાછી આવું. બ્હીક શું એ એમના સમાગમથી હું જાણતી જ નહિ. ઇષ્ટ દેવતા ઉપર મ્હને ભરોંસો હતો. તેણે સૌ સારાં વાનાં કર્યાં." ઈ. સ. ૧૮૫૪ થી ૧૮૫૮ સુધી 'એસીસ્ટંટ માસ્તર' રહ્યા. ઈ. સ. ૧૮૫૮ માં જે શાળામાં ગરીબ વિદ્યાર્થી તરિકે પ્રથમ દાખલ થયેલા તે જ શાળાના

મુખ્ય અધ્યાપક નીમાયા. પગાર અડીસેં રૂપિયાનો મળતો. પોતે પ્હેલા જ દેશી 'હેડ માસ્ટર' હતા. હમારા ઘરમાં પરાપૂર્વથી નવરાત્રિમાં માતાની સ્થાપના થતી. બાર વર્ષ લગી પોતે નવરાત્રિમાં ફળાહાર પણ કરેલો. મ્હારી માતા નવરાત્રિ બહુ ધામધૂમથી ઉજવતી. કરણઘેલાના પહેલા પ્રકરણમાં માધવના ઘરમાં થયેલા હોમનું જે વર્ણન આપ્યું છે, તેના કરતાં પણ વધારે ભભકાથી નાંદોદમાં ને ત્યાર બાદ સુરતમાં મ્હારી માતા નવરાત્રમાં દેવીનું પૂજન કરતી. સુરતની અંબા માતા ઉપર નાગરોનો પક્ષપાત ભારે છે. જૈન લોકના સમાગમથી તેની પૂજનવિધિ વૈષ્ણવમય બની છે. દહેરું રક્તથી સુઘડ આથી જ રહ્યું એમ પોતે કહેતા. તેનો પરતો મ્હોટો ગણાય છે ને તેની સ્હોડમાં સુરતના લોક રસિકતા શીખ્યા છે. સુરતમાં ગવાતા ગરબા અસલથી પ્રખ્યાત ગણાય છે. શ્રાવક જેવા ઘેલા શ્રોતાજનો ભાગ્યે જ બીજે મળશે! "નાગડીનો ગડઓ છે, બચ્ચા ઢમા! જડુડ જોવો જોઇયે." વીરચર્ચા માટે નીકળેલા કરણને આંખે પડતો જે દસેરાનો દેખાવ આલેખ્યો છે, તેનો પોતાને પણ બચપણમાં અનુભવ થયો હશે. કોઈ પણ જાણવાજોગ બનાવ બને કે સુરતવાસી તે ઉપર ગરબી લખે! એક ગોલા ઉપર કોઈ સોનારણ ઉઠાવી લઈ જવાનું તહોમત મુકાયું ને તે ગોલો છુટી ગયો,–તો તે બાબત પણ લાવણી લખાઈ; ને કોબાવાળી છોબંધ કુટતી કુટતી હજુએ તે ગાણું ગાય છે: 'એકવાર રામરામ બોલો પેલી નવાપરાની સોનારણને લઈ ગયો ગોલો'. એકવાર એક વાણીઆ શેઠે કોઈ નોકરનું ખુન કર્યું તો તરત તે વિષે ગીત જોડાયું. "જુવો જુવો રે શહેરના લોક, જગુભાઇએ જુલમ કર્યો, તેનો દીકરો મોતીરામ સખટ(ત) માર તેણે રે માર્યો." ત્રવાડીજી બાબત તો કેટલી રાગરાગણીઓ જોડાઈ હશે. સુરતવાસી તે રસજ્ઞ, બટકબોલા, ટીખલી. હજુએ સુખદુ:ખમાં જેવાને તેવા જ રહ્યા છે. મ્હારાં માતામહી એક કહેવત ઘણીવાર

બોલતાં કે, 'ગધેડે બેઠા તો પછી ગામ બહાર શાને ઉતરવું'? પોતાને મ્હેં પૂછેલું કે આ કહેવત શાથી પડી? ત્યારે એમણે કહેલું કે હમારા નાનપણમાં પ્રતિજ્ઞા ઉપર જૂઠી જુબાની આપવા માટે અને ખોટા દસ્તાવેજ બનાવવા માટે કેદખાનાની સજા ઉપરાંત, કે તેને બદલે, પુરાણા વખતની ગધેડે બેસવાની સજા પણ કરવામાં આવતી. નવાબીમાંતો ગધેડા ઉપર બેસાડ્યા ઉપરાંત અર્ધું માથું, મુછ, બોડાવવાની પણ સજા થતી. એકવાર એક નફ્ટ, રીઢો, ગુન્હેગાર આ સજામાં જકડાયો. આખા ગામમાં ગધેડા ઉપર બેસાડી ઢંઢેરો પીટતાં પીટતાં એને ફેરવવામાં આવ્યો ને શહેરની બ્હાર એને ગધેડેથી ઉતારી મૂક્યો. આ વેળા એણે ગધેવાનને વિનતિ કરી કે "ભાઈ સજા તો ખમી પણ હવે ઘર લગી ચાલતો ન મોકલ." તો "અલ્યા તને શરમ નહિ લાગે?" ત્યારે ઉત્તરમાં આ વેણ કહેલું 'ગધેડે બેઠા તો ઘેર જ ઉતરવું." તેથી આ જ વાહન ઉપર વિરાજિત થઈ આ સ્હેલાણી પોતાને આંગણે ઉતર્યો. કરવું તો ઠેઠ કરવું; પછી એમાં શરમાવું શાને? લાજ મૂકી તો તદ્દન મૂકવી. તે વેળાની ઇનસાફ કરવાની શૈલી ઉપર મશ્કરી કરતાં પોતે કહેતા: "કાજીનો ઓદ્ધો વંશપરંપરાનો થઈ જવાથી હાસ્યાસ્પદ નીવડ્યો હતો. એક ઘાંચીના બળદે બીજા મુસલમાનના બળદ જોડે લડી તેનું શીંગડું ભાંગી નાખ્યું. કાઝી પાસે ફરિયાદ ગઈ, તો કાજીજી શરહની કિતાબ ઉથલાવી શેર બોલ્યાઃ-

લાલ કિતાબ મેં લિખાયું
તેલી (ઘાંચી) બેલ લઢાવે ક્યું?

એમ કરીને બળદની અદલા બદલી કરી દેવાની સજા થઈ."

દિવાળીનો તહેવાર તે સમયમાં બહુ ધામધુમથી ઉજવવામાં આવતો. "પાટણની સુંદરીઓ નાના પ્રકારના રંગ લઈને હાથવડે તથા લાકડાનાં બીબાંવડે રમણિક સાથિયા પૂરતી હતી, અને કોનો સાથિયો સારો પૂરાય છે તે બાબે માંહોમાંહે સ્પર્ધા કરતી હતી. પૂર આનંદમાં

સ્ત્રીઓ સારાં લુગડાં ઘરેણાં પહેરીને મ્હાલતી હતી અને વખતે વખતે તેઓના હૈયામાંથી હર્ષ ઉભરાઈ જતો હોય એમ તેઓનાં ગીત ગાવાથી જણાઈ આવતું હતું.” પાટણની જગાએ સુરત રાખીએ તો સુરત શહેરમાં ઉજવાતો દીવાળીનો ઓચ્છવ આપણી સન્મુખ ખડો થાય છે.

પ્રકરણ બીજું.

મધ્યાહ્ન.

ભાગ પહેલો:અધ્યાપક.

સમાજ-જીવન એક તરેહનું મનુષ્ય-જીવનનું પ્રતિબિંબ છે. હરેક મનુષ્યના જીવનમાં એક કાળ એવો આવે છે કે, જે વેળા એના ચિત્ત-સાગરમાં ક્ષોભ ઉદ્દ્ભવે છે, પ્રસન્ન જળ ડોળાઈ જાય છે, મોજાં મોટાં થઈ ફીણ ઉંચે ઉડાવતાં કિનારા સાથે અફળાય છે. જર્મન કવિઓ આ કાળને ‘ષ્ટુર્મ ઉંડડ્રાંગ’ સમય કહે છે. મહાન્ ફ્રેડ્રીક જ્યારે ગાદીએ બેઠો, તે વેળા જર્મન કાવ્ય-સરિત્ મંદ માલૂમ પડતી હતી. કદિ કદિ ફ્રેંચ સાગરમાં ભરતી આવતી ત્યારે તેમાં સંગમ પામેલી આ સરિત્ ઉભરાતી. सुपूरा स्यात्कुनदिकाः તે ન્યાયે આ મંદ નદીને ઉભરાતાં વાર ન લાગતી, પણ તેમાં કાંઈ ફીણ ઉડતાં નહિ. સાગર-વારિ સ્પષ્ટ જણાઈ આવતું, પણ તેનો વેગ-જુસ્સો-તેમાં દેખાતો નહીં. ફ્રેંચ લઢણની અસર, પહેરવેશથી માંડી, રહેણી કરણીમાં, ભાષામાં, અને છેક મનોરાજ્યના કેંદ્રસ્થાને, મૂર્તિમતી બીરાજેલી જોવામાં આવતી. ‘લેસીંગ’, ‘ક્લોપષ્ટોક’, ‘શીલર,’ ‘ગ્યોઇટે’ વિગેરેનાં કાવ્યો-પર જ્યારે દૃષ્ટિ નાંખીએ છીએ ત્યારે સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કે, આ ‘સરિત્’માં ‘વિશ્વ-જળ’ આવીને મળ્યું, અને તે વિશ્વ-વારિનો જુસ્સો એટલો થયો, જલ-શીકર એટલાં ઉડ્યાં, કે સાંકડા કિનારામાં તેનો

વેગ રોકાયો નહિ. मनोरथानामतटप्रपात: ॥ કિનારાની માટી અંદર પડી, ને પાણીમાં મલિનતા સ્થળે સ્થળે જણાવા લાગી. આમાં પડેલા માણસથી માત્ર ચંચુપાત કરી બ્હાર નિકળાય જ કેમ? જે કોઈ જળ-પાન કરવા તેમાં પડે, તે વમળને વંટોળીયાના ઝપાટામાં સપડાઈ વિહ્વળ થયા વિના બહાર નીકળી શકે જ નહિ. આવી જ સ્થિતિ ઇંગ્રેજ લોકના સામ્રાજ્ય તથા તેમના વિવિધ સંસ્કૃતિમય શિક્ષણે હિંદમાં દાખલ કરી. મદ્રાસ, બંગાળા, મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં તે દશા જરા વહેલી આવી. જોકે બે વસ્તુની સરખામણી હંમેશ ન્યાયપુર:સર નથી હોતી, પણ ચિત્તમાં તેથી છાપ સચોટ પડે છે. દેવ ને દાનવ વચ્ચે જે પ્રતિસ્પર્ધા થઈ હતી, સમુદ્રનું મંથન થયું હતું, તે તો સર્વ-વિદિત છે. તેમ દાનવ એટલે સ્થૂળ કરી નાંખનારું તમોમય જૂનું સત્વ, અને દેવ–એટલે સૂક્ષ્મ કરનારું રજોમય, તેજોમય, નવું સત્વ. આમ બે સત્વોએ સ્હામ સ્હામાં ઉભાં રહી ગુર્જર–સાગરનું મંથન કર્યું. નવ-નીતનાં ફીણ ઉપર તરી આવવા લાગ્યાં. કદિ કદિ માંહેથી રત્ન પણ નીકળતું. આમ કેટલાક કાળ સુધી મંથન ચાલ્યું. સાગર ક્ષુબ્ધ થયેલો, એટલે તેમાં સંગમ પામેલી હરેક મનુષ્ય સરિત્‌માં પણ મોડી વ્હેલી એની અસર પહોંચી; ને અલ્પ કે વિશેષ કાળ લગી તે અસર જારી રહી. નર્મદાશંકર (જન્મ ૧૮૩૪) નવલરામ (૧૮૩૬) નંદશંકર (૧૮૩૪) એ પ્રત્યેક વ્યક્તિમાં આ ક્ષોભ ઉદ્ભવ્યો ને મોડો વ્હેલો શમ્યો. આ સમયનું ચિત્ર, આ વ્યક્તિનાં કર્તવ્ય અને આચાર વિચારથી વધારે સ્પષ્ટ આલેખી શકાશે, તેથી જ તે વ્યક્તિઓ વિષે જે હકીકત 'પોતે' મ્હને કહેલી, તે હું વર્ણવું છું. 'નર્મદ ગુજરાતનો 'બાયરન.' ઢાલ–બખ્તરથી સજ્જ થયેલો લઢવૈયો. વિધવા ઉપર જુલમ, કાળિ પ્રજા ઉપર તિરસ્કાર, ન્હડે જાઓ બડે જાઓની ખુશામત, કુળની મોટપ, અન્યાય વગેરે રિવાજોનાં અણઘટતાં દુ:ખ–ચિત્તયંત્રણા–એણે જોયાં. તેની સામે 'વૉલ્ટેર'ના સરખી કારમી કલમથી, ને 'સર્વેન્ટીઝ'ના

રમુજી નાયક 'ડોનકુવીઝોટ'ના જુસ્સાદાર ભાલાથી એણે હુમલા કર્યા. 'ચાઈલ્ડ હેરૉલ્ડ' માફક મનુષ્ય જાતિ માટે અભિમાન, મનુષ્યની આધુનિક સ્થિતિ ઉપર તિરસ્કાર, નર્મદે એની રસિક, કડવી, કાતિલ ઝબાંનમાં વર્ણવેલાં છે. 'ડૉન જુઅન'નો પણ અંશ કદિ કદિ તેની કવિતામાં પ્રકટ થઈ જતો. એનો ઉત્સાહ લોહચુંબક પેઠે બધાંને અસર કરતો. જ્યાં ત્યાં મંડળિ ઉભી કરો, ભાષણો કરો, લોકને ઉત્સાહી કરો, સંસાર સુધારો કરો એ જ તેનો બોધ; અને તે બોધ અમલમાં મૂકવા તેની ઉત્સાહના ઘેનથી ભરેલી આંખો જાણે આમંત્રણ ન કરતી હોય તેમ બધાંને બોલાવતી. નિસરો તમારા અંધારા દરમાંથી; નીકળો તમારા બદ્ધ કૂપમાંથી; ઉંચે ઉડો તમે જમીનપર ઘસડાતાં પ્રાણીઓ; રસનું આસ્વાદન કરો તમે રસશૂન્ય મૂર્તિઓ; ને બોલો તમે મૌન્યવ્રત ધારણ કરનારાઓ. એવા એવા બોધથી તે ઉત્સાહનો ચેપ સ્થળે સ્થળે પ્રસર્યો; લોક દરમાંથી બહાર નીકળવા લાગ્યા; ત્યારે તે પ્રગતિની વિરુદ્ધના કેટલાક ડાહેલા બોલ્યા કે, તમે બ્હાર નીકળો છો તો ખરા, પણ સામે કોઈ 'મીનીબાઈ' મળશે તો તમારું નિકંદન નીકળી જશે. નર્મદ બોલ્યો કે તે 'મીનીબાઇ'ની કોટે ઘંટા બાંધીશું. કૂપનામંડૂકો બાપદાદાનું સ્થાન–ખાબોચીઉં–છોડી, તળાવ કે સરિતમાં ગયા ને ત્યાં તાલની સાથે 'ડ્રાંઉં' 'ડ્રાંઉં' કરવા લાગ્યા. સ્વાર્થ ટળ્યો, પરમાર્થ વધ્યો. "ગ્યોઈટે" ના "ફૌષ્ટ"માંથી 'યુફોરીયન'નું ચિત્ર સ્હામું મૂકી કહીએ તો ચાલે કે 'નર્મદ'ને 'યુફોરીયન' તે એક જ. ('યુફોરીયન' તે ગ્રીકની શાંત સંસ્કારમયી કન્યા હેલન;-અને જુસ્સાદાર, આદર્શરૂપ, જર્મનપતિ 'ફૌષ્ટ'ના લગ્નથી ઉદ્ભવેલી સંતતિ, ઇંગ્રેજ પ્રખ્યાત કવિ બાયરન પણ તે જ.) તે જમીનને તો કદિ અડતો જ નથી. જન્મ્યો ત્યારનો ઉંચે જ કુદ્યા કરે છે. હવામાં જ ઉછળે છે. એને ઉડવું ગમે છે. ને બસ ગાન, ગાન, અવિરત કવન–સરિત્ વહ્યાં જ કરે છે. નર્મદ સાથે બીજાઓ પણ ઉડવા લાગ્યા. કેટલાક ઉંચે ઉડી શક્યા ખરા, પણ જેનાથી

ઉડાયું નહિ તે 'લાલ પાણી' કે ભાંગની મદદ પણ લેવા ચૂક્યા નહી. કેટલાક તો ઉડતાં જ પડ્યા. કેટલાકે માત્ર માન્યું કે ઉડ્યા પણ જમીન જોડે વધારે ઘસડાતા ચાલ્યા. એટલું તો ખરું કે આને પરિણામે હરેકનો અહમ્ ભાવ કાંઇક વિસ્તૃત થયો ને પારમાર્થિક અંશ તેમાં આવતો ગયો. ઇતિહાસ–રસિક, મ્હારા પિતા, કહેતા કે 'ક્રોમવેલ'ના જમાનામાં જેમ 'પ્યુરીટન' લોકનો "ઇગો" (અહમ્‌ભાવ) વિસ્તૃત થયો હતો, તેમ હિંદમાં પણ જોવામાં આવતું. નર્મદા કિનારે આવેલા ચાણોદમાં, દયારામ જીવાતૃકે રસ–ભરતી આણી હતી, તેવી ભરતી રસીલાં સુરતમાં પણ નર્મદે આણી. તેમાં શૃંગારને સ્થાને દેશ સુધારો વિરાજિત થયો. ઠેક ઠેકાણે મંડલીઓ સ્થાપી, સમાજમાં મૂળ ઘાલી બેઠેલું મૌન્ય–વ્રત તોડ્યું. મ્હારા પિતા ઘણા પ્રસંગોનું વર્ણન કરતાં કહેતા કે, નર્મદે શ્રોતાજનની ન્યૂનતાથી નિરાશ ન થતાં પોતાનાં નિબંધો ફરી ફરી વાંચેલા ને તે ઉપર બીજા પાસે વિવેચનો કરાવેલાં. ઇ. સ. ૧૮૫૧ માં લખેલા 'મંડળી મળવાથી થતા લાભ'ના નિબંધમાંથી નીચેનો ફકરો તો હાલના કાળને પણ લાગુ પડે એવો છે. "ચાર અથવા વધારે માણસો અનીતિના ખ્યાલ ટપ્પા ગાવા બેસે, કેફ કરવા બેસે, કોઈ તરેહનું ટાહેલું કરવા બેસે ને તે માણસોમાં પછી થોડાક વિદ્વાન્ હોય તો પણ તે મંડળી અથવા સભા મળી છે એમ કહેવાશે નહિ. પણ ચાર અથવા વધારે માણસો એકઠાં મળી કોઈ વિદ્યા, જ્ઞાન અથવા લાભ થાય ને જશ મળે તેવા કામના વિચાર સભ્યતાથી કરે તો તે મંડળી અથવા સભા મળી છે એમ કહેવાશે." હિંદની પડતીનું મુખ્ય કારણ એ જ કે, "આપણા દેશમાં રાજવર્ગમાંના ભણેલા ને પ્રજાવર્ગમાંના ભણેલા એઓએ એકઠા મળી રાજનીતિ સંબંધી વિચારો ચર્ચાવડે નક્કી કરવાનો ચાલ રાખેલો નહિ." 'સંપ' વિષેનો નિબંધ પણ જાતિ બંધનના ખંડનથી થતા દેશઐક્યના સાધનરૂપે–લખાયલો. આ ક્ષુબ્ધ અવસરને "બુત શિકની" (મૂર્તિ ખંડન) નો જમાનો કહીએ તો ચાલે.

એકને જે "આઇડોલોન" કહ્યાં છે તે ચારો "આઇડોલોન"નું ખંડન કરવા 'નર્મદ-કવીટ્‌ઝો' મેદાન પડ્યો. પછી તેમાં ન જોયું કે, સ્હામું ઘેટાનું ટોળું છે કે માત્ર પવનચક્કી છે. તેણે તો તે ક્ષુલ્લક વસ્તુને પણ પોતીકાં કાર્ય-વ્યગ્ર ચિત્તે દાનવો કલ્પ્યાં. નર્મદનો સંપૂર્ણ હેવાલ આજ સ્થાને પૂરો કરીએ. નર્મદ ખરા દિલનો હતો. જે ગમ્યું તે કરવું જ જોઇએ-થવું જ જોઇયે. જ્યારે એક અનાથ વિધવાનો કઠિન સમય નજીક આવ્યો ત્યારે કવિએ તેને કહ્યું "આવ મ્હારે ઘેર, તું ત્યાં સમાશે." ન્યાત જાતની એણે લેશમાત્ર દરકાર ન કરી. પોતાની ચઢતી પડતીનો ખ્યાલ એના ઉદારચિત્તમાં આવે જ કેમ? સવિતાગૌરી જોડેના તેના સંબંધ વિષે ડાહ્યલાઓ ગમે તે કહે, પણ હું તો હજીએ કહું છું કે શરુઆતમાં એના વર્તન માટે જે કહો તે ખરું, પણ જે વાત બનવાની તે બની ચુકયા પછી તો જે ઉત્તમ માર્ગ બાકી હતો તે જ માર્ગ તેણે સ્વીકાર્યો; ને 'દાનવો'ના ત્રાસમાંથી તેને બચાવી. નર્મદમાં કંઈક બડાશ મારવાની ટેવ હતી, તેથી ન કરેલાં પાપ પણ તે વ્હોરી લેતો. 'જાઓ! તમે થાઓ છો કોણ? જે કરવું હોય તે કરી લેજો. હું તમારા જેવો ગુપ્ત પાપી નથી!' આવા તેના સ્વભાવને લીધે મ્હારી તો ખાતરી છે કે, તેને માટે જેટલું માઠું કહેવાતું, તેમાંથી વીશમે હિસ્સે પણ ભાગ્યે ખરું હશે! નર્મદમાં 'Sense of humor નહિ હતો. આને જ લીધે એના કાર્યમાં તેમ વાણીમાં અતિશયોક્તિ જણાતી. કેટલીકવાર અસંસ્કૃતિ ને ગ્રામ્યતા પણ જણાતી. પણ તે તો જમાનાનો દોષ હતો. "ઐતહાસિક" વિચાર-શ્રેણિ તો હોય જ ક્યાંથી? જેટલું જૂનું તેટલું ગેરવ્યાજબી. જેટલું પાશ્ચાત્ય-પ્રગતિ સાથે દાખલ થયું તેટલું રુડું. જેટલું થવું જોઇયે, તેટલું ધીમેધીમે નહિ પણ એકદમ થવું જોઇએ. ગુર્જર પ્રજાએ એક જ પ્રતિનો પહેરવેશ પહેરવો: પછી અમુક વ્યક્તિ પાતળી હોય કે ભરાઉ, તેની દરકાર નહિ. આ ચિતાર

નર્મદના "યાહોમ કરીને પડો, ફતેહ છે આગે" એ કાવ્યમાં જે ચિત્ર્યો છે તે તે જ સમયનો છે. એનો અંત દુઃખમાં જ આવ્યો. 'મેકોલે'એ 'જોનસન' વિષેના નિબંધમાં લખ્યું છે તે પ્રમાણે જેમ 'પોપ કવિના મૃત્યુ પછી ને 'વર્ડ્સવર્થ' નાં પહેલાં લખાણ સૂધીનો અવસર સાહિત્ય–પોષક, સ્વામીવિહીન હતો, તેમ ગુજરાતમાં પણ તે સમયમાં હતું. માત્ર પુસ્તકો લખી ઉપજીવિકા મેળવનાર નર્મદનું જીવન 'સરસ્વતી–મંદિર' જેવી આલેશાન કોઠી (મકાન)માં વ્યય થતું તો પણ 'ગ્રબસ્ટ્રીટ'નાં કંગાલ કાતરીયામાં વસતા, અર્ધ–ભૂખ્યા, અર્ધ આચ્છાદિત, કવિગણોથી ઓછું વિકટ ન હતું. એક મનુષ્ય–જીવન જેટલા સ્વલ્પ કાળમાં સંસાર સુધારણાની પર્યાપ્તિ થતી નથી, એ ખ્યાલ તેનામાં ન હોવાને લીધે, જે ધીરી ધીરી ગતિ નર્મદે જોઈ તેથી તે નિરાશ થઈ ગયો, અને જેમ 'જર્મની'માં સ્વતંત્રતાના વ્યવસાય (ઈ. સ. ૧૮૧૩) પછી ઓસ્ટ્રિયાની જાળમાં પડેલું, માતૃભૂમિ–ખંજન, નિરાશ થઈ, વિહંગ-જીવન પૂર્વે જે જીવન હતું તેના ધ્યાનમાં ગ્રસ્ત થઈ ગયું તેમ ગુજરાતમાં પણ ઠામ ઠામ થયું. નર્મદ પણ તેનો જ ભોગ થઈ પડ્યો. મ્હારા કાનમાં તો હજુએ એના: "સૌ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે બ્યુગલો વાગે; "યાહોમ કરીને પડો ફતેહ છે આગે." ના રણકારા રમી રહ્યા છે. આપણા હિંદ દેશમાં સંસાર સુધારાની બહુજ આવશ્યકતા છે. તેનો અમલ થશે ત્યારે જ મનુષ્યવર્તન સુધરશે. હાલ તેઃ કોઈ વ્યક્તિ સમાજની વિરુદ્ધ કાંઈ કરી શકતી નથી ને કરે છે તો તેને સમાજથી જૂદાં પડવું પડે છે. સામાન્ય સુધારો બહુજ અવશ્યનો છે. નર્મદે બેશુમાર ફાયદો કર્યો. 'પ્રેમશૌર્ય,' એ એની આદેશ પતાકા! કલમ ને તરવાર! એ જ તેનું સિદ્ધાંત. સંસાર–અરણ્યમાં પ્રૌઢ વૃક્ષ તેની આસપાસ કાંટા ને ઝાંખરા વીંટાયાથી કેવળ નિઃસત્વ બની ગયું હતું. આ ઝાંખરાં એણે કેટલેક દરજ્જે દૂર કર્યાં; પણ આગળ જતાં એણે આજ વૃક્ષની સ્હામું ભારે પ્રહાર કર્યા. "પાછાં

બીજ અવસ્થામાં પેસો! આ પ્રૌઢ-ઉઠાવ-ઘાટ આપણાથી જોવાશે નહિ." આવાં આવાં વેણ એણે કહેલાં. કવિ પોતે 'સરો'નાં વૃક્ષ જેવો ટટાર શોભી રહ્યો હતો, તેના ઉપર દૈવવશાત્ બહુ આપત્તિ આવી. તેનું ઉન્નત શીર્ષ ઝુકી ગયેલું જોઈ કયા ગુર્જરવાસીને દુઃખ નહિ થયું હોય! નર્મદમાં ઉત્પાદક શક્તિ ન હતી. જો હોત તો આટલો સચોટ ઉચ્છેદક તે નહિ થઈ શકત. મનુષ્ય માત્ર એક અદ્‌ભુત શક્તિના ચાંચવા પાવડારૂપે છે. કોઈ ખોદે છે તો કોઈ પૂરે છે. બધાંની જરૂર છે. પાંચ આંગળીમાંથી કઈ આંગળી નકામી છે?

'ગ્યોઈટે' એ 'બાયરન' માટે કહ્યું છે કે, તે રાજસી પ્રકૃતિની મૂર્તિ હતો. પણ જ્યારે તે મનન કરતો, ઉત્પાદક વિચાર દર્શાવતો, ત્યારે બાળક માફક કાલું કાલું બોલવા ઉપરાંત દેશના જ્ઞાનમાં કાંઈ વધારો નહિ કરતો. "જેવો તે મનન કરે છે કે તરત તે બાળક જેવો થઈ જાય છે." ('સો બાલ્ડ એર ડેંકટ, ઇસ્ટ એર આઇન કિંડ.') એવો તેનો 'બાયરન' વિષેનો અભિપ્રાય નર્મદાશંકરને સંપૂર્ણ રીતે લગાડી શકાય, કેમકે એના પાછલા જીવનનો ઉત્પાદક પ્રયત્ન સારાં પરિણામ માટે નિષ્ફળ જ નિવડ્યો, ઉલટો હાનિકારક થયો.

પોતે મહેતાજી દુર્ગારામ મંછારામના ઘણા જ સહાયક હતા. તેઓ ગુજરાતીશાળાના સર્વોત્કૃષ્ટ મહેતાજી, બધા વ્હેમોના મૂર્તિ-ખંડક, ને ઉપદેશક, કેટલીક રીતે દયાનંદ સરસ્વતી જેવા હતા. માત્ર તેમની અદ્‌ભુત ઉત્પાદક શક્તિ નહિ. હમારા જમાનામાં પરદુઃખભંજક ખરા તો ભાઉ દાજી ને દુર્ગારામ મહેતાજી. ભાઉદાજીએ ગરીબ દરજીની બાંહ્ય-ધરી કરી મગરુર મેજીસ્ટ્રેટને નીચે નમાવ્યો. એ તો કવિતામાં પણ ગવાયું છે. નિઃસ્વાર્થ, પારકાનું દુઃખ ટાળવું, એ ગુણ હિંદુસ્તાનમાં બૌદ્ધ માર્ગીઓ શિવાય ભાગ્યે જ જોવામાં આવતો, તે ઇંગ્રેજી કેળવણીએ આણ્યો. "સત્તા આગળ શાણપણ શું." આ વેણ હમે ડોસાં ડગરાંને મ્હોંયે સાંભળતા. પણ મહે-

તાજી તો ચૌટે ચકલે જાય. જો કોઈ ભારાવાળીનો ભારો પોલીસનો સીપાહિ જબરદસ્તી કે થોડી કીમતે લેતો હોય તો મહેતાજી તે ગરીબ મજુરણની તરફદારી કરે ને ઠેઠ કોરટે તેને માટે ચઢે. ઘગડું કોઈ પણ પ્રકારનો જુલમ ન કરી શકે. કોઈ અનાથ આવી મહેતાજીને ખોળે માથું મૂકે કે મહેતાજી તન મન ધનથી તેનું કામ કરવા ચૂકતા નહિ. તે ખ્યાતિના ખ્યાલથી નહિ. ઘણીવાર બદનામી વેઠવી પડતી. નાણાંનો વ્યય થતો ને મહેતાજી પાસ નાણાં ઉભરાતાં નહિ હતાં. સાચ ને આંચ નથી, એમ મહેતાજી હંમેશ કહેતા. માણેકરામ ઉમીયારામ (જેમના નામથી માકુભાઇ મુનસફની શેરી હાલ પણ છે) તે વેળા જીલ્લા જડજની કોરટમાં શિરસ્તેદાર હતા. મહેતાજીના માકુભાઈ મિત્ર હતા. માકુભાઇએ કહ્યું કે, મહેતાજી તમારો "સાચને આંચ નહિ" મત ખોટો પાડું તો! મહેતાજીએ કહ્યું "કર તો ખરો." માકુભાઇએ બીડું ઝડપ્યું. તે વેળા હેલીબરીમાંથી ખાનદાની સીવીલીયનો આવતા, પછી કાબીલીયત હોય કે નહિ. તે વેળાનો જડજ શરાબી હતો. કામ માકુભાઈ કરે. એ બીલાડાં નીચે ખેંચે, તે શિવાય બીજું કાંઈ કરી જાણે નહીં. મહેતાજી લીલી પાઘડી બાંધતા. એક પ્રસંગે એક દુઃખી પુરુષના નિયોગી બની, તે મુકદ્દમો લઢતા હતા. જડજ દિવાલ તરફ મોં કરી મજલિસ તરફ પૂઠ કરી બેસતો. મહેતાજી વાદવિવાદ ચલાવતા હતા. એટલામાં માકુભાઇએ સાહેબને ધીરેથી ઇશારત કરી કે, આ મુકદ્દમામાં કાંઈ નથી. જો પેલા લીલી પાઘડીવાળાને દબાવો તો સ્હેજ નિર્ણય આવશે. ગોરો ફર્યો ને ઇંગ્રેજી ઇનસાફની સત્યતાના પૂરા અભ્યાસી મહેતાજી નિડર ઉભેલા વાદ વિવાદ કરતા હતા તેની સામું તેણે જોયું "સો રૂપિઆ દંડ!" સાહેબે ઘુરકીને કહ્યું. "શા માટે સાહેબ! મેં મર્યાદાનો ભંગ નથી કર્યો." "દોસો રૂપિઆ દંડ!" વધારે બોલવા જતા હતા એટલે સાહેબે કહ્યું: "ચારસો રૂપિયા દંડ," મહેતાજીનો પગાર મહિને રૂપીઆ ત્રીશનો. વગર પૈસે

લડવું; અરે ઘરનો પૈસો તોડી લડવું, ને તેમાં જશને બદલે જુતીયાં! આથી ઝંખવાઈ જઈ નીચું જોયું. માકુભાઇએ ઇશારો કર્યો કે "આવો મ્હેતાજી." એમ કહી પોતાની ગાદી ઉપર બેસાડ્યા, ધીરા પાડ્યા. જડજ પાછો દિવાલ સન્મુખ થઈ ગયો હતો. "દસ્ખત કરાવવા મારા હાથમાં છે કે નહિ! ગભરાઓ છો શું? આનું કાંઈ નહિ થાય. એ તો માત્ર હું પેલો તમારો 'સાંચ ને આંચ ન હોય'નો આગ્રહ તોડવા માંગતો હતો. મ્હેતાજીમાં હાસ્યવૃત્તિની બહોળે હાથે બક્ષિશ થઈ નહતી તેથી તે ચીઢવાયા; પણ માકુભાઇમાં અનંત હાસ્યનો માર્દવ વસી રહેલો, તેથી રુદ્રના જેવા ક્રોધી મ્હેતાજીને શાંત કરી નાંખ્યા. હમારી મંડળીમાં સાંજનો વખતે હસતાં હસતાં માકુભાઈ બોલ્યા કે, મને તો ડર હતો કે રખે ને ત્રીજી આંખ ઉઘાડી મને ભસ્મસાત્ કરી નાંખે! એવા ક્રોધાયમાન મ્હેતાજી જણાતા હતા. મ્હેતાજી હસ્યા, સૌ ભૂલી ગયા. પોતે તથા મ્હેતાજી ભુવા, જાદુગર, જતિઓનાં જંતર મંતરને ખોટાં ઠરાવવા ચૌટે ચકલે ભાષણ કરવા જતા. ત્યાં લોકોને ઉશ્કેરતા ને કહેતા કે, કરો તમારા પ્રયોગો હમારા ઉપર. ગયા પ્રકરણમાં મેં બતાવેલું છે કે તે સમયે સુરતમાં વ્હેમ ઘણો હતો, ને વ્હેમના ખંડનની બહુ જ જરુરત હતી. અડદનાં પૂતળાં કરી તેને કાપી નાંખી, ધારેલા પુરુષનું મૃત્યુ અણાય, એવા સચોટ ખ્યાલો પરા પૂર્વથી દુનિયામાં ચાલ્યા આવ્યા છે. અથર્વ વેદમાં આ વિષે બહુ મંત્રો છે. વળી ફ્રાન્સની રાજમાતા 'કેથેરીન-ડી-મેડીચ્ચી'ને આવાં અનુષ્ઠાન કરાવવાનો બહુ શોખ હતો. ફ્લોરેન્સનો રહીશ "રેને" નામનો ગાંધી પ્રખ્યાત છે, કેથેરાઇનના પ્રતિસ્પર્ધી વ્યક્તિઓનાં મીણનાં પૂતળાં કરતો ને તેના ઉપર મંત્રો સાથે પ્રયોગો કરવામાં આવતા. એથી નિર્જીવ પુતળાંપર કરેલા પ્રયોગોની અસર ચૈતન્યમય પૂતળાંને પણ થશે, એમ માનવામાં આવતું. મુઠ મારનારા તરીકે જાણીતા થયેલા શખ્સોને છચોક, ને દાંડી પીટાવી ખબર આપ-

વામાં આવતી કે આવો તમારું થાય તે કરો. તમને અભયદાન આપવામાં આવતું કે તમારો પ્રયોગ સફળ નીવડે તો હમે તે માટે કાંઈ ઉપાય નહિ કરીએ. આથી અજ્ઞાન વર્ગમાં અસર બહુ સારી થઈ. ભવિષ્યમાં દેશી રજવાડામાં જનારને આથી અતિ ઉત્તમ અનુભવ મળ્યો: કેમકે જો કે વ્હેમો પ્રતિની નાસ્તિકતા બુદ્ધિ–સિદ્ધ તો હતી જ, પણ જાદુગરમાં ખપતા લોકના પ્રયોગોને નિષ્ફળ નિવડતા જોઈ, તે નાસ્તિકતા અનુભવ–સિદ્ધ પણ થઈ. મહેતાજી સ્હામે બીડાં થોડાકે જ ઝડપ્યાં ને તે પણ નિષ્ફળ નીવડયાં. કુલારાણીમાં ભરાયલું ભૂત દૂર કહાડવા માટેનો જે ચિતાર પોતે આપ્યો છે, તે આજ જમાનાનું ભાન કરાવે છે. હરપાલ લખનૌનો ભુવો બની દાખલ થાય છે ને કહે છે: "હું મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટન, સ્તંભન, આકર્ષણ, વિગેરે ઘણીએક મેલી વિદ્યામાં કુશળ છું." દૈવ જેવી કોઈ ચીજ જ નથી. આપણું કરેલું આપણે ભોગવીએ છૈયે. એ સિદ્ધાન્તનો પ્રવૃત્તિમય–નહિ કે નિરાશામય–અભિપ્રાય બાંધવા કોશીશ કરેલી. ક્રીસ્ટીયન પાદરી માફક હવાડીયે ચકલે ઉભા રહી દુર્ગારામ મહેતાજી વિધવાનાં પુનર્લગ્ન વિષે ભાષણ આપતા. એમના કુબુદ્ધિવાળા દુશ્મનો એમની વિધવા કાકીને ઉદ્દેશી કહેતા કે, એનું પુનર્લગ્ન કેમ નથી કરતા? મહેતાજી આથી ક્રોધાયમાન ન થતા ને જવાબ આપતા કે, એની મરજી હોય તો હું અંતરાય નહિ નાખું. આ ભાષણોમાં પોતે હંમેશાં ભળતા. છેલ્લે લગી પોતાનો દૃઢ નિશ્ચય હતો કે, જો વિધવાને પુનર્લગ્ન કરવાની ઇચ્છા હોય તો તેને રોકવી નહિ. કોઇને ગૈર કાયદેસર નિયંત્રિત રાખવાનો કોઈ મનુષ્યને હક્ક નથી. તેમના મિત્ર રા. દોલતરાયે તેમને પૂછ્યું: "શું માસ્તર (આજ નામથી સુરતમાં પોતે વિખ્યાત હતા) એકવાર કન્યાનું દાન કર્યું, તેનું બીજી વાર દાન કેમ થાય?" તેમણે ચટ લઇને ઉત્તર વાળ્યો. "જો દાનનો જ દોષ નડતો હોય તો વિધવાએ પોતાની મેળે જ પરણવું." મનુ સ્મૃતિમાં કહ્યું

છે કે, મા બાપ લગ્ન ન કરાવે તો લગ્નોત્સુક બાળા પોતાની મેળે પરણી શકે છે. અનિયંત્રિત પ્રવાહ એ જ એમનો બોધ હતો. મનુષ્ય જે કાંઈ કૃત્ય પોતાની ઇચ્છાનુસાર કરે તે જ્યાંસૂધી અન્યને હાનિકારક ન હોય ત્યાંસૂધી એને કરવા દેવું. સમાજના કાયદા આગળ જતાં એવા થશે કે, વ્યક્તિનું નિષ્કંટક જીવન સ્વાર્થની સાથે પરમાર્થ પણ સચોટ સાધશે. મૂર્તિ-પૂજાની વિરુદ્ધ મ્હેતાજીએ અથાગ શ્રમ લઈ ભાષણો કરેલાં, પણ વૈષ્ણવ સંપ્રદાયનું એટલું જોર ગુજરાતમાં તે વખતે હતું કે તેમનું કયાંઈ ફાવ્યું નહિ. આ બાબતમાં પોતાનો મત સ્પષ્ટ હતો. પોતે મૂર્તિપૂજક ન હતા. પણ બીજાને મૂર્તિ પૂજા કરતાં વારવામાં કાંઈ ઉત્સાહ પ્રદર્શિત કરતા નહિ. જેમણે કદાપિ 'સંધ્યા' કરેલી નહિ તેમના ઘરમાં બાપદાદાથી ઉતરી આવેલાં 'નવરાતર' થતાં ને ધામધૂમથી મારાં માતુઃશ્રી ઉજવતાં ને ઉજવે છે. એમને શ્રદ્ધા નહતી પણ બીજાંને "માટલાંનાં માતા" ઉપર શ્રદ્ધા હોય તેમાં એમને બુરું કાંઈ લાગતું નહિ. આ બાબતમાં રા. મહિપતરામ ભાઈ જોડે એમને મતભેદ થતો. પોતે એમને કટ્ટા 'પ્યુરીટન'ની ઉપમા આપતા. કારણ કે તે લોકોએ ઇસ્વીસનના સત્તરમા સૈકામાં ઈંગ્લાંડનાં દેવળોમાંથી ઢુંઢી ઢુંઢીને ચિત્રો, પૂતળાંઓ, રંગીન કાચો વિગેરે તોડાવી નાંખ્યા કે મૂર્તિપૂજા નષ્ટ થઈ જાય. 'લાલજી'ની મૂર્તિને હાથમાં લઈ મહિપતરામભાઈ ભાષણ કરતા કે "જુવો આ તમારા દેવ મ્હને કાંઈ કરી શકે છે?" દયાનંદ સરસ્વતીએ પણ આ વિષય ઉપર ભારે વાગ્-યુદ્ધ ચલાવેલું. પોતે હમેશ કહેતા કે, જ્યાં લગી મૂર્તિ-પૂજામાં અનીતિનો અંશ નથી ત્યાં લગી તેમાં દોષ નથી. મૂર્તિ-પૂજા કનિષ્ઠ છે ખરી, પણ તેમાં કાંઈ ઝાઝો દોષ નથી; ને તે ઉપર હુમલો કરવાથી સુધારકોના બીજા સારા મતો પણ સામાન્ય જાતિને અગ્રાહ્ય રહે છે. મનુષ્યનો કેટલોક વર્ગ તો મૂર્તિ-પૂજક રહેવાનો જ. તે પૂજાથી થતી હાનિ દૂર કરવામાં તત્પર રહેવું, એમાં કાંઈ અર્થ છે,

બાકી તો ફોકટ ફાંફાં. ભ્રમની ઉપયોગિતા (Utility of error) સમાજ સુધારકોએ હંમેશ લક્ષમાં રાખવી જોઇએ. એક 'ઢીંગલું' લઈ લો છો, તેની જગ્યાએ બીજું શું આપો છો? મહેતાજીનો ન્યાતીલાઓમાં પડેલાં તડ એકઠાં કરવાં, જાતિભેદ દૂર કરવો, એ બાબત વિષે ઘણો આગ્રહ હતો. આ બાબતમાં પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ હતી. વૈદિક બ્રાહ્મણો સાથેનો ભેદ દૂર કરીને ઐક્ય સાધવું એ અવશ્યનું છે એમ પોતે માનતા. મહેતાજીએ નાગરીયા પાઘડી પહેરવા માંડેલી ને પોતાની પાસથી માંગેલું કે જો તમને છોકરી અવતરે તો મ્હારા છોકરા વેરે દેવી. મ્હારાં મા તથા બાપ, બન્નેને આ વાત તે વેળા મંજુર હતી, ને જો મ્હારાં મ્હોટાં બ્હેન હરસિદ્ધાગૌરી તથા મહેતાજીના જ્યેષ્ઠ પુત્ર રા. રતિરામની ઉમરમાં કમ ફરક ન હત તો શું થાત તે જોવાનું હતું? શોભારામ મહેતાએ જ્યારે પોતાની પુત્રીને રા. સોમનારાયણ સાથે પરણાવી ત્યારે જે ચર્ચા ઉઠી તેમાં પોતે અગ્ર-ગણ્ય ભાગ લીધેલો ને પોતાની સહાનુભૂતિ ઐક્ય સાધવા તરફ દર્શાવેલી. એ પણ બનવા કાળ કે આજે એમની દૌહિત્રી નાગર બ્રાહ્મણમાં વરી છે. દુર્ગારામ મહેતાજી લાંબો વખત સૂધી સુરતમાં ગુજરાતી શાળાના મુખ્ય અધ્યાપક રહ્યા. એમના હાથ નીચે ઘણા ખરા વિરલાઓ આવી ગયા ને તે બધા ઉપર તેમની ઠરેલ, ઉત્સાહી, નીતિમાન્, સુધારક છાપ પડેલી. વાંચવા લખવામાં કુશળ બનાવ્યા ઉપરાંત તેથી મળતા જ્ઞાનનો અમલ આચરણ ઉપર કરતાં શીખવ્યું. હિસાબ શીખવી શુદ્ધ અને ચોક્કસ ચિંતન કરવાની ટેવ પાડી. કાઠીયાવાડમાંથી પાછા આવ્યા પછી મહેતાજીએ સંન્યસ્ત ગ્રહણ કર્યું. "પુરાણો મિત્ર નવા લેબાસમાં" એવા શબ્દોમાં આરંભ કરી માકુભાઇએ પોતાના ઉપર પત્ર લખેલો. આ વાંચી પોતે કહેતા કે, "મ્હારું હૈયું ભરાઈ આવ્યું." માકુભાઇએ તે કાગળમાં લખેલું કે હમે મહેતાજી સાહેબને ખાતરી કરી આપી કે,

જો પુત્રો દહાડો પાણી નહિ કરે તો હમે કરીશું. પણ મહેતાજી તો નિર્વાણોત્સુક હતા તેથી માન્યું નહીં.

રા. મહિપતરામ માટે તો આપણે ઉપર કાંઈક કહી ગયા છીએ. ગુજરાતના મૂર્તિ ખંડકના પહેલા વર્ગમાં એમને મૂકાય. જીવનનૌકાનું સુકાન જે મૂર્તિ-પૂજારૂપી નાખુદાના હાથમાં હતું તે તેની પાસેથી છીનવી લઈ તેની જગ્યાએ ભવિષ્યમાં ગુર્જર જ્ઞાતિ વિભાગને અનુકૂળ આવે એવા લેબાસમાં બંગાળાના બ્રહ્મસમાજને સજ્જ કરી તેને પ્રાર્થનાસમાજનું નામ આપી બેસાડ્યો. ઉદ્યોગ અને ખંતથી જે કાર્ય થતું તે તેઓ કરતા. આગ્રહ તો રાવસાહેબનો જ! એમના સામાવાળીયા આને દુરાગ્રહ કહેતા, પણ તેથી રાવ સાહેબ ડગતા નહિ. કેટલીકવાર તો જૂના વિચારના ડાહેલાઓ ચીઢાય તેમ તેમની વિરુદ્ધ કાંઈ કાંઈ તે બોલતા. વ્હેમ તો દૂર જ થયેલો! રસિકતાને તો તેમણે રામ રામ કર્યા હતા. જે જોયું, પારખ્યું, વખાણ્યું તે બુદ્ધિવાદનાં ચશ્માં પહેરીને જ તેમણે કર્યું. જેમણે શિક્ષકો હાથમાં લીધા તેમણે સમાજ હાથમાં લીધો. આ નેપોલીયનનું વાક્ય બોલી પોતે કહેતા કે 'રાવ સાહેબ તથા નવલરામભાઈના શિક્ષક વર્ગને કેળવણી આપવાના પ્રયત્નો સફળ નીવડ્યા. જેને પરિણામે ગુજરાત દેશ તેમનો ઘણો આભારી રહેવો જોઇએ.' યુરોપના પ્રવાસથી એમના મન ઉપર સારી જ છાપ પડી. દેશવત્સલતા એમનામાં ભારે હતી; તેથી વિદેશી આચાર વિચાર જે હિંદને છાજતા લાગ્યા તેમનો જ એમણે ગ્રહણ કરવાનો આગ્રહ કર્યો. આ એમના મનના સ્થાયીપણાની નાની સુની તારીફ નથી. જો એમના મનની નિશ્ચળતા (Ballast) જરાપણ ઓછી હોત તો તેઓ કાં તો 'ક્રીશ્ચીઆનીટી' તરફ કે કાં તો નાસ્તિક ચાર્વાક મત તરફ ઢળત. આ વખત સુધી કેશવચંદ્રસેને બ્રહ્મસમાજનું બ્યુગલ બંગાળામાં વગાડ્યું ન હતું.

નવલરામ ન્યારો જ પુરુષ હતો! સુધારાનો પાશ એને સચોટ લાગેલો. તેનું મન–સરોવર અંતસુધી તરંગિત રહ્યું. પટ ચઢે તો શ્વેત વસ્તુ પરજ, આ ન્યાય એમણે સિદ્ધ કર્યો. એમનામાં નિરીક્ષણ શક્તિ તીવ્ર હતી. મધુકર પેઠે રસમય વસ્તુ ચૂસી તેમાંથી મધુનું આસ્વાદન કરાવતા. નિરીક્ષા કરવામાં સહાનુભૂતિનો ત્યાગ કરતા નહિં. જેમ એક શસ્ત્રવૈદ્ય (સરજન) દરદી ઉપર કાપકુપ કરતી વેળા રક્ત નાડી, સ્નાયુ વિગેરેને સંભાળી પોતાનું કાર્ય કરે છે, તેમ 'નવલ' પોતાનું કાર્ય કરતા. ગુણને ગ્રહણ કરવાની, અવગુણની ઉપેક્ષા સાથે સાથે માધુર્યમય શબ્દોમાં તેને શાસન કરવાની, તેમનામાં અદ્ભુત શક્તિ હતી. આ શક્તિ ઈશ્વરની આપેલી જ આવે છે. હરેક નિરીક્ષક, વસ્તુનું નિરીક્ષણ કરતી વખતે, અમુક પ્રકારનાં 'ચશ્મા' પહેરી પોતાનું કાર્ય કરે છે. નવલના પહેરેલાં 'ચશ્મા' સમય–ગુણગ્રાહક હતાં. કેળવણીનાં સુંદર ફળ, બુદ્ધિવાદની અમર–વિચિક્ષણ–રૂપાંતર શક્તિ, મનુષ્ય ઐક્યની કોશીશ, ને આખરે મસ્તાની–રસમય–સાહસની છલંગો, આ સઘળાંનું એણે જેવું નિરૂપણ કર્યું, તેવું જ સુકુમાર શબ્દોમાં વર્ણન પણ કર્યું. 'નવલ'ની શૈલિ તે 'નવલ' જ હતી. 'સુરતી'ની જે સહૃદયતા તે એમનામાં હતી. કઠોર ગ્રામ્યતાની તો એમનામાં છાયાએ નહોતી. ઉગ્ર કુઠારથી નહીં પણ નાજુક 'નસ્તર'થી કાર્ય કરવાનું હતું અને નસ્તરની જ તીક્ષ્ણતા, કોમળતા, ને ચકચકાટ એની વાંણીમાં લખલખ થતાં હતાં. નવલરામ અંતકાળ પર્યન્ત ઉગ્ર પણ સાનુકંપ નિરીક્ષક રહ્યા. આ વિષયમાં નવલરામ તથા મ્હારા પિતાનું મન એક સરખું હતું. માત્ર તેમણે પોતાના વિચારની નોંધ નહીં રાખી એટલો જ ફરક હતો. આ વેળા 'ગુજરાત મિત્ર' નામનું વર્તમાન પત્ર સુધારકોના મત જાહેર કરવાનું સચોટ સાધન હતું. મહુમ દિનશાજી અરદેશર તાલેયારખાન તેના તંત્રી હતા, ને નવલરામ તથા મ્હારા પિતા તેમાં વિશેષ લખતા. ઇંગ્રેજી લેખો લગભગ બધા એમની જ કલમથી

લખાતા. તે એટલા નિરભિમાની, આત્મ-કથન-માર્ગના વિરોધી હતા કે, પોતે શું લખે છે તે કોઇને કહેતા નહીં; કે તેની નોંધ સરખી પણ રાખતા નહીં. નવલરામે ધારણ કરેલાં 'ચશ્મા'એ દૂરબીનની પણ ગરજ સારેલી. એમને પહેલેથી જ સંશય આવેલો કે તે સમયનો મસ્તાની જુસ્સો લાંબો પહોંચી શકવાનો નથી. સુધારા ઉપરનાં તેમનાં વાર્તિક વાંચવાની મ્હારા પિતા હમેશાં ભલામણ કરતા. સચોટ નિરીક્ષક બનવું હોય તો 'હકસલી'ને વાંચો. પોતે 'હકસલી'ના પૂજક, પહેલેથી આખર સુધી રહ્યા. કરણઘેલા ઉપરનું વાર્તિક ગુજરાત મિત્રમાં નવલરામે લખ્યું હતું; ને જ્યારે વીરમતી નાટક નવલરામ ભાઇએ લખ્યું ત્યારે પોતે તેનું સારું અવલોકન કરેલું. માત્ર ખામી એટલી જ કહાડેલી કે તેમાં ધર્મ બાબત જે વાદવિવાદ છે તે નાટકને છાજે તેવો નથી, પણ નવલકથાને છાજે તેવો છે. રંગભૂમિપર એનો અભિયોગ કઢંગો જણાય છે. આદિથી અંત લગી આ પુસ્તકમાં ઐતિહાસિક પાશ દૃષ્ટિએ પડે છે. જાણે નવલરામે તે જમાનાના 'રાસડા'ના કુપ્પાઓમાંથી આ પાશ ગ્રહ્યો ના હોય! પોતે કહેતા કે જમાનાના ચિતારરૂપે પાત્રોને રસિક અને સ્પષ્ટ આલેખવામાં મ્હને તો 'વનરાજ ચાવડા' કરતાં 'વીરમતી નાટક' વધારે ગમે છે. નવલના અંતરમાં જ્યારે કાવ્ય ઉર્મિઓ ઉછાળા મારી રહી હતી ત્યારે તેમનો સલાહકાર ક્યાં ભરાઈ બેઠો હતો કે એણે ઇશારો સરખો પણ ન કર્યો કે, "નવલ! તું ભૂલ કરે છે હોં! નવલકથા લખ, નાટક નહીં." નાટકથી માણસના મન ઉપર અસર વધારે સચોટ થાય છે, એ ખ્યાલથી જ નર્મદાશંકરે અને નવલરામે પોતાના મનના વલણ વિરુદ્ધ એ દિશામાં કોશીશો કરેલી.

આ વ્યક્તિઓનાં ચિત્ર ઉપરથી ઇ. સ. ૧૮૫૦ થી તે ઇ. સ. ૧૮૭૦ સુધીનો જમાનો આપણી આંખ આગળ ઉભો શું નથી થતો? 'બુદ્ધિવાદ' એ જ હમારો "ઉઘડતલ" (Open Sesame) રૂપી

મંત્ર હતો. 'અરેબિયન નાઈટ્સ'માંની 'અલીબાબા ને ચાળીશ ચોર'ની વાર્તામાંનો કાસમ તે મંત્ર-વેણુ ભૂલ્યો ને 'ઉઘડતલ' ને બદલે 'ઉઘડ શ્રદ્ધા', 'ઉઘડ પ્રેમ', 'ઉઘડ રહેમ', બધું બોલ્યો પણ "ઉઘડતલ" એટલે 'ઉઘડ બુદ્ધિ' એ મંત્રનું ઉચ્ચારણ કરવું ભૂલ્યો ને તેથી માર્યો ગયો. "ઐક્યતા સાધો-સાધો ભાઈ સાધો: આ જ્ઞાતિ-સોપાનને ('ટેલીસ્કોપીક') એવી બનાવી દો કે, નીચેનું પગથીઉં ઉંચકતાંને વાર તે છેક ટોચના પગથિયાં સુધી પહોંચી નીચા, ઉંચાનું અંતર ભૂલી એકત્ર-એકાકાર-થઈ જાય. 'ઉંચકો'-'ઉંચે ચઢાવો'-આ બોધ હમે હમેશ કરતા. 'સાહસ કરો' એ જ હમારી શિક્ષા!

સાહસ કર્મ કર્યા થકી હોય હર્ષનો નાશ;
દેખો એ દૃષ્ટાંતથી કહે કવિ સામળદાસ.

આ બોધ હમને રુચતો નહિ. 'ઝંપલાવો'-'ઝુકાવો'-એજ હમારું સૂત્ર!"-સોળમા સૈકામાં જ્યારે 'ડ્રેક' અને 'હોકિન્સ' પૂર્વ દિશાને બદલે પશ્ચિમ દિશા ભણી હિંદની ખોળમાં જતા ત્યારે જે પ્રકારનું સાહસ તેમને પ્રેરતું, તે જ જાતનું સાહસ હમને હમારા રાજ્યના મુલ્ક તરફ જવા-ધસવા-પ્રેરતું. શિક્ષક તરીકે પણ પોતાની ભણાવવાની પદ્ધતિ હરેક વિદ્યાર્થીની અંતર-શક્તિને ખીલવવી એ જ હતી. "વિદ્યાર્થીના મગજની અંદર કેવળ અસાધ્ય વિચારો ભર ભર ન કરો; કોઠી કાણી થશે કે ઉભરાશે કે વિદ્યાર્થીને તેનું અજીર્ણ થશે." આમ પોતે હમેશ કહેતા. શિક્ષક તરીકે પોતાના શિષ્યોને માત્ર 'ગોખણ પટ્ટી' કરવા દેતા નહીં. વિસ્તૃત વાંચવું, સાર ગ્રહણ કરવો, અક્ષરશ: અર્થની અપેક્ષા નહિ રાખતાં ભાવ ઉપર ધ્યાન રાખવું, શબ્દ-કોષ વાપરવાની હમેશ ટેવ રાખવી, ઇંગ્રેજીનું ગુજરાતીમાં સરળ ને મર્માળી ભાષામાં રૂપાંતર કરવું, એજ પોતાનો ઉપદેશ હતો. "શિક્ષણક્રમમાં ગણિતનો વિષય વધારે રાખી નહાનપણથી જ આકૃતિ સાથે સહવાસ કરાવવાથી, ચોકસાઈ તથા મનન શક્તિમાં

સ્થિરતા આવતી, એટલું જ નહીં પણ તેના લાંબા સમાગમથી આચારમાં પણ તે સ્થિરતા જણાઈ આવતી. ગણિત ને ઇતિહાસમાં વિરોધ એવો છે કે જેને એક વિષયનું સારું જ્ઞાન, તેને બીજું આવડે જ નહિ, એવો ભૂલ ભરેલો ખ્યાલ હું કદી પેદા થવા દેતો નહીં." ગણિત આકૃતિરૂપી દેહ છે: ઇતિહાસ–જ્ઞાન તે વિશ્વ–આત્મા છે. આ બન્ને સાથે મળે ત્યારે જ સંસ્કૃતિ ખરી થાય, એ પોતાનું સિદ્ધાંત હતું.

મ્હારી માતા કહે છે કે, સ્હવારે સ્હાડાનવ વાગતામાં જમી પરવારી પોતે શાળામાં જતા. તે પહેલાં પ્રાતઃકાળથી લઈ ભોજન સમય પર્યંત ઘણા વિદ્યાર્થીઓ આવતા ને પોતે તેઓને તન મનથી મદદ કરતા. આ પ્રમાણે ગરીબ, સાધન–હીન, વિદ્યાર્થીઓને કેળવ્યા: ને હમેશ માટે તેમના અંતઃકરણની દુવા પ્રાપ્ત કરી. રા. તાપી-પ્રસાદ દેસાઇના પુત્ર રા. વીરપ્રસાદ તથા મણિધરપ્રસાદ સ્હવારે ઘેર આવનારાઓમાં હતા. રા. બા. મુકુંદરાયના, દેસાઈ તાપીપ્રસાદ મામા હતા એટલે તેમના મિત્રો પણ એમને 'તાપી મામા' કહેતા. તેઓ જમાનાના સુધારાના વિચારથી વિરુદ્ધ હોવા છતાં પોતાના ઉપર તેમની એટલી શ્રદ્ધા હતી કે તેમના પુત્રોને પોતાની સમક્ષ મોકલવામાં આંચકો ખાતા નહીં. કોઈ વાર તો કહેતા કે: "નારે! એ તો સુધારારૂપી ઉકરડાનું રતન છે! રતન ત્યાં પડ્યું તેથી શું તેનો ગુણ ખોવાનું હતું?"

હવે આ નવીન શ્રદ્ધાનું કંઇક નિરૂપણ કરીએ. સમુદ્ર મંથનમાંથી ચૌદ રત્ન નીકળ્યાં હતાં એ તો સર્વ વિદિત છે. પણ તે 'રતન' સૌ લાભકારક જ હતાં એમ માનવું જોઇએ નહીં. એ તો એનો જેવો પ્રયોગ–ઉપયોગ–ક્યોં, તે પ્રમાણે લાભ કે હાનિદાયક નીવડ્યાં. પોતે રમુજમાં કદિ કદિ આ વિષય ઉપર હમારી આગળ કહેતા કે: 'ધન્વંતરી' તે નવું વૈદક, તેનો ત્યાગ કરી પુરાણા વૈદકનો આશરો તે અશ્વિનિકુમારના કાંઠા (મૃત્યુ) શરણ! को जागर्ति को जागर्ति એમ બોલતી

બોલતી 'લક્ષ્મી' ચાંલ્લો કરવા આવે ત્યારે એમ ન બોલો કે "લાવ જરા મ્હોં ધોઈ આવું." જે સુસ્ત નહિ રહે, ઉદ્યોગ કરશે, સાવધાન રહેશે તેને લક્ષ્મી વરશે. લોકને ઉપદેશ દેવા નર્મદે નવીન 'શંખ' ખૂબ જ ફુંકયો: "ભણો ભાઈ ભણો. આગળ વધો. સાહસી ઠરો." આમાંથી જ આગળ જતાં રણશિંગડાંરૂપી મરણ વાજીત્રનો નાદ નીકળવા લાગેલો. 'રંભા' તે સૃષ્ટિસૌંદર્યની અસ્પર્શ્ય મૂર્તિ: એને વરવા કોણે પ્રયત્ન નથી કર્યો? 'ચંદ્ર'–એણે હૃદયાંગણમાં રસની ભરતીઓ પ્રેરી. 'પારિજાતિક' તે સાધુ પુરુષનો નમુનો! જે ઝુડે તેને પણ સુગંધી પુષ્પો જ આપે ને કોઈ છેડે નહીં તો પણ પોતાની મેળે જ પોતાનું સર્વસ્વ સમાજને સોંપે. 'ઐરાવત' એટલે વૈભવ. વૈભવ વધારી સૃષ્ટિને ઇન્દ્રપુરી કરવા કોણે પ્રયત્ન નહી કર્યો હોય? 'કામદુધા' ગાય તે બુદ્ધિ વાદ. માગે તે આપે. પણ માગતાં ન આવડ્યું તેથી આ માર્ગ ઉપર ઘૃણા પેદા થઈ, ને તે જ ગાયને ધકેલી મૂકી.

किं तया क्रियते धेन्वा या न सूते न दुग्धदा. આમ નર્મદે પાછળથી કહેલું ને નવલરામના શબ્દમાં જ "અગમ્યવાદ" ઉપર મમતા વધેલી. 'અમૃત' તે વિશ્વ જ્ઞાનરૂપી પિયૂષ. તેનું પાન કરી બીજાને પીવાડો, માત્ર પોતે જ પીને આત્મમોક્ષ જ શોધો નહીં. 'સુરા' તે ખરેખરું જ લાલ પાણી! અખાએ કહ્યું છે કે 'મર્કટ ને વળી મદિરા પીએ અખા એથી સૌ કો બ્હીએ.' આ જમાનામાં સાહસને લીધે કાંઈક મર્કટ–બુદ્ધિ આવી હતી ને તે અડપલા જમાનાને મદિરાપાન ચ્હોંટ્યું એટલે ખુવારી તો નિશ્ચિત: ને સુધારાના નામને બટ્ટો લાગ્યો. અનિયંત્રિત વ્યક્તિઓ બોલવા લાગી: "સઘળા વિના ચાલે પણ જોઈએ લાલપાણી." 'વિષ' તે અનિયમિતતા–અપરિમાણુતા. હરેક ચીજ નિયમિત પ્રમાણમાં અમૃત અને અનિયમિત પ્રમાણમાં ઝેર! જ્યાં પિયૂષ ત્યાં વિષ તો હોવાનું જ. સમતોલના સુવર્ણ–માર્ગથી વિરુદ્ધ તે વિષ. 'કૌસ્તુભમણિ'

તે સ્થિતિ દાખવનાર, વિષ્ણુનું પ્રિય મણિ. સંસાર સુધારકને જેટલું ઉદ્ધારકનું કામ કરવાનું છે, તેટલું માત્ર ઉત્પાદન કરવાનું કે ઉચ્છેદન કરવાનું નથી. વસ્તુસ્થિતિમાં થોડો ઘણો ફેરફાર કરી તેને સમયાનુકૂળ બનાવી કાયમ રાખવાનું પણ કાર્ય તેમનું છે. 'સપ્તમુખી અશ્વ' તે કવિત્વશક્તિ. 'भर्गो देवस्य धीमहि'ના મંત્રમાંનો 'ભર્ગ' પણ ખરો ને 'ગદ્ધા પચ્ચીશી'ની ધૂન પણ ખરી. 'અરેબીયન નાઇટ્સ'ની વાતમાં જેમ એક પીત્તળનો ઘોડો આવે છે ને તે ઉપર બેઠેલો 'દર્વેશ' હવામાં ઉડે છે, ને ઉડી ઉડી તે વિહ્વળ બને છે ને આખરે તેને નિયંત્રણામાં રાખવાના મંત્રનું જ્ઞાન નહીં હોવાને લીધે તે ઘોડો પૂંછડીની ઝાપટ મારી દર્વેશને જમીન સરસો એકાક્ષી બનાવી ફેંકી દે છે તેમ કવિત્વ શક્તિને પણ કાબુમાં રાખવી તે સ્હેલું કામ નથી. આ સૃષ્ટિમાં મનુષ્ય માત્રને કાંઈ ધંધો કરી પોતાનો ઉદર-નિર્વાહ કરવો પડે છે. તે નિર્વાહને માટે કવિનો ધંધો કોઇને પર-વડ્યો નથી ને પરવડશે પણ નહીં. જો કવિત્વ શક્તિ હશે તો ઉંચે ઉડાયા વિના રહેવાશે નહીં, ને સાધન-હીન નહીં હોવાથી તે ઘોડાને અંકુશમાં પણ રાખી શકાશે. મનુષ્ય સ્વભાવમાં 'સ્વર્ગીય' તથા 'પાર્થિવ' આ બેની 'દ્વિપુટિ' હમેશ જોવામાં આવે છે: પોતાની ભાષામાં કહીએ તો 'એરીયલ' અને 'કૅલિબૅન' હમેશ સાથે જ ઘૂમે છે! આત્મ-મંથન કાળ સમયે સર્વે ગુણો અમૃતવિષાત્મક હોય છે. અંધકારનો નાશ કરી પ્રકાશ ફેલાવવો એ સુ-બુદ્ધિરૂપી સૂર્યનું કર્તવ્ય છે. દાનવને હણવા, એ દેવનું કામ છે. મનુષ્ય જીવનમાં સોળથી પચ્ચીશ વર્ષની વયના સમયને સેંકડો નામે વર્ણવવામાં આવે છે. કબીર સાહેબ એને 'મક્કર પચ્ચીસીની માયા' કહે છે. સામાન્ય રીતે આ 'ગદ્ધા પચ્ચીશી'ને નામે જાહિર છે. કેટલાક જર્મન કવિ તેને "પૅશન-પુષ્પ" (કૃષ્ણ-કમળ)ની વૃથા શોધનું માન આપે છે, ત્યારે કેટલાક એ જ સમયને "સ્ટુર્મઉંડ ડ્રાંગ"ને નામે આલેખે છે. 'ગ્યોઇટે'

નામના જગવિખ્યાત લેખકે આ સમયનું ચિત્ર પોતિકા જીવનની સત્ય–કલ્પનાત્મક આખ્યાયિકામાં ઉત્કૃષ્ટ રીત્યા આલેખ્યું છે. ક્ષોભ અથવા જુસ્સો કે તરંગિતપણું આને કહીએ તો ચાલે. વિદ્યાર્થી જીવનની સમાપ્તિ બાદ થોડો અનુભવાર્થી અવસર આવે છે. તે પછી શાંત ગૃહસ્થાશ્રમ મંડાય છે. આ શાંતિ કિનારો જેને વ્હેલો હાથ લાગે તે ભાગ્યશાળી. ક્ષુબ્ધ સાગરમાં અફળાયલું જર્જરિત થયેલું નાવડું જેમ વહેલું શાંતિ બંદરમાં પહોંચે તેમ ઠીક! મલિન જળ પ્રસન્નતા વ્હેલું પામે તો રુડું!

मोहेनांतर्वरतनुरियं दृश्यते मुक्तकल्पा

गंगारोधः पतनकलुषा गृह्णतीव प्रसादम्

આ 'પચ્ચીશી'ના ખાડામાંથી નીકળતો પાંથ, રાક્ષસના હાથમાંથી છુટેલી ઉર્વશી માફક, ધીરે ધીરે પ્રસન્ન વદન થાય છે. નવલરામભાઇએ આ વિષય ઉપર બહુ અસરકારક રીતે નર્મદ જીવનમાં લખેલું છે: "આ સમે સ્ત્રી–વાસનાનો જ ઉદય થાય છે એમ નથી. આ સમે આત્માની તમામ મહદેચ્છાઓ વ્યક્ત થઈ પ્રવૃત્તિ શોધે છે. આ સમે જેટલો સ્ત્રીવાસનાનો, તેટલો જ પરાક્રમ કરવાનો, કે નામાંકિત થવાનો, જુસ્સો પણ આત્માને ડહોળી નાંખે છે. પ્રેમ અને શૌર્ય એ બન્ને ઉછાળાની સાથે, વાંસ પઠેમ, ઉગી નીકળે છે, અને આ ઉછાળાથી જ આખો આત્મા ડોહોળાઈ જાય છે. પછીં જેનો જેવો સંસ્કાર, તે પ્રમાણે તેનું રૂપ ઘડાય છે. સ્ત્રી–વાસના સારા સંસ્કારે પ્રફુલ્લિત થઈ કોઇનામાં પૂર્ણ પ્રેમ, એટલે શુદ્ધ નિઃસ્વાર્થી સ્વાર્પણનું દિવ્યરૂપ ધારણ કરે છે; કેટલાકમાં વિલાસીપણે જ અટકે છે; કેટલાકમાં વ્યવહાર મર્યાદિત થઈ જાય છે; અને કેટલાકમાં પશુવત્ શઠતામાં જ ઉતરી પડે છે. તેમ જ પ્રસિદ્ધિની ઇચ્છાએ કોઇને ચેલાઇને પતરાજી કરવા, કોઇને ધન પ્રાપ્તિ કરવા, કોઇને માન મર્તબો મેળવવા, અને કોઇને વિદ્યા, ધર્મ કે યુદ્ધનાં પરાક્રમો કરવા

પ્રેરે છે. છેલ્લા વર્ગના પુરુષોમાં આ લાગણી જીવન પર્યંત, નિર્મળ વિદ્યાભક્તિ, ધર્મ ભક્તિ, કે દેશ ભક્તિમાં કૈવલ્યને પામે છે.” સદ્ભાગ્યે મ્હારા પિતાએ જલદી એ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પાછલાં પ્રકરણથી માલૂમ પડ્યું હશે કે, તેમનો ગૃહ સંસારનો અનુભવ ઉંચા પ્રકારનો અને શુદ્ધ પ્રીતિયુક્ત હતો. જાતે વિદ્યા પ્રાપ્ત કરી, બીજાને કુશળ બનાવી, વિનીત કાર્યકારી–દેશભક્ત–કરવા, એ એમની હમેશ હોંસભરી કોશીશ હતી. આ વ્યવસાયમાં તે સચોટ ફતેહમંદ નીવડ્યા, એમ એમના સેંકડો કૃતજ્ઞ શિષ્યો કહેતા. ગુરુની વિદ્યાપરાયણતા, પરમાર્થતામાં લીન, કાર્યકારી શક્તિ, જીવનની વિશુદ્ધિ, તથા શાંત સૌંદર્યથી અલંકૃત જીવન સાફલ્ય જોઈને કયા વિદ્યાર્થીનું મન સન્માર્ગે નહિ દોરાયું–ટકી રહ્યું–હોય? સુરતના વીરલાપર દૃષ્ટિપાત કરતાં માલૂમ પડશે કે કેટલાં અમૂલ્ય રત્ન આ કારીગરના હાથમાંથી પસાર થયાં ને જગતની કસોટીમાં પાણીદાર ગણાયાં! પોતાના અસંખ્ય શિષ્યોમાંથી વીરપ્રસાદ, કર્પુરરામ, મણિધરપ્રસાદ, મનસુખલાલ, એદલજી દોરાબજી ટલાટી, દોરાબજી ગીમી, જમશેદજી દલાલ, હરિસુખરામ, મધુવચરામ, ભીમભાઈ, કૃષ્ણમુખરામ, સુમુખરામ, મોટાભાઈ દેશાઈ, લલ્લુભાઈ ગોર્ધનદાસ, ડાહ્યાભાઈ હરજીવનદાસ, પ્રો. તાપીદાસ, બમનજી એદલજી મોદી, કેખશરૂ મોદી, ખંડેરાવ બેદરકરનાં નામ સહજ યાદ આવે છે. આમાં ભાગ્યે જ કોઈ હશે કે, જેણે બીજાની સમક્ષ પોતાના અધ્યાપકની વિચક્ષણતા, સુશીલતા તથા મિત્ર ભાવ વખાણ્યાં નહિ હોય! ને “માસ્તર સાહેબ” ઉપર પોતાની પ્રીતિ દર્શાવી નહિ હોય! એમના વિદ્યાર્થી કહેતા કે સ્હવારે ઘેર જઈએ ત્યાં શિક્ષણમાં મદદ કર્યા ઉપરાંત શાળામાં પણ કામથી ફારીગ હોય ત્યારે એઓ મદદ આપવા તૈયાર રહેતા. વિદ્યાનો શોખ ઉત્પન્ન કરવો, એ જ એમનો મુખ્ય આશય હતો. કુતૂહલ પ્રદીપ્ત કરવું, સાહસ ઉત્તેજિત બનાવવું, ને જે માનવું તે તપાસીને જોઈ લેવું

એ જ એમની શિખામણ હતી. 'કુદતાં પહેલાં જુવો.' આ મનન કરવાની લઢણ વિદ્યાલયમાં સંપૂર્ણ પડી. પોતે કહેતા કે 'મેકોલે' તો હમારું 'બાઇબલ.' એનો મોહ એટલો લાગેલો કે, એની લખવાની રીતિએ પણ ગુર્જર ભાષા ઉપર ઘણી અસર કરેલી. માર્ક પેટીસને લખ્યું છે કે, સ્વલ્પ મર્યાદામાં જ્ઞાન અને સંસ્કૃતિ કોઈ અજ્ઞાન આદમીને પ્રાપ્ત કરવી હોય તો ચિત્ત દઇને 'મેકોલે'નાં પુસ્તકો વાંચવાથી આવશે. 'લૉક' અને 'બકલ'નાં પુસ્તકો ઝાઝાં વંચાવવામાં આવતાં. કવિઓમાં 'શેકસપીયર,' 'મીલ્ટન,' 'બાયરન,' થોડોક 'શેલી,' 'પોપ' 'ગ્રે,' 'ગોલ્ડસ્મીથ,' તથા 'સ્કૉટ' સાથે થોડી ઘણી મિત્રતા કરાવાતી. ગદ્ય લેખકોમાં 'બર્ક,' 'મેકોલે,' 'મીલ,' 'લૉક,' 'ડાર્વીન' વિગેરે શોખથી વંચાતા. નવલકથા-કારોમાં 'સ્કૉટ' કરતાં 'બુલ્વર લીટન' વધારે માનીતો હતો. એની રમકઝમક તથા સમય-ચિત્રો સર્વ દેશ કાળને અનુસરતાં હતાં. 'સ્કૉટ'નું રસમય અનુપાન કરવું હોય તો સ્કૉટલાંડનાં 'હેધર'ની પરિમળ લેવી જોઇએ અને ત્યાંના 'બાર્લી' અને 'ઓટમીલ'નું સાદું ભોજન કરવું જોઇએ. 'ડિકન્સ' અને 'થૅકરે' તો ઘણા જ પ્રિયકર હતા. આ ઉપરાંત વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરાવનાર સફરનામાઓ ઘણાં વંચાતાં. અમેરિકા, આફ્રિકા, મધ્ય એશીયા, ઇરાન, અરેબીયા તથા ચાયના બાબત પુસ્તકો લખાયાં હતાં તે સૌ હાલમાં નવલકથા વંચાય છે તેનાથી પણ વધારે હોંસથી વાંચવામાં આવતાં. સૃષ્ટિમર્યાદા વિસ્તૃત હતી ને તે જમાનામાં તો આવા સત્ય, તાદૃશ, હેવાલ પણ નવલકથાથી અધિક રસપૂર્ણ જણાતા. અંગ્રેજી સ્કુલના માસ્તર, હેડમાસ્તર, ટ્રેનીંગ કોલેજના હેડમાસ્તર આમ ઇ. સ. ૧૮૬૭ ના મે માસ સુધી પંદર વર્ષ પર્યંત પોતે અધ્યાપકનું કામ કર્યું. 'કામ કર્યું તેણે કામણ કર્યું.' આ સિદ્ધાંત એમની બાબતમાં સંપૂર્ણ રીતે ખરો પડ્યો. નવલરામભાઇના જીવન ચરિત્ર ઉપરથી જણાય છે કે, ઇ. સ. ૧૮૬૭ ના મે માસમાં પોતાની 'લાઇસન્સ ટેક્સ' ખાતામાં બદલી થવાથી

આ ગુજરાતના કાવ્યનિરીક્ષકને 'ટ્રેનીંગ સ્કુલ'ના 'હેડમાસ્તર'ની જગ્યા મળી હતી. આ જમાનાનો ચિતાર તો કવિ નર્મદાશંકર અને નવલરામભાઈએ સારો આપ્યો છે એટલે ફરી ફરી આ વિષે લખવાની જરૂર નથી. એઓ કહેતા કે, કવિજીવન એટલે અનિયંત્રિત જીવન એમ સૌ માનતા. 'ટૉમી મુર'ની પ્રસિદ્ધ કરેલી બાયરનની જીવન રહેણી ઉપરથી માલૂમ પડે છે કે સામાન્ય મનુષ્ય કરતાં બાયરન જુદી જ રીતે વર્તતો. નિશો કરવાની ટેવ તેને પડી હતી. લોક ભાંગ પીતા, તમાકુ પીતા, ને દારુ પણ પીતા. અમર્યાદિત જીવન એટલે જ સંપૂર્ણ જીવનઃ આ વિચાર કાંઈ બીલકુલ ખોટો નથી. સંપૂર્ણ અને સ્થાયી સંસ્કૃતિ પામેલી પ્રજા માટે "અમર્યાદ જીવન" ખોટું નહિ નીવડે. ગુજરાતમાં તો તે વેળા નાવડાંને તરત જ બારામાંથી બહાર ભરદરીયે ધક્કેલેલું. ન બેઠેલો તેમાં કોઈ પુરાણા જમાનાનો ખલાસી કે ન બેઠેલો તેમાં કોઈ હોકા-યંત્રવાળો ઈંગ્રેજી 'સેલર.' પછી તેને જો નિયંત્રણામાં ન રાખીયે તો તે પાતાળે જ બેસે. 'એ જમાનાના છાંટા મને આ ઉડ્યા છે,' એમ કહી એમની તપખીરની દાબડી હસતાં હસતાં બતાવતા. એમને કોઈ પણ તરેહનું બીજું વ્યસન ન હતું. ન ખાય પાન, ન પીયે બીડી, ન ખાય તમાકુ. ભાંગ શરાબ તો બીલકુલ જ દૂર. કૃત્રિમ, અશ્લીલ સંગીતનો ત્યાગ કરવા જતાં સંગીત જ વર્જાયલું, ને ઔરંગઝેબના 'પ્યુરીટન' ઝનુને જેમ સિતાર, સારંગી વગેરે સંગીત-સાધનોને ચિતાપર ચઢાવ્યાં હતાં તેમ આ જમાનામાં ગુણકાનું ગાયન સાંભળવાનું નીતિવિરુદ્ધ ગણાયું. એમની મંડળીમાંના સર્વે સભ્યો ઉસ્તાદી-ગાયન (શાસ્ત્રીય સંગીત)ના ઘણા જ શોખીન હતા. આથી તેઓ તહેવારને ટાંકણે, સંગીત-કળાવતીને બોલાવી 'મુજરો' કરાવતા. મારા વખતમાં તો આ શુષ્ક, રસ-શૂન્યતા ટોચે પહોંચેલી તેથી મને આ સાંભળી હસવું આવેલું; ત્યારે એમણે પણ હસી ઉત્તર વાળેલો કે ઉત્તમ, ઝગમગની જોડી

બાબત સાંભળ! "ઉત્તમ બુઢ્ઢી હતી. તેને (જળોદર) જળંધર જેવો રોગ થયેલો તેથી તેનું પેટ મોટું જણાતું. બદસુરતીનો તો નમુનો, પણ કંઠ તો સ્વર્ગીય. એની ટીપ તો હૃદયવીણા ઉપર એવા ઝણકારા મારતી કે અંતર સંગીત પેદા થતું, ને અનંત સંગીત–સરિત્ પર જીવ તરતો. ઝગમગ પણ બદસુરતીમાં એક્કો ગણાતી. 'મૅકબેથ'માંની ડાકણો માફક એને તો દહાડી પણ ઉગેલી હતી, પણ એના જેવો ગંભીર, વિશાળ, પ્રૌઢ અવાજ મેં કદિ ફરી સાંભળ્યો નથી. એ જોડી નાચવાનું કામ તો કરી શકતી જ નહિ. ગાવામાં કૃત્રિમ હાવભાવ બતાવતી નહિ, તેથી હમે 'મુજરો'જ કરાવતા. શુદ્ધ સંગીતના શોખીનને વર્ણ અને જાતિનો ખ્યાલ રહેતો નથી. તેને તો કાર્ય સાથે જ સંબંધ; ને તે પણ ધીમી ધીમી ઉડતી પણ આનંદ પમાડતી સંગીત લહરી સાથે જ. એ બેમાંથી ઉત્તમ પહેલી મરી ગઈ. એક સમયે પાછલી રાતના ત્રણ ચાર વાગ્યા દરમીયાન ઝગમગે બીહાગ રાગ ગાવા માંડ્યો. ટીપનો વખત આવ્યો એટલે તે તદ્દન બંધ પડી ગઈ ને હાય! કરીને પડી ગઈ. બેશુદ્ધ થઈ ગઈ. બધાને યાદ આવ્યું કે ઉત્તમની ટીપની અપેક્ષા રાખતી ઝગમગે આ પુરાણો સુર લલકારેલો, પણ પ્રત્યુત્તર ન મળ્યો તેથી અંતર–સંગીત રોકાયું ને આથી બાહ્ય સંગીત પણ બંધ થઈ ગયું. તેના ચિત્તને જે સંતોષ પ્રાપ્ત થયો હતો તેમાં એકાએક ધ્વંસ થયો, તેથી દેહ–સારંગીના તાર તુટી ગયા ને તે બેભાન થઈ ગઈ." તેમનાં પાછલાં જીવનમાટે પોતે કહેતા કે કોઈ જાણતું નહિ. પણ તે વેળા શુદ્ધ સંગીત સાંભળવું હોય તો શુદ્ધ ગાનારીઓ તો ઉત્તમ ને ઝગમગજ! સંગીતના સહાયક પોતે, વિદ્યારામજી (મારા માતામહ) મુકુંદરાયજી, ભોળાનાથભાઈ, દોલતરાયજી, માકુભાઈ વિગેરે હતા. એમના મિત્રો, જોડિયાઓ, તહેવાર ટાંકણે મહેફિલે બહુ જતા. પોતે કહેતા કેઃ–"સુરતની ચોતરફ બહુ મઝાહના બાગ આવેલા છે. તે જાણે નોતરું જ દેતા ન હોય કે ચાલો આવો જરા અમારી લહજત તો ભોગવો!

સલાબતપરામાંનો તેઘબખ્તખાંનો બનાવેલો બાગ તો નિસ્તેજ જણાતો. બેગમપુરામાં તો ઔરંગઝેબની બ્હેનનો બનાવેલો બાગ હતો. કતારગામના દરવાજાની બહાર નવાબ હાફીઝુદ્દીનનો બાગ હતો. તે મોગલવંશની ઝાહોજલાલી સાથે વિરાન થઈ ગયો હતો. આને અસલના વખતમાં 'ઝુલમી બાગ' પણ કહેતા, કેમકે તેને બનાવવામાં ઘણાં મકાન જમીનદોસ્ત કરવાં પડેલાં. તે ઉપરાંત લગભગ ત્રણ ચાર કતારગામ તરફ ખાનગી બાગો હતા. શ્રાવણ મહિનામાં તો હરેક સોમવારે ને બાકી તહેવારોને દિવસે હમે ત્યાં જતા. કદિ કદિ ગાયન કરાવતા તો કદિ કદિ વાર્તાલાપમાં વખત ગાળતા. માકુભાઇનાં માર્મિક વચન, કેશવભાઇની ઉઘાડી મશ્કરી, જેભાઇનું દાંભિક પાંડિત્ય, મારું નિખાલસ હસવું, મુકુંદભાઇનો મુસ્ખિરાહુત-(સ્મિત)-જાણે એ દાંત દેખાઈ જશે! અને વિદ્યારામભાઇની સો વાર કહેલી વાતને એકસો એકમી વાર અદ્‌ભુત રસની સાથ કહેવાની કળા, આ બધું કદી ભૂલાતું નથી." માકુભાઈ તથા વિદ્યારામભાઈ 'હેલીબરી'ના 'સીવીલીયનો'ની બહુ કહાણી કહેતા. બન્નેએ ધમધોક્કાર, પૂર દમામથી, અદાલતમાં શિરસ્તેદારી કરેલી, ને પોતાની કુશાગ્ર બુદ્ધિવડે તે જમાનાના અંગ્રેજોને હથેલીમાં રમાડેલા. અમુક કાર્ય કરવું છે તો તે તો એમનું બાંય હાથનું કામ. એક જડજ એવા આવેલા કે, બિચારા બધું જ ભૂલી જાય. એક કેદીને દેહાંતની સજા કર્યા બાદ જ્યારે 'ડેથવારંટ' (મૃત્યુ-શાસન-પત્ર) ઉપર દસખત કરવા કાગળ રજુ થયો ત્યારે બોલ્યા કે: 'મેં દેહાંતની સજા કરી જ નથી. હું શા માટે કોઈ આદમીની જાન લઉં?' 'તો સાહેબ, યાદ કરો' માકુભાઈ બોલ્યા. પણ તે માને જ નહિ. માકુભાઇએ ગપાષ્ટ ગોળાઓ ફેંકવા માંડ્યા "સાહેબ યાદ નથી આવતું? પેલો ચોપદાર તે વાર ઝોકું ખાતો હતો. તેના ઉપર આપે રાડ પાડી ત્યારે તે ઓચિંતો જાગેલો અને એની પાઘડી જમીનપર પડી ગયેલી અને આપ હસેલા. સ્હામે ગોખલામાં ચકલી ચીં ચીં કરતી હતી તેની તરફ આપે 'રૂલર'

ઉગામેલું અને ગવાહને બગાસું ખાતો જોઈ આપે દાંત પીસેલા.” “બેશક, માણેકરામ! બેશક,” સાહેબ બોલ્યા “મેં જરૂર ફાંસીનો હુકમ આપેલો” આમ કહી રજુ કરેલા વારંટ ઉપર ખીલાડું ખેંચ્યું. એક સાહેબ આવેલા તે કલાકે કલાકે ‘પેગ’ ચઢાવે. જ્યારે કેસ જીતાડવો હોય ત્યારે આ ‘પેગ’માં વિલંબ ન થાય તે માટે કારકુનોને સાહેબના ખીદમતગારને તાકીદ કરવા જવું પડતું; ને હરાવવો હોય તો ખીદમતગાર અળસાતો, નિશાનો અમલ ઉતરતો, એટલે સાહેબ ચીડાતો, ભૂલો કહાડતો, ને દાવો ‘ડીસમીસ’ (રદ્દ) કરતો. રોમર સાહેબ વિલાયત જવા લાગ્યા ત્યારે નાજર તરફ ફરી કહ્યું: “વેલ નાજર! ત્હારે માટે હું શું લાવું?” ત્યારે માથું ખંજવાળતો તે ભાઈ બોલ્યો “સાહેબ! એક “લાનકલાથનું થાન લાવજો.” હેબર્ટ સાહેબ ધર્મ–ચુસ્ત હતો. ડાહ્યું ડાહ્યું બોલે, પાઈએ–પાઈનો હિસાબ લે ને કોડીની ખેરાત ન કરે. પીન્હે સાહેબને બધા દેશીઓને યુરોપીયનો સાથે ખાતા કરવાની જ ટેવ. મ્હારા માતામહ એના ઘણા કિસ્સા કહેતા. જેને તેને પોતાને બંગલે જમવા બોલાવતા. મર્હુમ કાળાભાઈ વકીલ સિવાય હિંદુઓમાંથી કોઇએ જવાની હિમ્મત ભીડેલી નહી. એને ઠાઠનો બહુ શોખ હતો. એક વેળા ભરૂચમાં ‘સેશન્સ’ ભરવા ગયેલા. ત્યાંના તવંગર વાણીયાઓમાં લગ્ન તે વખત ચાલતાં હતાં. એક વાણીઆ શેઠે વિચાર્યું કે જડજ સાહેબ એને ત્યાં પધારશે તો તેની સાત પહેડી તરી જશે. તેથી શેઠે સાહેબને આમંત્રણ કર્યું; ને તે સ્વીકારાયું. તે સંબંધી સઘળી વ્યવસ્થાનું કાર્ય મ્હારા માતામહને શિર આવ્યું. પીન્હે સાહેબે કહ્યું: “જાના તો બડી ધૂમસે જાના.” આથી ધામધૂમ સાથ રસાલો તેડવા આવ્યો, ને કદાવર ‘પીન્હે’ સાહેબ સાથે હમે બધા લગ્નમાં ગયા. મીજલસ ચાલુ હતી. વરવહુને બોલાવ્યાં. કન્યા બાર તેર વર્ષની હતી; તેણે આવી પગે લાગવા માંડ્યું. ‘પીન્હે’ સાહેબ બીધા કે, કાંઈ નાણાં ફરકાવવાં પડશે

કે શું ? મ્હારી તરફ ફરી પૂછ્યું: 'કાંઈ કરવું જોઇએ કે ?' મ્હેં કહ્યું: "પુષ્પ નહિ તો પુષ્પની પાંખડી !" એટલે ઝટ દઈને સમય-સૂચકતા વાપરી યજમાનની જ આપેલી એક એલચી કન્યાના હાથમાં મૂકી બોલ્યા "આના સ્વાદને સુગંધ જેવી સ્વાદિષ્ઠ અને મગમગતી ત્હમારી પરણીયત-જીંદગી સુખી હોજો !" કન્યાના ગયા પછી વરને બોલાવ્યો. એક બાળક છોકરો આંખો ચોળતો ચોળતો આવતો જણાયો. તેણે પહેરેલી પાઘડી, તેના ન્હાના માથાથી બહુ મ્હોટી ! કૃષ્ણવદન, શ્યામ શરીર ઉપર લપ્પાનો જામો ખૂબ ઝળકતો ! આંખમાં કાજળ આંજેલો, તેમાં વળી કાચી ઉંઘે ઉઠાડતાં તે ચોળેલી એટલે વિશેષ બીહામણી લાગતી ! એવા તે વિક્રાળ સ્વરૂપના વર-રાજાને આવતો જોઈ મ્હેં ઇશારત કરી કે પાછો લઈ જાઓ. "બાપા મ્હને કેમ જગાડ્યો ?" આમ તે "બકરી બાઇનો બેટડો 'બઁ બઁ' કરતો હતો" ! ! સદ્‌ભાગ્ય કે સાહેબ તો નાચમાં જ તલ્લીન થઈ ગયા હતા. પીન્હે સાહેબ હિંદુસ્તાનીઓ સાથે વિશેષ સંસર્ગ રાખવા ઇચ્છતા. પોતાના નવા અવતરેલા બાળકને મ્હારી પાસે લાવી કહ્યું કે "આને બ્રાહ્મણ બનાવ !" મ્હેં કહ્યું "સાહેબ ગુસ્તાખી માફ ! એક શેર તલ એના માથા ઉપર બાળો તો બ્રાહ્મણ થાય !" સાહેબ હસ્યા કે "એમ કાંઈ થાય ?" "તો સાહેબ ! બ્રાહ્મણ કાંઈ સહેલાઇથી થવાય છે?" તે સમયે દીવાની ન્યાયાધીશનું પદ સારા ખાનદાની વર્ગમાંના કોઈ શખસને આપવામાં આવતું. "એક મીરઝાં યહી નામના ગૃહસ્થ તેના ઉમેદવાર હતા. સાહેબનો હુકમ થયો કે, સ્હવારના દશ વાગતાં તેમણે કચેરીમાં હાજર રહેવું. અગીઆર વાગતા લગી રાહ જોઈ પણ યહીમીયાંની હસ્તીજ મળે નહિ. એટલે એનાથી નીચેના ઉમેદવારને જગ્યા આપવામાં આવી. છેક બાર વાગતે થાકેલી મુખ-મુદ્રાનો એક પુરુષ કચેરીમાં ભમતો જણાયો. "કેમ મોડા આવ્યા મીયાં ! જગ્યા તો બીજાને આપી દીધી." "કયા મુઝાયકા ! કયા ચેહ

મુઝીકી માફક મેં મેરી ચાલ બિગાડતા! બેગમપરેસેં સાડે નવમેં ચલા અભી આ પહુંચા. કિરાયેકી ગાડીકા દામ હોતા તો ઉમેદ-વારી ક્યૌં કરતા!!" એના પગ સ્હામું મ્હેં જોયું તો તેનાં પગરખાંની એડી એટલી ઉંચી અને પંજો એટલો સાંકડો કે એ કમબખ્ત આટલું પણ શી રીતે ચાલી આવ્યો એજ અજાયબી ભરેલું હતું! આ વાત મ્હને મ્હારા માતામહે ઘણીવાર કહેલી. પોતે કપાળ કુટી કહેતા કે એવા મિથ્યાભિમાની તરકડાઓનું સર્વ આમાંજ ગયું. "ક્યા ચાલ બીગાડેંગે?" મતવાળાઓને સમયને અનુસરી બદલાવું કે ચાલવું તે તો આવડેજ નહિ. તે વેળા જેવા હેલીબરીના સારા ખાનદાનના સીવીલીયન આવતા તેવા સદર અમીનો પણ ખાનદાનીના ખ્યાલથી જ પસંદ થતા. ખાન સાથે કાંઈ બુદ્ધિ ઈશ્વર તરફથી બક્ષાતી નથી તેથી ગેરઇન્સાફ બહુ થતો. તપાસણી કરવા આવેલો મુંબઇની સદર કોર્ટનો જડજ આ અમલદારો સાથે બેસી એમને કામ કરતાં જોતો. એક મીયાભાઈ ઝોકાં ખાતા પકડાયા! સાહેબ જોતો બેસી જ રહ્યો કે ક્યાં લગી તે ઝોકે છે. ત્રણ ચાર મિનિ-ટમાં એક એવું મોટું ઝોકું આવ્યું કે માથું ટેબલ સાથે અફળાયું ને ઝબકી ઉઠાયું. સાહેબને પાસે બેઠેલા જોયા, આંખે આંખ મળી, ને સાહેબ સવાલ પૂછે કે કેમ આમ કર્યું તે પહેલાં તો દયામણુ મ્હોં કરી હાથ જોડી તે ઝઇફ કાઝી બોલ્યોઃ "ખુદાવંદ! બન્દેકો દો ઓરત!" આ વખત તે સાહેબ કેમ મ્હોં ઠાવકું રાખી શકયો તે મ્હારાથી હજુ સમજાતું નથી. પણ એક અઠવાડીઆમાં તે કાઝીને 'પેન્શન'પર જવાનો હુકમ મળ્યો. એક વીશનગરો નાગર પણ સદર અમીન હતો. તેની રૂબરૂ ચાલતા કામની તજવીજ કદાપિને જાતે તે લખે જ નહિ. તેનો પેશ્કાર પાકો કાયસ્થ હતો. "અચ્ચા જોઉં તો કેવી તજવીજ લખે છે." આમ કહી પોતે ઘોર બોલાવવા માંડે. શિરસ્તેદાર પોતાનાં 'ઘી કેળાં' નક્કી કરી, તજવીજ લખે. સદર અમીન જોઇને કહેઃ "કેવો પાકો! શું મ્હારી નકલ

કરી? બેટીનો બાપ પીરનોજ શાગીર્દ!" આમ કહી નીચે દસ્ખત કરે. એમને પણ ઘેર બેસવા વારો આવ્યો. આવા અધિકારીઓની અદાલતોમાં ધૂમ રુશ્વત અપાતી. વાદી જો શીરા પુરી ખવાડવાનું કહે, ત્યારે પ્રતિવાદી કહે: 'તું શું ખવાડી જાણે? બાસુદી પુરી ને સાથ વાલનું વરડું!!' આમ બહસ થતી. આખરે સરસાઇમાં ઠેઠ ચટ્ણીઓ લગી વાત જતી. હાકિમ પસંદ આવતાં મિષ્ટાન્નની તારીફ કરતો ને મુકર્દમાનો ફેંસલો તે મુજબ આવતો. દુનિયામાં એક જ ઈશ્વર છે તેના ઉપર મ્હારે ભરોસો છે, એમ કહી વાદિ 'એક' આંગળી ઉંચી કરે તો તેના જવાબમાં પ્રતિવાદી કહે: "નારે! હુ તો ત્રિપુટિમાં માનું છું." શિરસ્તેદાર ધીરે રહી કહે. "ભાઇઓ કળજુગમાં તો 'પંચાયતનો' જ ફળ આપે જો!" ઇન્સાફનું વેચાણ આથી બુરી રીતે તે શી રીતે થાય? આવા જ લોકોને જોઈ પારકા રાજ્યકર્તાઓએ સમસ્ત પ્રજાના આર્જવ માટે ખ્યાલ ખોટો બાંધેલો. કેશવરાયજી, જેનું વર્ણન આપણે પૂર્વે આપી ગયા છીએ, તેમણે ઇંગ્રેજ લોકોમાં થતો 'બૉલ' જોયલો. બીજાઓએ ઇંગ્રેજને નાચતાં જોયલા નહિ તેથી તેનું વર્ણન રાયજીને મ્હોએ સાંભળતા. 'અરે ભાઈ! પહેલાં કુસલાવે, પછી કુદાવે, દોડાવે, પછી ટહલાવે, પછી ખવાડે, પીવાડે, આનું નામ નાચ! બોલો ભાઇઓ ઘોડીને કેળવવી ને નાચવું એ મુશ્કિલ છે કે નહિ! પહેલે પંપાળી લગામ નાંખવી, પછી કુદાવી દોડાવવી, પછી થંડી પાડવા ટહેલાવવી, અંતે ઘાસ ખવાડવું, પાણી પીવાડવું!' હમારા મિત્ર જેભાઈ મૂર્તિખંડન ઉપર સંસ્કૃતમાં ઉપદેશ કરે. 'હે! હે! લંબકર્ણ!' શિવાય એક હરફ સંસ્કૃતનો આવડે નહિ, પણ સંસ્કૃત નહીં જાણનારને તો એમ જ લાગે કે શું ગીર્વાણ ભાષા બોલી રહ્યો છે! પછી મહોરમના દિવસોમાં વાયેજ કરે. ડામચીયા ઉપર ગોદડાં નાંખેલાં તે ઉપર ચઢી બેસી, ડાહ્યું ડમરું મ્હોં કરી, અરબીમાં બોલવાનું શરુ કરે. પહેલેથી કહી મૂકેલું કે વચમાં વચમાં ખુદાતાલાનું નામ આવે કે 'આમીન' કહેવું તથા 'કરબલા' શબ્દ કાને પડે કે 'હુહુ'ના

શોકોદ્ગગાર કરવા. નકલ કરવાવાળા તો જેભાઇજ! કોઈ જાહેલ મુસલમાનને લાવી ત્યાં બેસાડ્યો હોય તો ત માથું ધુણાવી ખરેજ કહે કે શું મોલવી સાહેબની કાબીલીયત! તે સમયે ઝયાફ્તનો જેવો શોખ હતો તેવો જ અશ્વિનિકુમારમાં ન્હાવાનો પણ બહુ શોખ હતો. પોતે કહેતા કે ન્યાતમાં મૈયતની વખતે બધા જુવાનીયા અશ્વિનિકુમાર જતા. ત્યાં ન્હાવું પડતું એટલે દરેક તરતાં પણ શીખતા. ન્હાવાની ઘેલાઈ તો હમને પણ વિશેષ, પરંતુ તરતાં આવડે નહિ તેથી વૃદ્ધાવસ્થામાં પણ મ્હારા પિતા તથા માતામહ તથા તેમના મિત્રો મુકુંદભાઈ, દોલતભાઇને તરેહ તરેહવારની રમત પાણીમાં કરતા જોઈ હમને ખરે અદેખાઈ આવતી! ચત્તા-ઊંધા, આડા, માથું અંદર રાખી, દેડકા ચાલ, પલાંઠીવાળી વગેરે સેંકડો રીતે તરતા. પોતે મને એક કહાણી કહેલી કે, 'કિલ્લાના ઓવારા આગળ એક પ્રસંગે હું અને મુકુંદભાઈ ન્હાતા હતા. મનમાં તુરંગ ઉઠયો કે ચલો પાણીમાં છાપાદાવ રમીયે. ડક્કાની નીચે મુકુંદભાઇએ ગોથું માર્યું, હું પાછળ ઝંપલાયો. ત્યાં વેલાઓ એટલા હતા કે હમે બન્ને અંદર ઝકડાયા. ને હજુ સૂધી મને આશ્ચર્ય લાગે છે કે હમે શી રીતે બહાર નીકળ્યા!' તેઓ વાત કરતા કે આપણી જ્ઞાતિના એક કેશવરામને ઘણું સારું તરતાં આવડતું. તાપીમાં રેલ આવે ત્યારે અંદર ઝંપલાવે. મધ્યવોહમાં જઈ પુકારે "ડુબુંછું રે ડુબુંછું! આવો." માછીઓ બચાવવા હોડી લઈ આવે ત્યારે હસે, એટલે તે ઝંખવાણા પડી જાય. દૈવગતિએ તે આવીજ રીતે એકવાર વોહમાં પડેલા ને વમળમાં તણાયા. જોર રહ્યું નહિ ને જ્યારે ખરે-ખર બચાવ કરવાની બુમો પાડી ત્યારે કોઈ મદદે ગયું નહિ. પછી હાથનાં સોનાનાં નક્કર કલ્લાં ઊંચા કરી કહ્યું. "જે ઉગારશે તેને આ બક્ષિશ." પણ એવા વમળમાં કોણ જઈ શકે? તે ડુબી મૂઆ ને રામનાથઘેલા મહાદેવ આગળ એમની લાશ નીકળી. પાછળથી તેમણે પહેરેલાં કલ્લાં વેચી તેને પૈસે ત્યાં ઓવારો બંધાવ્યો, તે

હજુ સૂધી મોજુદ છે. કુસ્તી ને દેશી કસરત કરવાનો તે સમયે બહુ શોખ હતો. મહોલ્લે મહોલ્લે અખાડા, તેમાં કરુણાશંકરનો અખાડો તો બહુ જ પ્રખ્યાત. મારા માતામહ કહેતા કે ઉસ્તાદની આંગળીઓ કાતર જેવી ધારદાર હતી. પોતે કહેતા કે મને કુસ્તી પસંદ ન હતી. મને એ વ્યાયામમાં કાંઇક સ્થૂલપણું (Coarseness) લાગતું. સંગતિ પણ એથી બહુ સારી ન મળતી. શરીરને પ્રથમ અથાગ કસો ને પછી કસરત જારી ન રાખો તો તે જાડું થઈ જાય છે તેનું પણ મને દુઃખ હતું. તરવું, ચાલવું, ઘોડે બેસવું એ મને પ્રિય હતું. આથી મારું શરીર મારા દોસ્તો કરતાં કંઇક નબળું રહ્યું. સીત્તેર વર્ષની વયે મને કસરત શીખવતા મારા માતામહનું કસાયલું શરીર જ્યારે જોતો ત્યારે મને લાગતું કે આ તે કસરતી શરીર! અધ-અધમણનાં મગદળીયાં ફુલ માફક હવામાં તેઓ ફેરવતા. મારા પિતાથી ઉમરમાં સાત આઠ વર્ષે મોટા હોવા છતાં દેખાવમાં મારા માતામહ તેમનાથી નાના લાગતા. ખાવામાં પણ તે સમયના લોક બહુ છર કહાડતા. દોલતરાયજી શરીરે પહેલવાન હતા. પાશેર ઉપરાંત ઘાડી દાળ રોજ ખાય! ડુંગરપુરા રસોઇઆને 'તીક્કડ' બનાવતા જોઇ એક નાજુક દેસાઇજીએ પૂછ્યું કે "અલ્યા આ શું?" "જી! શત પડા" "અલ્યા શત પડા એટલે?" "જી! વાળી વાળીને." "અલ્યા મરી જાય ના કે!" "જી ન ખાય તે મરે." દેસાઈ મુગા રહ્યા. એ તો તે સમયની કસરતનો જ પ્રભાવ કે જેથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય ને ગમે તેવું ખવાય ને પથ્થર પણ પાચન થાય! સ્ત્રીપુરુષનો સંબંધ હજુ બહુ કેળવાયો ન હતો. એવું ભાગ્યશાળી વિરલ દંપતી જવલ્લે જ નજરે પડતું કે જે પરસ્પરની ફરજ યોગ્ય રીતે સમજતું હોય! મર્દ ને સ્ત્રી વચ્ચે ઉમરનો ફર્ક બહુ કમ, તેથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ પામતો સોળથી અરાઢ વર્ષનો બાપડો પુરુષ પોતાની પત્ની ઉપર દાબ બેસાડવા હજારો કોશીશ કરતો! પણ અંતે મર્દનું 'જાહુસપણું' તે સ્ત્રીના 'તિરિયાશ્ચ-

રિત્ર' સામે ટક્કર ઝીલી શકતું નહીં! તેને પરિણામે "ધુર્બાકુશ્તન બરોઝે અવ્વલ"ની રીત પ્રમાણે કેટલાક મુછ આમળી ડંફાસ મારતા કે 'હમે કેવા દાબમાં રાખીએ છૈએ.' જ્યારે બીજા કેટલાક બાપડા તો ટપલા ખાઈ તાલ પડેલી તે સંતાડતા.

અન્યોન્ય કેરી ન્યૂનતા, પૂરે અનુગુણ દંપતી;
વિનિમય કરે નિજ રસતણો, ઉર ઉરમાંહે લય કરી.

આ અનુભવ તો વિરલજ હતો! સામાન્ય ગૃહસ્થાશ્રમનો અનુભવ ગોવર્ધનરામે એમના સરસ્વતીચંદ્રના બીજા ભાગમાં માનચતુર અને ધર્મલક્ષ્મીના દંપતી સંબંધમાં વર્ણવ્યો છે. આથી કાંઈ તે વખતના ગૃહસંસારમાં ન્યૂનતા કે સુખની કમી જણાતી ન હતી. પુરુષ પોતાના કામમાં મશગુલ ને સ્ત્રી પોતાનાં છોકરાં ઉછેરવામાં ગુંથાયલી. પરસ્પર સંઘટ્ટન જ કમ એટલે ચકમક ઝરવાનો પ્રસંગ પણ કમ. "જેવો છે તેવો મારો પતિ અખ્યાતો રહે!" એમ જ સાત્વિક વૃત્તિવાળી ભાર્યા બોલતી. "ભલે રુડો ભૂંડો પ્રિય પતિ ગણીને મન ઠરું!" એજ ભાવ તેના મનમાં રમી રહેતો! અને પ્રત્યાદેશ પામેલી શકુંતલા જેમ દુષ્યંતનો દોષ કહાડતી નહિ, તેમ પતિથી અવગણના પામતી પત્ની પતિનો દોષ મનમાં આણતી નહિ. ઘરજંજાળમાં મરદ માથું મારવા જાય તો "હમારા કામમાં તમે ન સમજો" એવાં વાગ્બાણથી 'ગંગલી ચુપ' બની જઈ, પત્નીનું વેણ ગળી જઈ પતિ મુંગો રહેતો. આવી રીતે પરસ્પર મર્યાદા જળવાતી. જો મનમાં મોટી મોટી અપેક્ષા બાંધી હોય તો જ તે અપેક્ષાનો ભંગ થવાનો સંભવ! નવલરામે કજોડાનું જે ચિત્ર આલેખ્યું છે તે ચિત્ર યાદ આણી કહેતા કે જો કે તે વેળા દંપતી અનુગુણ ન હતું છતાં ઝઘડો કમ થતો. અલબત ઊંચા સ્વર્ગીય સુખની તો આશા જ શી? પણ તે કાળના મનુષ્યને છાજે એટલું સુખ મળતું. તે જમાનામાં દેવું ટળ્યું હતું. ખોટો ખરચ લુપ્ત થયો હતો. કુળ મોટપ નાબુદ થયલી

જણાતી હતી. વ્યક્તિમહત્વનો અંગીકાર થયો હતો. ધર્મપર સામાન્ય અનાસ્થા થવા લાગી હતી. પોતે કહેતા કે "પૈસે ટકે સુખી એવા વ્યાપારી વર્ગ કાજે તો 'પુષ્ટિમાર્ગ' જ ઠીક છે." જસોદા પઠેમ ગાઈ નાનકડી માતા તેનાં બાળકને રમાડતી રમાડતી કૃષ્ણની કલ્પના કરતી. ગોપી કહાનની રાસ-લીલા જોઈ તેમનાં શુષ્ક જીવનમાં રસ-કિરણ પડતાં. સાજ શણગાર જોઈ બધાં જ તેવો વૈભવ ભોગવે એવી ઇચ્છા સ્પષ્ટ જણાઈ આવતી. આ જાતિ-સુખનો આદર કરનાર, પરમ પુરુષની ભક્તિ કરનાર, રાગી ધર્મ, સામાન્ય વર્ગ માટે ઘણો યોગ્ય હતો. પરંતુ સંસ્કાર પામેલા વર્ગને અનુકૂળ થવા સારુ તો ગોસ્વામીઓનો બહિષ્કાર કરો અથવા તેમને સંન્યાસી પેઠે રહેવાની ફરજ પાડો! વૈષ્ણવમાર્ગમાં કંઈ વ્યભિચાર નથી. ભક્તિ કરો ને તેની પુષ્ટિથી તમને 'સામીપ્ય' કે 'સારૂપ્ય' જે ચાહુશો તે મળશે. "આ મહારાજોએ બધું બગાડી મૂક્યું છે. તેમને તો દૂર જ કરવા જોઇએ," એમ પોતે કહેતા. પોતાના ઘરની આજુબાજુ વૈષ્ણવ મંદિર ઝાઝાં એટલે તે બાબત મત બાંધવાને અનુકૂળ ઘણા પ્રસંગો મળેલા. "શિવમાર્ગીઓનો દિવસ આવી રહ્યો છે. લોક આસ્તિક રહેવાના તો વૈષ્ણવ માર્ગે જ નહિ તો સામાન્ય રીતે નાસ્તિક જ રહેવાના." આગળ જતાં આ એમનો અભિપ્રાય બદલાયલો.

સુરત શહેરમાં જનસમાજની આવી સ્થિતિ હતી એટલામાં ઈ. સ. ૧૮૫૭ માં ઉત્તર હિંદુસ્તાનમાં જાગેલા બળવાની ખબર સુરતવાસીઓએ જાણી. ઇંગ્રેજો પરાજય પામ્યાના સમાચાર આવ્યા. 'એન્ડ્રુઝ લાઇબ્રેરી' ઉપર ખૂબ જ ધમાલ પડવા માંડી. શાળામાંથી છૂટ્યા કે લાગલા જ ત્યાં અખબારોમાંથી તાજા હેવાલ જાણવા સર્વ વિદ્યાર્થીઓ જવા લાગ્યા. તુર્કો અને મરાઠા બન્નેથી ગુજરાતને ભારે હાનિ પહોંચેલી, તેથી પાછલા પ્રકરણમાં બતાવ્યું છે તે પ્રમાણે અસલથી જ આ બન્નેની રાજનીતિ ઉપર પોતાને કંટાળો

હતો. 'ભાંગ્યું ભાંગ્યું પણ ભરૂચ!' તેમ રજપૂતો ગમે તવા પણ રાજ કરવા લાયક તો તે જ! આ બળવામાં રજપૂતોએ ભાગ નહિ લીધેલો. કુટુંબની મ્હોટાઇનો જેમને ખ્યાલ હતો તે સઘળા બળવાખોરોથી દૂર જ રહેલા. એ તો પેટના ભુખ્યા માત્ર પુકારી રહેલા. શિવાજીએ ધર્મ પ્રસારવા સાધુ રામદાસના કહેવાથી લઢાઈ ચલાવેલી. ગુરુગોવિંદે ત્રાસને મારે જ મુસલમાનો વિરુદ્ધ નવો ક્ષાત્ર ધર્મ સ્થાપી, શીખ લોકને હસ્તીમાં આણેલા. તેમનાં કર્તવ્યમાં સ્વાર્થ બુદ્ધિ જોવામાં આવતી નહિ. એકે પોતાનો સારો મુલ્ક સાધુને અર્પણ કર્યો, ને તેને હાથેથી માત્ર થાપણ તરીકે પોતે સ્વીકાર્યો. બીજાએ મુલ્ક ખાલસાને અર્પણ કર્યો. પરિણામ એ આવ્યું કે એકે ઔરંગઝેબ જેવા મહાન્ લઢવૈયાને હંફાવી આખર નિરાશામાં દુનિયા છોડાવી; ને શીખસરદાર હરિસિંહ નલવાએ એટલો કેર વર્તાવેલો કે હજુ પણ 'આફ્રીદી' માતા બાળકને બ્હીવડાવે છે કે "બચ્ચા ખામોશ બાશ, નલ્વા આમદા!" ઈ. સ. ૧૮૫૭ ના બળવામાં આવો ઉચ્ચ આશય નહોતો. પોતે કહેતા કે "ખરું પૂછાવો તો અંગ્રેજી અમલના હમે તો એટલા શાયક થયા હતા કે પરરાજ્ય તો પરરાજ્ય પણ સડેલા મોગલો અને લુંટારા મરાઠા કરતાં તેના રાજ્યમાં હજારગણું વધારે સુખ હતું. આથી નવી કેળવણી પામેલામાંથી તો સોએ પંચાણુ ટકા બળવાખોરોની વિરુદ્ધ રહ્યા. કેટલાક તોફાની જીવોને તો 'ઉથલપાથલ'–ઉલટપાલટ–નું નામ જ સ્વાદિષ્ટ! એટલે તેઓ હરખાવા લાગ્યા કે હવે લુંટવાનો સમય આવ્યો. કેટલાક અણુસમજુ લોક તો મરાઠી પુસ્તકો મંગાવી "કસા કાય" શીખવા તથા મોડી લખવા લાગ્યા. તાતીયા ટોપે બહાદુર સરદાર હતો એમાં નવાઈ નહિ પણ નાના સાહેબ માટે હમને બધાને તિરસ્કાર હતો. એકતો બીજો બાજીરાવ હિંદુ રાજનો નાશક ને 'નાનો' તેનો અનૌરસ પુત્ર! આંખે બાડો, શરીરે જાડો, ને ક્રૂર સ્વભાવનો. લઢવૈયા તરીકે પણ વિખ્યાતિ પામેલો નહિ. એને માટે તે અભિમાન

કેમ આવે? મુસલમાન કોમમાં ગણગણાટ થવા માંડ્યો કે હવે દીન જાગવાનો! જેવું સૈયદ એદ્રુસને ત્યાં ઢોલકું વાગ્યું કે હુલ્લડ થવાનું! મીયાં ભાઇઓ એકઠા મળી વાતો કરવા લાગ્યા: "અરે શું સાહેબ! એક તોપ આ ખાંધે ને બીજી આ ખાંધે એમ રાખી દિલ્લિમાં ગોરાની સાથે લઢયા છૈયે." માલમતાવાળાઓને ભારે ફિકર પડી. 'ગવરમેંટ પ્રોમીસરી નોટો' તો નજીવી કિમતમાં જવા માંડી. ડાહ્યા ખરીદનારાઓ તો ન્યહાલ થઈ ગયા. લોકો સુના રૂપાની લગડી ખરીદી જમિનમાં દાટવા લાગ્યા. સુશિક્ષિત લોક અંગ્રેજની તરફેણમાં હતા. એમને ખાતરી હતી કે એમનાજ સાર્વભૌમ છત્ર નીચે હિંદની ઐક્યતા સધાવવાની, હિંદનો સિતારો ચમકવાનો. એટલામાં બળવાખોરોની હારની ખબર આવી. "ધોંડો પંથ નાઠો!" "ત્રણેક મહિના બાદ," પોતે કહેતા કે, "એક બ્રાહ્મણ વકીલને પલટણના ગોરાઓએ પકડ્યો ને કહ્યું કે તું નાના સાહેબ છે. તેણે ના કહી, પણ માન્યું નહિ. આંખે ઍંચાતાણો, સિરપર ચકરી પાઘડી, એ જ કદ! એ જ ચામડીનો રંગ! તુરત કર્નલ પાસ લઈ ગયા કે નાના સાહેબ તે આ જ! કોઈ બોલ્યું તેને ઠાર કરો નહિ તો બળવાખોર તેને છોડવી લઈ જશે. કોઈ કહે સરકારને ખબર આપો. વકીલ બાપડો ધ્રુજે કે રખે ઝાડે ટાંગી દેતા. તેણે કહ્યું કે અરે જડજ સાહેબની જુબાની તો માનશો કે નહિ? તેમને બોલાવો. આખરે તેમને બોલાવવામાં આવ્યા ને તેમણે તે નિર્દોષ વકીલને તરત પિછાણ્યો ને છોડવ્યો." ગોરાઓની ટુકડી પસાર થતી હતી તેણે સુરતનું બજાર લુંટ્યું ને અટકચાળાં કર્યાં. મુગે મ્હોએ સૌ ખમી રહેતા. "જ્યારે કંપની સરકાર બહાદુરનું રાજ્ય ટળી મહારાણી વિકટોરીઆના રાજ્ય જોડે હિંદ જોડાયું ત્યારે એટલો તો હર્ષ થયો કે હવે મનુષ્યરૂપી પશુ–જીવનમાંથી (Human Cattlefarm) ટળી જુદી જ નીતિ નીચે પ્રજા હક્ક ભોગવીશું. હમારા મન ઉપર બળવાખોરોની શરુની ફતેહને આખરની હારથી

સચોટ અસર થઈ. હિંદમાં ઐક્ય નથી એ સાબિત થયું. આ મોટા દેહપિંજરમાં એક સ્થાને હૃદય નથી કે જ્યાંથી બદ્ધે લોહી ફરી વળી અવયવો તાજાં રાખે. જ્યાં લગી મતમતાંતર છે, ભાષા ઐક્ય નથી, ધર્મનો વિરોધ જારી છે, જાતિ ભિન્નભાવ સતેજ છે, સામાન્ય અજ્ઞાન-પણું છે ત્યાં લગી આ મુલ્ક ઉપર ઐક્યસાધક ફિરસ્તો કદિ પોતાની વિશાળ પાંખ પાથરી ઉડશે નહિ, ભૂમિ ઉપર સ્વદેશ–ભાવના સેવાશે નહિ. જ્યારે કોઈ દુઃખમાં હોય ત્યારે વધારે દુઃખ તરફ જોવાય છે, એ ન્યાય પ્રમાણે મરાઠા તથા તુર્કોથી થયલી વધારે ખરાબી પાછી યાદ આવી, અને ગુર્જર ભૂમિની આધુનિક અવસ્થા વૈકુંઠ જેવી સુહાવન લાગી.”

ઇ. સ. ૧૮૫૭ ના બળવા પછીના કાળનું વર્ણન કરતાં પોતે કહેતા કેઃ–સને “૧૮૬૨ માં મુંબઇની શાળા પદ્ધતિ જોવા મને મોકલ-વામાં આવ્યો, તે વેળા ‘એલ્ફીન્સ્ટન કોલેજ’માં ભવિષ્યના ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનાડે, સર ફિરોઝશાહ મહેતા, વિકાજી, બાળ મંગેશ વાગળે, ભણતા હતા.” મને મી૦ ઉનવાળા જ્યારે બનારસમાં થોડા વર્ષ ઉપર મળ્યા ત્યારે તેમણે મને કહેલું કેઃ “એક દિવસ ગણિતના શિક્ષક સાથે એક પરાયા માણસને આવીને બેઠેલા હમે જોયા. શિક્ષણ પુરું થયા પછી તે બધા સાથે ભળી વાતચિત કરવા લાગ્યા. અમે ખબર કહાડી કે તે કોણ છે તો માલૂમ પડ્યું કે સુરતની હાઇ સ્કુલના હેડ માસ્તર છે. શિક્ષણ-પદ્ધતિ જોવા આવ્યા છે.” સર એલેકઝાંડર ગ્રાંટ, મી૦ હાર્કનેસ વિગેરે સાથ વાતચિત કરી પોતે પુણે ગયા ને ત્યાંથી શિક્ષણપદ્ધતિ જોતા છેક પંઢરપુર લગી જઈ આવ્યા. મી૦ અસ્કીંન તથા સર થીઓડોર હોપ બન્ને ‘સીવીલીયન’ છતાં ગુર્જર કેળવણીમાં તેમણે અગ્રેસર તરીકે ભાગ લીધેલો. તેમની મારા પિતા ઉપર ઘણી મમતાનું ફળ એ આવ્યું કે સરકારી પૈસે નવો પ્રદેશ, નવા લોકો, તથા જુદા જુદા સ્થાનની શિક્ષણપદ્ધતિ જોવાનો તેમને અવસર આવ્યો. આ વેળા એમને માલૂમ પડ્યું કે મહારાષ્ટ્ર ભાષામાં જેવું સારું ગદ્ય લખાયલું છે

તેવું ગદ્ય ગુર્જર ભાષામાં નથી. જે ખંતથી મહારાષ્ટ્રમાં ભણવામાં અને ભણાવવામાં આવે છે તેનો ખ્યાલ પણ સુખવાસી ગુર્જરવાસીને ન આવી શકે! આ સમય પહેલાં અર્સ્કિન સાહેબે પોતાને વિલાયત મોકલવા બહુ આગ્રહ કરેલો. "જો તમે ત્યાં જઈ શિક્ષણપદ્ધતિ જોઈ આવશો તો ગુજરાતમાં બહુ ફાયદો કરી શકશો." પણ પોતે કહેતા કે "મારા વૃદ્ધ પિતાએ રોવા માંડ્યું કે 'હું તને વિખુટો નહિ મૂકું.' સાસરાવાળાં પણ બહુ જુના વિચારનાં. ઘરમાં કાંઈ દ્રવ્ય નહિ, કંઈનું કંઈ થાય ને ભવિષ્યમાં સાસરાંવાળાં જોડે ટંટો રાખીએ તે કેમ પરવડે? જવાનું મન તો ઘણું પણ ના કહેવી પડી. તે પછી કેટલાંક વર્ષ બાદ મહિપતરામ વિલાયત ગયા, જો પિતા જીવતા ના હોત તો હું અવશ્ય જાત જ."

'હેલીબરીના સીવીલીયનો'નો જાતિ અનુભવ તો એમને બહુ નહિ થયેલો. દિવાની કે મુલ્કી ખાતામાં એમના મિત્રો જે નોકર હતા તેમને મુખે એમના ગુણદોષ સાંભળેલા તેજ! મારા માતામહના પિતા મોતીરામ મહેતા, આદિતરામ મહેતા, માણેકરામ, દોલતરાય, તથા મ્હારા માતામહ વિદ્યારામ આ બધાએ અદાલતમાં શિરસ્તેદારી કરેલી. હેબર્ટ સાહેબનું એક વાક્ય મેં ઘણીવાર સાંભળેલું છે. I have been young and now I am old, yet never saw "I the righteous man forsaken nor his seed begging for bread."

કિનલોક ફૉર્બ્સ સાહેબને પોતે ગુજરાતના 'લેયર્ડ'ની ઉપમા આપતા. 'કલેક્ટરી' અને 'જજી' બધામાં શાણો સુશીલ અને બાહોશ આ વીરલો પુરુષ ઐતિહાસિક અન્વેષણમાં એક્કો હતો. તેનું હૃદય સાનુકંપ હોવાથી, તેણે ગુજરાતના મધ્યકાળનો ઇતિહાસ રાસડાઓ-માંથી સંશોધિત કર્યો. પોતાને ત્યાં કવિ દલપતરામને રાખીને તેણે બધી પુરાણી કહાણીઓ એકઠી કરાવી, બે જીલ્દ (ભાગ)માં પ્રકટ કરી તેને 'રાસમાળા'નું નામ આપ્યું. આ પુસ્તકમાં જેટલાં ચિત્ર છે તે

સઘળાં ફૉર્બ્સ સાહેબના હાથનાં ચિત્રેલાં પોતે જોયલાં. એમની લેખનપદ્ધતિ 'રાસા'ને છાજતી હતી. ગુરુનું ઋણ કરણઘેલાના કર્તા કેમ વિસરે? ગુજરાતી કેળવણીને ઉત્તેજિત કરવા ઠામ ઠામ ફૉર્બ્સ સાહેબ મંડળીઓ સ્થપાવતા અને આખર અમદાવાદ ગયા ત્યાં ગુજરાત વર્નાકયુલર સોસાઇટી સ્થપાવી. "ગુર્જરવાસીઓ! લખો તો માતૃભાષામાં જ લખો." એવો એમનો બોધ હતો. નર્મદાશંકર લખે છે કે "મ્હેં પહેલી કવિતા ઇંગ્રેજીમાં જ લખેલી." રોમેશદત્ત ઇંગ્રેજી તરફ જ વળેલા અને બહેરામજી મલબારી પણ શરુઆતમાં ઇંગ્રેજી કાવ્ય સુંદરી સાથે નાચ નાચેલા. આ અસ્વાભાવિક વલણને દૂર કરવા, ફૉર્બ્સ સાહેબે ગુજરાતી ભાષાનો ભંડાર વધારવાને ઉત્તેજન આપ્યું. ઉત્કૃષ્ટ લખવું હોય તો સ્વભાષામાં લખો. પોતે કહેતા કે "હમારા ક્ષુબ્ધ જમાનામાં કેટલીકવાર અમુક વ્યક્તિ તેના શિરપર ચાલે છે કે પગપર તેનું પણ એને ભાન રહેતું નહિ. તેમને આ ઓથારમાંથી જગાડ્યા. ફૉર્બ્સ સાહેબનું આ મ્હોટું કર્તવ્ય. એનાં મૃત્યુથી જાણે સરસ્વતી મંદિર એકાએક તુટી પડયું હોય તેમ સમસ્ત ગુજરાત મંડળને શોક થયો." કેળવણીખાતાના ઉપરી અધિકારી અર્સ્કિન સાહેબ તવારિખના અદ્‌ભુત શોખીન હતા. એમની 'કૅંપ' (સ્વારી) ફરતી ત્યાં પોતાની સાથે સૅંકડો પુસ્તકો ઉંટપર લધાઇને જતાં. આધુનિક પ્રાકૃત ભાષામાં ગદ્યનાં પુસ્તકો તો એમણે જ લખાવ્યાં. બાકી પ્રાકૃત ભાષા ઉપર વિદ્વાનો તિરસ્કાર જ બતાવતા. જે કાંઈ લખવું હોય તે કવિતારૂપે જ લખતા. પહેલ વહેલાં તો તે પણ બ્રીજ અને સંસ્કૃત ભાષામાં જ લખાતી. પણ પ્રેમાનંદ અને સામળભટ્ટે પૌરાણિકોની આજીવિકા ઉપર પગ મૂકયો અને કાવ્ય ભંડાર પ્રાકૃત ભાષામાં વાચક વર્ગની ચર્મચક્ષુ સન્મુખ પ્રકટ કર્યો. ત્યારબાદ કવિતા તો ગુજરાતીમાં લખાઈ પણ સારા ગદ્યનું તો નામ ન મળે. મરાઠીમાં પણ તેમ જ હતું. અરૂસ્કિન સાહેબ કહેતા કે હિંદીમાં પણ

પ્રેમસાગર નામે ગદ્યનું પહેલું પુસ્તક ઇંગ્રેજી 'ઓફીસરો'ને સહુલીયત (સેહેલું) પડે માટે શાસ્ત્રીઓદ્વારા લખાવવામાં આવેલું, ને તેજ પ્રમાણે 'તોતા' કહાણી તથા બાગો બહાર ઉર્દુમાં લખાવાયલાં. ઘાલિબના પત્રો પ્રાકૃતરૂપે હોવાથી વિસારવામાં આવેલા તેનો સર સૈયદ અહમ્મદે પુનરુદ્ધાર કરવા કોશીશ કરી. રવાજ પાડ્યો અને આખરે ઉર્દુની ગદ્ય જબાન ઠીક કરી.

આવી રીતે બીજાની પ્રેરણાથી લખાયલાં પુસ્તકો તાત્કાલિક ખ્યાતિ તો પામે છે પણ તે ખ્યાતિ ચિરસ્થાયી હોતી નથી; પરંતુ કરણ-ઘેલાના કર્તાના ચિત્તમાં ગુજરાતના રાસડા રમી રહ્યા હતા-કાવ્યરસ અંતરમાં સ્ફુરી રહ્યો હતો. એટલામાં એક જાદુગર આવ્યો અને પોતાના દણ્ડનો શીલા ઉપર મંત્ર ભણી પ્રહાર કર્યો. પ્રહાર થતાં જ તે શીલા ફાટીને માંહેથી ગદ્ય સરિત રેલાતી નીકળી. ગદ્યને નિબંધ તથા વાર્તિકના રૂપમાં પહેલવહેલા વાપરનાર તે નર્મદાશંકર તથા નવલરામ, અને નવલકથારૂપે પ્રયોગ કરનાર તે પોતે જ! ત્યાર બાદ સર થીયોડોર હોપ સાથેની મિત્રતા થઈ. તે પણ કેળવણીખાતાદ્વારા જ. આ અદ્ભુત શક્તિ ધરાવનાર 'સીવીલીયને' ગુજરાત કાઠિયાવાડમાં ગુજરાતી ભાષાની સુધારણા-ઉન્નતિ-માટે કોટિ કોશીશ કરેલી. ગુર્જર વાંચનમાળા હજુ સૂધી એમના જ નામથી ચાલતી હતી. આ સાહેબ જયારે સુરતમાં કલેકટર થઈને આવ્યા ત્યારે કેળવણીખાતાના પોતાના જુના મિત્રને મ્યુનીસીપાલિટિના કામમાં જોડ્યા. તેમણે તન અને મનથી એમને મદદ આપી. તેમના જનહિતકારક આચારે, સ્પષ્ટબોલા સ્વભાવે તથા તીવ્ર બુદ્ધિએ સાહેબની ખાતરી કરી આપી કે તેમની જીંદગાની 'પંતોજી' તરીકે હમેશાં માટે વ્યતીત કરવા સર્જાયલી નથી. "ચાલ આવ તને રાજ્યના મુલ્કિખાતામાં દાખલ કરું, ત્યાંથી થોડા સમયમાં તારું કાર્યકારીપણું અને પ્રમાણિકપણું તને મહાન્ રાજ્યકારભારી બનાવશે." આ આગાહિ કેવી સત્ય નીવડી તે ત્રીજા પ્રક-

રણમાં જણાશે. સર થીયોડોર હોપ 'અક્ષત–સંપૂર્ણ' (Thorough) વાળો નીતિમાર્ગ માન્ય કરનારો હતો. 'જે કરો તે પાયાથી ટોચ લગી ચોખ્ખું સચોટ અને મજબુત કરો.' સુરતમાં દિલ્લિગેટનો જે ઘોરી રસ્તો છે તે એમનાથી જ થઈ શકે. એક સૈન્યના અધિપતિ માફક તેણે સુરતનાં ખંડિયેરોનો નકશો પોતાની સન્મુખ મૂકી તેમાં અનેક સડકો ખેંચી કાઢી. પછી તેનો અમલ કરતાં સેંકડો અંતરાય નડ્યા, પણ સેનાધિપતિ પાછો ન હઠ્યો! રાંદેર ને સુરત (રત્નાદે ને સૂર્ય) આ વહુવરનું લગ્ન તે એના જ સેતુ (Hope Bridge)થી થયું, ને સેંકડો લોકોને સુખાવહ નીવડ્યું. મ્હારા પિતાએ શેહેર સુધારણાર્થે અનેક કાર્યો કર્યાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આત્મ પ્રશંસાનો દોષ આવે તેથી તેમને મુખે તે સંબંધે કાંઈ કહેવામાં આવ્યું નહિ તેમ સ્મરણ પોથીને અભાવે મ્યુનીસીપાલીટી માટે પોતે શું શું કર્યું, વર્તમાનપત્રોમાં શું શું લખ્યું, તે આટલા સમયને અંતરે શી રીતે માલૂમ પડી શકે? મારા માતામહ મને કહેતા કે 'બેલાસીસ' નામે એક કલેકટર સુરતમાં આવેલા. દેશી રીતભાતથી આ ગૃહસ્થ અંજાણ હતા. શુભચિંતક ખરા, પણ આચરણમાં કુંભકરણ જેવા હતા, અને લાડ કરવામાં ભીમસેનના જેવા હતા. એક દિવસે પ્રાતઃકાળે ઘોડે બેસી કોટસફીલ આગળ ફરતા હતા. સેંકડો લોક ફરાગત થવા લોટા લઈ જતા હતા, તેમણે સાહેબને સલામ ન કરી. આગળ જતાં લોક ઓટલે બેસી 'ઓકયાં' દાતણ કરે તેમણે પણ આ જ રીત અખત્યાર કરી. આથી ચીઢવાઈ, અપમાનભરેલા વર્તનનું અનુસંધાન લોટા જોડે લગાવી, દરોગાને હુકમ આપ્યો કે 'બધા લોટા જપત કરી મારી પાસે લાવો.' હુકમનો અમલ થયો. સેંકડો અરજીઓ મ્યુનીસીપાલીટીમાં આવી પડી. ખારી જ થઈ. 'પોતા'ના જાણવામાં આ વાત આવી, ને એમણે કલેકટર સાહેબને એક જુસ્સાભેર ખાનગી પત્ર લખ્યો કે આ વર્તન ગૈરસમજને લીધે થયું છે ને આપનું વર્તન જુલમી ગણાશે. તાબાના અમલદારોની

ખુશામતના અનુભવી આ સીવીલીયનને આવો સ્પષ્ટવક્તા કોઈ મળી આવ્યો તે જોઈ અચંબો થયો. અને તરત ઉત્તર લખી દર્શાવ્યું કે 'ત્હારી મુલાકાત કરવાનો શોખ છે.' પોતે દર્શાવેલા વિચારોનું સમર્થન કરવા સારુ દલીલોથી સજ્જ થઈ ગયા. દરવાજામાં પેસતાં જ તેમની દૃષ્ટિ તે ભયાનક બેલાસીસપર પડી. હસતે મ્હોંયે તે આગળ આવ્યો અને ગંભીર તથા આર્જવ–પૂર્ણ અવાજથી બોલ્યો "કેમ છો?" એમ કહી પૂર્ણ મમતાથી હાથ મેળવ્યો. વાત નીકળતાં પોતે કહ્યું કે 'હિંદીવાનો આવી અવસ્થામાં પોતાને અપવિત્ર માને છે. શંકા થઈ ત્યારથી જ અશુચિ પ્રાપ્ત થાય છે. આથી જ્યાંલગી સ્નાન કરી પવિત્ર થાય નહીં ત્યાં લગી કોઈ વડીલને તાઝીમ નથી કરતા.' સમજુને વધારે શું કહેવું પડે? હુકમ થયો કે "લોટા વાપસ દો" પછી જો પડાપડી! આ અનુભવ બાદ જ્યારે કાંઈ પણ લોકોપયોગી કાર્ય કરવું હોય ત્યારે ઇંગ્રેજી શાળાના મુખ્ય અધ્યાપકની સંમતિ લેવાતી.

આ સમયમાં ગુજરાતના ધર્મ સુધારક, પવિત્ર મૂર્તિ, રા. રા. ભોળાનાથ સારાભાઈનું સુરત ખાતે 'સદર અમીન' તરીકે આવવાનું થયું. તેઓ શુદ્ધ, શાસ્ત્રીય સંગીતના શોખીન હતા. સારી મંડલિ સ્થાપવા માટે ઉત્સાહી હતી. સંસાર સુધારા સાથે ધર્મ સુધારણા કરવાના હેતુથી બંગાળાના સુપ્રસિદ્ધ દેવેદ્રનાથ ટાગોરના આદિ બ્રહ્મસમાજનું ગુજરાતીમાં રૂપાંતર કરવામાં મશગુલ હતા. એવા પવિત્ર સજ્જનને પોતે મળે, બન્ને વચ્ચે ગાઢી મૈત્રી ઉદ્ભવે, અરસપરસ રસનો વિનિમય થાય, તેમાં શું આશ્ચર્ય? ભોળાનાથભાઈ બહુ સરળ, સાદા પુરુષ હતા. ખરેખરા ઋષિજ! સૌપર મમતા રાખે. પોતે તથા મ્હારાં માતુશ્રી ઘણીવાર એમને ત્યાં જતાં. એમની ઉમર મ્હારા પિતાથી મોટી હતી. મારી માતા કહે છે કે એમનાં વડીલ પુત્રી જીથુબાની ઉમર મ્હારાથી વિશેષ હશે, એટલે ભોળાનાથભાઈ મ્હને મ્હારા નામથી જ સંબોધી, મ્હને 'તું' કહી

બોલાવતા. તે કોઇવાર ઉસ્તાદી ભજન ગાતા ત્યારે ઈશ્વર ઉપર શ્રદ્ધા વિનાનાને પણ एकमेवाद्वितीयं ब्रह्म સાંભળી સ્વાભાવિક રોમાંચ થતો. કરણઘેલો જેમ જેમ રચાતો જતો તેમ તેમ સાયંકાળે ભોળાનાથભાઈ, વિદ્યારામભાઈ તથા દોલતરાયની સમક્ષ પોતાના મકાનમાં પોતે વાંચી સંભળાવતા. મ્હારાં માતુશ્રી તે સમયનું વર્ણન કરતાં કહે છે. "શરમને લીધે હું બહાર ન આવું ને પાછળના ઓરડામાં એકલી બેસી સાંભળું. પણ કોઈ કરુણારસમય વર્ણન સાંભળતી ત્યારે મ્હારાથી રડાઈ જતું તેથી મ્હારાં ડસકાં સાંભળી ભોળાનાથભાઈ મને આગલા ઓરડામાં બોલાવતા"–હમે સગોત્રી ન હોત તો એમનું અને હમારું બહોળું કુટુંબ લગ્ન ગ્રંથીથી જોડાત! જ્યારે પોતાના દૌહિત્ર, ડૉ. સુમંતનું લગ્ન ભોળાનાથભાઇની દૌહિત્રી સૌ. શારદા જોડે ૧૮૯૮ માં થયું ત્યારે પોતે અમદાવાદમાં આવ્યા હતા. દુર્ભાગ્યે ભોળાનાથભાઈ પંચત્વ પામ્યા હતા. લગ્ન પ્રસંગે ગવાતાં જોડકણામાં સ્ત્રી વર્ગે એમ ગાયું કે "શારદા તું ભણી તે મ્હોટાભાઇનું પુણ્ય." પોતાને મ્હેં પ્રશ્ન કર્યો કે 'મ્હોટા ભાઈ કોણ!' (મારા બનેવી ડૉ. બટુકરામ પણ મોટાભાઇને નામે એમના કુટુંબમાં ઓળખાતા) ત્યારે એમણે કહ્યું "ભોળાનાથભાઈ." એમનો પવિત્ર અમર આત્મા આ સંબંધથી કેટલો ખુશી થતો હશે! હરસિદ્ધા (મારાં વડીલ બ્હેન) ઉપર પહેલેથી એમનો પક્ષપાત વિશેષ હતો. ભરુચમાં ઇ. સ. ૧૮૬૯ માં 'એકઝીબીશન' (સંગ્રહસ્થાન) ભરાયું તે પ્રસંગે પોતે તથા મારાં માતુશ્રી ભરુચ ગયેલાં. ત્યાંના પ્રતિષ્ઠિત દેસાઈ કલ્યાણરાયજીને ત્યાં ઉતરેલાં. તે સમયે ખાવાપીવાનું બંધન બહુ કઠિણ તેથી કાચાં સીધાં આવતાં ને મારાં માતુશ્રી પકાવી લેતાં. સામગ્રી તૈયાર કરવા માટે બ્રાહ્મણ નોકરો તૈનાતીમાં રહેતા. સૌ. ચુનીવહુની શી આગતાસ્વાગતા! તેમને પેટે સંતતિ નહિ. દેસાઇના ખાનદાની ઘરને તાળું ન વસાય તે ખ્યાલથી, દેસાઇને બીજી વાર 'ઘોડે ચઢાવેલા.' તેમનાં બીજાં પત્ની તરફ ચુનીવહુ, સાસુ કહો

કે માતા તેમ, સર્વ રીતે વડીલપણે વર્તતાં. બીજાં લગ્નથી સંતતિ થઈ તે પોતાની જ ગણી તે સુખ માનતાં. દેસાઇજીના ઘરની વ્યવસ્થા ચુનીવહુ બહુ જ સારી રીતે કરતાં. મ્હારા પિતા કહેતા કે પાતિવ્રત્ય પાળવાથી જે 'સત' ચઢે છે તેના બળે અહોનિશ સ્વાર્થનું બળિદાન કરી જો આ યુગમાં કોઈ ઠેકાણે સતી થઈ હોય તો તે દેસાઇજીને ઘેર ચુનીવહુ! અને કવિને ઘેર ડાહીગૌરી! કલ્યાણરાયજી ઉભરાતા ઉદાર ચિત્તના હતા. જમાનાના સાહસી ખ્યાલોથી કોઈ વેળા અવ્યવસ્થિત આચાર થઈ જતો પણ તે અન્ય સેંકડો સદ્દગુણોથી ઢંકાઈ જતો. મસ્તી તો આ જમાનામાં સઘળે જ પ્રવર્તી હતી. સ્વેચ્છાચરણ (Self indulgence)થી તેમને કોઈ વારે તેમ નહિ હતું. આથી શરાબ પીવાની કટેવ પણ આ સત્પુરુષને લાગેલી. સંસારરૂપી અરણ્યમાંનું આ હજારોને આશ્રય આપનારું, છાયાવાળું, ફળદાર ઉદાર વૃક્ષ આ દુષ્ટ વ્યસનરૂપી ઉધાઇથી ખવાઈ જઈ એકાએક તુટી પડ્યું. કોની આંખમાં તે વેળા આંસુ નહિ આવ્યાં હોય?"

હવે ન્યાત બાબત કાંઇક વિવેચન કરીએ. રાવસાહેબ મહિપતરામ યુરોપ જઈ આવ્યા. વિલાયત એટલે પારકો મુલક. તેમાં તો લંકા (સીલોન), અફઘાનીસ્તાનથી માંડી હિંદ બહારના તમામ મુલકનો સમાવેશ થાય. ત્યાં જાય એટલે આવ્યા પછી શુદ્ધિ પામ્યો હોય તોપણ તેનો સંગ્રહ થાય જ નહિ એમ શાસ્ત્રીઓ બોલવા માંડ્યા. કોઈ કહે 'શેર ગાળેલું સીસું પીએ તો જ પવિત્ર થવાય.' ઘણાક તો શાસ્ત્રને મારી મચરડીને પોતાના ખ્યાલને અનુકૂળ કરવા મથતા. કેટલાક તો શાસ્ત્રોમાંના ઉદ્ધરણને અનુસંધાનથી અલાહેદા કરી પ્રાયશ્ચિત્તની વિરુદ્ધ કિંવા તરફેણમાં મત આપતા. પોતે તો કહેતા કે "શાસ્ત્ર સર્વકાળને માટે છે એમ હું મંજુર કરતો જ નહિ. મનુષ્યબુદ્ધિ વર્તમાનકાળને જ અનુસરે છે. તે જો બહુ તીક્ષ્ણ હોય તો ભૂતકાળનું સારું નિહાળી ફાયદા ગ્રહણ કરે છે અને ભવિષ્ય માટે પ્રતીતિ કરી શકે છે ને તેથી જ


ભવિષ્ય માટે આગળથી ત્રેવડ કરે છે; પણ તે 'સનાતન' એટલે હમેશને માટે છે, એ બોલવું મને માન્ય હતું જ નહિ." નવું જીવન, નવવિધાન! તેથી પોતે કહેતા કે ન્યાતથી જુદા પડવું નહિ એટલો જ જો પ્રાયશ્ચિત્તનો હેતુ હોય તો એક જાતનો દંડ આપીએ છૈયે એમ માની તે કરવું. બાકી પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થવાય છે એમ માનવું તે તો વ્યર્થ! મહિપતરામભાઇને વિલાયતથી આવ્યા પછી તરત ઓચ્છવરાયના વાડામાં જમવા બોલાવ્યા, ને સાથે બેસી એક પંક્તિએ ખાધું. આ સાહસમાં દોલતરાયજી, કેશવરાયજી અને જયશંકર રાવળે તેમને સાથ આપ્યો. મારાં માતુશ્રીનાં સગાં માસી તે રાવળજીને પરણેલાં એટલે મારા માતામહ જો કે જુના પક્ષના હતા તોએ બહુ વિરુદ્ધ થએલા નહિ. ન્યાતમાં તડ પડી ગયાં. ભારે યુદ્ધ ચાલ્યા બાદ લગભગ ૨૭૦૦ રૂપિયાનો દંડ લઈ મહિપતરામને ન્યાતમાં દાખલ કરવામાં આવ્યા. આ ખટખટમાં સાંત્વન વાપરી, સન્માર્ગે દોરવનાર, વિરોધીને દ્વિધા એકત્ર કરી પોતાના મનને અનુકૂળ કરનાર, યોદ્ધો જો કોઈ સુરતમાં હતો તો તે પોતે જ, એમ કહીએ તો તે અતિશયોકિત ગણાશે નહિ.

આ સ્થળે તે સમયની વ્યાપાર પ્રવૃત્તિ સંબંધે વિવેચન કરવું અસ્થાને નહિ ગણાય. ઇ. સ. ૧૮૬૩–૬૪ માં થયેલી સટ્ટાની ખુવારી બાબત તો મી૦ વાછાએ પ્રેમચંદ રાયચંદનાં જીવન ચરિતમાં સારું વિવેચન કર્યું છે. આ સટ્ટાનો 'નેપોલીયન' તે પ્રેમચંદ એમ પોતે કહેતા. અમેરીકાની લઢાઇને લીધે હિંદનું રુ તે જ ભાવે મેંચેસ્ટરના સુતરના સાંચાવાળાને ખરીદવું પડ્યું. ભાવ બહુ વધી ગયા. રુના નાના વ્યાપારી તથા ખેડુત માલામાલ (ન્યહાલ) થઈ ગયા. તેઓ ઘરેણાં એટલાં ઘડાવવા લાગ્યા કે સોની વર્ગ પણ સાથે લાગ્યો પૈસાદાર બન્યો. તેમણે એટલું અપ્રમાણિકપણું ચલાવ્યું કે ગોપીપુરાનો એક પ્રખ્યાત સોની કહેતો કે તે વખતની ઘરેણાંની ઘેલાઈમાં તેણે ત્રાંબાનો એક આખો દેગડો કાપી કાપી ધીરે ધીરે સુના

સાથે મેળવી ચલાવી દીધો! પૈસા મુલ્કમાં વધ્યા. તેને ક્યાં નાખવા, કયા ધંધામાં રોકવા, તે લોકને સુજે નહિ. ખરેજ દ્રવ્ય અજીર્ણ થયેલું! વ્યાપારમાં તર્કબુદ્ધિના તરંગો ઉછળવા માંડ્યા. બધા જુના વ્યાપારી આ વમળમાં સપડાઈ ગયા, ને લાલચને લોભે નાચવા લાગ્યા. લઢાઈ ધાર્યા કરતાં વહેલી બંધ પડી. રુના ભાવ બેઠા. સટ્ટો કરનાર માર્યા ગયા. સાથે લાગી બૅંકોએ, પેઢીયોએ, દેવાળાં કહાડ્યાં. હઝારો રાંડી રાંડોની અમૂલ્ય પુંજી આ સટ્ટાની રેલમાં ઘસડાઈ ગઈ. તેમના વિલાપનું તો પૂછવું જ શું? વ્યાપારીની રીતિ ઉપર અવિશ્વાસ થયો. સરકારની અશક્ત પદ્ધતિપર તિરસ્કારરૂપે લોકમાં ચર્ચા ચાલવા લાગી. જો દેશી રાજ હોત તો દેવાળીઆઓને અવળી ઘાણીએ પીલત ને લોકોના સોળે સોળ આના અપાવત. આ તો દૂધપૂરી ને ભજીયાં ઠીક કરીને દેવાળું નીકળતું. પૂંજી હતી તે સ્ત્રી ધનમાં ગણાઈ. અપ્રમાણિક વ્યાપારીઓને હઝારો દગલબાજી સુઝી. આ મામલા વિષે વાત કરતાં મ્હારા પિતા કહેતા કે ઇંગ્રેજી વ્યાપારી-કાયદો નહિ પણ જરા માબાપી રાજ્યનીતિનો અમલ ચલાવ્યો હોત તો યુરોપની વ્યાપાર અનીતિ મુંબાઇમાં જામત નહિ: ત્યાંથી આગળ બીજે પસરત નહિ. વ્યાપારમાં આ ભારે ઉથલપાથલની અસર એ થઈ કે જુની સર્વ પેઢીયો તુટી નાણાંની નવી તરેહની વહેંચણી અમલમાં આવી. જુનાં જાળાં ખંખેરાઈ ગયાં, નવાં બંધાયાં; ને 'મારાં સુંદર મકાનમાં તમે આવશો?' ('would you come into my parlour' said one spider to the fly) એ શબ્દોમાં નિર્દોષ માખીને નિમંત્રણ આપતો ધૂર્ત કરોળિયો જાળાંની બહાર આવી ફરી ઉભો ને મક્ષિકાને ભોળવી પાછાં ચુસવાની તૈયારી કરવા લાગ્યો. પ્રેમચંદ એક વિરલો પુરુષ હતો. એક ગરીબ રાંડીરાંડનો સાહસી પુત્ર, વ્યાપારાર્થે સુરત છોડી મુંબાઈ ગયેલો. ત્યાં ધંધામાં એવી તો પ્રવીણતા પ્રાપ્ત કરી, લેવડ દેવડ, માલની આવક જાવક, અને સૃષ્ટિની હીલચાલ એના તીક્ષ્ણ મગજરૂપી

દૂરબીનવડે એવી તો નિહાળી કે ભવિષ્યનો નાણાં સંબંધી વર્તારો કરનાર તો એજ નીવડ્યો. મુંબાઈનો સાગર ક્ષુબ્ધ થશે, પાણીની ભરતી થતાં તેમાં સંગમ પામતાં નવાં સરોવર વિગેરે પણ ઉભરાઈ જશે એ સઘળી આગાહી તેણે કરેલી. તે જ પ્રમાણે હિંદમાં દ્રવ્ય રેલાયું. સૌ તવંગર થઈ ગયા. જેની પાસ પુરા હજારે નહોતા તે પણ સાત આઠ લાખના ધણી થઈ બેઠા. જ્યારે સમુદ્રમાં મોજાં ખરેખરાં ઉંચાં ઉડવા લાગ્યાં ત્યારે શાંત, સાદો, તીક્ષ્ણ બુદ્ધિનો પ્રેમચંદ કાળી નાગનું મંથન કરતો હોય તેમ ઉછળતા તરંગોનાં શિખર ઉપર નાચતો જણાયો. તેની મુરલીના નાદથી મુંબાપુરીના 'ગવરનર' થી માંડીને 'ગાંગા' તેલી લગી સર્વે ગોપીમાફક થૈ થૈ નૃત્ય કરી રહ્યા. આવી તેની જાહોજલાલીના વખતમાં 'સ્પેશ્યલ ટ્રેન'માં બેસી એકવાર પ્રેમચંદ શેઠ સુરત આવ્યા. માતૃભૂમિમાં પધારતા એ દ્રવ્યયોદ્ધાને આવકાર આપવા કલેકટરથી માંડીને સર્વે અમલદારો તથા નગરશેઠથી માંડી સર્વે નાગરિકો 'સ્ટેશન'પર હાજર રહ્યા હતા. મારા માતામહ કહેતા કે 'જ્યારે આગગાડી અટકી ત્યારે પ્રેમચંદ એકલા ઉતર્યાઃ' લોકોએ તો શું ને શું ધારેલું! ગવર્નર જોડે ઘુમનાર પ્રેમચંદ તે કેવો રોફીલો હશે? પણ તેમ ન હતું. સાદી ટપકી ટપકીની પાઘડી ને ધોળું અંગરખું પેહેરેલું; તથા રૂપેરી ફીતરૂપી ઘડીઆળનો છેડો આગળ અર્ધા ચન્દ્ર માફક લટકતો. પગે વાર્નીશના ચાંચીયા જોડા. સાદું ધોતિયું પહેરેલું. કદે ઠીંગણો, તીક્ષ્ણ આંખોવાળો, નમ્ર વદનનો, તે એકલો સઘળાની વચ્ચે આવી ઉભો. ઉતરતાંવારને નગરશેઠ ભણી જ પહેલો ગયો ને દેશી મહાજન વર્ગ સાથે વિવેકથી નમન કર્યાં. નગરશેઠથી માંડી સઘળા દેશી સાથે સાહેબ સલામ પૂર્ણ થયા બાદ સરકારી હાકિમો ઉભા હતા તેમની તરફ ફરી તાજીમ કરી ઉભો. તેને ત્રણ માળવાળા એક બંગલામાં ઉતારો આપ્યો હતો, તેને ત્રણે માળે રાતદિવસ મિજલસ ચાલી રહી હતી. એટલા લોકો મળવા આવ્યા

કે પૂછવું જ શું? 'પ્રેમચંદ શેઠે મારી, વિદ્યારામભાઇ અને દોલતરાયની જુજ થાપણ પોતાના હાથમાં માંગી લીધી ને કહ્યું હું દશ ટકા વ્યાજ આપીશ.' જે કોઈ સારાં કાર્ય માટે નાણાં માંગતા તેને તે બબ્બે હાથે આપતો. કળિયુગમાં બળિ જેવો દાતા કોઈ થયો હોય તો તે પ્રેમચંદ જ. એની સખાવત કોઈ અમુક ન્યાત જાત પરત્વે નહિ હતી. તેને તો નાણાં-સૃષ્ટિનો ઇશ્વર કહિયે તો ચાલે. તેને પૂજવા લોકો તૈયાર હતા. પણ એણે એવી સાદાઈ કાયમ રાખી, એટલું નિરભિમાન જાહેર કર્યું, કે સામાન્ય લોકો દબાઈ ગયા. આ તો કોઈ અવતારી પુરુષ છે, એમ કહેવા લાગ્યા. "તે તુટયો તેના બે મહિના પહેલાં અમારા ત્રણેના રૂપિયા એણે દોલતરાય ઉપર મોકલી આપ્યા ને કહેવડાવ્યું કે મને નથી લાગતું કે આ સમૃદ્ધિ હવે વધારેવાર ચાલુ રહે. ગરીબ બ્રાહ્મણોની પરસેવાથી પેદા કીધેલી મુડી હું બનતા લગી નહિ મારું. હમે ખરું ન માન્યું કે પ્રેમચંદ ત્રૂટશે પણ આ વિશાળ વૃક્ષપર વજ્રપાત થયો ને તે પડ્યું: ને પડતાંની સાથે હજારો વ્યક્તિ જે એની શાખાએ વળગી હતી, છાયા નીચે ઉભી હતી, તે સૌ કચડાઈ ગઈ. એણે કદિ કોઇને કહેલું નહિ કે તમે આવો ને મારો આશરો લ્યો." કૃષ્ણ પૂઠે ઘસડાયેલી ગોપીઓ પ્રેમઘેલી બની કૃષ્ણ-નટ-વિના બાવરી બની ગઈ તેમ પ્રેમચંદ નટવર વિના સઘળું વેરણ ખેરણ થઈ ગયું. પાછું ઓગણીસમી સદીનું પ્રાકૃત, રસ-શૂન્ય આભ શિર ઉપર આવી ઉભું. 'મને નાણું જલ્દી પ્રાપ્ત કરવાની ઘેલાઈ નહિ થયેલી. દોલતરાયે જો મને કહ્યું નહિ હોત તો મારા ચાર હજાર રૂપિયા હું તેમની મારફત મુંબઈ ન મોકલત. એક જાતનો વહેમ કહો, કે જે કાંઈ નામથી તેને સંબોધો, પણ નહાનપણથી જ મને ઝાઝું વ્યાજ ખાવાનો તિરસ્કાર હતો.' પોતે નિવૃત્ત થયા ત્યાં લગી એમનું કુલ નાણું 'પ્રોમીસરી નોટ'માં જ રોકેલું હતું.



પૃષ્ઠ ૧૧૭

જ્યેષ્ઠ ભ્રાતા **માર્કણ્ડરાવ**

જન્મ ઇ. સ. ૧૮૬૪ મૃત્યુ ઇ. સ. ૧૯૧૯

ઈ. સ. ૧૮૯૧ ની સાલમાં એમના કુટુમ્બમાં પ્રથમ સંતતિનો જન્મ થયો. પહેલ વ્હેલું બાળક અવતર્યું તે સમયે એમની ઉમર છવ્વીશ વર્ષની હતી. પગાર ઠીક મળતો એટલે ચિત્તની શાંતિ તથા ઘરનું સુખ, એ બન્ને પ્રાપ્ત થયાં. પુત્રીનું નામ હરસિદ્ધાગૌરી પાડવામાં આવ્યું. વડીલ પુત્રી માબાપને પ્યારી તો હોય જ. ઈ. સ. ૧૯૦૧ માં એનો દેહાંત થયો તે પર્યંત મારાં વડીલોની માનસહિત મમતા તેના ઉપર રહી. તેમનો સ્વભાવ શાંત, ગંભીર, સરલ, વિદ્યાવિલાસી નિવૃત્તિવાળો હતો. ઈ. સ. ૧૮૯૪ માં મારા વડીલબંધુ, માર્કંડરાવનો જન્મ થયો. તેમની પ્રકૃતિ શરુઆતમાં નાજુક હતી પણ એક બે વર્ષ લગીમાં ઠેકાણે આવી ગઈ. મ્હારા પિતાનું હૃદય અસલથી બહુ પ્રેમાળ હતું પણ વિવેક મર્યાદાને લીધે. તે પોતાનું હૃદયાંગણ હંમેશ સુરક્ષિત રાખતા. માતુશ્રી પણ પ્રીતિ ઉઘાડે છોક ન બતાવતાં. કદાપિ વ્હેમાતાં કે રખેને તેમ કરવું છાજે નહિ—દૈવની ઇતરાજી થાય! મારા માતામહના મનમાં તો જ્યેષ્ઠ પુત્ર તરફ લાડ અથાગ થયેલાં; ને તે વડીલનો તેમના ઉપર પક્ષ પણ હંમેશ કાયમ રહેલો. સન ૧૮૯૬ માં બીજો પુત્ર સાંપડયો. એકાદ વર્ષની ઉમર થઈ એટલામાં આ તન્દુરસ્ત—ભરાઉ—બાળકને દાંત આવતાં સસણી થઈ આવી; ને મારી માતા અશ્રુપૂર્ણ મુખે કહે છે કે 'દિનકર બે દિવસ બીમાર રહી રીસાઈ ગયો.' ઈ. સ. ૧૮૯૮ માં મારા બીજા ભાઇનો જન્મ થયો. મનુભાઈ અંવતર્યા ત્યારથી જ મારાં માતુશ્રીના 'ફ્રેવરીટ!' એમનું સુકુમાર, કાંતિવાળું, મોહક મુખડું તે મારી મા તરફની જ બક્ષિસ! પોતા તરફથી તો આંખ અને નાક આવ્યાં. માતા અને પિતાના ગુણોનું સારું મિશ્રણ પહેલેથી જ તેમનામાં જોવામાં આવ્યું હતું. જ્યારે સુરત છોડી અંકલેશ્વર મામલતદાર તરીકે ગયા ત્યારે આટલી સંતતિ પોતાને હતી. હવે આ પ્રકરણ પુરું કરીયે. "ધન ધન ગરવી ગુજરાત, પડી ગઈ રાત, દિવાળી વહી ગઈ!" આ નર્મદનો નિઃશ્વાસ તેમને મ્હોંયે હું

ઘણીવાર સાંભળતો. પણ પોતામાં તો ઉત્સાહ નિરંતર કાયમ જ હતો. "હજુ પણ એ રળિયામણો પ્રાંત, ઈશ્વરની વાડી, લક્ષ્મીનું ધામ તથા સદ્દગુણનું સ્થાન થઈ પડશે. અસ્તુ!" સ્વદેશ-વાત્સલ્ય, સ્વ-પ્રાંત વાત્સલ્ય ઉપરથી, ને તે સ્વ-નગરવાત્સલ્યમાંથી અંકુરિત થયેલું એમાં તો કાંઈ સંશય જ નહિ. સુરતવાસી તે ન્યારા જ! એ ખ્યાલ નંદ, નર્મદ, અને નવલ આ ત્રણે તેની મહાન્ સંતતિમાં હમેશ જામેલો રહેતો. આ ત્રણે પંખેરૂ પુખ્ત થતાં પોતપોતાના માળા બાંધવા ઉડી ગયાં. જેમ અલુણા (ગોરવ)માં ખીલતી બાળાઓ ગાય છેઃ-

"હમે ચલ્લીઓના માળા,
હમે કાલે ઉડી જઇશું;
હમે ઘરધંધામાં પડશું."

તેમ આ ત્રણ સુરત-વાસીઓ ઉપજીવિકાના કાર્યમાં ગુંથાયાઃ ઘરધંધામાં પડ્યા. સુરત બંદરેથી મહાન્ વહાણ નીકળ્યું, તેમાં પ્રેમ-શૌર્યનાં ગીત ગાતો, સ્વદેશાભિમાનથી ચકચૂર થયેલો, મસ્ત કવિ સુકાને બેઠો. તેના હૃદયદ્રાવક, આકર્ષક નાદથી હઝારો નાવડાં આ વહાણ તરફ ખેંચાયાં પણ પાણીના ઉછાળા ન ખમી શકાવાથી કંઈ ગર્ક થઈ ગયાં, ને હજુ પણ ગર્ક થતાં જાય છે. નવલ પરીક્ષક બાજુએ બેઠો બેઠો સુકુમાર કંઠે કહેવા લાગ્યોઃ-'કેળવણીનું મંડાણ-એટલે વહેમનું ભંગાણ-દેશની સેવા કરવા સજ્જ થાઓ. બુદ્ધિબળનું બખ્તર પહેરો. સાંભળો શ્રોતાઓ આ કવિનું ગાન! ને આગળ ભીડો.' મહીપતરામ કહેઃ 'ઉદ્યોગ કરો! ખંતીલા થાઓ! ખરા ઈશ્વરને માનો, મૂર્તિપૂજાથી વિરક્ત થાઓ! લ્યો! તમને મારું સફરનામું સુણાવું.' નંદશંકર બધાને ઉત્સાહથી ઉપદેશ આપવા લાગ્યાઃ 'પ્રસન્નતા પ્રાપ્ત કરો! હોંસીલા થાઓ! વિદ્યાવિલાસી થાઓ! પણ રખે તેમ થતાં ધધણતા બહુ! કે મસ્તિકને ભારે કરી દઈ ગુંલાટીયું ખાતા! તેમ કરશો તો હાસ્યને પાત્ર થશો. લો! તમને હું નવલ કથા સંભળાવું. તેથી

સ્વપ્રાંત અભિમાન તો શિખશો જ. આવો આ વહાણના ભંડારમાં કે આ ઉછળતાં મોજાંની અસર કમ લાગે.' પાર્વતીશંકર ખંત અને સંતોષ વિષે ઉપદેશ કરે તો એદલજી સફાઈ તીક્ષ્ણતા અને જાતિ સંસ્કાર માટે જુસ્સાવાળું ભાષણ કરે. બીજી સેંકડો વ્યક્તિઓ માંહે બેઠી બેઠી ગાવા લાગીઃ–

"સાથે આવો તો સગપણ જાણીએ હોજી,
હવે વહાણે ચઢ્યાં મુલ્કગીરીનાં હોજી;
સંસાર સુધારા ધ્વજ ઉડતી હોજી."

કિનારે ઉભા ઉભા હિચકારાઓ બોલેઃ–'ક્યાં ઘસડાઓ છો?' નર્મદ તેમને ઉત્તર વાળે છેઃ–

શબેતારીક બીમે મૌજ, ગિર્દાબે ચુનીન હાઇલ. (૧)
કુજાદાનંદ હાલેમા, સબુક સારા ને સાહલ હા.

હાફેઝનું આ આપ્ત વાક્ય ખામુશી પકડાવે છે. કેટલાક ડગુમગુ કહે કે 'ભીંજાઇશું તો!'

'દરમીયાને કારે દરીઆ તખ્તા બંદમ કર્દ ઈ. (૨)
બાઝ મી ગોઈ કે દામન તર મકુન હુશીઆર બાશ.'

નવલે ઉત્તર વાળ્યો 'ભીંજાયા તો શું? જીવ્યા કરતાં જોયું ભલું!'

શંકાગ્રસ્ત સમસ્ત વર્ગ પૂછે છે 'ક્યાં જાઓ છો–શા માટે પ્રયાણ કરો છો?' પોતે તેનો જવાબ આપેઃ–

એક પછી જ્યાં બીજા, વહી ભળતા સ્રોત સંસ્કૃતિના,
તે સાગર બોલાવે, મજ્જન મંથન સાર ગ્રહણ કરવા;

---

(૧) રાત અંધારી છે, મોજાં ડરાવે એવાં છે; અને વમળ ભયાનક છે (એવાં પાણીમાં તરતા) હમારો હાલ તે કિનારા ઉપર બેઠેલા થોડા સડુકો લેનારા શું જાણી શકે?

(૨) નદીનાં ઉંડાણ ઉપર પાટીયાં જડી દીધાં છે. (તેના ઉપર હમને ચાલવાનું કહે છે) ને પછી કહે છે. હોશીઆરી રાખજે–કપડાં ભીંજાય નહી.

'નિયમિત-પ્રસન્ન ચિત્ત-જીવન ગાળોને બીજાને ગળાવો.'

"પાછા આવો! પાછા આવો! હજુએ સમય છે." ત્રિપુટીએ ઉત્તર વાળ્યો.

(૧) હરચિહ્ બાદાબાદ મનં કિશ્તિ દર આબ અંદાખ્તા અમ ?

જોત જોતામાં વહાણ અદૃશ્ય થયું. "ગોહર કી કદર હુઈ સમુંદરસેં નિકલકે" સુરતરૂપી સમુદ્રમાં મોઘાં રત્નો હતાં પણ જ્યારે ત્યાંથી નીકળી દૂર બજારમાં ગયાં ત્યારે જ તેમની કીંમત થઈ.

પ્રકરણ ૩ જું

મધ્યાહ્ન-ભાગ બીજો

કિનલૉક ફૉર્બ્સ રાસમાળામાં લખે છે કે: "ગાયકવાડ અને પેશ્વાની વારાફરતી ચઢતી પડતી ગુજરાતમાં થતી. પોતપોતાના વારામાં ગુજરાતને બંને ચૂસતા. ગુજરાત એક અને તેને ચુસનાર જમ જેવા બે એટલે ગુજરાતની દુર્દશામાં શું બાકી? ઇસ્વી સન ૧૮૧૮ સૂધી ગુજરાતવાસીથી નિર્મલ વસ્ત્ર પહેરાતાં નહિ તો નિર્મલ મનની તો આશા જ શી? કોઇને ઉજળો દીઠો તો ચાડીઆ તૈયાર જ છે. તેઓ ચાડી ખાય ને તે પ્રમાણે મૂર્ખ રાજાના મૂર્ખ સરદારો તેને લુંટે. ધનનું નામ ધરાવનાર હરેક પદાર્થને પૃથ્વીમાં દટાઈ, છુપાઈ રહેવું પડતું. જ્યાં ત્યાં બળાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર આદિ દુર્ગુણોનો પરિવાર મ્હાલે. એવા અંધકારમાં ઈ. સ. ૧૮૦૦ ની સાલમાં કહીં કહીંથી કિરણ પડવા માંડ્યાં." ઉપર કહ્યા પ્રમાણે બન્ને તરફથી ચુસાઈ માત્ર ખોખારૂપ થઈ ગયેલી માખીને સજીવન કરવાનો પ્રયત્ન તે વેળાના મુલ્કીખાતાવાળા અંગ્રેજી અમલદારોએ આદર્યો. અવ્યવસ્થિત થયેલા યંત્રને કામચલાઉ બનાવવું એ થોડું મુશ્કિલ

---

(૧) જે થાય તે ખરું! મ્હેં નાવને પાણીમાં સરકાવી છે.

ન હતું. તે જમાનાની મામલતદારી ધમધોક્કાર તથા આબરૂદાર ગણાતી. જેમ ઈજ્જત હાલનાથી વધારે તેમ અવનવા અનુભવ પ્રાપ્ત કરવાના માર્ગો આદરી ઉપરના હાકિમ પાસ તે મંજુર કરાવી ખ્યાતી મેળવવાના હજારો પ્રસંગ આવતા. સર થીયોડોર હોપે મુલ્કી ખાતામાં પોતાને મોકલ્યા તે આ જ ખ્યાલથી. તેમણે કહેલું કે થોડો વખત પગારનું નુકસાન તો વેઠવું પડશે પણ આ તો રીકાબમાં પહેલો પગ ઘાલવા બરાબર છે. પગ ઠર્યો કે પછી ઝટ ઘોડેસ્વાર થવાય! સુરતની બહાર પહેલી નીમણુક અંકલેશ્વર ખાતે થઈ. ભરૂચ જીલ્લો રુને પ્રતાપે તે સમયે વ્યાપાર-વ્યવસાયી થયો હતો. 'જીનીંગ પ્રેસો' (રુની ગાંસડી બાંધવાના સાંચાઓ) જ્યાં ત્યાં મોજુદ. અહિં દળવાની ઘંટીઓ પણ ઠામ ઠામ નજરે પડતી. ઈ. સ. ૧૮૫૭ ના બળવા પહેલાં કાગળની બનાવટ વાસ્તે અંકલેશ્વર પ્રખ્યાત હતું પણ તે સમયે તો "રુ ની જાને" સૌ નીકળ્યા હતા! સઘળી જાતના કારીગરોએ પણ સર્વ ધંધા પડતા મુકી કપાસને લગતો ધંધો સ્વીકાર્યો હતો. સીંધીયાના હાથમાં ભરૂચ રહેલું. પેશ્વાએ એનાપર આડકતરી કટાક્ષ નાંખેલી. ગાયકવાડને મન તો તે આગણું, એટલે તે પ્રાપ્ત કરવાની આવશ્યકતા ને ઇચ્છા બન્ને હોય જ! આથી ભરૂચ જીલ્લાની પ્રજાને મન ઘણો ઉદ્વેગ રહેતો. આને પરિણામે રુનો પાક સારો થયો નહિ હોત, તેની કીંમત સોના કરતાં પણ વિશેષ મળી ના હોત તો આ જીલ્લાને શિર ઉંચકતાં ઘણી વાર લાગત. ખેડુતની હાલત પણ સારી હતી. જમીન ફળદ્રુપ, ખેડુત મહેનતુ, વર્ષ સારાં, કીંમત ભારે આ સઘળા સંજોગોમાં વિશેષ રળતર થાય તેમાં શી નવાઈ! ભરૂચના હોરાઓ બહુ ફીસાદી હોય છે એ વાતનો અનુભવ આ વેળા થયેલો. જેટલું નાણું પારકા દેશોમાં જઈ કમાઈ લાવે તે માંહોમાંહેના કજીયામાં ખુવે. અદાલત ચઢતાં તો વાર જ નહિ. નાંદોદ જોડેનો વ્યાપાર આ જ સમયે એમના ધ્યાનમાં ઉતરેલો. ભરૂચ ભાંગ્યું પણ

અંકલેશ્વર વ્યાપારનું મથક જરૂર થશે એમ હમેશ પોતે કહેતા. આ વેળા 'હાયર,' 'લોઅર'ની પરીક્ષા આપવાની તૈયારીમાં ગુંથાયા હતા. પરિણામ જણાયું ત્યારે સૌથી પહેલે નંબરે પાસ થયા. લેલી સાહેબ, કુલટન સાહેબ તથા મ્યુર મેકેનઝી સાહેબે પણ તેમની સાથે પરીક્ષા આપેલી. લેલી સાહેબ સનદી નોકરીવાળામાં પહેલે નંબરે આવેલા. અંકલેશ્વરના જીનવાળા પારસી ગૃહસ્થો જોડે આજ સમયે મિત્રતા થયેલી. તેઓ માયાળુ, હોંસીલા અને કામ વખતે મદદગાર નીવડતા. આ પ્રસંગે ભરૂચના પારસી–મુસ્લિમ જઘડા બાબત પોતે કહેતા કેઃ–"પારસી લોક ઝાઝા તવંગર થયા હતા, મુસ્લિમો પેદા કરે પણ જલદી વાવરી નાંખતા. દ્રવ્યોપાર્જન શક્તિ તો કાબુમાં ખરી પણ તે હાથમાં રાખવાની શક્તિ નહિ. લય તે તો સૃષ્ટિ સાથે લાગેલો નિયમ ખરો જ. ધૂપ છાંવની જોડી માફક રહેવાનો જ! આથી વધતી જતી પારસીઓની સમૃદ્ધિપર ઇસ્લામીઓની ઇતરાજી થયેલી. તેમાં ધનજીશાહ નામના એક પહેલવાન વ્યભિચારી પારસીનો એક તવંગર ઇસ્લામી ઓરત સાથે સંબંધ થયો. આ કેમ ખમાય? દ્રવ્યાંધ અને ધર્માંધ જોડું જે ઘરમાં મોજ શોખ કરતું હતું ત્યાં ઇસ્લામી કોમના ફીસાદી લોકનું એક ટોળું એકઠું થયું. તેના ઉપર આરોપ મુકાયો કે મસ્જિદમાં કોટું કાવત્રું કરવા તે ઘુસેલો ને તે નાપાક કરેલી. ધનજીશાહે જાણ્યું કે "મુવા!" તે પહેલવાન છાપરે ચઢયો, ત્યાંથી છાપરે છાપરે કુદી તે નાઠો. મકાનની હાર પુરી થવાથી તે દોમંજીલા (બે માળના) મકાન ઉપરથી કુદ્યો. જોનારે તેને જોયો. તેનો પગ જરા લચકાયો હતો, છતાં પણ તે દોડ્યો. એવામાં સ્હામી ખાઈ દીઠી. એને ઓળંગે તો "બેડો પાર!" છલંગ ચિત્તાનાં ચાપલ્યથી મારી. પગ લચકાયલો તેથી જોઇતો ઠેકડો મળ્યો નહિ ને પાર જવાયું નહિ. તે ખાઇમાં પડ્યો. તેની પૂઠે પડેલાના રોષનું તો પૂછવું જ શું? સૌ તેની પૂઠે ગયા ને તેને કુટી નાંખ્યો. પછી તેના મુડદાંને શરે–આમમાં

(ધોરી રસ્તા ઉપર) ઘસડી આણ્યું. રક્તાંધ, બળવાખોરો અગીયારીમાં ઘુસ્યા ને શ્વેત–વર્ણી, શ્વેત વસ્ત્ર ધારણ કરેલા, પાકદામન અધ્યારુને કતલ કર્યા. તે વેળા એલેકઝાંડર રૉજર્સ સાહેબને ત્યાં મોકલવામાં આવ્યા હતા. તેમણે આ બળવો શાંત કરી નાંખ્યો. અપરાધીઓમાંથી બે જણને ફાંસીએ ચઢાવવામાં આવ્યા.

ઈ. સ. ૧૮૭૦–૧ માં અંકલેશ્વરથી ધંધુકે મામલતદાર તરીકે બદલી થઈ. અમદાવાદ લગી તો રેલ ગાડી મળી. ત્યાં ભોળાનાથભાઈને ત્યાં મુકામ કર્યો. ધંધુકાનાં પાણી માટે ભીતિ રહેતી. વળી આટલું દૂર એટલે પહેલવહેલાં કુટુંબજનને સાથે લેવાં તે દુરસ્ત પણ ન લાગ્યું. તેથી ધંધુકામાં મારાં માતુશ્રી તથા ભાંડુઓ થોડોક જ વખત ગયેલાં. હાથે રાંધી ખાવાનું; બ્રાહ્મણ નોકર સામગ્રી કરી આપે ખરો, પણ એટલી ટેવ નહિ કે તેની કરેલી કચ્ચી રસોઈ ખવાય. "મોટી તીક્કડ રોટલી, મ્હસ ઘીથી તળેલી, કરતો ને સાથે નરમ દાળ." ત્યાંના પાણીમાં ક્ષાર હતો તે પાચન શક્તિ માટે અકસીર હતો. કામ ઝાઝું કરવાનું તથા ફરવાહરવાનું પુષ્કળ તેથી પોતાની તબીયત જોત જોતામાં તાજી થઈ ગઈ ને શરીર ભરાયું. જ્યારે તે સુરત ગયા ત્યારે તેમની નાજુક આકૃતિના અનુભવી નાગરોએ ટીકા કરી કે ધંધુકાનાં હવા પાણી તો બહુ માફક આવ્યાં ને શું! ગુજરાતની ઐતિહાસિક રંગ ભૂમિ તે એજ સ્થાન "ત્યાંના રજપૂત રાજાઓએ વાવ, કુવા, તળાવ, દહેરાં વગેરે બાંધેલાં તેઓ ઉપર કાળચક્ર ફરવાથી, મુસલમાન લોકના ધર્માંધપણાથી; તે સ્થળે ઘણીએક લડાઇઓ થવાથી તથા મરાઠાઓના અજ્ઞાનપણા અને પૈસાના લોભથી જે તેઓમાંના થોડાંએક બચેલાં છે તેઓ ભાંગી તુટી અવસ્થામાં હમણાં નજરે પડે છે." કરણ ઘેલાના કર્તાને જે સ્થિતિનો પુસ્તકદ્વારા અનુભવ થયેલો તે તાદૃશ જોવાનો વખત આવ્યો. ધોળકામાં રુનો વ્યાપાર ધમધોક્કાર ચાલતો હતો. પાણીની જ તંગાશ. કુવા ખારા. લોક તળાવનાં પાણી પીએ. ઉન્હા-

ળામાં તો તે પણ સુકાઈ જાય. ખાબોચીયાં ખાબોચીયાં થઈ જાય. ઢોર માંહે કદી કદી ઘુસી જાય ને મળ મૂત્રથી બગાડે. હાકિમો માટે તો આ દુર્ગંધી ખાબોચીયાંપર ચાર પાઈ નાંખી વરતણીયો સુઈ રહે કે કોઈ બગાડે નહીં. આ પાણી ઉકાળી સાફ કરી પીવામાં આવતું. પોતે કહેતા કે ભવિષ્યમાં પાલીયાં પાણી નસીબમાં લખેલાં તેનું આ પૂર્વાસ્વાદનજ કહીયે તો ચાલે. મામલતદારનું મુખ્ય કામ બંદોબસ્ત રાખવાનું છે. તેમાં જ્યારે ફૌજ પસાર થાય ત્યારે રસદ પૂરી કરવાની. આ કામ મુશ્કિલ ગણાતું. પોતે કહેતા કે મુલ્કી નોકરી કાંઈ લોકોપર હકુમત કરવાના શોખથી મને માન્ય ન હતી કે તેને અંગે ખાસડાં પણ ખાવા તૈયાર રહું. મેં પહેલેથી જ નિશ્ચય કરેલો કે સેનાનો ઉપરી જરા પણ અસભ્ય નીવડે તો તેને "ચલતે ફિરતે નઝરઆવ" એ જ ન્યાયે ખડતો મુકવો. આનો અનુભવ પોતે જ્યારે અંકલેશ્વરમાં મામલતદાર હતા ત્યારે કંઇક થયેલો. એક લશ્કરની ટુકડીનો કમાન્ડિંગ ઓફિસર જે 'મેજર'ની પદવી સૂધી પ્હોંચ્યો હતો તે આવ્યો. તેને હું આવકાર આપવા મારા ઘોડાપર બેસી ગયો. 'સાહેબ સલામ' થતાં જ મેં એને વિવેકથી કહ્યું કે સઘળી સામગ્રી તૈયાર છે, મારે પ્રગણામાં ફરવા જવું છે, માટે જોઈ લ્યો. તેણે ઘણો વિવેકી ઉત્તર વાળ્યો કે રોજર્સ સાહેબે તમારે માટે બહુ પ્રશંસા કરી છે ને મને તમારું ઓળખાણ કરવા ભલામણ કરી છે. તમને ઇતિહાસનો શોખ છે ને મને પુરાતન ખંડિયેર બાબત જાણવા ઇંતેજારી છે માટે તમે પ્રગણામાં જવાનો વિચાર મોકુફ રાખો ને મારી કાંપમાં રહો. ત્રણ ચાર દિવસ બહુ વિદ્યાવિનોદમાં ગાળ્યા. આ બનાવ પછી એક વાર એમ વાત ચાલી કે સરકાર હુકમ કરે તેટલો 'લાઇસન્સ ટૅક્સ' ધંધાદારી લોકપર નાંખવાની મામલતદારોને તાકીદ થવાની છે. "હિંદમાં બહોળા કુટુંબના ખ્યાલથી, કે બીજી દૃષ્ટિ કોણથી પણ 'ઇનકમટેક્સ' કેટલીક રીતે અણઘટતો હતો એ મારી સંપૂર્ણ ખાતરી

હતી. સ્વાર્થત્યાગની સમાનતા (Equation of sacrifice)ના ન્યાયને અનુસરીએ તો કુંડી બંધ બાળગોપાળનું પોષણ કરતો આદમી, વાંઝીયા જેટલું જ શા માટે આપે એ મારાથી સમજાતું નહિ. બન્નેની આમદની તો સરખી પણ તેમનો સ્વાર્થત્યાગ સરખો ગણાય? પહેલા પાસેથી એક કોડી માત્ર પણ ઓછી લેવાય તો તે કૃતાર્થ થાય; બીજાને તેથી શું ફરક પડે? વળી તેની સાથે એમ પણ મને સ્પષ્ટ લાગતું કે ઇંગ્રેજી અમલને લીધે ધંધાવાળાઓનાં નાણાંની સૃષ્ટિને તે કરતાં વધારે સ્થિતિ સધાયલી, તેથી તેના બદલામાં સામ્રાટ્ ખજાનામાં કાંઈ આપવું જોઇએ, તે 'લાઇસન્સ ટેકસ' સિવાય બીજી કઈ રીતે લઈ શકાય? આ ઉપરથી જો કે મને આ વેરો પસંદ ન હતો છતાં એ અન્યાય ભરેલો તો ના જ કહેવાય. લોકો પોતાની પાસે કેટલી પુંજી છે તે વાત છુપાવે; હિસાબ ખોટા આપે; સો જુઠાણાં બોલે; સત્યવાદી ઘટતું આપે; જુઠો બચી જાય. એકને પાપે સો દંડાય એ ન્યાયે સૌના ચોપડા જુઠા મનાય, ને ઘણાક જ્યારે કમતી વેરો આપે ત્યારે થોડાકને ગજા કરતાં જાસ્તી આપવો પડે. નીતિશાસ્ત્રનો એવો નિયમ છે કે જેથી સેંકડોને ઇન્સાફનો લાભ મળે પરંતુ એકને પણ ગેરઇન્સાફનો ત્રાસ ખમવો પડે તે વિશેષ પીડાકારક ગણાય છે, સમાજ સન્મુખ વધારે ચર્ચાય છે, ને દુઃખદાયક ગણાય છે. તેથી જ્યારે મેં સાંભળ્યું કે લોક ઉપર જોર જુલમથી વેરો નંખાવવાનો અને તે વસુલ કરવાનો હુકમ મામલતદારોને મળવાનો એટલે મેં મ્હારી નોકરીનું રાજીનામું તૈયાર કરી રાખ્યું ને દૃઢ નિશ્ચય કર્યો કે હું તો તે હુકમ વિરુદ્ધ પડવાનો જ. હું જ્યાં ફરું ત્યાં ગજવામાં રાજીનામું સાથે ખરું જ. મને તે વેળા ભાન નહિ કે ચાર સંતતિ પેટે છે, બાપદાદાનાં કાંઈ નાણાં નથી, ઉમર આધેડ થઈ છે, નોકરી છોડીશ તો કરીશ શું? રાજસી પ્રકૃતિ પરિણામ ઉપર નજર નાંખતી નથી, એની સન્મુખ તો સાધ્ય, જે મૂર્તિમંત ઉભું રહેલું હોય છે,

તે તેની સર્વ શક્તિઓ તેની તરફ જ પ્રેરાયલી રાખે છે. એટલું તો ખરું કે અંગ્રેજ લોકની ન્યાયપરાયણતા વિષે મને બહુ ઉંચો ખ્યાલ હતો. ઊણું ઊણું કદાચ એમ પણ થયું હશે કે મારું રાજીનામું મંજુર જ નહિ થાય, કેમકે હું ખરો હતો ને હુકમ ઇન્સાફની વિરુદ્ધ હતો. 'ઘઉં ખેતમેં બેટા પેટમેં ઔર શ્યાદી વસંત પંચમીકી!' તરંગો શું ત્વરાયમાન ઉડે છે? રોજર્સ સાહેબ ડીસ્ટ્રીકટમાં આવ્યા. હું હોપ સાહેબનો 'આવર્દો' (protege) ગણાતો, ને તેમને હોપ સાહેબ જોડે અણબનાવ હતો. એમ કહીયે તો ચાલે કે હોપ સાહેબના મનમાં તેમને માટે ઉંચો અભિપ્રાય ન હતો, ને તે વાત કદિ ગુપ્ત રાખતા નહિ. આથી મેં તો એ જ નિશ્ચય કરેલો કે આ હાકેમ મ્હારા કામમાં ખોડ ખાંપણ જ કહાડવા તૈયાર હશે. મારું ધારવું કેવું ખોટું પડયું? રોજર્સ સાહેબ સાત્વિક પ્રકૃતિના, વિદ્યાવિલાસી, સજ્જન પુરુષ હતા. તેમનો ફારસી ભાષાનો અભ્યાસ વિસ્તીર્ણ કહી શકાય. હિંદુ ધર્મ બાબત તેમણે ઉંડું નિરૂપણ કરેલું, ને તેમનું હૃદય નિર્મળ, વાત્સલ્ય ભાવનાવાળું હતું. વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, રોજર્સ સાહેબનું બે વર્ષ ઉપર જ દેહાંત થયું. "મારા કામથી પ્રસન્ન થઈ રોજર્સ સાહેબે ભલામણ કરી કે ચાંચવા પાવડાનું (pioneer) કારોબારી કામ જ્યાં કરવાનું હોય ત્યાં મને મોકલવો."

"આ સમયે હમારું કામ તો મરાઠા લોકોએ દરોડા પાડેલા તેથી નીવડેલી હાનિ દુરસ્ત કરવાનું હતું." મી૦ બેન્સ લખે છે કે દામાજી ગાયકવાડ પોતાની સત્તા મજબૂત કરે તે પહેલાં દેવલોક પામ્યો.*

---

* 'The thin crust of Maratha domination rapidly disappeared before it was either assimilated into the system of the province or hardened over it. A military occupation of a large and civilised district, at a distance from the mother country, and prevented by the jealousy of the central authority, and the short-

એક ઉંદર જેમ ફુંક મારી માણસને કરડી તેનું લોહી પીએ છે, તેમ ભરુચ વિગેરે તો માત્ર ચુસાયાં પણ અમદાવાદ અને નડીયાદ તો પાયમાલ થઈ ગયાં. એક તરફથી કાંતાજી લુંટે તેને હાંકી કહાડવા પિલાજી નહોતરાય. 'બકરું કહાડતાં પેસે ઉંટ'–તેમ આ નવીન અભ્યાગત તો બધી જ લીલોતરી સ્વાહા કરી ગયા. કડવો લીમડો પણ ન છોડ્યો! હિંદની આ વાડી વેરાન થઈ ગઈ. પોતે દેવગઢ બારીયા પહેલ વહેલા ગયા તો ગામડાંમાં લોકને ઘેર પીત્તળ કે ત્રાંબાનું એક વાસણ સરખું ન મળે! રાચરચીલું સર્વસ્વ લુંટાઈ ગયેલું. ધાર અને દેવાસના આંગણામાં આવેલો આ અરક્ષિત ભાગ ખાખા વીખી થઈ ગયેલો, ને લોક લુંટાવવાના ભયને લીધે કાંઈ પણ નાણું એકઠું થાય કે તે વખતે પણ દાટી દેતા, ને ચાલતા આવેલા રીવાજ પ્રમાણે ઠીકરાંનાં વાસણમાં ખાતા, ને લીંપેલાં ઘરમાં વસતા. સર જૉન માલ્કમ કૃત 'સેન્ટ્રલ ઇન્ડીયા' નામના પુસ્તકમાં આ સ્વામી વિનાની અંધાધુંધીનો તાદૃશ ચિતાર આપ્યો છે. તે બતલાવી પોતે કહેતા કે 'મરાઠાના રાજ્યથી મુસલમાનોનો અધિકાર સો દરજ્જે

---

sightedness of those in charge of its exploitation, from either conforming itself to the elements it found already established, or absorbing the vital forces of the government it dispossessed—a System without the breath of life, without elasticity, without the capacity of self-direction, imposed bodily upon a foreign people, without even the care of preparing a foundation—such seems to have been the Maratha government containing within itself all that was necessary to ensure a precarious, but while it lasted, an oppressive existence.'

સારો. કોઇવાર ધૂને ચઢે તો ધરતીરૂપી ગૌની હત્યા કરે પણ સાધારણ રીતે તો તેને સુશોભિત રાખે. રીતસર દોહય ને તેને ખાવાને પુરતું આપે. પણ મરાઠા તો તીડનાં ઝુંડ જેવા ઘાસપાન જ ખાઈ જાય. પછી ગાય દુબળી થાય ને દૂધ દેતી બંધ પડે. એમણે કશું સ્થાયી કર્યું નહિ. લોકના હૃદયમાં સામ્રાજ્ય સ્થાપવાનો કાંઈ પ્રયત્ન આદર્યો નહિ. દક્ષિણમાં જે કર્યું હોય તે ખરું, પણ ગુજરાતમાં તો મારતોડ, લુંટફાટ સિવાય બીજું કાંઈ કર્યું જણાતું નથી." મારા માતામહ, કાઠીઆવાડની ઉઘરાણી કરવા નીકળેલા. વિઠ્ઠલરાવ દીવાનની, એક કહાણી કહેતા જે ઉપરથી આ જમાનાના અધિકારીઓની ગર્વ લાગણી સ્પષ્ટ પ્રદર્શિત થતી. "મેજરવૉકરને હુકમ મળ્યો હતો કે ગાયકવાડના દીવાન ખંડણી ઉઘરાવવા કાઠીઆવાડ જાય ત્યારે સાથે રહેવું–મદદ આપવી. એક વેળા દરબાર ભરાયો હતો ને ગાદી ઉપર ગર્વિષ્ઠ વિઠોબા બેઠા હતા, એટલામાં વરદી આવી કે વૉકર સાહેબ આવે છે. એક ધાંધલીઆ હવાલદારે દોડીને ખુરસી ત્યાં મુકી. મેજર દશ કદમ દૂર હતા તેવામાં આ ખુરસી પોતાના સ્હામી મુકાયલી જોઈ વિઠોબા રાતાપીળા થઈ ગયા ને આરડ્યા 'માઝી છાતીપર ઠેવા!' ખુરસી ત્યાંથી હઠી ગઈ ને મેજર સાહેબ જરા પણ મ્હોં કટાણું કર્યાં વિના જમીનપર બેઠો, વાતચીત કરી વિદાય થયો. તેની આસપાસ ઉભેલા અધિકારીઓએ સાહેબની સહનશક્તિનાં ઘણાં વખાણ કરી કહ્યું કે ગર્વ રાજા રાવણનો નથી રહ્યો. મરતાનાં આ તરફડીયાં છે બાકી ફોજી અમલદારને ભોંય ઉપર બેસાડી અપમાન કરવાની કશી જરૂરત ન હતી."

ધંધુકેથી પોતાની દેવગઢ બારીએ 'આસિસ્ટંટ પોલીટીકલ એજન્ટ'ના પદ ઉપર બદલી થઈ. બારીયાનાં પાલીયાં પાણી સહેવા પ્રસંગ આવ્યો, પણ પોતાના પિતાની માફક ન્યાતનાં 'મુફતે માલદિલ બે રેહમ' મિષ્ટાન્ન ખાધાં ન હતાં કે જેથી જંગલી ઝેરને જેરવી શકાય! પોતાને શરદૃઋતુનો તાવ (Malarial fever) લાગુ પડ્યો ને પાછલા

વખતમાં પગે ખરસવું થયેલું. પરોપજીવી (parasite) જંતુના પ્રવેશથી આ દરિદ્રી રોગ થાય છે. જોડા પણ પગે પહેરાતા નથી. આ ઉપદ્રવથી પગ સુજે છે ને માંહે તનખા નાંખે છે. ડાબા પગની ઘુંટી આગળ સખ્ત થયેલી ચામડી છેલ્લે લગી રહી, ને પોતે ખુશમિજાસથી એની તરફ દૃષ્ટિ કરી કહેતા કે 'એ તો બારીયાનું મડું વળગેલું છે.' અહિં ટાઢ અને તડકો અતિશય જણાતો. જંગલ ગીચ હતું તેને આછું કરવાનો પોતે બંદોબસ્ત કર્યો. રાજા પ્રજાના હક્કને મુકરર કર્યા. બહાર ખળી જમીનની માપણી કરવાની અગત્યતા પોતાને જણાઇ નહિ. ભાયાતોને મારી, રાજાની તીજોરી ભરવી એ પોતાને પસંદ ન હતું. પડતર જમીનપર નવા ખેડુત વસાવવાના હતા. કણબી, કાછીયા ઉત્તમ ખેડુત વર્ગમાં અને કનિષ્ઠ વર્ગમાં ત્યાંના જંગલી લોક ગણાતા. બન્નેને માટે એકસરખું મહેસુલ રાખવું વાજબી ન લાગવાથી કોમ વાર મહેસુલ મુકરર કરેલું. પોતે કહેતા કે "મને અનુભવ સિદ્ધ થયું છે કે નીચલા વર્ગના લોકનું જીવન સહેલું કર્યું કે તે આળસુ થવાના. મહેસુલ જો કમતી નાંખ્યું તો જંગલી કોળી ખેડુતો પોતાના પેટીયાં જેટલું કાઢી બાકી રસળ્યાં કરવાના. એમના ઉપર સખત મહેસુલ હોય તોજ તે વધારે મહેનત લઈ ખેડે છે, જમીનને વારે વારે છોડતા નથી, ને વીંઘોટીથી પાક બમણો પેદા કરે છે. જેમ જેમ જંગલીપણું ઓછું થતું જાય છે, જરૂરીઆત વધે છે, તેમ તેમ આ પ્રાણી પણ સુધરે છે. એના ઉચ્ચપદ પ્રાપ્ત કરવાના પ્રયત્નપર અમી દૃષ્ટિએ ભાળવું, ખરાબ વરસ આવે ત્યારે વારંવાર છૂટ મુકતા જવી જોઇયે." બારીયાના રાજા (સ્વ. માનસિંહજી) તે વેળા સગીર હતા. રાજમાતા માજીરાજબા ભલાં, ભોળાં હતાં; પણ તેઓ મોતીબા કરીને એક રજપૂતાણીના હાથમાં નાચતાં. રજપૂતાણી પોતાના જીવનની એક જ અવસ્થા માન્ય કરે છે ને તે રાજમાતાનીજ. રાણી તરીકે તો અનેકમાં એક: હમેશ પ્રતિસ્પર્ધીનો ભય, વય તથા સૌંદર્ય ક્ષીણતાનો ત્રાસ; પણ રાજ-

માતા તરીકે તો એને એકલીને હુકુમત ચલાવવાનો વારો આવે છે. બીજી રાણીઓને રાજાના મૃત્યુથી ગમે તેટલો ભય, ગમે તેટલું દુઃખ થાય પણ પાટવી કુંવરની માતા તો વૈધવ્યને પોતાના અધિકારની એક વિભૂતિ સમજે છે. પોતાને હાથમાં લેવાની મોતીબાએ ઘણી કોશીશ કરેલી. જર, જોરુ, ને જોબન આ ત્રણથી ન છળે એવો પુરુષ મોતીબાના આજ સુધીના ટુંક અનુભવમાં કોઈ નહોતો આવ્યો. તેથી તે આખરે થાકી. રાજપીપળાના રાજા વેરીસાલજીનાં પુત્રી જોડે માનસિંહજીનાં લગ્ન પોતે કરાવેલાં. પોતે કહેતા કે સરકારી અમલદારોને શરપાવ લેવા બાબત મેં આ વેળા સવાલ છેડેલો, ને નક્કી ઠરાવ્યું કે જે કાંઈ કન્યા પક્ષ તરફથી મળે તે ખજાનામાં દાખલ થાય. આ કાયદો હલકા નોકરીયાત વર્ગને લાગુ નહોતો કર્યો. મારાં માતુશ્રી બારીયાની જંગલી હાલત બાબત ઘણી વાતો કહે છે. ઘરની સામે જ ડુંગરા તેમાં સાયંકાળે વાઘ જાણે રોન ફરવા નીકળેલા સીપાહો માફક ઘૂમતો જણાય. આદમખોર ન હોવાને લીધે મનુષ્યને મારતો નહિ તોપણ ‘એખલડોખલકા અલ્લા બેલી’ એમ ધારી કોટ બહાર સાયંકાળે કોઈ જવાની હીંમત ચલાવતું નહિ. બારીયામાં કાંઈ પણ તોહફા (નવાઇની) ચીજ હોય તો મક્કાઈ! માનસિહજી સ્વભાવે શાંત, પ્રેમાળ, થોડા બોલા, પણ ચુસ્ત ક્ષત્રિ ધર્મના અનુયાયી હતા. શીકારનો બેહદ શોખ. મોજશોખપર બીલકુલ અભાવ ને પ્રજાપર રહેમ નજર જ્યાદે. એમના અકાળ મરણની ખબર આવેલી ત્યારે પોતાને બહુ દુઃખ થયેલું. ઇ. સ. ૧૮૭૫ ના માહ મહિનામાં મારાં જ્યેષ્ઠ બહેન હરસિદ્ધાગૌરીનું લગ્ન સાડાતેર વર્ષની વયે સ્વ. ડો. બટુકરામ જોડે કરેલું. આ લગ્ન ભાગ્યશાળી નીવડેલું, ને મારા પ્રિય પિતાનો જે પ્રેમ, પૂર્ણ પક્ષપાત, પોતાની જ્યેષ્ઠ આત્મજાપર હતો તે જમાઈરાજ ઉપર પણ કાયમ થયો. ડો. બટુકરામ સુરતવાસી નાગર બ્રાહ્મણોમાં પહેલા દાકતર હતા. કોઈ એક લેભાગુ શીઘ્ર કવિએ ગાયેલું “વિલાયત જઇને પાસ થઈ આવ્યા દાકતર

બટુકરામભાઇ" તે આજ કારણથી કે દાકતરનો ઇલકાબ તે તો વિલાયતથી પાસ થઈ આવ્યાનેજ ઘટે! ડૉ. બટુકરામ, સર ટી. માધવરાવની કારકીર્દિમાં વડોદરા રાજ્યની નોકરીમાં જોડાયા, ને એમના અકાળ, શોકજનક મૃત્યુ લગી ઘણી નાફીશાની (સ્વાત્માર્પણ) સાથે ગાયકવાડ સરકારની નોકરી બજાવેલી. તેમને છત્રી મશાલનું અનન્ય માન મળેલું. મારા બન્ને ભાઇનાં ઉપવીત પણ આજ વેળા થયેલાં. આ ક્રિયા માત્ર નામની જ રહેત, પણ થોડા વખતમાં પોતાની બદલી જે સ્થળે થઈ ત્યાં વિદ્યોપાર્જનનાં સાધન નહીં હોવાથી મારા બંને ભાઇઓને ભાવનગરમાં મારા માતામહ સર ન્યાયાધીશ હતા ત્યાં મોકલી દીધા ને ત્યાં જ તેઓ ઇ. સ. ૧૮૮૨ લગી રહ્યા. મ્હોસાળમાં ચુસ્ત બ્રાહ્મણની રહેણીકરણી તે બંનેને આદરવી પડેલી.

દેવગઢ–બારીયાથી લુણાવાડે પોતાની ઇ. સ. ૧૮૭૫ના માર્ચ મહિનામાં બદલી થઈ. પોતે કહેતા હતા કે દેશી રાજ્ય જ્યાં લગી પોતાની જૂની રહેણીકરણી બદલે નહીં ત્યાં લગી સપક્ષ પ્રધાનપણું જ શકય છે. તે પોતાને પસંદ નહિ હતું. આથી પોતે પ્રતિજ્ઞા લીધેલી કે રાજાના તાબામાં રહી કદી પ્રધાનપણું કરવું નહિ. પોતાની તમામ નોકરી એડમીનીસ્ટ્રેશનમાં જ ગયેલી. લુણાવાડાની સાથે સુંથરામપુર સંસ્થાનનો પણ અધિકાર પોતાની પાસે હતો. પોલીટીકલ એજન્ટ ગોધામાં રહેતા ને પોતે નાયબ પોલીટીકલ એજન્ટ તરીકે લુણાવાડા અને સુંથ બંનેમાં પૂરા અખ્તીયારથી કામ કરતા. આ વેળા પગાર સાડી ચારસેં રૂપીઆનો મળતો હતો. તે વખતે સોંઘવારી વિશેષ, મુલ્ક જંગલી, વૈભવની ચીજ મળે નહિ તેથી ખામુખાં ખરચ ઓછો થતો. લુણાવાડા, ડાકોરથી પગરસ્તે જવાતું. રસ્તો કઢંગો ને લાંબો હતો.

લુણાવાડા અને સુંથ બન્ને સંસ્થાનના રાજા, વખ્તસિંહજી અને સ્વ. પ્રતાપસિંહજી તે વેળા સગીર હતા. બન્ને વિવેકી, લાયક, પ્રેમાળ ને કુશાગ્રબુદ્ધિના ગણાતા. રાજકુમાર કોલેજમાં ભણતા હતા. પ્રતાપ-

સિંહજી બીચારા ઇ. સ. ૧૮૯૬માં મરણ પામ્યા. વખ્તસિંહજીનો પ્રતાપ લુણાવાડા ઉપર હજુ અવિચળ છે. લુણાવાડામાં પોતે પાંચ વર્ષ રહ્યા ને મારાં માતા પિતા બન્ને કહેતાં કે આ મધ્યાન્હનો સમય તેમનો અત્યુત્કૃષ્ટ સુખ, સંતોષ અને શાંતિથી ભરેલો હતો. લુણાવાડાનાં હવાપાણી સારાં હતાં. મારાં માતુશ્રીને ફરવા હરવાની છૂટ હતી. પોતાને કામ તો ઝાઝું હતું પણ મનપસંદ અને કોઈ બીજાની દખલ નહિ તેથી એકાગ્ર ચિત્તે કામ પણ થતું. "મારું શરીર લુણાવાડામાં સારું ભરાઉ થયેલું, મારી કામ કરવાની શક્તિ તેજ પામેલી. મેં આ દરમીયાન જુદા જુદા વિષયોપર ઘણાં પુસ્તકો વાંચેલાં. પુરાણા સંસ્કારો તાજા કરેલા." ઇ. સ. ૧૮૭૮ની ૮ મી જાન્યુઆરીને દિને મારી બીજી બ્હેન સુલોચનાનો જન્મ થયો. મારા બીજા ભાઈ મનુભાઇનો આબેહુબ નમુનો; તીક્ષ્ણતા, કુશાગ્રતા, લખલખાટ ને મોહિનીમય કાંતિ ન્હાનપણમાં મેં કદિ જોઈ હશે તો એમનામાં જ. વિલાયતમાં જ્યારે મેડોના સીસ્તીનની રફાયેલની ચિત્રેલી મેં તસ્વીર જોઈ ત્યારે મારી પ્રેમ-પરાયણ સુલોચના બ્હેન—જેને પોતે લાડમાં 'સુસી' કહેતા હતા—ની મુગ્ધાવસ્થાનું મુખ સચોટ યાદ આવેલું. ઈ. સ. ૧૮૭૯ ના ઓગસ્ટ માસની ૧૨ મી તારીખે, શ્રાવણ મહિનામાં, મારી ત્રીજી બ્હેન બહુવિદ્યા જન્મેલી. મારાં જ્યેષ્ઠ બ્હેન ઉપર તે પડેલી. તેમની જ શાંતતા, તેમનું જ ગાંભીર્ય. "સર્વ મનરંજક" કોઈ હોય તો તે આ મારી ત્રીજી બ્હેન, જેને લાડમાં પોતે "ચીચ" કહેતા. તે ન્હાનકડી હતી તેથી 'you little thing' નો ખ્યાલ જોતાં વારને જ આવતો! પહેલી સ્પષ્ટ વક્તા તો બીજી મધુરભાષિણી: આ બન્ને બ્હેનના સમાગમમાં હું ઘણીવાર આવેલો તેથી હમારો પરસ્પર સ્નેહ ઘણો ગાઢો હતો.

ઇ. સ. ૧૮૭૭ માં જ્યારે મહારાણી વિકટોરીઆએ 'કયસરે હિન્દ'નો ઇલકાબ સ્વીકાર્યો તે પ્રસંગે દિલ્લીમાં ભરાયલા દરબારમાં રેવાકાંઠા સંસ્થાનના રાજાઓને તેડી બાર્ટન સાહેબ ગયા ત્યારે બે મહિના

કામચલાઉ પોલીટીકલ એજન્ટની જગ્યા પોતાને મળી હતી. તે સમયે વડોદરામાં 'એજન્સી'ના મકાનમાં પોતે રહેવા આવ્યા હતા. ઇ. સ. ૧૮૭૮ની સાલમાં પણ એક મહિના લગી આ જગ્યાપર નિમાયલા. બાકીનો વખત લુણાવાડા ને સુંથમાં જ ગાળેલો. રાજા પ્રતાપસિંહજીનું ઉપવીત, મ્હારી માતુશ્રીએ જ રાજમાતા તરીકે ઉજવેલું. રાજાના મહેલમાંથી વિધિ સમાપ્ત થયે તે ઘર તરફ પાછી આવતી હતી તેવામાં ડુંગરી રસ્તામાં બળદ ચોંક્યા, શગરામ લઈ નાઠા. પથ્થરપર પૈડું ચઢી ગયું ને ગાડી ખાડામાં પડી. કપાળમાં ને ઘુંટણે સખત ઇજા થઈ. વ્હેમી લોકોએ કહ્યું કે રાજાજીની ઓરમાન માતા ભૂત થઈને ભમતી રહેતી તેણે ગાડી ઉથલાવી મૂકી! આ વ્હેમપર કોઇએ લક્ષ આપ્યું નહિ. ચાંપતા ઉપાય કર્યા ને બે મહિના બાદ તે ભયમાંથી બચી. હજુએ એના વિશાળ ભાળ ઉપર આ ઘાનાં ચિહ્ન છે. પાંચ વર્ષના સમય દરમીયાન બન્ને રાજાજીનાં લગ્ન પણ પોતાને જ હાથે થયાં. રાજ્ય દરબારમાં વિરાજે એવી મ્હારી માતુશ્રીની કાંતિ, હોંસ અને રસજ્ઞ વૃત્તિ આ વેળા પ્રદર્શિત થઈ. ભાયાતો, મહાજનો તરફથી કુલેકાંઓ થયાં. છેલ્લું પોતાના તરફથી કુલેકું કરી વરરાજાને ચાંલ્લા કરી વિદાય કર્યા. પોતે જાનની સાથ ગયેલા ને મારા બન્ને ભાઈ પણ સાથે ગયેલા. વખ્તસિંહજીનાં લગ્ન વાંસવાડાના ભાયાત ખાંધુના રાજાની પુત્રી વેરે થયાં. ત્યાં જવાનો રસ્તો વિકટ, તથા મોસમ ગરમીની હતી. રસ્તામાં ચોર લુંટારાનો ભય પણ ઘણો હતો. સાથે પોલીસ વગેરે રક્ષકોનો બંદોબસ્ત સારો રાખેલો છતાં પણ એક વખતે સામાનના ગાડાંની સંઘમાંથી છુટા પડી એક ગાડું આગળ વધતું હતું તેનાપર લુંટારા તુટી પડ્યા, તીરથી એક માણસ ઘાયલ થયો. તેમાંના બીજા માણસોએ હાંફલા ફાંફલા મુકામે દોડી આવી હકીકત કહી એટલે ભાયાતો તથા સ્વારો ભાલા બંધુક વગેરે શસ્ત્રોથી સજ્જ થઈ ધસ્યા–લુંટારા તો ન્હાસી ગયેલા

એટલે ખાલી બાર કરી સઘળા પાછા આવ્યા. આ બનાવ શિવાય બીજો કોઈ નોંધવા સરખો બનાવ બનેલો નહીં. માત્ર પાછાં ફરતાં અણાસ નદી ઓળંગ્યા પછી સ્વારીમાં કોલેરાના દુષ્ટ રોગે દેખાવ દીધો ને તેમાં બીચારા ગાડાવાળા, સુરતથી આવેલા વાજાંવાળા વગેરે ભોગ થઈ પડ્યા. ત્યાર પછી બીજે જ વર્ષે, એટલે ઈ. સ. ૧૮૭૯ના જાન્યુઆરી માસમાં, સુંથના રાજા પ્રતાપસિંહજીનાં લગ્ન, મોટા ઉદેપુરના મુખ્ય પટાવટ સલુમભરાના ભાયાત બંબોરાના ઠાકોરની પુત્રી વેરે થયાં. તે સમયે પણ પોતાની સાથે મારા બંને બંધુઓ ઉપરાંત તેમના સહાધ્યાયી સગાઓ (રા. ઠાકોરરામ તથા વસુધરરામ) પણ ગયેલા. ત્યાં જવાનો પણ રસ્તો વિકટ, પણ આ પ્રસંગે સમય થંડીનો હતો. એથી એતદાલ (સમશીતોષ્ણ) હવાના અનુભવી સુરતવાસીઓને થંડી વિશેષ લાગેલી. મીરઝાં યાહ્યા નામનો, પોલીસ અમલદારનો છોકરો, પણ સાથે હતો. બંબોરેથી પાછાં ફરતાં પેહેલે દહાડે છેક રાત પડી ગયલી. ટાઢ તો કહે મ્હારું કામ. તેવે પ્રસંગે તેણે તો ફક્કડ જામદાનીનો અફ્કડ અંગરખો પહેરેલો. તે રાતની મુસાફરીમાં તો ઠુંઠવાઈ ગયો, ફીક્કો પડી ગયો. તળાવને કિનારે મુકામ. ટાઢ એવી કે બહાર મુકેલું પાણી પણ ઠરી જાય. આથી ચારો તરફ તાપણાં સળગાવી વચમાં તે છોકરાને મુકયો; કલાકેક બાદ તેને હોશકોશ આવ્યા. પોતે રૂઇ-દાર 'ઓવરકોટ' પહેરતા ને ઘોડાના ટાંગામાં ફરતા. પ્રતાપસિંહજીના લગ્નમાં કુલેકાંને પ્રસંગે હાથીના મહાવતના જુઠાં અભિમાનને લીધે ભારે અકસ્માત્ થતો બચી ગયો. કન્યાવાળાના મંડપનું દ્વાર આવે તે પહેલાં એક છોબંધી દરવાજો પસાર કરવાનો હતો. રાજાજીની સાથે મ્હારા બન્ને ભાઈ ઉંચા હાથીપર બેઠેલા હતા. માહવતે કહ્યું કે આ-ટલા દિવસ માલિકનું નમક ખાધું છે, હાથીને તાલીમ આપી છે, તે વરરાજાને જમીન ઉપર ઉતરવાનો વારો નહિ આવવા દઉં, ને હાથીને ઘુંટણીએ પાડી દરવાજાની બ્હાર હાંકી લઈ જઇશ. પોતે

ધણીએ આનાકાની કરી પણ મહાવત પગે પડ્યો કે ગરદન આપું, જો ખમ્મા મહારાજાને! કાંઈ પણ ઇજા થાય તો! હાથી ઘુંટણીયે પડ્યો, હુંકારાયો, ને તે થોડુંક આગળ પણ વધ્યો. એટલામાં એનાં ઘુંટણ ઘવાયાં કે શું? તે દરવાજાની મધ્યમાં પ્હોંચ્યો કે તેણે તો ઉઠવા માંડ્યું. ઉઠત તો અંબાડીનશીન ત્રણે વ્યક્તિનો રોટલો થઈ જાત! હો! હો! થઈ ગઈ! ભાલા પાછળથી પડ્યા, આગળથી અંકુશ વાગ્યા, ને હાથી એક આંચકો મારી આગળ ગયો ને ઉભો થઈ ગયો. અંબાડીનો પાછલો ભાગ કચડાઈ ગયો. એક તસુ ઓછો આગળ વધ્યો હોત તો શાં પરિણામ આવત! હાથીના મ્હાવતને ઇનામ આપ્યું તો ખરું પણ તે જ્યારે શરપાવ માંગવા આવ્યો ત્યારે પોતાના મનની જે લાગણી થયેલી તેનું વર્ણન કરતાં પોતે કહેતા કે 'મ્હને એને જનમ ટીપની સજા કરવાનું મન થયેલું.' કરણઘેલાના પુસ્તકમાંના શબ્દમાં "જેને સાહેબ રાખનાર તેને કોણ મારી શકે," એવું થયું. ખીજરખાનને બચાવનાર માધવ આવ્યો તેમ અહિં વડીલનાં સુકૃત આડે આવ્યાં.

લુણાવાડા સંસ્થાનમાં જમીનનું મ્હેસુલ નક્કી કરવાની જરૂર હતી. 'સર્વે અને સેટ્‌લમેન્ટ'ના કામનો એમને પૂર્વે કાંઈ અનુભવ થયેલો નહીં. તે કામ કરવા માટે સરકાર તરફથી મી૦ હોલ નામના અધિકારીને નીમવામાં આવ્યો હતો. હોલ સાહેબ શરીરે ઘણા જ ભારે હતા. ગરમીની અસરથી એમનું મગજ ચસકી ગયું અને તેમને 'ફર્લો' લઇ સ્વદેશ જવું પડ્યું. તેને બદલે બીજો અધિકારી નહીં નિમતાં તે કામ પોતાને સોપવામાં આવ્યું. સર થીયોડોર હોપ સાહેબ તેમના પત્રમાં લખે છે:—

"I had frequent occasions of meeting and conversing with him. He was a distinguished Mathematician, so I entrusted him with the putting into shape, and translating or digesting for abridgment the

Manual of Surveying based on the text book of Triognometrical Survey of India, which I published as a part of the Gujarati series. I believe it was for a long time used in that Department and in the Revenue Survey, by persons in training for employment" આ જ્ઞાન અમલમાં મુકવાનું હવે પોતાને કામ આવ્યું. અહિં તેમણે સામાન્ય દર લાગુ ન પાડતાં કોમવાર દર દાખલ ર્ક્યો. સરકારી રીપોર્ટમાં પોતે લખેલું કે 'if a uniform system of rates be adopted for kunbi and kolie villages the pressure of the assessment may be found too heavy except under the careful system of husbandtsy, in which the former castes are adepts and the latter deficient.' પણ આ સૂચના નહીં સ્વીકારતાં ગવરમેંટે (સરકારે) કણબીનો દર ઘટાડ્યો, કોળીઓનો વધાર્યો ને સામાન્ય દર નાંખવા સૂચવ્યું. આગળ જતાં ગવરમેંટને પોતાની ભૂલ માલૂમ પડી હશે. હાલમાં ઉત્તર હિંદુસ્તાનમાં કુર્મી અને કાછીઆઓના મહેસુલ દર કરતાં નીચા વર્ણને માટે દર કમતી રાખવામાં આવે છે. બહાર ખળીનાં ગામડાંની માપણી કરવાની ધાંધલ અહિં પણ પોતે ન આદરી. રીપોર્ટની નજરસાની (review)ની આખરે બધી ભલામણ મંજુર કરવામાં આવી. સરકાર તરફથી નીચેનો ઠરાવ નોંધાયેલો. The commendation of Government should be conveyed to Mr. Nandshankar for the careful and complete manner in which he has sent in his proposals.

24-7-1875

C. Gonne.

Chief Secretary to

Bombay Government.

તેજ પ્રમાણે તા૦ ૩૧ મી ઓકટોબર ૧૮૭૬માં સરકાર તરફથી નીચેનો ઠરાવ લખાઈ આવ્યો. The careful way in which Mr. Nandshankar has drawn up his report is creditable to him. લુણાવાડાની જમાબંધીનો ખર્ચ રૂ. ૩૮૦૯–૪–૯ ને સુંથનો ખર્ચ રૂ. ૨૯૩૫–૮–૨ આવ્યો, અને તે ખર્ચે આખા રાજ્યમાંની જમીનની 'સર્વે' સમાપ્ત થઈ. પોતે ઘરમાં કરકસર કરતા નહિ, તેટલી રાજ્યકારભારમાં કરતા. સોળ આનાને વીસ આના બરાબર ચાલતા કરવા એવી જ નીતિ રાખવી જોઇએ. પોતે કહેતા કે "હું તપાસણી કામદાર જેવો વચગાળાનો અમલદાર એક પણ રાખતો નહિ. સ્થાનિક કામદાર અને મ્હારી વચમાં એક ત્રીજો નાણાં ઉચાપત કરનાર, કનડનાર, કામ વધારનાર, ને ભાગ્યેજ સાચી ભૂલ બતાવનાર વચગાળીઓ અમલદાર રાખતો નહિ. આથી નિગાહબાનીનો ખર્ચ ઘણો જ કમ રહેતો. સ્થાનિક મનુષ્યપર ભરોસો, યોગ્ય જાપ્તો ને પુરતો પગાર આ ત્રણ બાબતો હું રાખતો. મારે કામ ઝાઝું કરવું પડતું પણ પ્રજાનું રક્ષણ થતું." પોલીટીકલ એજંટે જે રીપોર્ટ મોકલ્યો હતો તેમાં પણ આજ વિષય ઉપર વિવેચન હતું.

'The Superintendance of these operations has been conducted by Nandshankar Tuljashankar, the assistant in charge of the two states, and his report will show, how rapidly the work has progressed under his auspices. The entire cost of the survey and settlement operations during the year has been Rs. 3809–4–9. and I trust the Government will consider that Mr. Nandshankar is deserving of credit for the despatch and economy disclosed by his report. (letter to C. Gonne Esquire, Chief Secretary, No. $\frac{1266}{160}$ dated 26–12–1875.)

ઇ. સ. ૧૮૭૭ ના દિલ્લી દરબારને પ્રસંગે પોતાને 'રાવ બહાદુર'નો ખીતાબ તથા ચાંદ મળ્યો. લુણાવાડાના રાજા સાહેબને ગાદીનશીન થવાનો પ્રસંગ નજીક આવ્યો. સગીર વયના રાજાને યોગ્ય વયે પ્હોંચતાં રાજ્યનો સ્વતંત્ર અધિકાર સોંપતાં પેહેલાં રાજ્ય કારભારનું વ્યાવહારિક જ્ઞાન મેળવવા માટે પ્રત્યેક રાજાને એક વર્ષ પર્યંત પુખ્ત, અનુભવી, સરકારી અમલદારને હાથે તાલીમ લેવી પડતી. આ પદ્ધતિને સંયુક્ત કારભાર (Joint Administration)નું નામ આપવામાં આવ્યું હતું. લુણાવાડામાં આ શિક્ષણ પુરું થઈ ગયું હતું. તેથી પંચમહાલના પોલીટીકલ એજંટે સુંથમાં સંયુક્ત-કારભાર દાખલ કરવા અને રાજા સાથે સંયુક્ત કારભારીને નીમવા ભલામણ કરી. આ પ્રસંગે રેવાકાંઠાના પોલીટીકલ એજંટનો હોદ્દો પંચમહાલના કલેકટરના હોદ્દા સાથે જોડી દેવામાં આવ્યો હતો. મુલ્કી કામ કરવા સારુ આસિસ્ટંટ કલેકટર તો એક સિવિલિયન અમલદાર હતો જ પણ રાજકીય નાયબ તરીકે યોગ્ય પુરુષની નીમણુક કરવાની જરૂર હતી. તે વિષે સરકારમાં લખતાં મી૦ વુડવર્ડ સાહેબ નીચે મુજબ લખે છે.

" The assistant I ask for must be a thoroughly experienced and efficient officer, and such a man I should find in Mr. Nandshankar Tuljashankar, now in charge of Lunawada and Sunth States, and nominally Assistant Political Agent. I have the highest opinion of this gentleman's qualification. As Government are aware, he has done excellent service in Rewakantha. He is a highly educated man, possesses a thorough knowledge of all branches of administrative and judicial work, has served in various capacites under British Government, has passed with

credit the higher standard Examination-in short he is in my opinion capable of filling with credit any post that may be bestowed on a native gentleman. (Extract para 7 form the letter no 179 of the 28th January 1880 form the Collector and Political Agent Rewakantha to the Secretary Political Department, sent with Mr. Woodward's compliments). થોડા સમય બાદ નીચેનો પત્ર પોતાના ઉપર મોકલવામાં આવ્યો. 'Government have in their resolution, Confidential No. 956 of 28-2-1880, agreed to the Political Agent's proposals that Mr. Nandshankar should jointly administer the state of Sunth with the young Raja, from May next. Government have also, in the Resolution No. 910 of the 11th instant, on the revised establishment of the Panch Mahals and Rewakantha, recommended the appointment of a Political Assistant to the Collector and Agency. If the appointment is sanctioned then I can only reiterate my hope that Mr. Nandshankar may be gazetted to it. Government are fully aware of the very high opinioion not only I, but all my predecessors in this Agency, have of Mr. Nandshankar and I deem it therefore superfluous to recapitulate our esteem for him both as a gentleman and a public servant. (Extract para 7 of the letter No. $\frac{250}{20}$ of 18th March 1880. written by Mr. Woodword to the Secretary to Government Political Department).

સંવત ૧૯૩૬ ના શ્રાવણ વદ ૭ ને દિવસે પ્રાતઃકાળે રાજાજી વખ્તસિંહજીને ગાદીનશીન થવાનું મુહૂર્ત હતું. તે દિવસે પોતે ચાર્જ રાજાજીને સોંપી દીધો. પોતે કહેતા કે; **'जातो ममायं विशदःप्रकामं प्रत्यर्पितन्यास इवान्तरात्मा ।'**

લુણાવાડાને છોડવાનો વખત આવ્યો જોઇને ત્યાંની પ્રજાએ બહુ તરેહની દીલગીરી પ્રદર્શિત કરેલી. રાણી સાહેબે બહુ વિનય તથા આગ્રહ કરીને કહ્યું કે મારાં માતુશ્રીને લુણાવાડામાં રાખીને સુંથ જાઓ. સુંથનાં હવાપાણી બારીયાથી ઉતરે એવાં નહતાં. ગરમીની ઋતુ બુરી ગણાતી. પણ પોતે કુટુંબવત્સલ તેથી કુટુંબને લુણાવાડામાં રાખે ને પોતે સુંથ રહે તે બની શકે એમ નહતું. આથી આ વિવેકી નિમંત્રણ સ્વીકાર્યું નહીં. તે જ દિવસે વખ્તેશ્વર મહાદેવની સ્થાપના હતી. મારી શ્રદ્ધાવાળી માતુશ્રીને બહુ ઉમંગ હતો કે પ્રતિષ્ઠા ધામધૂમથી સમાપ્ત થાય. એવામાં જ રા. બા. ખુશાલરાયભાઈ તરફથી ખાનગી રીતે ખબર આવી કે કચ્છને માટે રીઝ઼સ સાહેબ તમારી માગણી કરી રહ્યા છે. કચ્છની હકિકત લખીને ટાંચણ ઉમેર્યું કે આપણે બધાને ત્યાં મુકરર થવાનું માલૂમ પડે છે. મારી માતુશ્રી કહે છે કે "હમારા દિલમાં જે અનિશ્ચિતતા હતી તે પ્રભુની કૃપાથી દૂર થઈ ગઈ. પોતે સુંથ ગયા. હું લુણાવાડામાં સામાન ઠીકઠાક કરાવવા રહી." ત્યાંના શેઠીયા—મોતીજાની, રણછોડ ભુધર, વિગેરે પોતાની મહોબત કદિ ભૂલ્યા નહિ ને જ્યાં પોતે હતા ત્યાં ભાવથી આવતા. ઈ. સ. ૧૮૯૬ માં કુમારશ્રી રણજીતસિંહજીનાં લગ્ન ઠર્યાં. પોતે સહકુટુંબ લુણાવાડા ગયા હતા. તે વેળાની રાજાજી ને રાણી સાહેબની પોતાના પ્રત્યેની લાગણી જોઇને મને ખ્યાલ આવેલો કે કેવા મુરબ્બી તરીકે પોતે પૂજાતા હતા. તે વેળા લુણાવાડામાં રા. દોલતરામ કૃપારામ પંડ્યા દીવાન હતા. તેમનો સહવાસ અમને સારો પડેલો. પોતાની કારકીર્દી બાબત તેમણે મને નીચે પ્રમાણે પત્ર લખ્યો છે. "The admi-

nistration of the state was handed over to the present Raja Saheb on the recommendation of your father. I did not succeed him but it so happened that many important reforms which your father had initiated, had to be completed by me. Besides, questions of great importance to the state on which he had prepared his minutes had also to be disposed of by me during my tenure of office. The work which he had accomplished during his term of office and which was accomplished on the lines laid down by him, when taken together forms a sum total of duties wisely and faithfully performed of which any body can become justly proud.

I particularly remember a case relating to the state's jurisdiction over a village called Lambho. The line of argument which your father had chalked out and which I had to adopt before the Border Court alone saved the village for the State, although I vividly remember that when I first presented it before the Court, I was ridiculed for adopting an untenable line of argument.

Your father was trusted by the Government, respected by the chief and his family and loved by the people. The impress of his work will long remain in the history of Lunawada if it ever escapes the fleeting memories of frail men."

સાગર સાથે લેણા દેવી પહેલેથી હોયની તે ઋણાનુબંધન્યાયે કચ્છ જવાનો હુકમ આવ્યો. પોતે પોતાનાં કાર્યો વિષે ઘણું ઓછું તથા ક્વચિત જ બોલતા. જુઠી બડાશ મારતાં તો આવડેજ નહિ: પણ આત્મસ્તુતિ હરેક રૂપમાં પોતાને વર્જ્ય હતી. શાળાના અધ્યાપક હતા તે જમાનાની વાતો પોતે કરતા પણ રાજ્યકારોબાર બાબત મારા સાંભળવામાં કમ આવેલું. મારી માતુઃશ્રી કોઈ પ્રસંગે વાતો કરે ખરી, પણ તેને રાજખટપટમાં કશો શોખ નહિ–તે તો પોતાના તથા પોતાનાં છોકરાંના વ્યવસાયમાં જ મશ્ગુલ, તેથી તેની મદદ પણ બહુ ઉપયોગી થઈ પડે તેમ નથી. જ્યારે પોતે સુંથમાં સંયુક્ત કારોબાર ચલાવી રહ્યા હતા તે વેળા નીચેની ચીઠી પોતાને મળી.

No. 4547.

Political Department

Bombay Castle 22nd September 1880.

Letter from the Political Agent Cutch, No. 96 dated the 13th September 1880 forwording for information with reference to this Dept No. 4295 of 8th instant, a copy of his letter to Rao Bahadur Nandshankar Tuljashankar in which he informed him of his appointment as Divan of Cutch and requesting that Government will allow Mr. Nandshankar to join the above appointment with the least practicable delay.

Resolution copy should be forwarded to the Political Agent Rewakantha who should be requested to allow R. B. Nandshanker Tuljashankar to join his appointment in Cutch with the least practicable delay.

Chief Secretary to Government.

No. 845 of 1880.

Godhra 26th September 1880.

Copy forwarded to Mr. Nandshankar with a request that he may proceed to join his new appointment at Cutch, handing over charge of Sunth to the Deputy assistant as a temporary measure.

Political Agent Rewakantha.

તે સમયે કચ્છના રાવશ્રી ખેંગારજી સવાઈ બહાદુર સગીર વયના હતા. કાઉન્સીલ ઓફ રીજન્સીના હાથમાં કારભાર હતો. તેમાં પોલીટીકલ એજન્ટ પ્રમુખ તરીકે બેસતા, ને સભાસદ તરીકે દીવાન અને રાવ સાહેબના મામા જાલમસિંહ બેસતા. સ્વ. દીવાન બહાદુર મણીભાઈ જસભાઈ તે વેળા કચ્છના દીવાન હતા. તેમને ને મેજર રીઁસ સાહેબ, પોલીટીકલ એજન્ટને બન્યું નહીં. પરિણામે મણીભાઈ સાહેબને પોતાની જાથુની, વડોદરામાં (Native assistant) ની જગ્યાપર હઠવું પડેલું. રીઁસ સાહેબને વહેમ હતો કે મણીભાઈ રાજમાતા નાનીબા તરફેણમાં રહી ખીલતી વયના રાવસાહેબને ઝાલી રાણી જોડે પરણાવી જાલમસિંહના ફંદામાં ફસેલા રાખવા માગે છે. પોતાને કચ્છ જવાનો ખાસ શોખ ન હતો. ત્યાં જવાનો પ્રયાસ પણ તેમણે કર્યો ન હતો. ત્યાં જવાનો રસ્તો વિકટ ને મુલક ખટપટી ગણાતો હતો. પણ ઓદ્ધો ઉંચો તથા પગાર સારો હતો. લોકોપયોગી કાર્યો કરવાનો અનન્ય અવસર હતો. મારી માતુઃશ્રીને રાજ્ય દરબારમાં મહાલવાનો શોખ હતો. તેને કચ્છ જવાનો ઘણોજ ઉમંગ હતો. વડોદરે થઇને કચ્છ જતા હતા તે વખતે મણીભાઈ પોતાને સ્ટેશન ઉપર મળેલા. કચ્છની બધી હકીકત કહેલી. પોતે એમને વચન આપેલું કે 'હું કાંઈ કોઇની ખોડ, ખામી કે છિદ્ર શોધવા કચ્છ જતો નથી. મેં કચ્છ જવા માટે જરા પણ કોશીશ કરી નથી. તેથી તમારે

મારા ઉપર ને મારે તમારા ઉપર કાંઈ પણ વિરોધભાવ રાખવો જોઇયે નહિ.' કચ્છમાં આવ્યા તો રેવાકાંઠાથી વાતાવરણજ જુદું. પોતે સીધો, જોરદાર માર્ગ પસંદ કરતા. એમના નાયબ દિવાન મી૦ ભાગવત અને મુલ્કીખાતાના ઉપરી પોતાના પુરાણા મિત્ર ખુશાલરાયભાઈ હતા. મેજર રીન્સ જીદ્દીલા, હોંસીલા, બાહોશ, આગ્રહી ને ગરમ તબીયતના પોલીટીકલ એજંટ હતા. કાઠીઆવાડમાં નોકરી કરી ચુકેલા એટલે રાજખટપટનો એમને પૂરો અનુભવ હતો. કચ્છની પ્રજામાં કહેવાતું કે મરહૂમ રાવસાહેબ શ્રી પ્રાગમલ્લજી અવસાન સમયે કહી ગયેલા કે પોતાના પાટવી કુંવરનું લગ્ન ઝાલી રાણી જોડે કરવું નહીં. રાજમાતા નાનીબા ઝાલા વંશનાં, બાહોશ, પણ માથાનાં ફરેલાં બાઈ હતાં. એમણે પ્રતિજ્ઞા લીધેલી કે પુત્રને પરણાવું તો મારા ઝાલાભાઈ જાલમસિંહની છોકરી વેરે જ! આથી મેજર રીન્સ અને નાનીબા વચ્ચે અણબનાવ થયેલો, ને મણીભાઈ પર વ્હેમ આવેલો કે નાનીબાના મળતીઆ છે. આથી તેમજ બીજાં રાજ્યપ્રકરણી કારણોથી તેઓશ્રીને હઠવું પડેલું. પોતે કહેતા કે “મારે દીવાનગીરી રાજાના હાથ નીચે રહી કદી કરવી ન હતી. રાવ સાહેબ ત્રણ વર્ષમાં ગાદી ઉપર બેસવાના હતા. તે જ દરમીયાન મારો ત્યાં રહેવાનો વિચાર હતો. મારે મુલ્કની ભલાઈ માટે જે કરવું હોય તે અનિયંત્રિત કરી શકું તેનો આ જ સમય હતો. નાનીબાએ પહેલેથી જ મારા ઉપર ભરોસો મુકેલો નહિ, તેમ મેં પણ તેમને લેખવેલાં નહિ. આગળ જતાં તે એમ જ સમજવા લાગ્યાં કે મારે જ લીધે મણીભાઇને હઠવું પડ્યું. મેજર રીન્સને મેં મદદ કરી ન હોત તો તેને શરણ આવવું પડત એવી એમની દૃઢ ખાતરી હતી. ખટપટ—ગુપચુપ—ચાલવા લાગી. જાલમસિંહે ખુબ રૂપિયા વેરેલા ને કેમે કર્યાં મણીભાઈ પાછા આવે તે બાબતની કોશીશ કરેલી. મ્હને એમ હતું કે ત્રણ વર્ષ લગી તેઓ ફતેહમંદ ના નીવડે તો ઠીક, કેમકે પછી જેવા રાવ સાહેબ ગાદીનશીન થયા કે હું મારે રસ્તે ને એઓશ્રી

એમને રસ્તે.” કચ્છમાં આવતાંની સાથેજ સપક્ષ પ્રધાનપદનો તરીકો પોતે દૂર કર્યો. સાંજના છ વાગતા લગી કે તેથીએ મોડે સુધી પોતે કામ કરતા; પછી થોડુંક ચાલતા ને ઘેર આવી કુટુંબમંડળમાં મગ્ન રહેતા. ઘેર ન કોઇની બેઠક થાય કે ન કાંઈ કાવત્રાં રચાય. ઘણાએ તેમ કરવા કોશીશ કરેલી; મણીભાઈ સાહેબનું ભુંડુ બોલવા આવેલા; પણ પોતે તેમને ધુત્કારી કાઢ્યા. “મ્હારે ને મણીભાઇને કશો અણબનાવ નથી ને કોઇનું ભુંડું સાંભળવા હું ઇચ્છતો નથી.” આ રાજ્યમાં રેવાકાંઠાથી નવીનજ અનુભવ હતો. મણીભાઈ જેવા મીલનસાર તબીયતના અમલદાર માટે કેટલાક લોક કૃતઘ્નતાથી બુરું બોલે તો કોને માટે તે બુરાઈ ન કરી શકે? अत्यादरः शंकनीयः એનો અનુભવ થવા લાગ્યો. મુદ્રારાક્ષસમાં કહેલું છે તેજ પ્રમાણે પોતે કહેતા કે કૌટિલ્યના અનીતિપૂર્ણ નીતિ–વચનથી છાઈ ગયેલા આ મુલકમાં मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम्. કોઇનો ભરોસો ન થઈ શકે. ખુશામત કરવાની આદત પડી તો તેની સાથે જુઠાણું આવવાનું જ; ને અંદર કાંઈ, બ્હાર કાંઈ એમ લાગણી રહેવાની જ. કરણઘેલામાં પ્રધાનપદના શિખરથી પડેલા માધવની બાબત પોતે જે લખ્યું છે, તેવો જ ખ્યાલ આ વેળા પોતાને આવેલો. “તેના જુના મિત્ર, તેના સગા કહેવાડનારા, તેના ઓળખાણમાં આબરુ માનનારા, તેને બારણે રોજ જોડા ફાડનારા, તેને બાપજી બાપજી કહેનારા એ સઘળામાંથી કોઈ તેને ઘેર ફરક્યું નહીં. જેમ પાણી સુકાયા પછી માછલાં નાશી જાય છે, જુવાર કપાયા પછી હલ્યા બીજે ઠેકાણે ઉડી જાય છે, તેમ તે લીલા વનના સુડા, ઉગતા સુરજને પૂજનારા, આવતાના બોલબાલા તથા જતાનું મ્હોં કાળું કહેનારા, આ વખતે કોઈ માધવને ઘેર ફરક્યા જ નહીં.” જ્યારે આ લખેલું ત્યારે એમ ખ્યાલ નહિ થયેલો કે આનો તાદૃશ અનુભવ કોઈવાર દૃષ્ટાદૃષ્ટ જોવા પ્રસંગ આવશે.

આ સમયે પોતાનું હૃદય પ્રફુલ્લ રહેતું. મિતાહારી, આનંદી, ઈશ્વર

ઉપર શ્રદ્ધાળુ હોઈ પોતાની નિર્મળ રહેણીકરણી, આરોગ્યતા કાયમ રાખે એવી હતી. પીસ્તાળીસ વર્ષની ઉમ્મર હોવા છતાં કામ કરવાની અદ્ભુત શક્તિ પોતાનામાં હતી. મુંબાઈ સરકારના ચીફ સેક્રેટરી મી૦ ગોન સાહેબને મેજર રીવ્સ સાહેબે તા૦ ૭ મી જુન ૧૮૮૧ ના રીપોર્ટમાં નીચે મુજબ લખેલું:-

"Rao Bahadur Nandshankar Tuljashankar, the new Divan, is a protege of Mr. Hope's and his antecedents justify the expectation that his nomination will prove in the highest degree beneficial to the Province. Para 73. In all these matters, the Regency has received very great assistance from the experience, tact, energy, of R. B. Nandshankar, the present Diwan of Cutch, who by the laborious manner in which he works, the punctuality with which he hears appeals and petitions, the care he exhibits to do justice in every case brought to his notice, and the anxiety he displays to preserve all the ancient rights of the Durbar has given general satisfaction." [Letter of H. N. Reeves (Major) Political Agent Cutch, to Mr. C. Gonne dated 7-6-1881]'

અનુભવસિદ્ધતા, સમયોચિત વર્તનમાં કુશળતા, કાર્યદક્ષતા, નિયમિત આચરણ, સત્વર ન્યાય આપવાનો આગ્રહ અને પ્રજાના સુખની બાબત અહોનિશ કાળજી, આ ગુણો પોતાનામાં હમેશાં પ્રાધાન્યપદે રહેલા હતા. કોઈ પણ વ્યક્તિને માત્ર ખુશી કરવાને સારુ રાજ્યના હક્ક જવા દેવા, એ નિમકહરામી સમજી પોતે તે સારુ હમેશ લડત ચલાવતા, ને તેમ કરવાથી અંગ્રેજી અમલદારો રાજી થશે કે નહિ, તેની પરવા કરતા નહીં.

ઈ. સ. ૧૮૮૦-૮૧ ના કચ્છ સંસ્થાનના વાર્ષિક રીપોર્ટ ઉપર ગવરમેંટ ઠરાવ નંબર ૬૧૪૫, તારીખ ૧૬ મી ડીસેમ્બર ૧૮૮૧ નો, નીચે પ્રમાણેનો લખાઈ આવ્યોઃ-'The report of the new Dewan exhibits a well ordered and satisfactory administration including many modern improvements on the model of British Institutions but preserving on the whole the characterisics of a Native State Government. The Dewan evidently bestows great attention on public instruction as might be expected from his antecedents.

પ્લેટોએ 'રીપબ્લીક' નામના નિબંધમાં લખ્યું છે કે, જો કોઈ પણ રીતે પ્રજ્ઞાશીલ વિદ્વાનને ઉપદેશોદ્યાનમાંથી પ્રવૃત્ત કરી રાજ્ય-કાર્યધુરંધર પદ સ્વીકારવાનો યત્ન સફળ નીવડે તો રાજ્યનું મહદ્‌ભાગ્ય સમજવું જોઇએ. અગ્નિમાં પ્રવેશ પામી જેમ સર્વ ધાતુઓ શુદ્ધ થાય છે, તેમ પ્રજ્ઞાના સ્પર્શથી સર્વ વિકારો સંસ્કાર-મય બની જાડ્યતાનો ત્યાગ કરે છે. અધ્યાપકના શાંત જીવનમાંથી પ્રવૃત્તિના વોહમાં હોપ સાહેબે નાંખેલા તે આજ કારણથી કે એવો પ્રજ્ઞા-પુખ્ત, સંસ્કાર પામેલો, અનુભવવાળો પુરુષ રાજકારભારમાં જોડાશે તો લોકનું કેટલું ભલું કરી શકશે ? આથી સત્તર વર્ષનો અનુરાગ તોડાવી નવીન જીવનમાં પ્રવેશ કરવાની તેમણે ફરજ પાડેલી. પણ પૂર્વકાળના સંસ્કાર કાંઈ ભુલાય છે? માત્ર બહારના દેખાવ ખાતર નહિ પણ દર હકીકત (ખરેખર) ફાયદો કરવાના હેતુથી જ પોતે જ્યાં ગયા ત્યાં કેળવણીનો ઉત્કર્ષ સાધેલો. સરકારી ઠરાવના છેલ્લા શબ્દ "as might be expected from his antecedents" આ ઉપદેશક જીવનને ઉદ્દેશીને જ લખાયલા. પોતાનો દૃઢ નિશ્ચય હતો કે, ઇંગ્રેજી રાજ્ય પદ્ધતિમાં ખરચ ઝાઝો થાય છે. અમલદારના પગારમાં વ્યય ભારે થાય

છે. પોતે થોડા પણ સારા પગારના કારકુનો તથા અમલદારો રાખવાની તરફેણમાં હતા. આથી કેટલીક રીતે રાજ્યધુરંધરની સ્વેચ્છા મુજબ પ્રબળ ફેરફાર થવાનો ભય રહે છે તથા રાજ્ય-તંત્ર કેવળ એક-પુરુષાવલંબી બની જાય છે. આમ થવાથી તે યંત્ર ઘાંચીની ઘાણી માફક એક જ ગતિએ ચાલ્યા કરતું નથી, પણ ડગલે ડગલે બાહોશ પ્રેરકની આવશ્યકતા રહે છે. છતાં પણ તે પૂર્વ પરંપરાની અમલદારીના વમળથી મુક્ત રહે છે. ચોર્યાશી ભવમાં ફરતાં ફરતાં છેક આખરે મોક્ષ મળે તો તે મોક્ષની લહેજત નિર્માલ્ય થઈ જાય, તેમ આ પરંપરાદ્વારા પર્યટન કર્યા પછી અર્થની સિદ્ધિ થાય, તો પણ તે રુચિકર લાગતી નથી. આ ઈંગ્રેજી અમલદારોનો દોષ પોતે દૂર રાખ્યો. તેની સાથે દેશી રાજ્યનો દોષ-હરેક બાબતમાં અનિયંત્રિત સ્વૈરપણું અર્થાત્ સ્વેચ્છાધીન કાર્યકારીપણું પોતે દૂર કર્યું: ને ધૂરિસ્થ પ્રેરકને પણ કાયદાના બંધનમાં ઝકડ્યો. નીચલા વર્ગના અમલદારો માટે કાયદાની બંધી સંપૂર્ણ રીતે થવી જોઇયે; પણ હરેક ખાતાંના ઉપરીને તો એટલો અખતીયાર આપવો જોઇયે કે, નવો પ્રસંગ પડ્યે તે પોતાની પ્રત્યુત્પન્ન મતિ વાપરવી ભૂલી જઈ રેંટીયા કાંતુ જેવો બની જાય નહીં. દિવાનની ફરજ એ છે કે આ નાના અધિકારીઓ ઉપર નજર રાખવી ને એમને ઉંચા કાયદાના વર્તુલમાં રાખવા. તે જ પ્રમાણે ૧૮૮૧-૮૨ ના વાર્ષિક રીપોર્ટમાં કચ્છ દેશના રાજ્ય કારભારના ઉપર તા૦ ૯ મી ઓકટોબર ૧૮૮૨ નો સરકારી ઠરાવ નીચે મુજબ લખાયલો:-

The administration of Cutch in the year under report has been entirely satisfactory and reflects credit on the Political Agent, Col. Goodfellow and on the Diwan R. B. Nandshankar, whose careful and elaborate statement is now before the Government.

ઇ. સ. ૧૮૮૨-૮૩ ના કચ્છ સંસ્થાનના વાર્ષિક રીપોર્ટ ઉપર તા૦ ૩ જી નવેમ્બર ૧૮૮૩ નો સરકારી ઠરાવ નીચે પ્રમાણે હતો:-'In September 1882 the Council of Administration took the place of the Council of Regency in Cutch, H. H. the Rao being admitted to a share in the management of the state. The total income of the State was two lacs more than that of the year before, amounting to a gross aggregate of 1804050 Rs. There was an increment in the Land Revenue by Rs. 117803 and this was due to careful management and good harvests of cotton and grain. The total expenditure was Rs. 1368386 or Rs. 1372 less than in the previous year. Mandavi Bunder has been improved, good roads have been constructed and now remains the question of the establishment of good communication between Cutch and Kathiawad. Modified Penal Code and Criminal Procedure Code were introduced.

The abolition of certain import and export duties and revising others and the assimilation of weights and measures throughout the province are creditable to the administration. Education has made satisfactory progress. The attendance at the night schools has improved and the Bhuj School of Art shows improvement both in efficiency and numbers. The Governor-in-Council is glad to bear testimony to the ability with which Mr. Nandshankar conducted

the administration of the province and to the benefits to Cutch which have resulted from his careful and economic control over all the Departments of the State.

C. GONNE.

Chief Secretary, Government of Bombay.

ટુંકા અવસરમાં આટલાં ભગીરથ કામ આરંભેલાં પૂરાં કર્યાં. તુર્ગોના હાથમાં ફ્રાંસની ધુરા મુકવામાં આવી ત્યારે તેણે કહેલું કે પ્રધાનનું જીવન ટુંકું ને કામ ઘણાં તેથી જેટલું થાય તેટલું ગનીમત સમજી કરવાનું છે. ફીલીપ્સ સાહેબ તે વખત ત્યાંના પોલીટીકલ એજન્ટ હતા. રાજમાતા તરફથી બહુ આગ્રહ થયો કે, હમારે તો દિવાન મણીભાઈ જ જોઇયે. ફીલીપ સાહેબને કાંઈ જીદ ન હતી. તેથી એણે આ ભલામણનું સમર્થન કરી આગળ વધારી. સરકાર તરફથી જવાબ આવ્યો કે રાવ બહાદુર નંદશંકરને ત્રણ વર્ષની પઠ્ઠણ કરીને કચ્છ મોકલેલા તેથી જો તેઓને તે પેહલાં પાછા અસલ જગ્યાપર મોકલવામાં આવે તો નાણાનું એમને નુકસાન થાય. સર જેમ્સ ફરગ્યુસન સાહેબ મુંબઇના ગવરનર હતા, એમણે વિચાર્યું કે દેશી રાજાની મરજી વિરુદ્ધ વર્તન રાખવું યોગ્ય ગણાય નહીં; રાજતંત્રમાં હાથ ઘાલવો તે રાજ-તહુનામાની વિરુદ્ધ ગણી જબરદસ્તીથી પોતાને કચ્છમાં રાખવાને સરકારે આગ્રહ કર્યો નહીં. તે છતાં પણ આટલી ભલામણ કરી કે પોતાને 'રાવ સાહેબ'ની સગીર અવસ્થા લગી કચ્છમાં રાખવા! નાનીબાનું ચઢી વાગ્યું. તેઓ તો જરા પણ ડગ્યાં નહિ. હમારે તો મણીભાઈ જ જોઇયે. કર્નલ ફીલિપ્સની ભલામણ ઉપરથી દશ હજાર રૂપીઆ નુકસાનીના પોતાને આપવા સરકારે મંજુર કર્યા ને પોતાને રેવાકાંઠાના એસીસ્ટન્ટ પોલીટીકલ એજંટના પુરાણા ઓદ્ધાપર પાછા ફરવાનું ઠર્યું. રાજમાતાએ

નુકસાની આપવી કબુલ રાખી. તેને ખાતરી હતી કે મણીભાઈ જ્યાં લગી નહિ આવે ત્યાં લગી પોતાના મમતની લગ્નરચના અમલમાં નહિ આવે. 'રાવ સાહેબ' તે વેળા કાઉન્સીલમાં બીરાજતા હતા, તેમની દ્વારા કહેવડાવ્યું કે નુકશાનીને બદલે રાવ બહાદુર દીવાન સાહેબની ઉંચા પ્રકારની નોકરી માટે દશ હજાર રૂપીઆનું ઇનામ આપવું વાજબી છે. આ ઉપરથી નીચેનો કચ્છ દરબારી ગેઝેટનો વધારો બહાર પાડવામાં આવ્યો.

કચ્છ દરબારી ગેઝેટ

કચ્છ રાજ્યપત્ર

આષાઢ વદિ ૨ રવિવાર સંવત ૧૯૪૦. વિશેષ અંક–વધારો

Notification.

Rao Bahadur Nandshankar Tuljashankar resigns his post of Diwan in favor of the former Diwan Rao Bahadur Manibhai Jasbhai who assumes charge from to-morrow. The President of the Council of administration cannot allow Rao Bahadur Nandshankar to leave the province without bidding him farewell publicly and expressing his high sense of the obligation the State is under to him for the successful manner in which he has administered its affairs during his tenure of office. As a mark of their appreciation of the good work done by him the Council of Administration, including His Highness the Rao unanimously voted that 10000 Rs. should be presented to Rao Bahadur Nandshankar on his leaving, and His Excellency the Governor has graciously recorded his approval of this gift. The name of Rao Bahadur

Nandshankar will long be remembered by all classes in this province with respect and affection and in bidding him now farewell the Council of Administration feel assured that he will again soon occupy a position commensurate with his merits.

Bhuj 31-7-1883.

A. M. PHILLIPS (Lt. Col).

President of the Council of Administration.

કર્નલ ફિલિપ્સે નીચે પ્રમાણે લખ્યું.

"I have much pleasure in reporting that he has aided me loyally and energetically in all measures of reform that have been introduced and that it is mainly due to his exertions that the Revenues of the State have increased in all departments.

12-7-1883.

A. M. PHILLIPS (Lt. Col)

Ag. Pol. Agent.

ફિલીપ્સ સાહેબને માલૂમ હતું કે, મારાં માતુશ્રીનો પ્રસૂતિનો સમય પાસે આવ્યો હતો, તેથી સરકારી કાગળ આવેલો તે બાબત એમણે નીચે મુજબ ખાનગી પત્ર લખ્યો હતો.

Confidential.

To, Rao Bahadur Nandshankar Tuljashankar.

Diwan of Cutch. Camp Mandvi 10-4-1883.

Dear Sir.

I have communicated to you personally the contents of Government Confidential Letter No. 1706 of

6th instant, and request you will be so good as to let me know on what date it will be convenient for you to hand over charge of your office to Mr. Manibhai Jasbhai.

You will bear in mind that *I am instructed by Government to inform you* of the necessity of terminating your tenure of office with all the consideration that is due to you. I am directed to make it clear to you and the Durbar that the concurrence of the Government to His Highness the Rao's wishes to see Mr. Manibhai reappointed in no way implies the belief that you are less fitted for the Dewanship; also that to the best of H. E.'s knowledge you have discharged your duties in a most efficient and creditable manner.

I remain

Yours faithfully

A. M. PHILLIPS.

Ag. P. A.

આનો ઉત્તર પોતે વાળેલો કે જુલાઇની આખરમાં હું ચાર્જ આપવાને તૈયાર થઇશ. રીવ્સ સાહેબના મમતે દીવાન બહાદુર મણીભાઇને હઠવું પડેલું. નાનીબાના મમતે પોતાને હઠવું પડ્યું. મણીભાઈ પાછા દીવાન થઇને આવ્યા. આ બેમાંથી એકે વ્યક્તિ ઉપર તેના ગુણદોષને લીધે પક્ષપાત કે વિરુદ્ધતા નહિ હતી. માત્ર પોતપોતાનો

કક્કો ખરો કરવાની બન્નેને મરજી હતી. પોતે તો કહેતા કે ત્યારપછી એક વર્ષથી વધારે કચ્છમાં રહેવું જ નહતું. તે વર્ષના પગારનું નુકસાન સરકારના હુકમથી અપાયું. રીવ્સ સાહેબનો મત દેશી રાજ્યમાં જબરદસ્તીથી દાખલ કરી સુધારો કરવાનો હતો. ફિલીપ સાહેબ તટસ્થ નીતિના અનુયાયી હતા. નાનીબા–રાજમાતા–ઇ. સ. ૧૮૮૩ ની ૨૮મી મેની રાત્રે ગુજરી ગયાં. પણ મરતાં પહેલાં એમના આત્માને આટલું સાંભળી સંતોષ થયેલો કે, મણીભાઇને કચ્છ પાછા આવવા બાબત હુકમ થઈ ચુકયો છે.

જ્યારે પોતાને કચ્છનું દિવાનપદ મળ્યું ત્યારે તેમના સંબંધી તથા મિત્રોએ કહ્યું કે દેશી રાજ્યમાં કારભાર કરતી વેળા મુખ્ય નાયકે પોતાનાં અંગનાં સંબંધી તથા વિશ્વાસુ મિત્રોને રાજ્યમાં સદ્ધિ આપવી, એ જ પ્રધાનપદની સાર્થકતાનું મુખ્ય સાધન છે. આ મત પોતાને માન્ય ન હતો. સપક્ષ કારભાર કોઈવાર લાભકારક તો ઘણીવાર હાનિકારક થઈ પડે છે. પોતાના મિત્રોને ઉત્તર આપ્યો કે, હું કાંઈ વંશપરંપરા અથવા જીંદગી પર્યંત કચ્છનો દિવાન નિમાયો નથી. જ્યાં સુધી 'મહારાવ' સગીર વયના છે, જ્યાં સુધી બ્રિટિશ સરકારનો રાજ્યતંત્ર ઉપર અંકુશ છે ત્યાં સુધી જ મ્હારે દિવાનગિરિ માન્ય છે. પછી હું ભલો ને મારી સરકારી નોકરી ભલી. તે વખતે મ્હારી સાથે મ્હારા મિત્રોને પણ કચ્છથી ઉચાળા ભરવા પડે અને ઉપજીવિકાનાં બીજાં સાધનો શોધવાં પડે તે મ્હને સારું લાગતું નથી. વળી તેમ કરવાથી જે રાજ્યમાં આપણે પ્રધાનપદ ઉપર જઇએ છીએ, તે રાજ્યના રહીશોને પણ એક જાતનો અન્યાય કરીએ છીએ. તે રાજ્યના સ્થાયી નિવાસીઓ જેમનો રાજ્યના હિતમાં જન્મથી જ લાભ સમાયલો હોય, તેમને બાજુ ઉપર મુકી અન્ય સ્થળના વતનીઓ–જેનાં ગામમાં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં–ને લાવી ગોઠવવા એ ન્યાય કહેવાય નહીં. કચ્છ તે કચ્છીઓને માટે એ સિદ્ધાન્ત પોતાને માન્ય હતો. આથી પ્રજાવર્ગમાં પણ સંતોષ

તથા ઉત્સાહ રહેતો. પોતાના વર્તનથી સિદ્ધ કરી દેખાડ્યું કે કારભાર યથાન્યાય ચલાવવામાં પ્રપંચ કેવળ નિરર્થક છે. તે સમયે કચ્છમાં એવી માન્યતા હતી કે પ્રપંચ–ખટપટ તે તો રાજ્યકારભારની પ્રથમ શ્રેણી છે, પણ આ માન્યતા પોતે ખોટી ઠરાવી. દિવાનને બંગલે સાંજ-સ્હવાર અમલદારો એકઠા થાય, ગુપ્ત મસલત ચલાવે, ખોટા ખોટા ગપાટાઓ મારે એ સઘળો રિવાજ પોતે બંધ પાડ્યો. જેને કામ હોય તેણે બંગલે નહીં મળતાં દિવાનકચેરીમાં જ મળવાનો પ્રથા પાડ્યો. આથી હલકા અમલદારો, ચાડીઆ, ચુગલખોરોનું ચલણ ભાંગી પડ્યું. પોતે સુરતથી ગયા ત્યારે પોતાની સાથે એક પણ અંગનું માણસ લઈ ગયેલા નહીં, તેથી જ્યારે કચ્છ આવ્યા અને હજુર ઑફિસમાં કામ કરનારા અમલદારો પાછા હઠેલા દિવાનના વિશ્વાસપાત્ર માણસો જોયા ત્યારે પોતાને ચેતાવવામાં આવ્યા કે તેમનાથી સંભાળી વર્તવું, તેમને દૂર કરવા પણ તેમ નહીં કરતાં તેમને જ હાથે કામ લેવા માંડ્યું અને પોતાની પ્રમાણિક તથા સિદ્ધિ–દોર (straight forward) રાજ્યનીતિથી સિદ્ધ કરી આપ્યું કે જ્યાં આપણું વર્તન શુદ્ધ છે ત્યાં આસપાસનાં માણસો પ્રપંચી છે–ગુપ્તભેદુ–છાના છાના જાસુસનું કાર્ય કરે છે–એવી શંકા અનુચિત છે. આ ઉદાર રાજનીતિથી અમલદારવર્ગમાં તેમ જ પ્રજાવર્ગમાં પોતાને માટે પ્રેમ તથા ઉપકારની વૃત્તિ ઉત્પન્ન થવા લાગી. આ સઘળાંની સાથે નિરભિમાન, એ પોતાનામાં મુખ્ય ગુણ હતો. દિવાનપદ પ્રાપ્ત કર્યાથી કાંઈ અહંકાર કે અભિમાન આવેલું નહીં પણ મૂળ જે સરળ સ્વભાવ તે જ કાયમ રહેલો. કચ્છથી કામ પ્રસંગે કોઈવાર મુંબાઈ આવવું થતું ત્યારે કચ્છના ધનાઢ્ય વ્યાપારીના વાલુકેશ્વરના બંગલામાં નહીં ઉતરતાં પોતાના પુરાણા શિષ્ય ભીમભાઇના કાવસજી પટેલના તળાવ પાસેના મકાનમાં રહેતા. સરકારના ચીફ સેક્રેટરીને મળવા જવું હોય કિંવા બીજે સ્થળે જવું હોય ત્યારે દમામમાં એ ઘોડાની ગાડીમાં બેસી, સાથે છડીદાર, જમાદારને રાખી નહીં જતાં

માત્ર ભાડુતી વિક્ટોરીઆ ગાડીમાં બેસી જતા અને ઉપહાસમાં જ્યારે ભીમભાઈ કહેતા કે 'માસ્તર! જરા છડીદાર પાસે નેકી પુકરાવી ભભકામાં ફરો' ત્યારે ઉત્તર આપતા કે ચોપદાર ને હવાલદાર કોના? એ તો જ્યાં સુધી કચ્છમાં છીએ ત્યાં સુધીના છે! નોકરીમાંથી નિવૃત્ત થયા એટલે એ કોઈ સાથે આવવાના છે? સદાકાળ જે નિભે તે વર્તન રાખવું તેમાં જ શોભા છે! અને આ સાદું વર્તન પોતાના નિવૃત્તિકાળમાં ડુમસના બંગલામાં રહેતા ત્યાં પણ કાયમ રહેલું.

મ્હારો જન્મ કચ્છ સંસ્થાનના માંડવી બંદર મુકામે ઈ. સ. ૧૮૮૩ ના જુન માસની ત્રીજી તારીખે થયો હતો. દરીઆને કિનારે મારી માતુશ્રી હવાફેર ગયેલી ત્યાં હું સાંપડેલો તેથી મારું ઉપનામ 'દરીઆલાલ' પડ્યું હતું. ઈ. સ. ૧૮૮૧ ના માહ મહિનામાં મારા જ્યેષ્ઠ બંધુ માર્કંડરાવનાં લગ્ન સુરત મુકામે કર્યાં હતાં. તે વેળા તેમની ઉમર સત્તર વર્ષની હતી. મારા માતામહની આ લગ્ન કરવાની ઘણી હોંસ હતી. મારાં દૈવાધીન વૈધવ્ય પામેલાં મામીના કાકાની પુત્રી સાથે એમનાં લગ્ન થયાં. ધામધૂમ ખૂબ કરેલી. મારી માતુશ્રીએ લ્હાવો લેવો બાકી નહિ રાખેલો. ભાવનગરથી ગગાભાઈ વગેરે મારા માતામહના આમંત્રેલા આવેલા. પોતાની સાદાઈ, વિચક્ષણતા તથા કાર્યપરાયણતાને લીધે કાઠીઆવાડના પ્રધાન 'દાદા' ઘણા પ્રસન્ન થયેલા. પોતે પણ ગગાભાઈ સાહેબની અદ્ભુત સ્મરણશક્તિ, સ્પષ્ટ વક્તૃત્વ તથા કાર્યદક્ષતા માટે ઘણાં વખાણ કરતા. 'એમણે જ અપક્ષ પ્રધાનપદું કરેલું,' એમ પોતે કહેતા.

ઇ. સ. ૧૮૮૩ ના તા૦ ૨ જી ઑગસ્ટને દિવસે ગોધરા મુકામે પોતાના પુરાણા ઓદ્ધાનો ચાર્જ લીધો.

Political Department.
Bombay Castle 26-7-83.

Whether Rao Bahadur Nandshankar reverts to

his position of Assistant Political Agent in Rewakantha on the 1st prox or whether some other suitable post has been found for him. આ પ્રમાણે રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ તરફથી લખાયલું તેના ઉપર સરકારી ઠરાવ થયો કે: Resolution:–Rao Bahadur Nandshankar should for the present revert to his appointment of Assistant Political Agent in Rewakantha. It would however be very desirable to find some other suitable post for this officer. The Commissioners of Central and Northern Division should be reminded of the case.

કચ્છથી ચાર્જ આપી ગોધરા આવતાં રસ્તામાં ગોંડલ ઉતરેલા. ત્યાં મારાં માતુઃશ્રીના માસીના વર અને પોતાના બાળ-સ્નેહી રા. જયાશંકર લાલશંકર રાવળ એડમીનીસ્ટ્રેટર હતા. એમનો કારભાર ચોક્કસ, સંગીન ગણાતો. દેખાવ દબદબો થોડો, પણ કરકસર ને પ્રજાની આબાદાની ભારે હતી. ભાવનગરના પોતાના મિત્ર કહેતા કે જયાશંકરનું પ્રધાનપણું સારું તો ખરું પણ જરા મીઠા વિનાનું–તેથી મોળું, લુખું, તથા નિરસ ખરું! અહિંથી ભાવનગર ગયેલા ને ગગાભાઈ, સામળભાઈ તથા મારા માસા વિઠ્ઠલભાઇનો સહવાસ થોડા દિવસ થયેલો. કાઠી-આવાડની રાજ્યનીતિ જ જુદી. પોતે મશ્કરીમાં કહેતા કે, એમને બુદ્ધિધન નીતિ પસંદ, હમને તો વિદ્યાચતુરનો જ માર્ગ આદ-રણીય લાગે છે. પંચમહાલના મેવાસમાં લગભગ એક સાલ ફરવાનું આવ્યું. મારી માતુશ્રી ઘણુંખરું સુરતમાં રહેતી ને પોતે 'ડીસ્ટ્રીકટ'માં ફરતા. તે સમયમાં ઇતિહાસો પાછા ફરી ફરી વાંચ્યા. 'ગેઝેટીયર'માં લખેલું હતું તેનો વિસ્તાર કરી તે લખાણ ગેઝેટીયરના વ્યવસ્થાપક ઉપર મોકલી આપ્યું. પોતે કહેતા કે 'મેડોઝટેલર'ની નવલકથાઓ મને પસંદ આવતી. એક એક દિવસમાં મેં 'સીતા'ને 'તારા' પૂરાં

કરી નાંખેલાં. એટલામાં પોતાના પુરાણા મિત્ર રાવ સાહેબ મહીપતરામના વિદ્વાન્ પુત્ર રમણભાઈ (હાલમાં ઑ. રાવ બહાદુર) નાં લગ્ન આવ્યાં. પોતે સુરત આવ્યા પણ કમનસીબે કોલેરાની બીમારી લાગુ પડી. પ્રભુની કૃપાથી આરોગ્યતા પુનઃ પ્રાપ્ત થઈ. એક મહિનાની રજા લઈ પોતાના પુરાણા મિત્ર ડો. ડોસાભાઈના નદીના કિનારા ઉપર આવેલા મકાનમાં હવા ફેર ગયેલા. આજ વખતથી પોતાને થયેલું કે નિવૃત્ત થાઊં ત્યારે શહેરની બહાર જ રહેવાની ત્રેવડ કરવી.

રાજપીપળાના તે વખતના રાજા ગંભીરસીંહજીનું રાજ્ય-તંત્ર અવ્યવસ્થિત થઈ ગયું હતું. લોકપર જુલમ ગુજરતો. ત્રીજોરી ખાલી થઈ ગઈ હતી. લોકોને દાદ મળતી નહીં. રાજાજી સ્વચ્છંદે નવાં નવાં લગ્ન કરવામાં મશગૂલ રહેતા. આ અનાચાર બંધ પાડવા સરકાર વચમાં પડી ને રાજપીપળા સંસ્થાનમાં જૉઇન્ટ ઍડમિનિસ્ટ્રેશન સ્થાપવાનો હુકમ થયો. તે રચનામાં પોતાને એસીસ્ટંટ એડમીનીસ્ટ્રેટર અને ચીફ રેવીન્યુ ઓફીસર તરીકે નાંદોદ જવાનો હુકમ મળ્યો. આ નવી પદ્વીનો ચાર્જ એમણે ઇ. સ. ૧૮૮૪ની તા૦ ૨૮ મી ઑગસ્ટે લીધો. ગોધરાના કલેક્ટર અને રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ મી૦ સ્પેન્સ સાહેબે પોતા માટે ૧૮૮૩-૮૪ ના વાર્ષિક રીપોર્ટમાં લખેલું કે 'Mr. Nandshankar has carried on the duties with marked ability and there can be no doubt he is thrown away in such an appointment. ચારો તરફ મુંબઈ સરકારનાં લખાણ ગયેલાં કે પોતાની બુદ્ધિ અને અનુભવને છાજે અને જયાં એમના પ્રયત્ન સંપૂર્ણ રીત્યા ઉપયોગી નીવડી સફળ થાય એવી જગ્યા શોધી કાઢવી જોઇએ. રાજાજી ગંભીરસિંહજી તથા મેજર સ્ટેસ સાહેબના સંયુક્ત કારભારના સ્તંભરૂપે પોતે નિયુક્ત થયા. અહીં કામ બહુ પડયું હતું. સાગબારા અને સરકાર વચ્ચેનો જંગલના સીમાડા બાબતનો

ઝઘડો ગુંચવણીયો અને અગત્યનો હતો. રાજાની તીજોરીમાં નાણાં લાવવાં, ગયેલી સાખ કાયમ કરવી, લોકોમાં ભરોસો પેદા કરવો એ સહેલી વાત ન હતી. તે વેળા રાજપીપળાના અધિકારીવર્ગમાં સુરતના જાણીતા મોદી ખાનદાનના નબીરા ખાનબહાદુર જહાંગીરશાહ ન્યાયાધીશ હતા. સુરતવાસી જહાંગીરશાહ અરદેશર તાલેયારખાન (પોતાના જુના મિત્ર શેઠ દીનશાજીના ભાઈ) પોલીસ સુપરીનટેન્ડેન્ટ હતા. નાંદોદમાં છ વર્ષ દરમીયાન કેટલી જાહોજલાલી પોતે દાખલ કરી તેથી કોણ અજાણ્યું છે? અતિશય કામ કરવાથી પોતાની તબીયત ખરાબ થઈ ગઈ હતી. કોલેરાની દુષ્ટ બીમારી પછી પોતાનું શરીર કદી ભરાયું નહિ. સાથે લાગી આંખ નબળી થતી ગઈ. પોતે દૃઢ નીશ્ચય કરેલો કે પંચાવન વર્ષ પૂરાં થાય કે તુરત પેન્શન લઈ નિવૃત્ત થવું. ઓરીયેન્ટલ ટ્રાન્સલેટરની જગ્યા માટે ઉપરીઓએ ભલામણ કરેલી પણ પોતાને કશું માન્ય ન હતું. પોતે લખી મોકલ્યું કે હું વિરકત થવા ચાહું છું માટે મારો પેન્શન માટે બંદોબસ્ત કરવો જોઇયે. ઇ. સ. ૧૮૯૦ ના વૈશાખ માસમાં હમે નાંદોદ છોડી, સુરત અવ્યાં. મારાં જનોઈ તથા મારી બંને બેનોનાં લગ્ન થયાં. મારી બીજી બ્હેન અ. સૌ. સુલોચનાનાં લગ્ન રા. રા. વીરપ્રસાદ તાપીપ્રસાદ દેસાઇના વડા પુત્ર વેરે થયાં. ત્રીજી બ્હેન અ. સૌ. બહુવિદ્યાનાં લગ્ન રા. રા. હરીસુખરામ માણેકરામના વડા પુત્ર સાથે થયાં. બન્ને વહેવાઈ પોતાના પુરાણા શિષ્યો હતા. રા. વીરપ્રસાદ મુલ્કીખાતામાંથી મુંબઇની મ્યુનીસીપાલીટીમાં બદલાયા હતા ને તેમને એક હઝાર ઉપરાંત પગાર મળતો હતો. એ બાહોશ તથા સુશીલ ગણાતા અને પોતા ઉપર પૂજ્યભાવ પણ વિશેષ રાખતા. મને ઠીક યાદ છે કે વૃદ્ધાવસ્થાને લીધે ને આંખની નબળાઇને લીધે એકલા જવાને અશક્તિમાન હોવા છતાં ઇ. સ. ૧૮૯૫ માં જ્યારે વીરપ્રસાદજીનો કાળ થયો ત્યારે પોતે પાયદલ અવલમંજલે ગયેલા.

હરિસુખરામજી પોતાના પુરાણા મિત્ર માકુભાઇના એકાકી પુત્ર હતા. તેઓ મુનસફ હતા. થોડા બોલા-શાંત સ્વભાવના-આ સાધુ પુરુષ ઇ.સ. ૧૯૦૨માં મરણ પામ્યા. આ બંને પુરુષના મ્હોં ઉપર જે બુદ્ધિનો લખલખાટ હતો તે આજે કોણ જાણે ક્યાં ન્યાતમાંથી ચાલ્યો ગયો છે? નાંદોદના સુખી જીવનના ભણકારા હજુ પડે છે. હમે 'કેમ્પ'માં પોતા સાથે ઝાઝું ફરતા. પોતાને તો કામનું કામ જ. હમારે તો મઝાહ. શૂલપાણ ગયેલાં ત્યારે મારા બન્ને જ્યેષ્ઠ બંધુપણ સાથે હતા. પોતાનો તરવાનો પુરાણો શોખ જાગૃત થયેલો ને મોખડીના ધોધ આગળ હમે બધાંએ ખૂબ મઝાહ કરેલી. અહીં વાયકા ચાલે છે કે એક બ્રાહ્મણ ભમતો ફરે છે, તેને માથે ઘા છે, તેના ઉપર માખી બણબણ્યા કરે છે. ભીલ લોક તેને દેખે છે ને કહે છે કે તે અશ્વત્થામા છે. ઘણી-વાર બબણતી માખી જોઈ ભીલ બોલતા કે આ પેલો તે! પણ સંસ્કૃતિમય દૃષ્ટિને તો તે મૂર્તિ અદૃશ્ય જ રહેતી. અહીંના પોપટ બહુ મનોહર હોય છે "શૂલપાણનો શુક રુડો" આમ કહેણી છે તે ખોટી નથી. નર્મદાને કિનારે કિનારે હમે ખૂબ ફરેલા. પનાઇમાં જતા ને કિનારે પડાવ કરતા. આવી રીતે શુકદેવ, વ્યાસ, અનસુયા, શુકલતીર્થ, ચાંણોદ કન્યાળી વગેરે યાત્રાનાં સ્થાન જોયલાં. પોતાની કાર્યકુશળતા માટે એડમીનીસ્ટ્રેટરોનો શો અભિપ્રાય હતો તે દર્શાવવા નીચેના બે ફિકરાં ઉતારી આ પ્રકરણ સમાપ્ત કરું છું. મી૦ મેકોનાકીએ નીચે પ્રમાણે લખાણ કરેલું.

Extract from the administration report of the state of Rajpipla for 1886-87. Para. 36.

In concluding my general survey of the revenue administration of the state, I must express my high sense of the valuable services of Rao Bahadur Nand-shankar, Assistant to the Joint-Administration and Chief

Revenue officer. His ability, his power of work, his carefulness and accuracy, his long experience, his zeal, his absolute sincerity of mind and purpose render him a tower of strength to the administration. I feel that no words of mine can add anything to the name and fame of a veteran officer who made long ago such a reputation for himself as Mr. Nandshankar, but it is my duty to acknowledge with cordial thanks the admirable way in which he performs his duties, the constant support and assistance he has given me and the many occasions on which I have been indebted to him for his advice. His annual report is a model of excellence, distinguished ability, minute mastery of details, and broad grasp of general principles and forms a most interesting resume of the conditions and resources of the State.

31–5–1887

A. F. MACONOCHIE (I. C. S.)
Joint Administrator, Rajpipla State.

મી. મેક્રોનોકીના ગયા બાદ મી. શ્યુઅન સાહેબ આવ્યા. ધર્મ-ચુસ્ત, તથા ગ્રીક સાહિત્યના ઉત્કૃષ્ટ અભ્યાસક હોવાને લીધે પોતાના વિદ્યાવિલાસી સાત્વિક જીવન માટે ઊંચા ભાવની લાગણી હતી. મી. શ્યુઅન સાહેબે પોતાના કામ બાબત નીચે મુજબ અભિપ્રાય દર્શાવેલો.

Extract of part para 149 of the Rajpipla State administration report for the year ending 31–3–89.

"The assistant administrator's tour was broken by leave rendered necessary by the state of his eyes. The Rao Bahadur informs me that he intends to retire from Government Service in the course of a few months. He has been associated with the work of this administration since its establishment and successive officers have certified to the zeal and sincerity of purpose with which he has laboured for the good of the State. His experience, ability and capacity for work and his sound advice have always been of the greatest value to me. His kindly presence will long be remembered with affection by the people of Rajpipla.

A. SHEWAN I. C. S.
Administrator Rajpipla State.

જ્યારે આ ચિત્ર આલેખવાનો મેં નિશ્ચય કર્યો ત્યારે શ્યુઅન સાહેબને મેં એમના સ્મરણપટમાંની કંઈક રેખાઓ (reminiscences) મોકલવા વિનંતિ કીધી હતી. તેના ઉત્તરમાં તેઓ નીચે મુજબ લખે છે.

St. Andrews, Fife, Scotland.
14th September 1913.

Dear Mr. Mehta

It is now nearly indeed, when I think, it is twenty years since I parted from your father on his retirement from Rajpipla and I fear my memory has become some what dim as to particulars of the ex-

cellent work which he did for that State. But I have never forgotten what a sense of security, his great knowledge of Gujarat revenue practice gave to me who was a Deccani. The regeneration of the revenue system (so to call it) of Rajpipla was his work. A good deal of it was done before I joined. But I well remember his report on the settement of the alienations. It was a most valuable document and if my memory serves me true the proposals were adopted by Government *enbloc*. But it was not merely his great knowledge and experience that rendered him so valuable an assistant. Added to this were great soundness of judgment and an influence with the people which was remarkable and unfailing. His industry and uprightness and single eye to the welfare of the State had won their confidence from the first. To me, it was more than half the battle to have such an authority to depend on. His retirement was a great loss to the State and to me personally: but the work was done, one might say, before he left or at least he had laid foundations on which others could build. I imagine the name of Nandshankar Tuljashankar has not been forgotten in Rajpipla by those who were cognizant of his worth and are still alive. I myself remember with gratitude the wise adviser and valued friend. I had the good fortune to be associated in

India with many native officers, my connection with whom it is a pleasure to recall. None of them has retained a higher place in my regard than your father.

We, that is Mrs. Shewan and I, remember your mother well. I am glad to hear your father has a son in the Civil Service and we wish you all success in it.

. (Sd) Yours Sincerely

A. SHEWAN

ઉપર જણાવ્યા મુજબ પોતે જ્યાં ગયા ત્યાં લોકો તેમજ સરકાર તરફથી સંપૂર્ણ માન, ઈજ્જત, હેત, પ્રીતિ અને સામાન્ય પૂજ્યભાવ પ્રાપ્ત કરવા શક્તિમાન થયેલા. પોતાની કામ કરવાની શક્તિ, પ્રજાપરાયણતા, સંગીન વિચારો, કાર્યદક્ષતા, અને સુશીલતાએ બધાંનાં મન હરી લીધાં હતાં. નાગરોમાં રાજ્યતંત્ર ચલાવવાની-હુકુમત ચલાવવાની-શક્તિ માતાના દુધની સાથે આવે છે એ પોતે યથાર્થ કરી દેખાડ્યું. પણ આ ઉચ્ચ પ્રકારની શક્તિ, ઉત્કૃષ્ટ રીત્યા કોઇનામાં પ્રાદુર્ભાવ પામી હોય તો તે ઓગણીસમા સૈકામાં ગગાભાઇમાં, મણીભાઇમાં તથા પોતાનામાં હતી એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ ગણાશે નહીં.

હિન્દના 'દાદા'એ, ઇ. સ. ૧૮૮૦ ની ૨૦ મી ઑગસ્ટે કાઠીઆવાડના 'દાદા' ગગાભાઇપર એક પત્ર નીચે મુજબનો લખેલો:-

'My view is and has been all along, as you are aware, that every Native State if administered carefully and honestly should share a far greater degree of prosperity than British Province can ever attain. Everything is in favor of the Native States.

પોતાનો પણ આ દૃઢ નિશ્ચય હતો. આપણું કાર્યકુશળપણું નષ્ટ ન થાય, કટાઈ ન જાય તે માટે દેશી રાજ્યની રંગભૂમિ ઘણી ઉપયોગી છે. દેશી રાજ્યપદ્ધતિ ઓછા ખર્ચે ચલાવી શકાય. એમાં અમલદારોની આટલી સોપાન પરંપરા રાખવાની જરૂર રહેતી નથી. દેશી હકુમત સહૃદય હોય છે. જોડા ક્યાં ડંખે છે એ ચિકિત્સા કરવી દેશીઓને સહજ છે. પણ અંગ્રેજી અમલદારોથી આટલું તો જરુર ગ્રહણ કરવાનું કે ફરજને મ્હોટી દેવી સમજી પૂજવાની; સ્વૈરપણાને નદીના વોહની માફક નિયંત્રિત રાખવું, ઉચ્છૃંખલિત થાય તો પાયમાલી! સીફારીશ દાબી નાંખવી, ગુણને આગળ પાડવો, ખુશામતને આગ લગાડવી ને સપક્ષ પ્રધાનપદું દૂર કરવું. આટલી વાત સધાઇ તો દેશી રાજ્ય જેવું સુખ ક્યાંઇ નથી.

પ્રકરણ ચોથું.

મધ્યાહ્ન—ભાગ ત્રીજો.

કરણઘેલાની વ્યુત્પત્તિ તે પુસ્તકની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં પોતે નીચેના સાદા શબ્દોમાં આપી છે: "આ પ્રાંતના ઘણા ખરા લોકોને ગુજરાતી કવિતામાં લખેલી વાર્તાઓ વાંચવાનો ઘણો શોખ છે, પણ હજી સુધી એવી વાર્તાઓ ગદ્યમાં લખાયલી ગુજરાતી ભાષામાં ઘણીજ થોડી છે, અને જે છે તે લોકોમાં પ્રસિદ્ધ નથી. આ ખોટ પુરી પાડવાને તથા અંગ્રેજી ગાથા તથા વાર્તાના જેવાં ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરાવવાને આ પ્રાંતના માજી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર મહેરબાન રસલ સાહેબે મારી આગળ પોતાની મરજી જણાવી તથા એવી એક વાર્તા બનાવવાને તે સાહેબે મને કહ્યું. તે ઉપરથી આ પુસ્તક મેં આશરે ત્રણ વર્ષ ઉપર રચ્યું." ઉત્તર હિંદુસ્તા-

નમાં અંગ્રેજ લોકનો પગપેસારો કાયમ થયો એટલે એતદ્દેશીય ભાષાના અભ્યાસ માટે પુસ્તકોની ન્યૂનતા જણાઇ. મૌલવી. અને પંડિતોને ગદ્યમાં અને પદ્યમાં પુસ્તકો લખવાનું કહેવામાં આવ્યું. પ્રેમ-સાગર, તોતા કહાણી, બાગોબહાર વિગેરે પુસ્તકો આ હુકુમને અનુ-સરી લખાયાં. "આવી જાતનું પુસ્તક ગુજરાતીમાં પહેલુંજ છે" એમ પોતે લખે છે, છતાં ઉપલી ગણાવેલી ઉર્દુ અને હિંદિ કિતાબો કરતાં કરણ ઘેલો કેટલો ચઢિયાતો છે તે વાંચનારને સહુજ માલૂમ પડયું હશે. આ તો સાહિત્યનું પુસ્તક છે; પેલાં તો કિસ્સા, ટપ્પા, પુરાણની શૈલીનાં છે. આ ઇતિહાસને અનુસરતું, કવિત્વ શક્તિથી મનોરંજક થયેલું, ચિરસ્થાયી પુસ્તક છે. પેલાં તો પ્રસંગને માટે લખાયલાં પ્રસંગને અભાવે નિર્માલ્ય ગણાયાં છે. ગુજરાતી ભાષા જ્યાં લગી બોલાતી, વંચાતી, રહેશે ત્યાં લગી કરણઘેલો તો લોકમાં પ્રિય રહેવાનોજ. પોતે અંગ્રેજીશાળાના મુખ્ય અધ્યાપક હતા ત્યારે ઉપલી સુચના થયેલી. ઉમર તે વેળા ત્રીશ વર્ષની હતી. અંગ્રેજી નવલકથાઓ પોતે સારી રીતે વાંચી હતી. ઇતિહાસપર તો અથાગ પ્રીતિ હતી. અને "જ્યાં ન પ્હોંચે રવિ ત્યાં પ્હોંચે કવિ" એ કવિત્વ શક્તિએ કરીને ભૂત-કાળને વર્તમાનકાળમાં વસતા વાચકવર્ગ સન્મુખ તાદૃશ ખડો કરવો એ ઉત્કૃષ્ટ ઐતિહાસિક નવલકથાકારનું કર્તવ્ય સમજી, પોતે છપાયલી તવારીખો તથા દંતકથાઓના રસપૂર્ણ અધ્યયનમાં ન્યૂનતા રાખી ન હતી. પોતે કહેતા કે "એક જમાનો અસ્ત પામતો, બીજો ઉદયગીરી ઉપર ડોલતો—મગરૂબીનો માર—વ્યભિચારની હાર—ધર્મનો જય, પાપનો ક્ષય—આનો ચિતાર આલેખવા ઉચિત ઐતિહાસિક સમય પસંદ કરવાની મારી ઇચ્છા હતી." "લાસ્ટ ઓફ ધી બેરન્સ." "લાસ્ટ ડેઝ ઓફ પૉમ્પિયાઈ." "લાસ્ટ ઓફ ધી ટ્રીબ્યુન્સ" વિગેરે લીટનની નવલ કથાઓમાં પણ આવોજ નાટ્યકૃતિને ઉચિત અવસર પસંદ કરવામાં આવેલો. પોતાને ત્રણ અવસર બહુ યોગ્ય લાગેલા.

ચાંપાનેરની પડતી; સોમનાથનો નાશ; અને ગુજરાત ઉપર અલ્લાઉદ્દીનની ચઢાઇ. આ ત્રણે વિષય ગુજરાતને લગતા હતા. ચાંપાનેરના વિષયમાં માતાનો કોપ આગળ પડતો આવતો પણ તે અણઘટતો કોપ હતોઃ કરણઘેલામાં સતીનો કોપ આવે છે પણ તે ઘટતો. સોમનાથની બાબતમાં તો ભીમદેવે પાછી પહાની એવી કાઢેલી કે રજપૂતનું ચિત્ર તાદૃશ કાઢી ન શકાય. માધવની દંતકથા માન્ય થઇને પોતે વાર્તા લખવા માંડી. પોતે કહેતા કે લખતાં લખતાં વિચાર એટલા ઉભરાતા કે હું ઘણીવાર અટકી જતો. કદાચિતજ મ્હારે છેકવું પડતું. સ્હવારે, સાંજે હું લખતો તથા બપોરે શાળામાં જતો. મ્હારી માતુઃશ્રી કહે છે કે "ઘરમાં એક લીંપેલી કોઠી હતી તેમાં લખેલા કાગળીયા રાખતા; જમીન ઉપર બેસી ઘુંટણ ઉપર કાગળ મૂકી સડસડાટ લખ્યા જતા; ન મળે મેજ કે ન મળે ખુરશી, પોતે ભલા ને પોતાની ચટાઇ ભલી. લખવામાં એટલા તલ્લીન થઈ જતા કે શાળામાં જવાનો વખત થઈ જતો ત્યારે મ્હારે ઉપર આવીને પોતાને ધૂનમાંથી જગાડવા પડતા. પોતાનું લખેલું મિત્રોમાં વાંચી સંભળાવતા, ને આગળ લખતા." પોતાને છટાદાર વાંચવાનું, વંચાવવાનું બહુ પસંદ હતું તેથી પોતાને મ્હેં કદી વાંચતા સાંભળ્યા તો ન હતા, પણ કરણઘેલાને જુસ્સા–છટાથી વાંચનારને માલૂમ પડ્યું હશે કે લખનારથી લખતાં લખતાં શબ્દોનું સ્પષ્ટ ને ઉંચેથી ઉચ્ચારણ થઇ ગયું હશે! કેમકે શબ્દ અર્થને અનુસરીને જ કોમળ કે કઠોર મૂકાયા છે. પહેલી આવૃત્તિ સ. ઈ. ૧૮૬૮ માં સરકારી ખર્ચે છપાઇ. બીજી આવૃત્તિ ઈ. સ. ૧૮૭૧ માં છપાઈ. પુસ્તક છાપી પ્રસિદ્ધ કરવાના સર્વ હક્ક સરકારને સ્વાધીન કીધા હતા, ને તે માટે પોતાને કાંઇક થોડી રકમ પણ મળી હતી. ઇ. સ. ૧૮૮૨ ની એકવીશમી ફેબ્રુઆરીએ પુણાની કેળવણી ખાતાની ઓફીસમાંથી નીચે પ્રમાણે પત્ર પોતાના ઉપર આવ્યો.

Poona.

To Nandshankar Tuljashankar Esq.
Lunawada.

Dear Sir,

I have the honor to draw your attention to this office no. 470 dated 27th April 1881 and to request that you will return the copy of your work called Karan Ghelo with the least possible delay as a new Edition of it is required.

I have the honor to be,
Dear Sir
Your most obedient Servant,
(Sd) K. M. Chatfield.
Director, Public Instruction.

પોતે તેનો જવાબ લખ્યો કે 'I have forwarded by Book Post the Copy of my book called Karan Ghelo, sent to me by Rao Saheb Mahipatram Rupram.

સરકાર તરફથી કહેવામાં આવ્યું કે ભૂત પ્રેત વિગેરેના જે ફિકરા કરણઘેલામાં છે તે દૂર કરવા જોઇયે ત્યારે શાળોપયોગી પુસ્તક તરીકે સરકાર એને છપાવે. પોતે સાફ ના પાડી કે હું કાંઈ કાપકૂપ કરવાનું દુરસ્ત ધારતો નથી. મે. જાઇલ્સ સાહેબે, મે. ચેટફીલ્ડ સાહેબને ભલામણ કરી કે આ પુસ્તકના સ્વામિત્વના અધિકારો પાછા ગ્રંથકર્તાને સ્વાધીન કરવા. આ સૂચનાનો અમલ થયો ને ત્યારબાદ પોતા તરફથીજ આ ગ્રંથ છપાયો. મ્હારા બંધુ રા. માર્કંડરાવે ત્રીજી આવૃત્તિની

પ્રસ્તાવનામાં લખ્યું છે કે: "ગ્રંથકારે ત્રણ વિષય ઉપર લક્ષ આપવું જોઇએ. ભાવ ઘણો મહાન્ તથા ગંભીર; આશય ઉચ્ચ તથા શ્રેષ્ઠ; અને વિષય યાને વસ્તુ વિસ્તીર્ણ તથા ચિરસ્થાયી રાખવાં જોઇયે." આ લક્ષ્ય નજરમાં રાખી હું કરણઘેલાનું કંઇક આસ્વાદન કરાવું છું:–

વસ્તુનું સંકલન થતાં જમાનાની બાબત પહેલો ઇશારો વિન્ધ્યાદત્તના મ્હોંયેથી આવે છે. માધવે પૂછ્યું "ગોર મહારાજ! હવન સારી પેઠે તો કીધો છે? કાંઈ ગડબડ ગોટા તો વાળ્યા નથી?" તેના જવાબમાં વૃદ્ધ પુરોહિત કહે છે: "આવાં વચન તમારા મ્હોંમાંથી નીકળેલાં સાંભળીને મને ઘણું આશ્ચર્ય લાગે છે. તમારી મતિ કાંઇ બદલાઈ હોય એમ મને લાગે છે; અને જ્યારે આપ જેવા પુરૂષની મતિ બદલાઇ ત્યારે આગળ કાળ કેવો આવશે તેનો મોટો ભય રહે છે." આપણામાં સામાન્ય માનવું છે કે જ્યારે કુટુંબની પડતી આવવાની હોય ત્યારે ઘરનાની મતિ બદલાય છે, શ્રદ્ધા ઓછી થાય છે, ભરોસો ટળે છે. ખુદઘરઝી (સ્વાર્થ બુદ્ધિ) વધે છે, સ્વાર્થ પ્રકટે છે. તેજ પ્રમાણે રાજા અને પ્રધાનની મતિ બદલાઇ, તેમાં ભરોસો કમ થયો, સ્વાર્થ વધ્યોને બીજા પોતાના સ્વાર્થમાં ડુબતા જાય છે એ ખ્યાલ વધ્યો. આ સ્થિતિને પરિણામે પડતી આવવાની, અધોગતિ થવાની! રાજા અને પ્રજાએ બંનેમાંથી ભક્તિ ઉઠી ગઈ. પરમેશ્વર ન કરે પણ રાજ્યની ખરાબી એ પાપને લીધે થશે." આ પ્રમાણે આપણે ડોવાયલાં વાતાવરણમાં પહેલે દહાડેથીજ પ્રવેશ કરીએ છૈએ. "Times are out of joint." નું ભાન થાય છે. જ્યારે ખલીફ ઓમરે (અલ ફારૂક) કદીસીયાની હાર બાદ ઇરાનનું રાજ્ય સર કર્યું ત્યારે યઝદેઝર્દની પોતાની હાલત, એની પ્રજાની હાલત, આવીજ હતી. 'પોમ્પીઆઇ' જ્યારે દટાયું ત્યારે 'આરબેસીસ'ના ફંદામાં ફસેલા રોમન લોક આવાજ સ્વાર્થી અને શ્રદ્ધા રહિત બન્યા હતા. ખેડુત અને વ્યાપારી વર્ગના અગ્રેગામીઓના સંભાષણથી એ ખ્યાલ સાબિત થાય છે કે જો કે

ગુજરાતમાં જાહોજલાલી હતી, વૈભવ ઉભરાતો હતો, છતાં સ્વાર્થ વધ્યો હતો, ને રાજા પ્રજા તરફની ફરજ ભૂલી વ્યક્તિ પોતાનાજ કમબેશ ફાયદાની વાત કરતી. જ્યાં પોત પોતાના હક્કનો ખ્યાલ વધે, સામાન્ય ફરજનો ખ્યાલ કમ થાય, ત્યાં દુર્દશા દાખલ થવાનીજ. એટલામાં આપણે કરણને રંગ ભૂમિ ઉપર આવતો જોઇયે છૈયે. પોતાના સ્વભાવને અનુસરી આત્મનીરીક્ષણ કાજ તે નગર ચર્ચાજોવાને નીકળે છે. વંત્રી-ઓની મૂલાકાત થાય છે. તેમને બહાદુરીથી દબાવી દે છે, ત્યારે તે વરદાન આપે છેઃ "હે રાજા! બાયડીથી બહુ સંભાળીને ચાલવું અને તેઓ સાથે જેમ બને તેમ થોડો સંબંધ રાખવો." પોતાનું ભવિષ્ય પૂછનારને ભવિષ્ય-દર્શી ડાકણો તરફથી ઉપલો જવાબ મળ્યો. આપણામાં એવી માન્યતા છે કે હરેક જણની ભાગ્યદેવી ઓળા માફક તેની પૂઠે લાગેલી જ રહે છે. રાજાની પૂઠે પણ કુળદેવી હોય છે. તે રાજાના સુખમાં રાચે છે, દુઃખમાં ડુભાય છે. સિદ્ધરાજ જયસિંહનો મરણ અવસર પાસે આવેલો જોઈ તેની કુળદેવી રોવા લાગેલી. સ્કૉટલાંડ દેશમાં હજુ સુધી આ બાબત મ્હેં સંપૂર્ણ શ્રદ્ધા જોઈ છે, ને હરેક ખાનદાનની એક દેવી "બેનશી" નામે હોય છે, જે તેના દુઃખની પેશીનગોઈ કરવા હમેશ તત્પર રહે છે. પોતે કહેતા કે આ ડાકેણો તે કરણની કુળદેવીઓ જ હતી ને તેમણે ભવિષ્ય બાબત એને સૂચના આપેલી. "તારી નાડ હમે જોઈ, તને આજ દરદ છે, સાવચેત રહેજે!" મહાન કવિ શેકસપીયરના મેકબેથના નાટકમાં પણ આજ જાતની પેશીનગોઈ અપાઇ છે. 'બેંકો' પેલી ત્રણ ડાકણને પૂછે છે.

If you can look into the seeds of time, and say which grain will grow and which will not, speak then to me.

1st Witch: 'Lesser than Macbeth and greater.
2nd Witch: Not so happy, yet much happier.
3rd Witch: Thou shalt get Kings, though thou be none.

ચંચળ મન પર છાપ વ્હેલી પડે છે એ ન્યાયે "બાદશાહ થવાનો" આ શબ્દ જ મેકબેથને કાને પડતાં સાધ્યને ઉદ્દેશી પોતાની પ્રવૃત્તિ પ્રેરે છે. પણ બાદશાહ થઈ સુખી નથી થવાનો; ત્હારા વંશનો ત્હારા પછી રાજ્ય નહી કરે; આ વેણ મેકબેથે સાંભળ્યું પણ ગણકાર્યું નહિ. આપણે પેહેલેથી જાણીએ છીએ કે મેકબેથ ડન્કન રાજાને મારી રાજા થવાનો; દુઃખી થવાનો; માર્યો જવાનો; છતાં પુરુષ–પ્રયત્નથી તે ભવિષ્ય વારી શકે એમ છે. તે જાણે છે કે અનર્થ થશે; છતાં અનર્થથી દૂર નથી રહેતો. તેજ પ્રમાણે કરણ રાજા પોતાને મહેલે કોળા રાણી જેવી આરસની પ્રતિમા, કુલા રાણી જેવી અપ્સરા, શાંત અને પ્રગલ્ભ સૌંદર્યની મૂર્તિઓ છે તે જાણ્યા છતાં રૂપસુંદરીના કુંપળસમ ખીલતા સૌંદર્ય ઉપર તે ઘેલો થાય છે. એ જાણે છે કે નાગર શૂરવીર હોય છે, ને વૈરભાવમાં ઉણા હોતા નથી છતાં પણ તે નાગના મસ્તકપરનું મણિ લેવા તલપે છે, ધાય છે, ને નાગનો શિરચ્છેદ કરી મણિ ગ્રહે છે. પણ તે શા કામનું? તે તો નાગની ફેણ ઉપર હોય ત્યારેજ મણિ જેવું ઝળહળે નહિ તો સામાન્ય ચામડું. તેમ રૂપસુંદરી ઉપરથી એ તેનો મોહ ઉતર્યો. નાગનો છેદ કર્યો, તેમાંથી નીકળેલું રૂધિર તે જ્યાં ત્યાં જોવા લાગ્યો. એક નાગમાંથી હઝાર નાગ પેદા થઈ તેને બ્હીવરાવવા લાગ્યા. વળી માધવના હૃદયાંગણમાં વૈરદેવી સ્થાપિત થઈ. પછી તો એક તરફ પશ્ચાત્તાપનો ધુંધવાતો ધુમાડો, બીજી તરફ વૈરની વિષમયી આગ. પ્રત્યેક વસ્તુ માધવને વૈર લેવાનું સુચવવા લાગી. જ્યારે કેશવ મરાયો, ગુણસુંદરી સતી થવા ચાલી ત્યારે એક ચીથરીઆ રજપૂતે સતીમાતા સન્મુખ જઈ પૂછ્યું: "માતા! પરાપૂર્વથી

એવો સંપ્રદાય છે કે જ્યારે કોઈ સતી થાય છે ત્યારે તે શહેરના દરવાજા ઉપર હિંગળોકના હાથા મારે છે અને રાજા તથા રૈયતને આશીર્વાદ દે છે, તે પ્રમાણે માતાએ પણ આ વખત કરવું જોઇએ." ગુણસુંદરીએ જે જવાબ આપ્યો તેનું સંપૂર્ણ વર્ણન અહિં આપવું અનુચિત નહીં ગણાય. "તેજ ક્ષણે સતીએ પોતાના બે હાથ ચોળી બળતા અંગારાએ ખોબો ભર્યો અને તે શેહેર ઉપર ફેંકી બોલ્યાં: જે રાજાએ વગરવાંકે પરસ્ત્રી, પોતાના મુખ્ય પ્રધાનની વહુ, બ્રાહ્મણી, અને તે પણ વળી નાગરજ્ઞાતિની એવીનું હરણ કીધું; (एकैकमप्यनर्थाय किमुत चतुष्टयम्). જે રાજાએ એવું કામ કરી તેના મુખ્ય પ્રધાનને, તેનું ભલું ઇચ્છનારને, તેના રાજ્યનું સુખ વધારનારને તેના દરબારમાંથી હમેશાંને માટે કાઢી મુકયો; જે રાજાએ બળત્કારે પરસ્ત્રી હરણ કરવામાં તેનો કારભારી જે ઉંચો બ્રાહ્મણ હતો તેની હત્યા કરાવી; અને રાજાએ બ્રહ્મહત્યા સાથે સ્ત્રીહત્યા પણ કરાવી; અને અગર જો તે સ્ત્રીના મનને મરવું દુર્લભ છે અને કૈલાસ લોકમાં જવા જેવું છે, તોપણ તેના અકાળ મૃત્યુથી તેનાં માબાપ, ભાઈ બેન, સગાંવાહાલાં, ઇત્યાદિને જે પરમ દુઃખ થશે તેનું કારણ જે રાજા છે, તે રાજા ગણ્યા દહાડામાં વનવન રઝળશે, તેની બઇરી પારકા લઈ જશે, તેની છોકરી દુઃખ પામી પામીને પરપુરૂષના હાથમાં જઈ પડશે, તેનું મોત તે પોતે માગી લેશે, તે કયાં તથા કયારે મુઓ તે કોઈ જાણશે નહિ, તેનું નામ, નિશાન કાંઈ રહેશે નહિ, તેના મહેલમાં તેના શત્રુ આવી વસશે, અને રાજાના પાપથી રૈયત દુઃખી થાય એવો નિયમ છે તે પ્રમાણે આ અણહિલ્લપુર પાટણનો નાશ થશે, તેનું દ્રવ્ય લુંટાઈ જશે, તેના વ્યાપારીઓ જડમૂળથી ઉખડી જશે, અને કેટલાક કાળ પછી આ ઠેકાણે આવું મોટું શહેર હતું તેનું એક પણ ચિહ્ન રહેશે નહી. રે જગદંબા! મારો આ શાપ ફળજો." કરણે પોતાના દેહાંતની સજા સાંભળી. તેણે પોતાના કુટુંબની સાથે રાજ્યની

પાયમાલી થશે એવો વર્તારો સાંભળ્યો. હવે તો કાળના મ્હોડામાં કેવો અવિચ્છિન્ન એ ઘસડાય છે, તેના સદ્ગુણો પણ તેની અધોગતિ કરાવવામાં જ કેવા પ્રબળ થાય છે તે આપણે જોવાનું રહ્યું.* જેમ એક પોપટીને ગરોળી વશ કરી દઈ ખાઈ જાય છે, તે પ્રમાણે કાળ-દૈવ-કરણને ધીરે ધીરે ગળે છે. વસ્તુ સંકલનાની ફીરકી ધીરે ધીરે સરકવા માંડે છે. પરિણામ આપણે જાણીએ છીએ છતાં કરણ એથી ડગતો નથી. આખર લગી તેના મ્હોંમાં તો—यत्नेकृतेऽपि न सिध्यति कोऽत्रदोषः એજ સિદ્ધાંતનુ રટણ થયાં કરે છે. તે કરવા જાય છે તો બધું સારુંસારું, પણ પરિણામ માઠુંજ નીવડે છે. પોતે કહેતા કે એક નવલ કથાકારને આ ઐતિહાસિક દૈવને આધીન થવુંજ પડે છે. જ્યારે કરણના જીવનમાં ઉપર આલેખવામાં આવેલા બનાવો બન્યા ત્યારે તેના હાથમાં હતું કે પોતાનું ભવિષ્ય તે ફેરવી શકત, પણ તે બની ચુકયા પછી તો આપણે તેને જેમ બને તેમ થોડો તિરસ્કારપાત્ર બનાવવો હોય તો આગાહી મુજબ જ એની અધોગતિ આલેખવી. હરેક મનુષ્ય જાણે છે કે તે મરવાનો, છતાં પણ તે જીવતો રહેવા ઘણી કોશીશ કરે છે, ફાંફાં મારે છે. તેના મરણ પછી તેનું જીવન દૈવાધીન માલૂમ પડે છે પણ ખરૂંતો તે સ્વકૃતિનેજ આધીન હોય છે. કરણ સ્વભાવે દુષ્ટ નથી. તે પૂર ખૂન (Sanguinary) તબીયતનો જુવાન રજપૂત બચ્ચો છે. આગ્રહી તે છેક દુરાગ્રહની હદ લગી; શૂરવીર જુઓ તો કેસરીઆંથી ચઢીઆતો; ટેકીલો એટલો કે સ્ત્રીથી અધિક; કોમળતામાં કુસુમગર્ભથી વિશેષ; પચ્છમ બુદ્ધિમાં બ્રહ્મબાલકથી ચઢીઆતો; કાંઈ પણ કાર્ય કરે તેને માટે ઘેલી તત્પરતા ત્વરા અને તેમ કરવામાં બીજાની લાગણીની અવગણના કરનારો; કાર્ય કર્યું કે પરિણામ માટે બેફીકર; પ્રાપ્યફળપર અભિરૂચિવાળો; કાર્યની બીજા ઉપર

---

* સુરદાસે કહ્યું છે-બાણ માર્યો વ્યાધ મૃગતન કીન્હ કાનનગવન, અંગશોણિત ભયો ઔરી ખોજ દીન્હોનવન.

શી અસર થઈ તે જાણવાની ઇચ્છાવાળો; તેથીજ તે વીર ચર્ચા કરવા નીકળેલો; ને તેથીજ તે ચીથરીઆવેશમાં સતીનો અભિપ્રાય સાંભળવા ગયેલો. ટુંકમાં કરણ તે મનુષ્યના અવિચારી ઉચ્છૃંખલ સ્વભાવની પ્રતિમા છે.

કરે કર્મ અવિચારીને, પાછળ પસ્તાય;
સાહસ કર્મ કર્યા થકી, હોય હર્ષનો નાશ.

તેને પસ્તાવો થાય છે તે જોઈને જ આપણા મન ઉપર એનું માનુષિકપણું કારમી અસર કરે છે. તે દુઃખ ભોગવે છે તેની સાથે આપણે પણ દુઃખી થઇયે છૈએ. ચંદ્રકાંત મણિની ખાસીયત છે કે ચંદ્રકિરણનો સ્પર્શ થતાં તે દ્રવે છે. તેમ આ માનુષિકપણું નિહાળી કયા મનુષ્યનું હૃદય નહિ દ્રવ્યું હોય? He is full of the milk of human kindness. પણ આ દુધ એના દુર્વિકારોથી અખરાઈ જાય છે, બગડી જાય છે. કરણ જ્યારે પ્રવેશ કરે છે ત્યારે તે ભર જુવાનીમાં હોય છે. "તેની ઉમર ત્રીશ વર્ષની હતી. તેનું શરીર પરમેશ્વરની કૃપાથી, નાનપણથીજ અંગકસરત કીધાથી, પાતળું તથા જોરાવર હતું. તેની ચામડીનો રંગ ઘઉંવર્ણો હતો; તે શરીરે લાંબો હતો; તેનું મ્હોં લંબગોળ હતું; તેનું નાક સીધું તથા લાંબું હતું; તેના ઓઠ નાના તથા ભિડાયલા હતા, જેથી જણાતું કે તે ઘણો આગ્રહી, એટલે જે કામ મનમાં ધારે તે કર્યા વિના રહે નહી એવા સ્વભાવનો હતો; તેની આંખ જરા લાંબી હતી, અને હમેશાં રતાશ પડતી રહેતી, તેથી તેનું રૂપ કાંઇક વિક્રાળ દેખાતું, અને તે જોઇને દુષ્ટ લોકો થથરી જતા. તેમાં મુખ્ય ખોડ બે હતી—એક તેનો ઉતાવળો તથા ઉન્મત્ત સ્વભાવ, અને બીજી વિષયવાસના. તેનું કપાળ વિશાળ હતું, અને તેની ભમર જાડી તથા એકબીજાની પાસે પાસે આવી ગયલી હતી, તેથી તેનામાં દૃઢતાનો ગુણ કોઈ પણ જોનારને લાગતો." રાજગુરુ, શયનસ્થ રાજાને, નિયમાનુસાર બોધ આપવા લાગે છે. પણ રાજા તરફથી બગાસાં રૂપીજ પ્રત્યુ-

ત્તર મળ્યો. એવાં ડાહ્યલાં વેણો કોણ સાંભળે? રાત્રિએ ચિત્તાની ત્વરાથી તે કુદ્યો ને તત્ક્ષણ વિચાર કર્યો: ચાલો નગરચર્ચા જોવા. હારૂન-અલ-રશીદ પણ આવીજ રીતે રાત્રિએ નીકળતો ને પોતાની કારકીર્દી માટે શું કહેવાય છે તે કાનોકાન સાંભળતો. રાજા વિક્રમની પણ પ્રજાપરાયણતા આજ માર્ગે તેને પ્રેરતી. વંત્રીઓની મુલાકાત થતાંજ તેમણે તેમનું રૂપ પ્રકાશ્યું, પણ પોતે બોલ્યો: "હું ક્ષત્રિ રાજપુત્ર છું. તમે મ્હારા રાજમાં રહો છો તેથી મારી રૈયત છો." પ્રતિસ્પર્ધી દબાયા. ત્યારબાદ કરણને વંત્રીઓ તરફથી શીખામણ મળે છે. તેના રણકા કાનમાંથી નાબુદ થયા નથી તે પહેલાં તો રૂપસુંદરીને જોય છે ને ધસી પડે છે. 'તાજાં બતાજાં નૌ બનૌ.' (fresh fields and pastures new.) નવીન ચીજ જોઈ કે તેને લેવા બાલક રડે, તેમ કરણની આંતરડીએ આક્રંદ માંડ્યું. "એ મ્હારે માટેજ સર્જેલી છે." એવો નિશ્ચય થયો:

असंशयं क्षत्रपरिग्रहक्षमा, यदार्यमस्यामभिलाषी मे मनः ।

પોતાની પટરાણીની પ્રૌઢ મનોહરતા નજીવી લાગી. આ અડધાં ઉઘડેલાં કમળસમ ખીલતી સુકુમાર સૌંદર્યતાએ તેને વશ કરી નાંખ્યો. પછી તો 'હું આવ્યો, મ્હેં જોયું, મ્હેં જીત્યું.' (I came, I saw, I conquered) એજ ત્વરાથી કરણના મનોરથ દોડ્યા. "બાયડીતો લુગડાં ઘરેણાની દાસી. એટલે તે તો સહેજ વશ થઇ જશે." અરે! હીણભાગી માનવ! ત્હને ખ્યાલ નથી કે રૂપ સુંદરી વૈભવની પ્યાસી નથી; એ ત્હારી દાસી થવાની નથી. પણ ત્હારીજ કૌળા રાણી (કમળા રાણી) લુગડાં ઘરેણાની દાસી થઈ અલ્લાઉદ્દીનના મહેલમાં બીરાજશે. એજ રાજલક્ષ્મી (કૌળા રાણીનું નામ યથાર્થ હતું) ત્હારી હાર થયા પછી તને છોડી જશે ને ત્હારા કટ્ટા વેરીને ગળે હસ્ત કમળ નાંખી વિલસશે. ત્હારી પુત્રી ત્હારો કાતિલ પ્યાર ભૂલી જઈ ખીજરખાંને વરશે અને દિલ્લિના કવીશ્વર, અમીરખુસરૂ-તુતી-યે-હિંદ, પાસે 'મસ્નવી એ ઇશ્કિયા' લખા-

વશે. જે થવાનું હતું તે થઈ ગયા પછી રૂપસુંદરીને મનાવતો આ ઘેલો રાજા કહે છે "એ તો બનવા કાળ." વ્હેમનો ભરેલો, શુકન-અપશુકન માનનારો, પોતાનું પાપ ધોઈ નાંખવા સારૂ સતી પાસે આશીર્વાદ માંગવા ગયો, ત્યારે પોતાના ભવિષ્યનું પૂર્વાસ્વાદનરૂપે અવલોકન પામ્યો! કલ્પનાશક્તિ વડે સતીની મરતી વખતની ચીસ સાંભળી વ્હેમી કરણ, દુઃખી કરણ, પસ્તાતો કરણ, પથ્થરપર બેશી નાના છોકરા પેઠે રડવા લાગ્યો! લઢાઈ કરવાનો વારો આવ્યો ત્યારે પણ સામંતની રાહ જોઈ નહિ. પ્રૌઢ લઢવૈયાની શાણી શીખામણ સાંભળી નહિ. જૈનનો ઝુંડો ઉતરાવી તે ધનાઢ્ય વર્ગને નારાજ કર્યો. રણમાં પડી લડ્યો ને હાર્યો. દુઃખમાં તેનું તેજ પૂર્ણ પ્રતાપથી પ્રકાશે છે. તેની પુત્રી ઉપરનો ત્હેનો પ્રેમ આપણી નજરમાં તેને અડધો તારે છે. Hegel says, the owl of Minerva issues from her nest when it is the dark of the night. તે પ્રમાણે જ્યારે આપત્તિનો અંધકાર વ્યાપી રહે છે ત્યારે બુદ્ધિ, સમયસૂચકતા, અને ડહાપણનાં કિરણ, કરણમાં સ્ફુરતાં જણાય છે. બાગલાણના કિલ્લામાં રહી લડત ચલાવી તેવી પદ્ધતી અણહિલ્લપુરના બચાવ માટે અંગિકાર કરી હોત તો જે પરીણામ આવ્યું તે ન આવત. એ અરસામાં શંકળ દેવજોડે દેવળદેવીનું માંગું આવે છે. એનું પુરાણું રજપૂત લોહી ઉછાળા મારી રહ્યું છે ને તે જુસ્સામાં આવી પોતાના યજમાનની માગણીને તુચ્છકારી કહાડે છે. "અરે પડ્યાને પાટુ ન મારો!" પોતે દેવળદેવીનેજ કાપી નાંખવા તૈયાર થાય છે. કૌળારાણી સુખમાં છે એવી ખબર સાંભળે છે. પોતાના સુખની એક ન્યૂનતા પૂરી કરવા શું તે દેવળદેવીને બોલાવી લે છે! અરે કરણરાજા તારા દુઃખનો પારજ નથી. ત્હારી આંખનું નુર લુંટાઇ જાય છે. ને આટલું પણ બાકી રહે છે કે તું હારી, રઝળી, કંટાળી કાઠીઆવાડમાં જઈ રહે છે, ત્યાં પણ ત્હારા કટ્ટા દુશ્મનને મ્હોંએ જો કે પરસ્પર અંજાણ રહી-સાંભળે છે કે કૌળાદેવી ખુશીમાં છે ને દેવળદેવીએ પોતાનો હાથ ખીઝરખાંને અર્પ્યો છે. અરે પ્રભુ! બસ કર!

આવેશમાં આવી ગયેલો કરણ પાણીમાં ઝંપલાવે છે. પણ કેમ મરાય! ક્ષત્રિય તે આપઘાત કરે? ને અંગ-જ્ઞાન આપઘાત કરવા દે? પેલો ગંજેરી બ્રાહ્મણ એને ખેંચી કહાડે છે. બાવાજી એને વેદાંતનો બોધ કરે છે પણ કરણ તો કહે છેઃ "વિધાતાતણા લેખ મિથ્યા ન થાય!" "હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાનતાણે" એ મિથ્યા અભિમાન. પોતાને માથે કષ્ટ આવી પડ્યું, તેને સહી શકાય એવું કરવા આ દૈવ–વાદ ચર્ચે છે. પણ પોતાને તો પુરુષ–પ્રયત્નજ પસંદ છે. ગુજરાતનો છેલ્લો રાજા, પાંચમા ચાર્લ્સ માફક, રાજપાટ છોડી સાધુ નથી બનતો. મઠમાં જઇ વૈભવનો ત્યાગ કરી દેહ કષ્ટ નથી કરતો. ઝટપટ દક્ષિણ તરફ પાછો ફંટાય છે. લઢાઇનાં 'બ્યુગલો' વાગી રહ્યાં છે, તે સાંભળી એના વિધાઈ ગયેલા દેહમાં પાછું ક્ષાત્રસત્વ ધબકવા માંડે છે. પણ હાર! હાર જ લખેલી. "જેમ જેમ પડે વિપત્તડી, તેમ તેમ સહે શરીર" વિપત્તડી સહી પણ સુખનો આરો દેખવા પામ્યો નહિ. તે અજાણ્યો–મુલ્કથી દૂર–પ્યારાંઓથી વિખૂટો–દેવળદેવીના સસરાની ભૂમિપર માર્યો ગયો. "પ્રિય વાંચનાર! કરણના શબપર થોડાં આંસુ પાડો" પોતે કહેતા કે, પરસ્ત્રીહરણથી સૃષ્ટિમાં ભારે ઉથલ પાથલ થયેલી. તેના રામાયણ અને ઈલીયડની પૌરાણિક ગાથાઓ છોડી દઇયે, તોપણ ઇતિહાસની આરસીમાં જોતાં ઘણા દાખલાઓ મળી આવે છે. સંયુક્તાથી વિરક્ત થયેલો જયચંદ્ર કનૌજથી શહાબુદ્દીન ઘોરીને 'આગ અને જળ' (શરણચિહ્ન) મોકલે છે કે "આવ ને હમારા પડોશીનો મુલ્ક સર કર." મહમદ કાસિમ સિંધમાં ઉતર્યો, તેના એક વર્ષ પહેલાં સ્પેનમાં પણ આવો જ બનાવ બન્યો. રૉડરીક, ગૉથ લોકનો રાજા હતો, તેણે સ્યુતાના હાકિમ જુલીયનની પુત્રી ફ્લૉરિડાનું કૌમાર્ય ભંગ કરેલું તેથી એલ્જીરીઆમાં વસતા મુસલમાનોને આમંત્રણ મોકલવામાં આવ્યું ને તારીક બિન ઝીઆદ સ્પેનપર તુટી પડ્યો ને 'ક્રૉસ'ની જગ્યાએ 'ક્રેસંટ' પ્રકાશવા લાગ્યો. પોતે કહેતા કે, રાજ્યની ઉથલપાથલનું આ કારણ

પ્રકટ થવાથી પરિણામ અણઘટતું લાગતું નથી ને કરુણારસનો ભાર કાબિલ બરદાશી (સહ્ય) થાય છે. માધવ ઐતિહાસિક પુરુષ છે, એની બનાવેલી વાવ હજુ મોજુદ છે. એના ઉપર જુલમ ગુજરેલો, તે વાત પણ દંતકથાએ પહોંચી છે. ગરીબ ઘરમાં ઉછરેલો, મહેનત, કુશાગ્ર-બુદ્ધિ, સમયસૂચકતા, ખટપટ અને ખંતથી કારકુની ઉપરથી પ્રધાન-પદે ચઢેલો, આ નાગર–પ્રધાન કરણને પોતાની ટચલી આંગળી ઉપર નચાવતો હતો. કદ મધ્યમ, શરીર કાંઇક જાડાશપર, રંગ સફેદ, મ્હોંડું લંબગોળ, આંખ ચપળ તથા બુદ્ધિના તેજવાળી હતી. પ્રધાનપદું બાપદાદાનું ન હતું, છતાં પણ બધાં ચિહ્ન ઉગ્ર શાસન કરનારનાં તેનામાં હતાં. 'તેને જોઇને કોઇને પણ માન આપ્યા વિના ચાલે જ નહીં" એવો તેનો દમામ હતો. રાજા તરફથી સ્પૃહા કાંઈ બાકી ન હતી. માત્ર સ્થાનક-ભ્રષ્ટ થવાનો ભય હતો. પ્રજાની પ્રીતિ સંપાદન કરવાની હરેક રીતે મરજી હતી, કેમકે સંતતિને અભાવે દ્રવ્યસંગ્રહ નકામો હતો અને રાજાનું મન તો મેળવવાનું જ નથી, તો પ્રજાનું તો મેળવી લ્યો, એ ન્યાયથી તે પ્રજા ઉપર મીઠી નજરે જોતો. આવા આધેડ વયના દિવાનની, અઢરાડેક વર્ષની સ્ત્રી રૂપસુંદરી હતી. મ્હોટપણમાં, કે પછી બીજી કે ત્રીજી વાર, પરણ્યો હશે તેથી તેના ઉપર મમતા પણ અથાગ હતી. બીજી જ્ઞાતિઓમાં સ્ત્રી તરફ કદાપિ અવગણના વધી હોય, પણ નાગરી ન્યાતમાં સ્ત્રીનું સન્માન અસલથી ઝાઝું છે. તેનું મુખ્ય કારણ એ જ કે, તેઓમાં એક પત્નીપણું હજુ સૂધી કાયમ છે. સંતતિની એટલી વાંછના નહી કે એકપર બીજી કરે; સ્ત્રીને છોકરાંની માતાજ ગણે;અર્ધાંગના ટળી પુત્ર–માતા જ માને. જ્યારે બ્હારગામ જવાનો કરણ તરફથી માધવને હુકમ મળ્યો ત્યારે તેની વહુએ તેને ઘણી આનાકાની કરી કે અપશુકન થયા છે, પ્યારા પતિ, બ્હારગામ ન જાઓ. પણ "રાજાનો હુકમ થયેલો અને પોતે નાગર એટલે વહેમ પણ થોડો, તેથી વહુની વાત ન ગણકારતાં તે ગામ ગયો." માધવ ફરમાબરદાર (આજ્ઞાંકિત) હતો. વ્હેમી, માઇકાંગલો, નહી

હતો. પરગામથી પાછો આવે છે, તે પહેલાં જેઠાશાના ભાઈ મોતીશાના મ્હોંયેથી સાંભળે છે કે સ્ત્રી હરાઈ ગઈ; ભાઈ તેના બચાવમાં માર્યો ગયો; ભાભી સતી થઈ. કરણ ઘેલાનું ચોથું પ્રકરણ, વેર, વેરના વિષનું વમન કરતું શરુ થાય છે. "અરે! કરણ! કૃતઘ્ન! તું સુખી નથી થવાનો. હુ હવે ત્હારો કાળ થઈ ત્હારી પૂઠે ભટક્યા કરીશ. તને ચેહેન પડવા નહી દઉં. અરે ક્રોધપુત્ર વેર! તું મારી છાતીમાં જાગૃત થા. અરે કેશવ! તને ધન્ય છે! સબળે અબળાનું રક્ષણ કર્યું ને રક્ષણ કરવામાં તું મુવો. એથી દુઃખ અર્ધું થાય છે. ભાભી સતી થઈ તેથી સતીથી મ્હારી સાત પહેડી તરી. હવે ચાલો વેર લેવા. સ્વહસ્તે વેર લેવું ને જો તેમ ન લેવાય તો જ તેને પરમેશ્વરને સોંપવો." ક્લેશગ્રસ્ત હાલતમાં તરફડતો તે પડ્યો હતો, એવામાં સ્વપ્નમાં કે પછી અર્ધ જાગૃત અવસ્થામાં એક સ્ત્રીને પોતાની સન્મુખ ઉભેલી જોઈ. માધવે તેને કહ્યું: "વેરદેવી! તું માનવ હો કે દાનવ ગમે તે હો, પણ દુષ્ટ કરણ રાજાનું વેર શી રીતે લેવું તે બતાવ." સ્ત્રી બોલી: "હું અંબાભવાની છું. તું નાગર છે તે મારો આશ્રિત છે. આરાસુર આવ, ત્યાં બતાવીશ." માધવનું ચિત્ત શાંત પડ્યું. માધવ માતાનાં દર્શને ગયો તો માતાનો વેશ મ્લેચ્છનો તેણે જોયો. તેના એક હાથમાં ખડ્ગ હતું, અને બીજા હાથમાં એક માણસની ચોટલી હતી. એટલામાં તે માણસ જોર કરી માતાજીના હાથમાંથી નીકળી ગયો, અને તેના હાથમાં તેની ચોટલી રહી ગઈ એવું દીઠું. દર્શનનો અર્થ ચેતી ગયો. પોતે કહેતાં કે, ગુજરાતમાં મ્લેચ્છ લોકનું આગમન, કુપિત અંબાભવાનીની પ્રેરણાથી થયું, તેથી માધવને માટે આપણો ખ્યાલ બહુ બુરો નહિ થાય. તે સમયે સર્વ વસ્તુસ્થિતિ દિલ્લી તરફ જ પ્રેરતી હતી. ગુજરાતનાં બદ્ધ–પાણી દિલ્લીના મહાસ્રોતમાં ભળવાનાં હતાં. જૈન ચળકાટ નષ્ટ પામ્યો હતો, અને આશાપુરીનું ઉજ્જડ સ્થાન, ઇસ્લામી મસ્જીદોનું તરસ્યું, "દિલ્લી દિલ્લી" પુકારી રહ્યું હતું. મનુષ્ય જીવનમાં ઘણીવાર

બને છે કે, ભવિષ્ય પુકારતું આવે છે ને વ્યક્તિ તેને ભેટવા અમાનુષિક પ્રયત્ન કરી ઝંપલાવે છે. માધવ તો માત્ર સાધન છે. તે સાધન માધવની ખુદ પસંદગીનું નથી. રસ્તામાં ચોરીના આળથી દૂર થવા કુવે પડવાનું કરે છે, ત્યાંથી એ વેરદેવી એને વારે છે. દિલ્હી ગયો ત્યાં બળતા ખીજરખાનને બચાવવાનો અલૌકિક પ્રસંગ આવે છે. શાહજાદાને બચાવ્યો. હવે વરદાન હાથમાં આવી પડ્યું! ગુજરાત જિતાયું! શું આપણે માધવને ગુજરાતના પરાજય માટે જીમ્મેદાર ઠરાવીશું? એ તો કાકતાલીય ન્યાય પ્રમાણે અલ્લાઉદ્દીનનું ગાદીએ આવવું ને માધવનું અપમાન થવું, એ સમકાલીન થયું. સિકંદર સાનીને નામે મશહુર થવાને શોખીન, નાણાં જવાહિરાતની લુંટ માટે તરસ્યો, અલ્લાઉદ્દીન, પોતાના કાકાનાં ખૂન પછી નિશ્ચિંત બેઠો હતો, તેવામાં આ આમંત્રણ આવ્યું. તે તેણે સ્વીકાર્યું. માધવે ઝાઝું સુખ જોયું નહીં. અલફખાનની પછીના હાકિમે એને પદભ્રષ્ટ કર્યો ને કહાડી મૂક્યો ને આખર કોઈ પવિત્ર ધામમાં છેલ્લા દીવસ વ્યતીત કરવાને માટે ત્વરાથી જતો માધવ તેની સુકુમાર પત્ની સહિત ગાડામાંથી ઉથલી પડ્યો અને કરણના મસીઆઈ ભાઈ હરપાલને શરણ આવ્યો. સો વાનાં સંભળાવ્યાં, તે બધાં મુગે મોઢે સહ્યાં. વાજબી ગણ્યાં. ઉત્તરમાં કહ્યું કે, મેં બહુ ખોટું કર્યું. વેર લેવું હતું તો કરણપર લેવું હતું. સમસ્ત પ્રજાની ઉપર પાયમાલી મેં આણી. દૈવદુર્વિપાકથી વરવહુ પોતાના પુરાણા રાજા-દુઃખથી જર્જરિત થઈ ગયેલા કરણને જોય છે, ઓળખે છે. પોતે જ તેની સ્ત્રી તથા પુત્રીની વાત અજાણતાં તેને કાને નાંખે છે. દશાવિપર્યય કેવો! આડો આંક વળ્યો!! માધવનું મન પણ ભ્રમર માફક વિચારચકડોલે ચઢ્યું હશે ને તેવું જ નિરાશ થઈ પડ્યું હશે.*

---

* रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ।
इत्थं विचिंतयति कोशगते द्विरेफे हा हंत हंत नलिनीं गजउज्जहार ॥ १ ॥

રાત્રિ જશે ખુશનુમા સવાર આવશે સૂર્ય ઉગશે કમળ ખીલશે આવો વિચાર કરતો કરતો કળી-બદ્ધ ભમરો રાચે છે. એટલામાં હાથી આવી કમળનું ઝાડ ઉખેડી નાખે છે.

કરણ અને માધવ પ્રયત્ન કરવામાં ન્યૂનતા રાખતા નથી, પણ તેમને કોઈ અદૃશ્ય સત્ત્વ ધકેલતું હોય એમ લાગે છે. ભાવિકવોહમાં તેઓ તણાય છે. માને છે કે તરે છે, પણ અરે! તણાતા જાય છે. દુર્યોધને કહ્યું તે યથાર્થ આ બન્ને માટે કહેવાયઃ*–

"ભવો પાછલામાં તમે કામ કીધાં, ફળો તે તણા ચાખવા આજ લીધાં; હવે ઉલટું તે થકી ના કરાએ વિધાતા તણા લેખ મિથ્યા ન થાએ." નાગર ટેકીલો છે, શૂરવીર છે, અપમાન સહન નથી કરતો. વેર આદરે છે ને પ્રવીણ છે, તેથી કૃતકૃત્ય પણ થાય છે. "પછછમ બુદ્ધિ બ્રહ્મ" તે પછછમ બુદ્ધિ જ રહેવાનો ને 'તરત બુદ્ધિ તરકડો' તેણે મુક્કિએ ધમ્મ લઈને મારી. આપણે માધવ માટે અતિશય નિંદા ન દેખાડવી. સીમા તોડી તેથી કરણ હણાયો. હદ ઓળંગી તેથી માધવ પસ્તાયો. અસત્યનું બહિષ્કરણ સુધારણાથી થાય છે, નહિ કે ઉચ્છેદનથી. એકને પાપે વહાણ ડૂબે તે આજ ન્યાયે.

હવે રૂપસુંદરીનું ચિત્ર નીહાળીએ. તે પદ્મિનીનું વર્ણન વાંચી આપણને એવો ખ્યાલ આવે છે કે, તે ઠરી ગયેલાં ચંદ્રકિરણની પૂતળી છે. આરસની પ્રતિમા છે. નાનકડું મ્હોં, લંબગોળ ઘોરી ઊંડી શાંત આંખ. પણ તેની સાગર શી ઊંડાણમાં કેટલાં નાવ ડૂબ્યાં હશે? તેનું સૌન્દર્ય અનાયાસે મોહિત કરતું હતું, ને ભાનરહિત ભ્રમણામાં ઉમેરતું હતું. તે એટલી નાજુક હતી કે, રૂપાનો લોટો ઉંચકતી તેને જોઈ ત્રાહિત જોનારને થઈ જતું કે 'રખે હાથ મરડાઈ જશે.' તે ઉપભોગ માટે સરજેલી નલિની જેવી હતી ને બીજાને આકર્ષે એમાં

---

* जानामि धर्मं न च मे प्रवृत्तिर्जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥ २

ધર્મ શું છે તે જાણું છે પણ તે તરફ મને શોખ નથી થતો. અધર્મ શું છે તે જાણું છું પણ તેના તરફથી પ્રત્યાઘાત નથી થતો. મારાં હૃદયમાં બેઠેલું કોઈ દેવ મને જેમ પ્રેરે છે તેમ હું કરું છું.

એનો વાંક નહી હતો. તે પોતે કદી રસ રેલની છોળો ઉરાડતી ન હતી. કદાચ તે એમ પણ નહી જાણુતી હોય કે, હું રૂપાળી છું. તેને જ્યારે કરણ લઈ જાય છે ત્યારે તેનાથી જીવ કઢાતો નથી. દૈવની કૃતિ આગળ કોનું ડહાપણ ચાલે, આવો જ ખ્યાલ તેને આવે છે. પોતે ઉપભોગ માટે સરજાયલી તેથી કથાકારે તે પણ સચોટ ચિત્ર કહાડયું છે. જ્યાં તેના ઉપરથી કરણનો મોહ ઉઠી ગયો, એટલે તે નિસ્તેજ ખૂણામાં પડી. જેને વરે માની તેને સૌએ માની. તેના મનમાં એ જ ખ્યાલ આવે છે કે, મારો ભરથાર કયારે પાછો આવે કે મને દેહ શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરાવી પોતાની સ્હોડમાં લે. તેની વાસના એટલી તીવ્ર નથી કે સ્નાયુને તોડી નાંખે. પણ તે એવી પણ નથી કે, જેટલા જોરથી એક દીશા તરફ વધે તેટલા જ પ્રત્યાઘાતથી બીજી તરફ ખેંચાઈ જાય. કરણ જોડે એ સુખી થઈ નહી. એણે તો માધવ માટે ઝંખ્યા કર્યું. 'કૃષ્ણુકાંતનું વસીયતનામું' નામનું બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું 'નોવેલ' વાંચ્યું હોય તેની સન્મુખ આ વાંચી તેમાંની નાયિકા ભ્રમરનો ચિતાર ખરે જ આવશે. માત્ર ફરક આટલો કે ભ્રમર તેટલી રૂપાળી ન હતી. તેથી ઉલટી ગુણસુંદરીની પ્રતિમા જૂદા જ પ્રકારની છે. તેનામાં રૂપ નથી પણ યૌવન છે. સદ્ગુણનો લખલખાટ છે. મરવું તે તેને મન હસવા જેટલું સ્હેલું છે. તે એક જ પુરુષ સાથી થવા સરજાયલી પોતાની જાતને માને છે ને તેની સાથે જ લય પામે છે. આથી ઉલટી કૌલારાણી કલ્પિત નહી પણ ઐતિહાસિક પાત્ર છે. ફિરશ્તા તેનું નામ કમળદેવી તરીકે લખે છે. કમળનો અપભ્રંશ કંવલ ને પછી કૌંલ ઉત્તર હિંદુસ્તાનમાં ઘણીવાર મળી આવે છે. તે ઉપરથી કૌળાદેવી તે કમળાદેવીનો અપભ્રંશ છે. તેની માત્ર એક જ પુત્રી દેવળદેવી હતી, એમ મુસલમાન તવારીખવાળા લખે છે. પોતે એ પુત્રી શા પરથી કલ્પી, તે જણાતું નથી. કમળાદેવી રજપૂતાણી છે. હિંદમાં કદાવર સ્ત્રીપુરુષ જોવાં હોય તો મરાઠા અને રજપૂત

શિવાય બીજે કશે દેખાતાં નથી એમ પોતે કહેતા. અવયવના સારા ઘાટ તો કસાયલા શરીરમાં જ આવે છે ને રજપૂતાણી જો કે મહેલમાં ગોંધાયલી રહે છે, તોપણ વંશ કહો કે જાત કહો, તેની અસર એના ઘાટમાં આવ્યા વિના રહેતી નથી. રૂપસુંદરીને ચંપાના ફૂલની ઉપમા આપીએ તો કૌલાદેવીને કમળના ફુલની આપવી પડે. એક નાજુક નાની આકૃતિ. બીજી પ્રૌઢ, પ્રતાપી, ઝંખવી નાખે એવી આકૃતિ. આવેશ પણ તેવો જ જોરાવર છે. જ્યારે સંકટ આવી પડે છે ત્યારે કૌલારાણી રૂપસુંદરી માફક બેભાન થઈ જતી નથી. મહેલ બાળી નાંખો કે બળી મરીયે એવો જુસ્સાભેર ઉપદેશ તેણે કીધો હતો. અગ્નિથી બચી તો મર્દાની વેશમાં નાઠી. ત્યાં ભીલને હાથ પડી. પણ એ અમુલ્ય રત્ન દિલ્લી નરેશના શિરપેચમાં બિરાજવા સરજાયલું હતું તે પકડાયું, ને દિલ્લી ગયું. પછી સ્ત્રી તે સ્ત્રી. ચંચલ મનની એટલે બધું વિસારી મુકયું. આ રીતે કરણ ઉપર પડ્યા ઉપર પાટુના નિયમ પ્રમાણે આપત્તિપરંપરા આવવામાં બાકી રહેતી નથી.

छिद्रेष्वनर्था बहुलीभवंति ।

દેવળદેવીનું સૌંદર્ય (rich oriental type) સંસ્કૃત કવિઓ પોતાની નાયિકામાં કલ્પે છે તેવી જાતનું છે. રૂપસુંદરીમાં કોમલતા અને નિર્દોષપણું, કૌલાદેવીમાં ઘાટ અને પ્રગલ્ભતા, ત્યારે દેવળદેવીમાં "સૌંદર્ય અંગે મુખે," અને તે પણ સમૃદ્ધ સૌંદર્ય. બોલતું ને વશ કરતું. તે મેવાડની કલ્પિત અશ્રુમતી પેઠે જોગણ થવા સરજાયલી ન હતી. ખીજરખાં સાથે તે જોડાય છે, ને તેની જોડાજોડ ગ્વાલીયરમાં તે અનંત નિદ્રા લે છે. મનુષ્યબળ ચાલી શકે એમ નથી. એ તો ઐતિહાસિક દૈવ જેની આગાહી ગુણસુંદરીના શ્રાપમાં અપાઈ ચૂકી છે, તે જ તેમને ઘસડી લઈ જાય છે. સારા નરસાનો ખ્યાલ અહિં ડોકીયું સરખુંએ કરી શકતો નથી. કવિએ તેમ જ નવલકથાકારે

એટલું તો કરવું જોઇએ કે, પોતાની વ્યક્તિઓને છેવટપર્યંત અનાકર્ષક થવા દેવી નહી. તેમ પોતે દેવળદેવી અને કૌલારાણીને છેલ્લે. સુધી માનુષિક રાખે છે. ગુજરાત છોડતી વેળાનો એનો વિલાપ હૃદય-દ્રાવક છે. વાજીંત્ર ઉપર તે એટલો તો લોકપ્રિય થઈ પડ્યો છે કે, લલિત છંદ શીખનાર ઘણાએકને મેં આ 'કરણરાજ તું કયાંહરે ગયો, નગર છોડીને શીદરે રહ્યો,' એ વગાડતાં સાંભળ્યા છે. દુઃખનું ઓસડ દહાડા. કૌલારાણી ભૂતકાળ ભૂલી જાય છે. કમળ ખીલ્યા વિના રહી શકે? પછી તે સૌંદર્યના ઉદ્યાનમાં કે ઉકરડા ઉપર. અલ્લાઉદ્દીનની પ્રતિમા ગુણદોષની ધૂપછાંવથી ભરેલી છે. ઇતિહાસની આરસીમાં જેવો તે જણાય છે, તેનાથી વધારે તાદૃશ અસર કરણઘેલામાંના એના ચિતારથી થાય છે. શૂરો, ક્રોધી, બેદારમગ્જ, ખૂની, હોંસીલો, સિકંદરસાની થવાની કોશીશ કરનાર, કાંઇક લંપટ પણ ન્યાયી, યમના દંડ જેવો એનો હાથ દુષ્ટને દઝાડવાને તથા સાચાને બીતાં રાખવા તત્પર રહે છે. પણ કૌલાદેવીનાં રૂપમાં અંજાઈ જાય છે. કાફુરના ફંદામાં ફસે છે. મલિક કાફુરનું ચિત્ર ઘણું મઝાનું છે. એની આત્મોન્નતિની કોશીશ, જાત કલંક નાબુદ કરવાને કાજ બહાદૂર ઠરવાની એની હોંસ ને કાવત્રાં; કાકાનું ખૂન કરનાર ને કૃતઘ્નતાનો પ્યાલો પાવાને સરજાયલો આ ખૂબ સૂરત, વહેમી, દરવેશથી બ્હીતો, રુશ્વતી અમલદાર કેવો સાપ માફક સરકયાં કરતો જણાય છે. આવી નસલને હૈયે રાખી ઉછેરી છે, તે તારી નસલનો નાશ કરશે. શંકલદેવનું ચિત્ર રસિકવીરલા નાયકનું જ છે. પણ જ્યાં બધે જ આગ લાગી છે ત્યાં શૃંગારનું મધુરું તેજ કોણ જોવાનું છે? આથી દેવળ અને શંકલનું પ્રીતિપ્રકરણ દબાયલું જ રાખ્યું છે. હરપાલ ખરો શૂરો, ઉજ્જટ, રજપૂત લઢવૈયો અને સલાહકાર છે. પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં પોતે લખ્યું છેઃ "જે વખતે આ સઘળી બીનાઓ બની, તે વખતે લોકોની રીતભાત કેવી હતી, તેઓના વિચાર કયા પ્રકારના હતા,

ગુજરાતના રજપૂત રાજા તથા દિલ્હીના મુસલમાન પાદશાહની રાજ્યનીતિ વગેરે કેવી હતી, રજપૂતોના પુરુષો તથા સ્ત્રીઓનું શુરાતન તથા જાત અને કુલાભિમાન કેટલું હતું, મુસલમાનોમાં કેટલો જુસ્સો, ધર્માંધપણું હતાં વિગેરે બીજી કેટલીક હકીકતોનું જેમ બને તેમ ખરું ચિત્ર બતાવી આપવું એ જ આ પુસ્તકનો હેતુ છે. એ હેતુ કેટલે દરજ્જે પાર પડ્યો છે તેનો નિર્ણય કરવાનું વાંચનારાઓને સોંપીએ છીએ." તેથી આ બાબત કાંઈક નિરૂપણ કરીએ. પહેલી તો વર્ણન કરવાની શૈલી લઈએ. ભાષા સરળ, સાદી, મર્માળી, જુસ્સાળી અને અનાયાસે અલંકૃત થયેલી દૃષ્ટિએ પડે છે. શબ્દ પસંદગી કરવામાં તાણીતુસી, કોઈ પ્રચલિત ફારસી શબ્દ કહાડી નાંખ્યો હોય, નવો સંસ્કૃત આદર્યો હોય એમ જણાતું નથી. આથી ભાષા નૈસર્ગિક અને સર્વમાન્ય જણાય છે. ગોવર્ધનભાઇની ભાષામાં પણ આવી જ સરળતા જોવામાં આવે છે. માત્ર જ્યારે ગહન વિષય ઉપર સ્થાને કે અસ્થાને વિવાદ ચાલે છે ત્યારે ભાષા કઠિન થાય છે. પણ તેમાં આપણા જ્ઞાનનો દોષ છે, ભાષાનો નહી. નવા વિચાર નવા પહેરવેશમાં મુકવામાં આવે તેથી પહેરવેશ કાંઇક કર્કશ લાગશે, પણ વખત જતે તેનાથીએ ટેવાઈ જઇશું. એટલું તો ખરું જ કે, પ્રચલિત ફારસી કે અરબી શબ્દોને ભાષામાંથી બહિષ્કાર કરવા, એ બાબત પોતાને તિરસ્કાર હતો. ભાષા કોઇના બાપની નથી, મુલ્કની છે, ને તેથી મુલ્કમાં વસનાર પ્રજાની રીત, રીવાજ, ધર્મ, વિગેરેની છાપ એના ઉપર હોવી જોઇએ. એમ શા માટે પ્રયત્ન કરવો જોઇએ કે મુસલમાન હિંદમાં આવ્યા જ નથી ને તેમની ભાષાની, આચાર વિચારની, કશી અસર ગુર્જરગિરાપર થઇ જ નથી? એ તો ખાંડ ખાવા જેવી વાત છે. સ્વપ્નમાં કદાચિત્ આ મનોરાજ્ય સધાશે, બાકી હિંદમાં તો હિંદુ મુસલમાન સાથે જ રહેવાના ને ઝુલવાના. કરણઘેલામાં, રૂઢ થયેલા ફારસી શબ્દ અહિં તહિં મળે છે તેને ઉદ્દેશી લખા-

ચલું કેઃ આ "સોનાની થાળીમાં લોઢાની મેખ" જેવું લાગે છે. આ એનો દોષ નથી, પણ સદ્ગુણ છે. લોકમાન્યતાનો સબબ છે.

હવે વસ્તુ સંકલના વિષે વિવેચન કરીએ તો તે પણ ઘણી જ ખૂબીથી કરવામાં આવેલી છે. આમાં આવશ્યકતાનો અભાવ કદિ-પણ જોવામાં આવતો નથી. એક વિષય ઉપરથી બીજામાં જે અવસ્થાન્તર પ્રાપ્ત થાય છે, તે પણ સ્વાભાવિક રીતે, આવશ્યકતાના ન્યાય પ્રમાણે આવતી જણાય છે. વિજયદત્ત વાત કરવા માંડે છે તેમાં સાથે સાથે મૂળરાજે બ્રાહ્મણોને આપેલું દાન; ઉત્તર હિંદથી તેમનું આમંત્રણ વિગેરે પણ કહેવામાં આવ્યું છે. જેઠાશા તે વેળાનો વ્યાપારી જીવનનો ચિતાર, અને ભાણો પટેલ કૃષિકાર જીવનનો ખ્યાલ પ્રસંગોપાત્ત આપે છે. મહાભારતમાંથી રાજાને રાજધર્મ બાબત જે ઉપદેશ થયો છે તે ઉચિત સ્થળે છે. કુમારપાળ ચરિત્રમાંથી બ્રાહ્મણ અને જૈન વચ્ચેની રસાકસીનું ચિત્ર પણ જૈનની ધ્વજા નીચે ઉત-રાવવા સમર્થ થયું, એટલે અસ્થાને નથી. કરણઘેલાના વાંચનાર ઘણા હશે, એટલે આ સ્થાને બીજા પ્રસંગોનાં બ્યાન કરવાની જરૂર નથી.

વર્ણનની ખૂબી પણ જ્યાં ત્યાં દૃષ્ટિએ પડે છે. નવમા પ્રકર-ણમાં લડાઈની પછીના ભયાનક પરીણામનું વર્ણનઃ "આ વર્ષે કોઈ સ્ત્રી પુરુષ હેતથી ફાગ ખેલવાનાં ન હતાં" તે ફિકરાથી શરુ થઇ ત્રીશેક લીંટીમાં અપાયું છે તે કોઈ 'પોઝીટીવિસ્ટ'ની કલમથી લખાયલું હોય એમ માલુમ પડે છે. શબ્દો પણ વર્ણનને છાજતા છે. અર્થમાં એક જાતની સાદાઈ છે, પરંતુ એક પછી બીજાં ધસી આવતા વાકયથી અર્થનું એટલું સમર્થન થાય છે કે, આ વિષય ઉપર વાંચ્યા બાદ લડાઇની વિરુદ્ધનો મત જરૂર સ્વીકારાય અને કહેવાય કે "શૌર્ય હઝારો અવગુણોને ઢાંકી નાંખે છે." અંગ બળ તથા હિંમ-તથી લોકો એટલા સાનંદાશ્ચર્ય પામે છે કે, એ ગુણ સિવાય બીજા તેઓની નજરમાં આવતા જ નથી. "જગતમાં જે જે શૂરા પુરુષોએ

પોતાની બહાદુરીથી માત્ર ખરાબી જ કીધી છે, તેઓનાં નામનો નાશ થવાને બદલે તેઓ અમર રહી ગયા છે અને જગતના મહાન્ ખૂનીઓ કેટલાએક દેવની પેઠે પૂજાય છે, અને કેટલાકનાં નામ દુનીયામા દીવા જેવાં થઈ પડ્યાં છે.” પોતે ‘કોમ્ત’ ફિલસુફના ‘પોઝીટીવીસ્ટ’ મતમાં સચોટ પ્રવેશ પામ્યા હતા, તે ઉપલા ફિકરાથી જણાયું હશે.

અગીયારમા પ્રકરણમાં ઘવાયલા કરણને જ્યારે શાતા વળતી ન્હોતી ત્યારે કનકદેવી અને દેવળદેવી આવી પહોંચે છે અને પોતાની પ્રીતિના ઉપચારોથી એને સારો કરે છે, તેનું સર્વોત્કૃષ્ટ વર્ણન છે. “તેનું આટલું કષ્ટ જોઈને પરમ દયાળુ ઈશ્વરને કરુણા આવી. તેના દુઃખરૂપી અરણ્યમાં સુખનો પાણીનો ઝરો દેખાયો, તેની અવસ્થાના અંધકારમાં શાન્તિનું કિરણ પ્રકાશ્યું. તેની દુર્દશાની તપેલી ભોંય ઉપર દિલાસારૂપી ઓસના ટીપાં પડ્યાં, અને આફતનો શેતાન તેને ઉપદ્રવ કરતો હતો, તેમાંથી તેનું રક્ષણ કરવાને બે ફિરસ્તા જાણે આકાશમાંથી ઉતર્યા.” કરણઘેલાની નવલકથા કાવ્યકથાની પુત્રી છે. ઉપમાની પરંપરા વિસરાતી નથી. તેની તો પ્રણાલિકા છે. પણ આ ઉપમાઓ કેવી સરળ, સચોટ અને ઘટતી આપેલી છે. નાના ફિકરાઓ લઇયે તો ઉપલો ફિકરો મને કરણઘેલામાંથી ઘણો પસંદ આવે છે.

આગળ જતાં દેવળદેવીનો કામજ્વર, તેનું સાંત્વન, ગાંધર્વલગ્ન, પ્રતિજ્ઞા વિગેરે કેવી રસીલી, દબાતી, ઉદાત્ત ભાષામાં વર્ણવેલાં છે. અશ્લીલ/ઇશ્કના વર્ણનથી બગડેલી લોકની રસજ્ઞતા પાછી ઠેકાણે લાવવાનો પોતાનો પ્રયત્ન હતો, તે સફળ નીવડ્યો.

બારમા પ્રકરણમાં “અરે ભગવાન્! તું કીડીનો કુંજર તથા તરણાનો મેરુ કરી શકે છે. તારી ગતિનો પાર કોઈ પામી શકતું નથી.” આમ બોલતો બોલતો બિહારીલાલ દાખલ થાય છે. હિંદુ રાજ્ય ગયું. મુસલમાની રાજ્ય આવ્યું ને તેમાં ચઢને પડ તો હમેશ જોવાતી.

અવસ્થાની અસ્થિરતા હવે અનુભવાવવા લાગી. ત્યાર બાદ ગુજરાત પર જજીયાનો જે કેર વર્તેલો વર્ણવ્યો છે, તે વાંચી સહજ ખ્યાલ આવે છે કે જ્યારે ઔરંગઝેબે આ દુષ્ટ કર સજીવન કર્યો ત્યારે હીંદુઓનું કેટલું અપમાન અને અધોગતિ થયાં હશે.

કરણ પાસે મુસલમાન બાદશાહ તરફથી કૌલારાણીની મરજીને અનુસરી દેવળદેવીને દીલ્હી લાવવા એલચી મોકલવામાં આવ્યો છે. તેની વાચાળ, મનાવતી, રીઝાવતી, રસિક ભાષાના ભોમિયા થવું હોય તો નીચેનો ફિકરો વાંચો. પોતે કહેતા કે મુસલમાનોથી ઉપમા વિના બોલી શકાતું નથી. ડાહેલાં વાકયનું ઉદ્ધરણ, તે એઓ જ કરી જાણે છે. પણ આચાર બાબત પૂછવું નહીં. દેવળદેવીને ઉદ્દેશી એલચી કહે છેઃ– "હમણાં તેની ઉમર એટલી છે કે, તેને માની સંભાળની ઘણી જ જરૂર છે. તેને પણ હમણાં માની ખોટ લાગતી હશે. તે ત્યાં જવાથી પૂરી પડશે. હમણાં તે અંધારામાં એક ખૂણામાં સંતાઈ રહી છે, તેને અજવાળામાં લાવી તેનું સુંદર ચિત્તાકર્ષક રૂપ જગતમાં પ્રસિદ્ધ કરવું જ જોઇયે. હમણાં તે અમૂલ્ય પાણીદાર રત્ન અગાધ અંધારા મહા સાગરના ઉંડા કોતરમાં પડી રહ્યું છે, તેને કોઈ ચોકસીને આપી કોઈ વીટીમાં જડાવવું જ જોઇએ. તમે તેને અહીંઆં રાખીને શું કરશો? તમારા જેટલી વૃદ્ધ ઉમ્મરનો માણસ તે તેનો યોગ્ય સોબતી શી રીતે થઈ શકે? જ્યાં સુધી દેવળદેવી તમારી પાસે છે ત્યાં સુધી તે ટોળામાંથી જૂદી પડેલી હરણી જેવી છે. પાણીમાંથી બહાર કહાડેલી માછલીના જેવી છે. જો તેને તમે પાણીમાં પાછી નહી મૂકી દો તો તે ટળવળીને મરી જશે. તમે એક પતંગને દીવા પાસેથી આઘું કીધું છે તે ત્યાં રહેશે ત્યાં સુધી તેને સુખશાતા કેમ વળશે? તમે વાડીમાંથી એક ફૂલનો રોપો મારવાડના રેતીના રણમાં રોપ્યો છે, તે ત્યાં પાણી વિના કેમ ઉછરશે? વાડીના ફૂલોમાં રમનારી પોપટીને તમે ત્યાંથી ખસેડીને ઘરમાં મૂકી છે, ત્યાં તેને ખુલ્લા તડકામાં ઉડ-

વાને બદલે ભોંય ઉપર ચાલવાનું મળે, તેથી તે કેમ રાજી થશે? માટે મ્હારા કહ્યા પ્રમાણે કરો. જો તમે તેમ કરશો તો તમને ખંડીઆ તરીકે રાજ્ય પણ પાછું મળશે." આનો જે ઉત્તર કરણે આપ્યો છે, તે શિશોદીઆ કુળદીપક પ્રતાપના મ્હોમાં છાજે એવી ભાષામાં મૂકાયલો છે. અહિં તેનું ઉદ્ધરણ અણઘટતું નહીં કહેવાય. "અગરજો આસ્માન તૂટી પડે, અગર ધરતી રસાતળ જાય, અગર પાદશાહ પોતે કે તેથી પણ વધારે ખુદ પરમેશ્વર મ્હારી પાસેથી એ છોકરી માગવા આવે, તોપણ હું તેને ખુશીથી તો કદિ આપું નહી. હું હમણાં એવી અવસ્થામાં છું કે, મ્હને કોઈ માણસનો ડર રહ્યો નથી. મ્હેં મારું સર્વસ્વ ખોયું છે. હવે મારી પાસે જવાનું બાકી રહ્યું નથી. મારા ઉપર સઘળી જાતની આફત પડી ચૂકી છે. હવે વધારે અથવા એથી મોટી આફત બીજી છે જ નહી. તેથી હું તમારા પાદશાહથી, તમારા મલેક કાફુરથી, તથા તેના અગણિત લશ્કરથી, જરા પણ બીતો નથી. હજુ રજપૂતો એટલા અધમ થઈ ગયા નથી. હજુ તેઓમાં આબરુનો છેક નાશ થઈ ગયો નથી. હજુ તેઓમાંથી જાતનો તથા કુળનો અહંકાર એટલો ગયો નથી કે, તેઓ પોતાનું રક્ષણ, પોતાનો લાભ, પોતાનું સુખ, પોતાની દીકરી પારકાંને આપીને માંગે. ના! ના! એવો દહાડો હજુ આવ્યો નથી, ને આવતાં ઘણી વાર છે. છોકરીને મ્લેચ્છ પાદશાહને આપું, તેને દુષ્ટ ચંડાળ લોકોને સોંપુ, તેને તેના બાપના કટ્ટા શત્રુને, તેના બાપનું વગર કારણે રાજ્ય હરણ કરનારને, તેને આવી દુર્દશામાં લાવનારને ત્યાં મોકલું? એમ કદિ થનાર નથી. જ્યાં લગી આ ઘટમાં પ્રાણ છે, જ્યાં સુધી આ શરીરમાં રુધિર વહે છે, જ્યાં સુધી તલવાર પકડવાને આ હાથ સલામત છે ત્યાં સુધી હું એ છોકરીને મારા હાથમાંથી જવા દેવાનો નથી. તેને લેતા પહેલાં તેના રક્ષણને અર્થે મારો પ્રાણ અર્પણ કરવા તૈયાર છું. મારા મોત પછી તેનું જે થાય તે ખરું. પણ શું કરણને વાસ્તે જગતમાં એમ કહેવાશે

કે, તેણે જીવતાં પોતાના સ્વાર્થને સારુ પોતાની છોકરી વેચી? કદી નહી. હું તેને મારે હાથે કાપી નાંખીશ. એ કુમળું ફુલ અપવિત્ર તથા અધમ હાથમાં જાય, તે કરતાં હું તેને તોડી નાંખીશ. એ પાણીદાર અમૂલ્ય મોતી કોઈ નીચના શરીરને શણગારે, તે કરતાં હું તેને ભાંગી ચુરેચુરા કરી નાંખીશ. એ વાતની અમને રજપૂતને કંઈ શરમ નથી. તેથી હમારી કાંઈ અપ્રતિષ્ઠા થવાની નથી. એ તો હમારો અસલથી ચાલ્યો આવેલો સંપ્રદાય જ છે. હમે તો હમારા કુળની લાજ રાખવાને તથા હલકા માણસને હમારી કન્યા આપવી ન પડે, તે માટે છોકરીઓને જન્મતાં જ દુધ પીતી કરીએ છીયે. મેં તેને જીવતી રાખી, મોટી થવા દીધી એ જ મેં ભૂલ કીધી. પણ હજી શું ગયું છે? એક તલવારના ઘાથી ધારેલું કામ બની આવશે. એક ઘાથી મારી, મારા કુળની, મારી જાતની, મારા દેશની આબરુ રહેશે. એક ઘાથી તમારા પાદશાહની ઉમેદ અફળ થશે અને એક ઘાથી મારી છોકરી અપવિત્ર થતી બચશે." ત્યાર બાદ કૌલારાણીના સંગદિલ વિષે જે ઉદ્ગાર છે, તે પથ્થરને પણ પીગળાવે એવો છે. "અરે ચંડાળ, દુષ્ટ, પાપિણી, કૌલાદેવી! હવે તને રાણી શા માટે કહું? અરે મેં તને કેટલું સુખ દીધું છે, મેં તને કેટલાં લાડ લડાવ્યાં છે. મેં તારો મોંમાંથી પડતો બોલ ઝીલ્યો છે, મ્હેં તને પટરાણી બનાવી હતી. તે સઘળાનો બદલો તું આજ બહુ સારો લેવા નીકળી છે. તને એ જ યોગ્ય છે. અરે તું તારા ધણી, તારી છોકરી, માબાપ, સગાંવહાલાં, ન્યાતજાત, દેશ, એ સઘળું છોડીને ધર્મથી ભ્રષ્ટ થઈ. એક મ્લેચ્છ પાદશાહના ઝનાનખાનામાં મ્હાલે છે. તું જીવતા વરે બીજાને વરી. તેં એક ભવમાં બે ભવ કીધા. તું હમણાં એક દુષ્ટ અધર્મ પુરુષની બાથમાં પૈસાને લોભે ભરાઈ છે અને સઘળી જાતનાં સુખ ભોગવે છે. તેની હું અદેખાઈ કરતો નથી, પણ તું મારી જરાપણ દયા રાખતી નથી. તું મારી અવસ્થા જોતી નથી. તું મારા અથાગ દુઃખ ઉપર કાંઈ પણ

નજર કરતી નથી. તું કેવી સ્વાર્થી કે તને આટલાં બધાં સુખ છતાં છોકરીનું પણ સુખ જોઇએ છીયે, ને હું સઘળી રીતે પાયમાલ થઈ ગયેલો, હું આ મઠમાં સાધુની પેઠે દુનિયાનો તથા સુખનો ત્યાગ કરી બેઠેલો, હું એક છોકરી ઉપર મારાં થોડાં સુખને વાસ્તે આધાર રાખી રહેલો, તેટલું પણ સુખ તું મારી પાસેથી લઈ લેવા માંગે છે! અરે ભુંડી! તારી છોકરી આવવાથી તારા સુખમાં તો ઘણો થોડો જ વધારો થવાનો છે, પણ હું તો તેના વિના ટવળીને, રઝળીને, રખડીને મરણ પામીશ. હમણાં તો ત્હારા સુખના મધ્યાહ્નનો સૂર્ય છે. પણ કોઈ વખત પણ સાંજ પડશે. કોઇ વખત પણ તે અસ્ત થશે ને પછી ઘોર અંધારું થઈ જશે." ત્યાર બાદ કરણ દેવળ દેવીને મારી નાંખવા જાય છે. પણ નિર્દોષતા આગળ તલવાર ચાલતી નથી.

આગળ જતાં દુષ્કાળનો જે ભયાનક ચિતાર આપેલો છે, તેમાં સુડતાળાના દુકાળની દંતકથાના ભણકારા જણાય છે. સ્વારીનું ચિત્ર, ખીઝરખાંની સાલગિરેહના વરઘોડાના ફના ફાતીયા-પછીની કચડાટ વગેરે ઘણું જ અસરકારક વર્ણવ્યું છે.

કાળી ચૌદશની રાત્રિના દેખાવનું વર્ણન કેવું કારમું લાગે છે? તેમાં જ્યારે મડદાંને પાણીમાં ધોવા નાખેલું, તેને અંધકારમાં પાણીમાં ચાલતું જોઇએ છીએ, ત્યારે તો હરપાળની સાથે ડરથી હૈયું મોંમાં આવે છે કે રખેને બુમ પડાઈ જશે. ગુજરાતની પડતી આવવાની તેની આગાહીમાં જમાનત આપનાર ભાટનો ત્રાસદાયક આત્મઘાત જાણે હિંદુ રાજ જવાનું તેની સાથ આ કોમ પણ નષ્ટ પામવાની ન હોય! ત્યાર બાદ વેદાન્તી ચોર ને માધવની મુલાકાતમાં કેટલો હાસ્યરસ સમાયલો છે? ફ્રાંસના 'ઇકોનોમીકસ' ઉપર લખનાર સત્તા શૂન્યવાદી મો. પ્રુધોં કહે છે કે La propri'ete' c'est le Vol. માલમતા એ એક જાતની ચોરી છે. આ જ પ્રમાણે 'હું' 'તું' ના ભેદ વિનાનો પ્રાકૃત વેદાંત વાદ પણ પુકારે છે. જેઠાશાના વ્યાપારી જીવનનું સુખદર્શી

વર્ણન વાંચી અકબરના હજામની વાત કોને યાદ નથી આવતી? ભટ્ટ ભટ્ટાણીની સાઠ મારી, વૈરાગીને ગંજેરી બ્રાહ્મણનો સંયોગ વિગેરે વાંચ્યાથી આ શોકસાગરમાં જાણે મીઠી લહેર આવતી હોય એમ લાગે છે. કોઈ જગ્યાએ ટાહેલું નથી. યથોચિત-"આટલું જ"-એથી વિશેષ નહિ, આવો વસ્તુરચનાનો સૂક્ષ્મ ખ્યાલ જ્યાં ત્યાં જણાઈ આવે છે. પ્રસ્તાવનામાં પોતે ઉઠાવેલા સાદા પ્રશ્નનો સ્હેલ જવાબ એ જ છે કે, આ કાવ્ય લખાયું છે તે અવિચળ રહેશે.

પ્રકરણ પાંચમું

નિવૃત્તિ

બાવીશ વર્ષના પર્યટન પછી જિજ્ઞાસુ મુસાફિર કૃતકૃત્ય થઈ જન્મ નગરમાં પાછો ફર્યો. ઇ. સ. ૧૮૯૦ ના ચૈત્ર માસમાં પોતાની ઉમર પંચાવન વર્ષની થઈ હતી. "આ "વન"માંથી નીકળ્યા ત્યારે જાણવું કે બચ્યા," એમ પોતાના મિત્રોમાં મશ્કરી કરી કહેતા. સુભાગ્યે પોતાના પુરાણા મિત્રો સુરતમાં નિવૃત્ત થઈ આવી રહ્યા હતા. પોતાના શ્વસુર રા. વિદ્યારામ ભાવનગરની વરિષ્ઠ અદાલતના ન્યાયાસનપરથી પેનશન લઈ આવ્યા હતા ને સંઘાડીયાવાડની હવેલીમાં રહેતા હતા. રા. બા. દોલતરાય મુનસફીથી નિવૃત્ત થઈ સુરતને ડુમસ વચ્ચે રહેવા લાગ્યા-સાંવત્સરિક ઉડુયનને પ્રત્યાગમન કરવા લાગ્યા હતા. રા. બા. મુકુંદરાયે સદર અમીનના ઓહદ્દાપરથી ગોશાનશીની લીધી હતી તથા 'વાડી'માં સુખી જીવન તે ગાળતા હતા. પોતે કહેતા કે, "મને મોટો ભય એ હતો કે સુરત નિવૃત્ત થઈ પાછો ફરીશ ત્યારે પુરાણા મિત્રો મળશે નહિ ને મને અડવું લાગશે." તેમ થવા પામ્યું નહી, એ પોતાનાપર કાળની મહેરબાની માનતા. સુરતવાસીઓ સાયંકાળે હવા ખાવા જરૂર જવાના, તેમ આ ચારે મિત્રો સાયંકાળે જતા. 'લાઇન્સ'માં દોઢેક માઇલ ચાલતા.

હું પણ ઘણીવાર સાથે જતો. તે વેળા બે ગાડી જોડાતી. મુકુંદભાઈ બહુ ઠાવકા ચાલે. કેડમાંથી એટલા અક્કડ, કે જુવાનીયો શું ચાલતો હતો? પણ ગતિ ધીમી ને એક સરખી. તેમનો પહેરવેશ પ્રતિષ્ઠિત, ઘસાયલો હોય તોપણ રોનકદાર રહેતો. વાત મીઠી મીઠી; વક્તા કરતાં શ્રોતાપણું વધારે પસંદ. માર્મિક વચન કરતાં ડાહી વાત ઝાઝી બોલતા, ને આસ વાક્ય નીકળ્યા બાદ વિવાદ સંપૂર્ણ થતો. ઉમરે તો મારા માતામહ સૌથી મોટા હતા તોપણ એમને સમાન વયના મિત્રોમાં અડપલું, માર્મિક, સંભાષણ કરવાની બહુ ટેવ હતી. નાનપણથી જ હમારે મન તો તેઓ અગમ્ય ગણાતા—અને તે અગમ્યતા હમને હમેશ ભયભીત રાખતી, દૂર રાખતી, માન અપાવતી. મોટાઇનું કાંઈ પણ વેણ બોલાયું કે એમનું માર્મિક બાણ છૂટયું જ છે! સ્વભાવ ક્રોધી તેથી રખે કોઈ ગાડી જોરમાં દોડાવતો જાય તો તેની તરફ મુકુંદની આંખ બ્રહ્મચારીના કરતાંએ વધારે જાજવલ્યમાન નીકળતી. પોતાને ઝડપથી ચાલવાની ટેવ ને કાંઇક ઠાવકાઈ પણ કમ ખરી! મને લાગે છે કે, તેમની દૃષ્ટિની ન્યૂનતાને લીધે એમનાથી આડકત્રાં ચલાતું. દોલતકાકા (આ નામે હમે દોલતરાયજીને બોલાવતા) સૌથી પહેલવાન, મજબૂત બાંધાના, વિશાળ છાતીવાળા, કદ્દાવર, હાથમાં છ ફુટીઓ ધોક્કો લઈ ઝપાટા બંધ ચાલે. પોશાક બહુ જ સાદો, ને ઘણીવાર તો જાણી જોઇને ગ્રામ્ય પહેરે. "આપણે નિવૃત્ત, કેમ મસ્તર! (પોતાની ભણી ફરી કહે) લેબાસની શી પરવા?" દુનિયાની લપ્પનછપ્પનથી તેઓ બીલકુલ અલગ રહેતા. સૃષ્ટિ સારી છે, સૌ વાનાં સારાં થાય છે, એવી સંતુષ્ટ, સુખદર્શી નજર, ને સુખદર્શક ખ્યાલો. એમની વાત તે નાનપણનાં અંગબળ વિષેની જ. સ્વભાવે તે સાદા, તથા સ્તુતિ કે નિંદાની અવગણના કરવાવાળા હતા. એમનું દેહાંત સૌથી છેલ્લું થયું, તેનું કારણ નાનપણની અંગકસરત ને સાદી જીવન પદ્ધતિ જ. મારા માતામહ બેઠી બાંધણીના, કસાયલા, અક્કડ

ચાલવાવાળા હતા. એમની યાદશક્તિ અદ્ભુત હતી; અને હરેક પ્રસંગે વાત કહેતા ત્યારે એમની અનાયાસે અલંકૃત થતી. ભાષા એવી યોગ્ય ને સચોટ નીકળતી કે તે સાંભળતાં મઝા પડ્યા વિના રહેતી નહિ. સર્વ સંભાષણ ઉપર પોતે વારંવાર ચંચુપ્રહાર કરી અધિકતર હાસ્યરસ જમાવતા. પોતે હાસ્યરસનું કાંઈ પુસ્તક લખ્યું નથી, પણ આ રસનું પ્રાબલ્ય પોતામાં એટલું તો સતેજ રહેતું કે, જ્યાં ત્યાં એનો આભાસ પડતો. મોભો મરતબો જાળવી રાખવો, છાજતી મોટાઈ રાખવી ને દાખવવી, એ મુકુંદભાઇમાં અનુભવાતું. સુરતમાં કોઈ એવો વરઘોડો નહીં હોય કે જેના સાજનમાં તેઓ હાજર ના હોય! હરેક મિજલસમાં તેઓ હાજર ખરાજ અને હું પણ જયારે એમની જોડે જતો ત્યારે જોતો કે સૃષ્ટિને પૂર ખૂન-લોહીયાળ વૃત્તિ-થી નિહાળતી એમની નજર બધી વસ્તુપર ફરતી. બધું જોતા ને તેનો સંભોગ કરતા. આ મિત્રમંડળ ઘણું ખરું સાંજના લાઇન્સમાં આવેલા ઈશ્વરદાસ સ્ટોરના એક બંગલામાં એકત્ર મળતું. અહિંયાં શેઠ કરસનદાસ પરશોતમદાસ આત્મારામ ભુખણવાળા પણ હવા ખાવા આવતા, માળી પર હકુમત બજાવતા, અને શાંત વિનોદ કરતા હતા. કરસનભાઇનો આવકાર ભારે. ખુરસી બીછાઈ રહેતી, ત્યાં જઇને સૌ બેસતા. પાન ખાવાની આદત નહિ હશે. પણ હુક્કો તો એમનાં શિવાય કોઈ પીએ નહિ તેમ બીજી 'કલબ'માં ખાવા પીવાનું ચાલે છે તેમ અહિં કાંઈ ન હતું. વાર્તાલાપ થતો ને મારા માતામહ ખીલતા. એમને પ્રસંગોપાત્ત વાત કરવાની ટેવ હતી, ને બીજાને ખીલવવા હોય તો સચોટ ઉપચાર કરી શકતા. કુવાનાં પાણી ખારાં હતાં, એટલે ઝાડ પાન ઝાઝાં ઝામેલાં નહિ તોપણ કુંડી કુંડાં ઠીકઠાક ગોઠવી વાડીની શોભા કીધી હતી. સ્વચ્છ શીતળ હવા ખાવી હોય તો આ જગ્યા ઘણી મજાહની હતી. પણ કરસન ભાઇને નિવૃત્ત જીવન પસંદ નહિ હોય તેથી પંચતંત્રમાં વર્ધમાનની

વાર્તા છે તેમ–" **तस्य कदाचिद्रात्रौ शय्यारूढस्य चिंता समुत्पन्ना यत् प्रभूतेऽपि वित्ते अर्थोपायाश्चिंतनीयाः कर्तव्याश्च इति** ને તે જેમ મથુરાં પ્રતિ ગયેલો તેમ–તે મુંબઈ સીધાવ્યા. એમના જવાથી આ 'કલબ' તૂટી ગઈ. ત્યાર બાદ મસ્કતીની વાડીમાં ઘણું ખરું બેસતા. વીસ વર્ષ લગી શહેર બહાર રહેવાની આદત પડેલી, તેથી વસ્તી વચ્ચોવચ રહેવું મુશ્કિલ લાગવાનું, એ ખ્યાલ નોકરીથી વિરક્ત થતાં પહેલાં આવેલો. સુરતની પ્રવૃત્તિથી વિરક્ત થઈ રહેવું હોય તો લાઇન્સમાં બંગલો લઈ તેમાં રહેવાય. પણ નદીની હવા ભેજવાળી, ને શહેરની જંજાળથી દૂર થવું હોય તો તેને પાદરે જઈ રહેવામાં લાભ નહિ તેથી આ વાત પડતી મૂકાઈ. કોઇએ હજીરાનું નામ આગળ મૂક્યું. પણ આ તદ્દન જ એકાંત સ્થાન ને સુરત સાથનો સંબંધ મુશ્કિલ, તેથી તે પણ અણ-ઘટતી જગ્યા ઠરી. રા. બા. દોલતરાયનો આગ્રહ હતો કે ડુમસમાં જેવો તેમણે બંગલો બાંધ્યો તેવો પોતે પણ બાંધે. પોતાના શિષ્ય અને મિત્ર રા. ભીમભાઈ તે વખતે સુરતમાં ખજાનાના મુહતમિમ (ટ્રેઝરી–ઓફીસર) હતા. તેમનો બંગલો પણ ડુમસમાં હતો, ને નોકરીથી વિરક્ત થઈ ત્યાં જ દાળભાત પચાવવા રહેવાનો તેમનો આગ્રહ હતો. તેઓ આ ભલામણને સમર્થન કરવા પોતાને ડુમસ લઈ ગયા. વળી તે સમયમાં એલ. એલ. બીની પરીક્ષા માટે તૈયાર થવા સારુ મ્હારા બન્ને વડીલ બંધુઓને પણ કોઈ એકાંત સ્થાનની જરૂર હતી. તેથી તેમનું મન પણ ડુમસ તરફ વળ્યું. આ બધા સંજોગોને લીધે દોલત-રાયજીના બંગલા સામું ડૉ. ડોસાભાઇની પડતર જમીન હતી, તેનું વેચાણ લેવાયું ને ઈ. સ. ૧૮૯૨ ની શરુઆતમાં હમારો બંગલો તૈયાર થયો. પછી ઉન્હાળાના લગભગ સાડા ત્રણ માસ તો ત્યાંજ રહેવાનું થતું. શિયાળામાં પણ આવજા થતી. ચોમાસામાં શનિ, રવિ-વારે આવતા. પોતે આ સ્થાનને 'સમાધિ' કહેતા. તે વેળા ડુમસમાં બંગલા બહુ કમ હતા. ચોખ્ખી દરીઆની હવા, પાણી પાચનકારક,

ખાવાનું સાદું ને તાજું, સવારસાંજ ખુલ્લી હવામાં ફરવાનું, અર્થાત્ લૂણી હવા જ ખાવાની એટલે ચિત્ત પ્રસન્ન રહેતું, દિલ બહેલેલું બનતું, શરીર આરોગ્ય થતું. ઈ. સ. ૧૮૯૭માં 'પ્લેગ'નો પ્રાદુર્ભાવ થયો, ને મુંબઈ તથા સુરતવાસી ડુમસ પર ઉલટયાં. કુતરાની ટોપી માફક જ્યાં ત્યાં બંગલા, બંગલી ને હવેલીઓ ઉભી થઈ. ગ્રામ ટળી ડુમસ શહેરની રોનક ધરાવવા લાગ્યું. જંગલમાં મંગળ કરવાની રીત સુરત-વાસી જ જાણે, તેથી ડુમસમાં રમતગમત ભારે થઈ રહેવા લાગી, ને સ્થાનિક કવિએ તો ડુમસને કવન પદમાં અમર પણ બનાવેલું: "રૂડું સ્થાન ડુમ્મસ સૂર્યપૂરે ઠીક વસ્યું ગુજરાતમાં" આ હરિગીત છંદમાં હરિ-લાલે ડુમસની વ્યુત્પત્તિ, ભીમભાઇની આગ્રહપૂર્વક શ્રદ્ધાને લીધે યોજી કાઢેલી. 'પ્લેગ' તો નિત્યનો સહવાસી થયો, તેથી મુંબઇવાસીઓ આવતા બંધ થયા, પણ ડુમસ પહેલાં જેવું સાદું રહ્યું નહિ. મોંઘ-વારી આવી, વૈભવ આવ્યો, મ્હોટાઈ આવી, ઘોડાગાડી દોડવા લાગી, ને સૈર કરવાની સડકપર ધૂળ ઉડવા લાગી. 'વડર્સવર્થ' માફક શાંતિ પસંદ કરતું પોતાનું ચિત્ત આ દ્રવ્યની ઉચ્છૃંખલ પતરાજી જોઈ કાયર થયું. ભીમભાઈ તો ગુસ્સે થઈ ગર્જવા લાગ્યા, કે 'આ લે-ભાગુઓ ક્યાંથી આવ્યા? ડુમસની સાદાઈ બગાડી નાંખે છે.' દોલ-તરાય માત્ર 'ડાયોજીનીસ' માફક પોતાના જ 'ટબ'માં ઘૂમતા રહ્યા. ને જેમ તે ગ્રીક સીનીકે મહાન્ પ્લેટોની મગરુબી ઉપર તિરસ્કાર ભરેલી નજરથી પગ ઠોકેલો (I stamp on thy pride Plato) તેમ મુંબાઈ તથા સુરતના દ્રવ્યવાન્ શેઠીઆ તરફ કાંઇક તિરસ્કાર વૃત્તિ બતાવતા અસલની ગ્રામ્યાવસ્થામાં જ રહ્યા. પોતે ડુમસ-માં સાંજસ્હવાર ફરવા જતા, બે માઇલ ચાલતા ને દરિયાની હવા ખાવા ચોપાટી ઉપર બેસતા. ભીમભાઈ કવચિત જ દરીએ આવતા. એમનો દરબાર બંગલે ભરાતો. રા. મનસુખલાલ સોલિ-સિટર, શાંત શીતળ લ્હેરમાં લ્હેરાં ખાતા દરીએ આવતા. ચાલવાપર

શ્રદ્ધા કમ, ને દમનો ઉપદ્રવ એટલે શક્તિહીન પણ ખરા. સોઠઠાં રમવાનો ભારે શોખ. સ્વભાવ થોડાબોલો પણ મીલનસાર, મ્હોટાઈ વિનાનો, પોતાને ઘણો અનુકૂળ હતો; ને સુરતની હાઈસ્કુલના પહેલા ને બીજા ગુજરાતી હેડ માસ્તર, ઘણી રીતે, નિવૃત્ત ચિત્તને લીધે, એક જ તરેહની રહેણી રાખતા. રા. જીવણરામભાઈ પણ રેલવેમાં મોટા ને માનવંતા હોદ્દાપરથી વિરક્ત થઈ ડુમસમાં રહેતા હતા. વાણિયાસાઈ લીલી પાઘડી બાંધતા, ને 'કેવા તેમના સગા સુરતથી શુકલતીર્થ ચાલતા ગયા વિગેરે" પુરાણી શેહજોરીની વાતો કરતા. એમને પણ આપ્તમંડળમાં રસિકતાથી વાતો કરવાની બહુ ટેવ હતી. પોતે, જીવણરામભાઇ ને મ્હારા માતામહ ઘણીવાર સાથે થતા. ખંડેરાવ બેદરકર ઇન્દોરનું દિવાનપદ છોડી આ સ્થળે જ આવી વસ્યા હતા, પણ હકુમતનો ખ્યાલ છેક છૂટયો નહિ હતો. ભારે દમામથી રહેતા; વિદ્યાવિલાસી, પુસ્તકમાં મગ્ન રહેતા; બધી ચીજ એમની 'સુપરફાઇન' (શ્રેષ્ઠ પ્રકારની). વાત લાંબી લાંબી, સ્વપરાક્રમની ઝાઝી. વૃદ્ધ રાજારામ શેઠ મુંબઇના એક જાણીતા વેપારી હતા. તેમણે ડુમસમાં આરોગ્યગૃહ બંધાવેલું. તે પણ જહાંદીદા આનંદીજીવ હતા. અફસોસ! આજે એ સૌ આ સૃષ્ટિને ત્યજી ચાલ્યા ગયા છે, ડુમસ બેરૌનક થઈ ગયું છે, જમીનમાં ખારાટ આવી ગઇ છે, કુવા ખારા થઈ ગયા છે, ગુલશન તો તે જ છે, પણ તેમાં બુલબુલ ગાતાં બંધ થઈ ગયાં છે!!

પોતે જ્યારે નિવૃત્ત થયા ત્યારે મ્હોટી ફીકર તો એ થયલી કે, દીનરાત લેખનવાંચનમાં પોતાનો વખત ગયેલો, તે બેકાર કેમ ગમશે? આંખની સ્થિતિ એવી કે વંચાય નહિ, લખવાનું મુશ્કેલ પડે; ને વિદ્યાના આટલા આસક્ત, ઘરના ખટ્રાગથી વિરક્ત, એટલે એ ચિંતા સ્વાભાવિક હતી. ન્યાત જાતની કુથળી પસંદ નહિ. નાણું પ્રોમીસરી નોટમાં રોકાયલું, એટલે મ્હારા માતામહની માફક તેની ફેરબદલીની

ફિકર નહિ; હિસાબ રાખવાનો કંટાળો તેથી તેમાં પણ માથું નહિ. હું તે વેળા સાત વર્ષનો હતો તે ગુજરાતી વાંચું ને મ્હારી મ્હોટી બ્હેન સુલોચના અંગ્રેજી પ્રાઇમર વાંચે. પહેલવહેલાં તો હમને શીખવવામાં પોતે વખત ગાળતા, ને જ્યારે મ્હેં નિશાળે જવા માંડ્યું ને બ્હેન સાસરે ગઈ ત્યારે આટલો ઉદ્યોગ પણ ગયો. એટલામાં પોતાની પુરાણી પ્રિયવસ્તુ પર ધ્યાન ગયું. ઘણા મિત્રોએ કહ્યું કે, મ્યુનીસીપાલીટીમાં સર થીયોડોર હોપના વખત પહેલાં પણ મન ચોંટાડેલું, તે પાછું તે કામમાં પડી લોકહિતનાં કામો કરો, પણ અધિકારપ્રિય, હાકિમરસ સ્વભાવ જ નહિ તેથી સરકાર તર્ફે પસંદ થવું એમને અયોગ્ય લાગ્યું. પરિણામે ઉદાત્ત વર્ગમાંથી પોતે, સરદાર ઈશ્વરદાસ સ્ટોર અને ડાકતર ડોસાભાઈ પસંદ થયા. લોકના ભલાંમાટે જ પોતે કામ કરતા. નહિ લાલસા સરકારી મ્હેરબાનીની, કે લોકની વાહવાહની. તેથી ક્ષણિક, સ્વલ્પ લાભદાયી કોઇપણ 'ત્રેવડ' પોતે કરવા દીધી નહિ. 'વાઈસ-પ્રેસીડંટ' (ઉપપ્રમુખ) પોતે ચુંટાયા. તે સમયે નામદાર ગવર્નરની સુરત પધરામણી થવાની. તે વેળા માનપત્ર વાંચવાનું કામ પોતાને માથે આવ્યું. પણ વાંચવાની અડચણ, તેથી મોટા હરફમાં લખાયા છતાં સરદાર ઈશ્વરદાસ પાસે જ પોતે એડ્રેસ વંચાવ્યું. પોતાને આગળ પડવાનો કશો શોખ નહિ. રહેણીકરણી સઘળી ઉદાત્ત દેશીઓની માફક જ, તેથી અંગ્રેજ લોકમાં જરાપણ ઘુસાઘુસ કરવાની ટેવ નહિ. આ સમયે ઘરવેરાની વાત નીકળી આવી. સુરતમાં પાણીની છૂટ થવાથી આગ અટકશે, ટાંકાની સવડ નહિ તેવાઓને મીઠું પાણી મળશે, કોલેરાનો ઉપદ્રવ કમ થશે; આ બધા ખ્યાલથી સુરતમાં નળવાટે સ્વચ્છ પાણી આવે, તે બાબત પોતાનો આગ્રહ હતો. આના ખરચ માટે ઘરવેરો નાંખવો પડે તો તેનો બોજો પ્રજાએ ખમવો જોઇયે, તે બાબત પોતાએ દૃઢ નિર્ણય કર્યો હતો. લોકને આ પસંદ નહિ પડે તેટલા જ માટે આ યોજના

આદરવી નહી એ વાત એમને રુચિ નહીં. લોકમાન્યતા વેચાતી લેવી તેમને, મંજુર નહિ હતી. તુર્ગોનું દૃષ્ટાંત આપી પોતે કહેતા કે, ફ્રાંસમાં જેમ ‘ફ્રીઝીઓક્રેટસે’ સામાન્ય ફાયદા માટે અનિયંત્રિત રાજકર્તાની નીમણુક બાબત પક્ષપાત બતાવેલો, તેમ પોતાને પણ તે જ માર્ગ માન્ય હતો. ना विष्णुः पृथिवीपतिः. સામાન્ય વર્ગને તૃષ્ણા હોય છે, બુદ્ધિબળ હોતું નથી; આ મત પોતાનો દૃઢીભૂત હતો એમ કહીએ તો ચાલે. જેમ જેમ આંખનું બળ કમ થતું ગયું, તેમ તેમ પોતે પાછળ હઠતા ગયા. આ દરમીયાનમાં ઉત્તર વિભાગની મ્યુનીસીપાલીટી તરફથી મુંબઇના ગવર્નરની ધારાસભા માટે એક સભાસદની ચુંટણી થવાની હતી. મ્હારા વડીલ બંધુઓની હોંસને આદરી, રા. ભીમભાઇનો આગ્રહ સ્વીકારી, પોતે પોતાનું નામ ઉમેદવાર તરીકે મોકલી આપ્યું. રા. ચીમનલાલ સેતલવાડ પોતાના પ્રતિસ્પર્ધી હતા. ‘કોકસ’ની રીત ‘મોફસલ’વાસીને માલૂમ ન હતી. પક્ષ ફિહરિસ્તવાળા પરસ્પર મત આપે ને સૌથી વધારે મતે પસંદ થાય, એ અમેરિકન રીતથી અંજાણ હોવાથી રા. ચિમનલાલ કરતાં પોતાના મત કમ મળ્યા. પોતાની શારીરિક શક્તિ શિથિલ થવા છતાં આખર લગી મ્યુનીસીપાલીટીનું કામ પોતે બહુ અગત્યનું સમજતા. પોતાની શિખામણ આવી જ હતી. “Be sober. Be clever. Live purer lives. Give your votes thoughtfully. Make your city healthier and more seemly. Personal service is demanded. Self-giving rather than money-giving is the duty of man towards the city he lives in” આ સમયમાં જ કાંઇક પક્ષાઘાતની અસર જણાયલી, પગ લચકાયલો, હાથ ધ્રુજતો, પણ પોતે ‘કરી’ (પથ્ય) એવી સખ્ત પાળી કે, આ દુષ્ટ રોગનું જોર ચાલ્યું નહીં. આ વેળાના જીવન બાબત સર ફ્રેડ્રિક લિલિને મ્હેં લખી પૂછાવેલું, તેના ઉત્તરમાં નીચે મુજબ તેઓ લખે છેઃ–

25 Hanover House,
Regent's Park,
London, September 17th 1913.

My dear Mehta

I am glad to hear you are engaged in the filial duty of preparing a life of your father,

For a long time he was only known to me as the author of that charming book 'Karan Ghelo.' Later when he was living in retirement at Surat I came into contact with him personally, and every year increased my respect and admiration for him. Reserved in manner and speech he was keenly interested in popular progress. Wise in counsel, independent and steadfast in action, Catholic in sympathies, he was at that time an outstanding figure in the local world. With his shrewd and experienced eye he saw that a certain policy was needed and he held to it with dignity and determination in the face of much odium, which I am glad to know was changed before his death into cordial appreciation.

It is a pleasure to know that you, the son of my old friend have won your way into the civil Service, and I wish you all success.

Yours sincerely
Sd. F. S. P. Lely.

બ્રાહ્ય પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈ પોતાનો ગણિત ઉપરનો પુરાણો શોખ સજીવન કર્યો. પાછા દાખલા ગણવાનું હાથમાં લીધું. ભૂમિતિ ફરીથી ગણવા માંડી, ને કોઈ પણ પુસ્તકનું એવું 'ડીડકશન' નહિ હોય જે પોતે નહિ કર્યું હોય. મ્હારું ગણિતનું જ્ઞાન ઘણું સામાન્ય ગણાય. એલજીબ્રા (અક્ષરગણિત) ને ત્રિકોણમિતિ ઉપરાંત મ્હેં કશું કર્યું નથી, ગણ્યું નથી, તેથી ભૂમિતિનો વિષય પૂરો થયા પછી હિસાબનો કયો વિષય પોતે હાથમાં લીધો હતો તે હું જાણતો નથી. સ્હવારના સાત વાગતાથી સ્લેટપેન શરુ થાય, તે દશ સાડાદશ સુધી. બપોરે કલાકેક આરામ લે તે શિવાય બધો વખત સ્લેટપેન જારીજ! ડુમસ જતા ત્યારે હિસાબ કમ થતા, કેમકે સ્હવારે પાયદળ ફરવા જતા. હમે હોઇયે તો પુસ્તકો વાંચીએ. પોતાને 'સટરપટર' વાંચન પસંદ નહિ. મ્હને યાદ છે કે, ઘણાં વર્ષ પૂર્વે મ્હારા વડીલ બંધુ જેમને પરમેશ્વરે સારી વકતૃત્વ અને નાટ્યશક્તિ બક્ષેલી છે, તેઓ 'ડીકન્સ'ની નવલકથાઓ છટાદાર લઢણથી પોતાની આગળ વાંચતા. હું પ્રતિષ્ઠિત રીતે વાંચી શકું એટલો ઇંગ્રેજી ભાષામાં પ્રવેશ થયો ત્યારે 'ડોમ્બી એન્ડ સન' અને 'બ્લીક હાઉસ' મ્હેં વાંચી સંભળાવેલાં. ઇતિહાસ, પોલીટીકલ ઇકોનોમી (અર્થશાસ્ત્ર), મુસાફરીનાં પુસ્તકો હું એમની આગળ રજાના દિવસોમાં હંમેશ વાંચતો. 'હકસલી' અને 'હરબર્ટ સ્પેન્સર' પણ વાંચેલા. ઇ. સ. ૧૮૯૯ માં મેટ્રીકયુલેશનની પરીક્ષામાં પાસ થયો, તે પહેલાં 'મીલ્ટન'નાં ન્હાનાં કાવ્યો—'લેલેગ્રો', 'ઇલપેન્સરોસો', 'કોમસ', 'સેમ્સન એગોનીસ્ટીસ' મ્હેં વાંચેલાં. 'કાઉપર'નાં 'ટાસ્કો' પૂરાં કરેલાં. પણ જેટલો વખત હમે હમારું બીજું કામ કરતા, તેટલો વખત પોતે સ્લેટપેન સાથેજ મશગુલ રહેતા. મ્હારું તો સચોટ માનવું છે કે, આ સ્લેટપેને જ પોતાનું આવર્દા લાંબું કીધું. બેકાર મગજ ક્ષીણ થઈ જાય છે, ને મગજની અસર દેહપર ઝાઝી હોય છે તેમ પોતે કહેતા. પોતે એમ પણ હમેશાં કહેતા કે, ઉપજીવિકાના કામ ઉપરાંત કાંઇપણ ઉદ્યમ મનુષ્યે

આદરવો જોઇએ ને વાંચવાનું ઘડપણમાં મળશે, એ ખ્યાલ કાઢી નાંખવો જોઇએ. કેટલાક સુતારનું કામ શીખે છે; કેટલાક ઘરનો હિસાબ રીતસર રાખે છે; કેટલાક બીબાં કોતરવાનું કામ હાથપર લે છે; કેટલાક વાડી બનાવવાનું તથા ઝાડની ઉથલપાથલ જારી રાખવાનું કામ કરે છે. સારા સુગંધી ફૂલો ઉગાડી તેમને કેળવવાં, ફૂલના પ્રદર્શનમાં શામિલ થવું વગેરે જાતનો ઉદ્યોગ હાથ ધરે છે. બની શકે તો જે વિષયમાં આંખનું કામ ઝાઝું ન પડે, એવો જ શોખ રાખવો; કેમકે જો આંખ સબળ રહી તો વાંચનથી કાળ વ્યતીત થઈ શકે. પણ જો તે નિર્બળ થઈ તો સઘળી સૃષ્ટિ ઝાંખ મારે છે! હમારા ઘરનું દીવાનખાનું કોચ ખુરસીથી સજ્જ રહેતું, છતાં પોતાના બેસવાના ઓરડામાં તો ગાદી તકીયાની બેઠક પોતે ઝાઝી પસંદ કરતા. મ્હને ન્હાનપણનો વખત યાદ આવે છે ત્યારે મ્હારી સન્મુખ તે વિશાળ ગાદી ખડી થાય છે. તેની પૂઠે લાંબો રજવાડી તકીઓ મૂકવામાં આવતો. ગાદીની બાજુએ હું પડેલો કે બેઠેલો હોઉં, ને પોતે વચ્ચોવચ્ચ બેઠેલા હોય. સ્લેટપર ઘસઘસાટ ચાલતી પેનનો અવાજ કાનપર પડતો. એક પગ ઉંચો, બીજો વાળેલો, સ્લેટ ઘુંટણપર ને આંખની બહુ નજીક ટેકવેલી, એવી લઢણે પોતે બેસતા. કલાક બે કલાક આમ સ્થિર બેસી રહેતાં મ્હારું બાળક મન થાકતું, પણ પોતે વ્યગ્ર તે વ્યગ્ર જ રહેતા. પોતાની આદત બધી ચોકસાઇથી ભરેલી. હમારે ત્યાં નોકરચાકરનો ટોટો ન હતો, છતાં પોતાનો આગ્રહ કે પોતાની જાતનું કામ કોઈ બીજા પાસ કરાવવું નહિ. સ્લેટ પોતે જ ધોય, નોકરને ન કહે. પેન પોતે જ તીણી કરે. હમે કદિ કહીએ કે શા માટે હાથે કરો છો, તો જવાબ આપે કે જ્યાં લગી મ્હારાથી હાથે થશે ત્યાં લગી નોકરને હું નથી કહેવાનો, ને આમ આગ્રહ રાખીશ તો જ મ્હારી શક્તિ કાયમ રહેશે. સ્હવારે ચાહ પી કામ કરવા બેસતા તે કોઈ મુલાકાતી ન આવે તો દશ

વાગતા લગી દીવાનખાનામાં એકલા બેસી કામ કરતા. એ તો મ્હારા બાબરા ભૂતનું કામ ! લખોને ભુસો, લખોને ભુસો ! તે વેળા મ્હારા ભવિષ્યના શ્વસુર, ને મારા વડીલ બંધુઓ સાથ ગાઢ સ્નેહગાંઠથી બંધાયલા, રા. ઠાકોરરામ, ઘણી વાર સ્હવારના આવતા, ને મુંબાઈ ગેઝેટ નામનું વર્તમાનપત્ર, રા. રા. ઝવેરીલાલભાઈએ ભલામણ કરી અસલથી મંગાવેલું તે આવ્યા કરતું, તે પોતા આગળ વાંચતા. બીજાઓની મુલાકાત છૂટીછવાઈ થતી. આની ઉપરાંત એન્ડ્રુસ લાઇબ્રેરીના પોતે પહેલા દરજ્જાના સભાસદ હતા એટલે ત્યાંથી સચિત્ર માસિકો, હફ્તાવારો, આવતાં તે હમે જોતા ને વાંચી સંભળાવતા. ન્હાનપણથી મ્હેં પોતાના લેખક-વાચક (amanuensis) તરીકેનું કામ કરેલું. કાગળો આવે તે વાંચવા, તેના ઉત્તર લખવા, પુસ્તકો વાંચવાં વગેરે કામ હુ કરતો; પણ જ્યાં લગી અર્થને સમજીને હું વાંચવા શક્તિમાન થયો નહીં ત્યાં લગી વાંચવાનું કામ મ્હારી પાસ કમ લેતા, કેમકે શુદ્ધ ઉચ્ચારણ બાબત પોતે ચીંધા હતા. એક જ સરખા અવાજમાં સઘળું વાંચી જાઓ, સમજ વિનાનો ભાર મૂકો, ખોટી જગ્યાએ રોકાઓ, ટુંકમાં-સમજ વિનાનું, રસ વિનાનું, વાંચન પોતાને માન્ય ન હતું એટલું જ નહિ પણ કષ્ટ આપતું. ગરમીની રજાના દિવસ આવતા, તે વખત મુંબાઈ તથા વડોદરેથી મ્હારા બન્ને બંધુઓ માર્કંડરાવ અને મનુભાઈ આવતા. આ વેળા એમની ખુશી માતી નહિ. વિદ્યાલાપમાં વખત જાય, રાજ્યકારોબાર બાબત વાતો થાય; દેશસુધારા, સંસારસુધારાના વિષયો ચર્ચાય. કદિ કુથળી કે ન્યાતજાત બાબત વાતચિત કે કોઈ અમુક વ્યક્તિની કાપકૂપ થતી નહિ. બપોરના ત્રણ વાગ્યા બાદ હમે બધાં સાથે બેસતાં. મ્હારી માતા આવી વાતોમાં ભળતી. કદિ બ્હેન આવી હોય તો તે પણ શામિલ થાય. સાયંકાળે હમેશાં બ્હાર ફરવા જવાનું. ઘરની ગાડી તેમાં બેસી શહેર બહાર જઈ ચાલતા. આઠ વાગતામાં પાછા આવતા, ને ત્યારથી તે દશ વાગ્યા લગી હમે બધાં સાથે બેસતાં.

મ્હારી માતા બહુ ઉમળકાથી હમને સાચું આવકાર આપતી. તે હમેશ હસમુખી. જંજાળ શું તે તો તેના મુખપ્રતાપ આગળ કોઈ જાણતું જ નહિ. તે સ્હવારે વ્હેલી ઉઠે, સૌથી પ્હેલી નીચે જાય, નોકરવર્ગને જગાડે ને હમારો ગૃહતંત્ર શરુ કરે; ત્યાર બાદ ન્હાય, સારાં લુગડાં ઘરેણાં પહેરે, ને માળા ફેરવે. ઘરનો સૂત્ર પોતાના હાથમાં રાખતી ને કાંઈ પણ ઘરની દુગ્ધા પોતાના સન્મુખ જવા પામતી નહિ. ઘરમાં સૌ ચીજ સુઘડ રાખવી, હમને સુઘડ થતાં શીખવવું, પ્યારના ભાવથી હમારી જોડે વર્તવું, એ પ્રમાણે ગૃહ તંત્ર ચાલતું. જમી ખાઈ ઉપર આવી રામાયણ કે ભાગવત તે વાંચે. સુતી બહુ કમ. તબીયતમાં કરકસર ખરી, પણ પ્રતિષ્ઠિત રહેવાનો શોખ એટલે પ્રસંગ આવે છુટ્ટે હાથે ખરચ કરતી. હમે શાળામાંથી આવીએ તો આવકાર સહિત હમારે માટે ત્રેવડ તૈયાર કરી રાખેલી જ હોય. સાંયકાળે કદિ કદિ ફરવા જતી. ડુમસમાં જતાં ત્યારે તો સ્હવારસાંજ બન્ને વખત ફર્યા વિના એને ચ્હેન ન પડે. એકાંત ખુલ્લી હવામાં રહેવા એ સરજાયલી હોય એમ મ્હને લાગતું; કેમકે ડુમસમાં રહેતાં ત્યારે તેની તબીયતની પ્રફુલ્લતા પૂરી રહેતી. સુરતમાં તે ખુલ્લી હવામાં ફર્યા વિના મુંઝાતી.

ઈ. સ. ૧૮૯૯ ના વૈશાખ માસમાં હમારું સંપૂર્ણ કુટુંબ ડુમસમાં એકઠું થયું હતું, ને હમે બધાં ડુમસની ચોપાટીએ ફરવા નીકળ્યાં હતાં તે વેળા પોતાના સ્હામું ખીલતું, હસતું સૃષ્ટિ ઉદ્યાન નીહાળી પોતે બોલેલા તે મ્હને સ્પષ્ટ યાદ છે. “હું મ્હારી જાતને આટલો ભાગ્યશાળી નહોતો માનતો કે, આવી ઘટા, આવું સંતતિસુખ હું જોવા પામીશ.” પુરાણા વડની છાયામાં બેઠેલો તપસ્વી સૃષ્ટિ તરફ નીરખી, રાગી, વિરાગી, મંદ મંદ સ્મિત કરે, તેમ પોતે પ્રસન્ન દેખાયા. મ્હારા વડા ભાઇને પાંચ છોકરાં; મ્હારા બીજા ભાઇને ચાર છોકરાં; મ્હારી મોટી બ્હેન હરસિદ્ધાગૌરીને છ છોકરાં; મ્હારી બીજી બ્હેન સુલોચનાગૌરીને

બે છોકરાં; આ રીતે અમરિતરામ અને તુળજાશંકરના એકલડોખલ ગૃહમાં વંશ વિસ્તૃત થયો હતો. શિન્તો ધર્મમાં માને છે કે, વડીલ અદૃશ્ય રહી કૌટુમ્બિકોને મદદ કરે છે. હે પ્રભુ! તે પિતૃગણ હમને મદદ કરો! ઈ. સ. ઓગણીસસેં એકની સાલ લગી પોતાના સુખી કુટુંબપર શોકનું વાદળ કમ આવેલું. ઇ. સ. ૧૮૬૭માં નવ માસનો પુત્ર ગુજરી ગયેલો, પણ જુવાનીમાં પુત્રપ્રાપ્તિ કે પુત્રક્ષય બેમાંથી એકકે-ની એટલી ખુશી કે શોક નથી થતો કે, જેટલો આધેડ ઉમર બાદ થાય છે. નાંદોદમાં પોતાના ચોથા પુત્રનો કાળ થયો. આગલા પ્રકરણમાં મ્હેં તે બીચારાના દર્દનો ઇશારો કર્યો છે. તેની લગભગ સોળ વર્ષની ઉમર હશે, પણ ન્હાનપણમાં મગજને ધોકકો લાગેલો, તે શરીર પણ પ્રૌઢ થયું નહિ. ફેફરાં જેવા ઉથલા થયા કરતા. શરુઆતમાં થોડા, પાછળથી વધારે ને છેવટે એનો કાળ થયો, ને વ્યાધિગ્રસ્ત નિર્દોષ બાળક દુઃખમાંથી મુક્ત થયું. નાંદોદમાં જ્યારે હતા ત્યારે પોતાના ઉગતા જુવાન ભાણેજ રા. વૈકુંઠરામનું પુણામાં મૃત્યુ થયું. તેઓ બુદ્ધિશાળી હતા. સરકારી નોકરીમાં પ્રતિષ્ઠિત દરજ્જાપર ચઢેલા હતા. ઉમર અઠ્ઠાવીશ વર્ષની હશે. એમના ઉપર બહુ મમતા હતી, ને બાળવિધવા તથા ચાર ન્હાનાં બાળકો છોડી એમનો દેહ પડ્યો, તે સાંભળી પોતાનો જીવ બહુ વિહ્વળ થઈ ગયેલો. મ્હારાં ન્હાનાં ફોઇના વચટ પુત્રનો ક્ષય રોગથી કાળ થયેલો. પોતે કહેતા કેઃ "જ્યારે સમય બારીક આવ્યો ત્યારે ગોધરેથી હું આવ્યો. તે વેળા ભયંકર તોફાન પર જીવનનાવ ચઢેલું. એ હમણાં ડૂબશે, બાજુએ તેની જુવાન સ્ત્રી બેઠેલી, ને સ્હોડમાં સુકુમાર નિર્દોષ બે બાળકી પડેલી. નંદસુખલાલ શીરસ્તેદારની તે પુત્રી, ને મ્હારી ચોથી ખ્હેડીએ ભત્રીજી થાય. જ્યારે વજ્રથી તૂટી પડેલું કોમળ વૃક્ષ મ્હારી નજરે પડ્યું, બાજુએ બે વેલી અટવાતી જણાઈ, ત્યારે મ્હારા ભાણેજના અકૃતકૃત્ય અસ્ત પામવાથી જે દુઃખ થયું, તેના કરતાં આ અનાથને દુઃખાર્ણવમાં ડૂબતી જોઈ મ્હારી છાતી

ફાટી ગઈ.” બે ભાણેજના અકાળ મૃત્યુને લીધે રાતી પાઘડી પહેરેલા પોતાને મ્હેં કદી જોયેલા યાદ નથી. અબ્બાસી રંગની જ પાઘડી ઘાલતા. ઈ. સ. ઓગણીસસેં એકમાં ‘ન્યુમોનીયા’ની દુષ્ટ બીમારીથી મ્હારી વડીલ બ્હેન સ્વર્ગલોક પામી. પૂર્ણ કલા પામ્યા પહેલાં તે અસ્ત પામી. આ ઘા કદાપિ રુઝાયો નહિ. પોતાને શોક કે આનંદ દેખાડવાની આદત નહિ. શોક પ્રદર્શિત કમ થયો, પણ ધોક્કો ઝાઝો પહોંચેલો. પોતાની વડીલ પુત્રી, સુશીલ, શાંત, ધર્મપરાયણ આમ એકાએક ગુજરી ગઈ; એક અંગ લોપ થયું, તેનો પ્રત્યાઘાત ધીરે ધીરે લાગવા માંડ્યો, ને તેની અસર તેમના અવસાન પર્યંત રહી.

મ્હારી માતાને તીર્થયાત્રા કરવાનો શોખ ને પોતાને મુસાફરી કરી રળિયામણા મુલ્ક જોવાનો શોખ. એટલે અવસર મળતો ત્યારે જાત્રાએ હુમે નીકળતાં. ઈ. સ. ૧૮૮૯ માં નાશકત્ર્યંબકની જાત્રા કરી આવ્યાં. હું બહુ ન્હાનો હતો તેથી તે અવસર કાંઈ ઝાઝો યાદ નથી આવતો. પણ ગોદાવરીનો પ્રૌઢપ્રવાહ, તેના ખોળામાં બેઠેલાં દેવસ્થાનો, પંચવટીની ઐતિહાસિક બલિહારી સચોટ યાદ આવે છે. પુણામાં પર્વતી જોઈ. બાજીરાવે ત્યાં બેસી ખડકીની લઢાઈ જોયેલી, તે જગ્યા રહામો સિંહગઢ ખડો છે. **गढ आला सिंह गेला** આ હકીકત તાનાજી માલુસર વડે બાબત બખ્ખરમાં લખાયલી છે. ‘બાજી આલા પાજી ઝાલા ને રાજ ગેલ્લા’ આમ હકીકત આ કાયર માટે લખાશે. પરશુરામને શસ્ત્ર વાપરતાં આવડ્યું, તો બળ જેરવાયું નહિ ને પૃથ્વી નિઃક્ષત્રી કરી નાખી. સત્તા મેળવવી સ્હેલી છે પણ જેરવવી, કાયમ રાખવી મુશ્કિલ છે. ‘ઇશ્ક આસાન નમુદ અવ્વલ વલે ઉફતાદ મુશ્કિલ હે!’* પશ્ચાત્તાપથી ઘવાયલા કરણવાઘેલાને શ્રીસ્થળની યાત્રા કરવાની સલાહ આપતા. બ્રાહ્મણોના મુખમાં નીચેનાં વાકયો મૂકયાં છે તેવો જ હમેશ પોતાનો અભિપ્રાય રહ્યો. “યાત્રાઓમાં દેવદર્શન-

* ‘પ્રીત કરવી છે સ્હેલ પણ નિભાવવી મુશ્કિલ.’

થી જે લાભ થાય છે તે એક કોરે મૂકીએ તોપણ તેથી મન ઉપર ઘણી સારી અસર થાય છે. યાત્રાઓના મહિમા પહેલેથી વાંચેલા એટલે કલ્પનાશક્તિ પ્રબળ થઈ શરીરને શાંતિ પ્રાપ્ત કરાવે છે. જગ્યાના ફેરફારથી પણ ઘણું કાર્ય થાય છે. જો શરીરના રોગી લોકોને જગા ફેર થવાથી ઘણીવાર આરામ થાય છે તો મનના રોગીઓનું દુઃખ તેમ કીધાથી શા માટે નિવારણ નહિ થાય? બીજે ઠેકાણે જાય ત્યાંની નવી વસ્તુઓની પ્રતિમા તથા તેઓની સાથેની નવી હકીકતો સ્મરણસ્થાનમાં આવી ભરાય, ને પુરાણા અનુભવોને દબાવે. વળી પ્રાચીન કાળના મહર્ષિઓએ જે જે ક્ષેત્ર તથા યાત્રાનાં તીર્થ પસંદ કીધેલાં છે તે રમણીય તથા ચિત્તાકર્ષક સ્થળ જોઇને જ કીધેલાં છે. આ સ્થાનો પ્રખ્યાત નદીઓ ઉપર આવેલાં હોય છે. નદીના જૂદા જૂદા ઘાટ આગળ ઘણાએક લોકો નહાતા હોય, ઘણીએક સ્ત્રીઓ પાણી ભરતી હોય, કેટલાક બ્રાહ્મણો સાંજસવાર સંધ્યાદિ કર્મો કર્યાં કરતા હોય, તે વખતે કાચ જેવા નિર્મળ પાણી ઉપર પવનની લેહેરથી નાનાં મોજાં થતાં હોય, સામા કાંઠા ઉપર ઝાડો આવી રહ્યાં હોય, વચમાં હોડીઓ તથા વહાણો ખલાસી સહિત ડોલતાં હોય, તે જોઇને મનને શાંતિ તથા આનંદ ઉપજે છે. વળી નદીને જોવાથી માણસને તેનો સંસાર યાદ આવે છે. જેમ નદી પહાડમાંથી નીકળતી વખતે નાની હોય છે તથા બહાર પડ્યા પછી થોડેએક સૂધી તે 'કુલોમાં તથા કાંકરામાં રમતી રમતી જાય છે, તેમ માણસ બાલ્યાવસ્થામાં હોય છે. નદી આગળ ચાલ્યા પછી તેમાં બીજી નદીઓ આવીને મળે છે, તેમ માણસો મોટા થયા પછી ઘણા જોડે સંબંધ બાંધે છે અને નદી જેમ છેલ્લી વારે અમર્યાદ સમુદ્રને મળી જાય છે, તેમ માણસ પણ અંતે લય પામી તેનું અંતવાન્ આયુષ્ય અનંત કાળ સાથે મળી જાય છે. માટે નદીઓ જોયાથી માણસની જીંદગી ઉપર તેના વિચાર દોડે છે તથા પરમેશ્વરના એક મોટા કામ આગળ શૂન્ય

જેવો તે થઈ જાય છે. કેટલાંએક તીર્થ મોટી ઝાડી તથા મહા વનમાં હોય છે, ત્યાં ઝાડોની ઘટામાં એકાંતપણાનો વાસો હોય છે., વળી એવે કેટલેક ઠેકાણે મોટા મોટા પર્વતો આવી રહેલા હોય છે, એવી રળિયામણી જગામાં કોના મનમાં ભક્તિ આવ્યા વિના રહે? જ્યાં ઈશ્વરે ઓહાળે હાથે પોતાની ઉદારતા વાપરેલી છે, જ્યાં જગત્કર્તાનાં મોટાં કામો માણસનાં હલકાં તથા નબળાં કામોની જાણે મશ્કરી કરતાં હોય એમ લાગે છે, જ્યાં ઘણીએક તરેહની સૃષ્ટિની શોભા એકઠી મળેલી હોય છે, જ્યાંની ભૂમિ એવી તો પવિત્ર તથા દેવતાઈ જણાય છે કે ત્યાં કાંઈ દુષ્ટ કામ કરતાં જ માણસને ત્રાસ લાગે છે, તથા જેનો નમુનો લઈ પૃથ્વી ઉપરના કેટલાંએક જંગલી લોકોએ પોતાનું સ્વર્ગ કલ્પેલું છે, એવાં રમણિક તથા પવિત્ર સ્થળોમાં માણસને પોતાનું તુચ્છપણું તથા હલકાઈ સમજાય, પોતાના કરતાં અતિ ઘણી બળવાન્ કોઈ બીજી શક્તિ છે એમ તે જાણે તથા તે શક્તિ આગળ નમ્રતા પકડી તેને નમીને તેને પોતાનો દેહ તથા આત્મા સોંપે, તેની બેહદ સ્તુતિ કરે, તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખી ભક્તિમાં વધારો કરે તથા જે થાય છે તે તેની ઇચ્છાથી જ થાય છે એમ ખાતરી કરી ધૈર્યતા તથા શાંતિ મનને વિષે રાખે, એમાં કાંઈ આશ્ચર્ય નથી." મ્હારાં વૃદ્ધ માતામહી પ્રાતઃકાળે હમેશ બોલતાં 'गंगाद्वारे कुशावर्ते बील्वके नीलपर्वते। स्नात्वा कनखले तीर्थे पुनर्जन्म न विद्यते ॥ જ્યારે હરદ્વાર મ્હેં જોયું ત્યારે પોતાના ખ્યાલોનું સમર્થન થયું, ને મનમાં જ મંગાયું કે પુનર્જન્મ થાય તો અહિંજ થાય! અહીંજ થાય! વોલ્ટરપેટરે રોમન લોકના આચાર વિચાર 'મારીયસ ધી એપિકયુરીયન' નામના એના ગ્રન્થમાં જાહેર કીધા છે. 'મારીયસ' માંદો પડે છે ત્યારે એસ્કયુલેપીયસ (ધન્વંતરિ) દેવના પર્વતપર બાંધેલા દેવળમાં એને લઈ જવામાં આવે છે ને ત્યાં સૃષ્ટિસૌંદર્યથી પોતે આરોગ્ય બને છે." He was made perfect by the love of visible beauty. આ જ પ્રમાણે હિંદના

હઝારો આતુરો સૃષ્ટિસૌંદર્યથી આરોગ્ય થતા. જેમ શેક્સપિયરના એઝ-યુ-લાઈક-ઇટ નામના નાટકમાં ‘ઝાક્સ’ કહે છે, ‘and man exempt from public haunt find tongues in trees, books in running brooks, sermons in stones and good in everything’ તેવો જ બોધ યાત્રાથી મળતો.

ઇ. સ. ૧૮૯૩ માં હમે ગીરનારની યાત્રા કરવા ગયાં. મ્હારા માતામહ તથા માતા ભાવનગરના મહારાજા સાહેબના લગ્ન પ્રસંગે ત્યાં ગયેલાં તે હમને જુનાગઢમાં મળ્યાં. નડિયાદના પ્રખ્યાત દેસાઈ ખાનદાનના હરિદાસભાઈ તે વખતે ત્યાં દીવાન હતા. નવાબ સાહેબ પુરુષોત્તમરાયજી સાથે મુસાફરી કરવા પધાર્યા હતા. નરસિંહ મ્હેતાના નામથી પવિત્ર થયેલાં સ્થાનો જોયાં, જૈન મતની ચઢતી કળા દાખવતાં પાર્શ્વનાથનાં દહેરાંઓ ગીરનારની મેખલારૂપે આવી રહ્યાં છે તે પણ જોયાં. માતાનું મંદિર છે. પોતે, મ્હારી બ્હેન બહુવિદ્યાગૌરી, તથા હુ પગે ચાલતાં ચઢી ગયેલાં. તે વેળા પગથીયાં નહિ હતાં એથી ચઢવું સ્હેલું હતું એમ હાલના લોક કહે છે. મ્હારાં બાલકમનને તો જાણે વાઘ માર્યો હોય એવી ખુશી થયેલી. રસ્તામાં અઘોરીઓની ગુફા બતાવવામાં આવેલી. આ એક-રસ પંથના, ઉંચા વિચારના, દુષ્ટ આચારના, દેહને કષ્ટ કરનાર વેરાગીઓને જોઈ વૈરાગ્ય ઉપર જ ઘૃણા ઉત્પન્ન થાય છે. જુનાગઢથી પ્રભાસપાટણ ગયાં. ત્યાં જાદવાસ્થળી જોઈ, સરસ્વતીમાં નાહ્યાં, મહાકાળનું પ્રખ્યાત દેવસ્થાન જોયું. સ્નેહીને સ્મશાનકાંઠે બાળી પાછા આવેલા પ્રિયજનોના મનમાં એક જાતનો શૂન્ય અંધકાર પ્રવર્તે છે, સ્મશાનવૈરાગ્ય ઉદ્ભવે છે, ઉદાસીનતા થાય છે, તેમ મનમાં થયેલું. ઓ! મહાકાળ! ક્ષય-રોગથી ગ્રસ્ત ચંદ્રને સંભાળી લીધો પણ વૈભવથી નિસ્તેજ થયેલા બ્રાહ્મણધર્મનું તુર્કોથી સરક્ષણ ન કર્યું ને ત્હારું ખંડન તેં થવા દીધું. “તારો એક જ બોધ હશે કે, હું પાષાણ નથીઃ મ્હારી પૂજા કરી

ઉન્નત થાવ! નહિ કે પાષાણની. ત્હમને મનપસંદ તુચ્છ વૈભવ અર્પી અધોગતિએ જાઓ!" આમ પોતે કહેતા. કરણઘેલામાં લખ્યું છે કે, 'મૂર્તિપૂજાની મોટામાં મોટી ખરાબી એટલી જ છે કે, એવી પૂજા કરનારા, ધીમે ધીમે મૂર્તિને પરમેશ્વર સમજે છે, ને ધણીને ન માનતાં ગુમાસ્તાને શેઠનું માન આપે છે.' વેરાવળ પણ થોડો સમય રહેલા ને કાઠિયાવાડના ઉત્કર્ષનું સાધન જોયું. ત્યાંના લોકોના સાહસી-પણા, આગ્રહ અને હોંસીલી વૃત્તિનું પણ સમુદ્ર જ કારણ હતું. હરિદાસભાઈ બાબત મ્હેં તો મ્હારા માતામહને મ્હોંયે ઘણીવાર સાંભળેલું. પોતે ભાવનગરમાં પહેલવહેલા એમના ઉપરી હતા. પછી તેઓ જુનાગઢમાં ગયેલા. નડીયાદના દેસાઈ કુટુંબથી કોણ અંજાણ છે? વિહારીદાસજીની પ્રતિષ્ઠા બહુ ભારી હતી એમ પોતે કહેતા, ને એમના ઘરના જેવો એકત્ર કુટુંબનો સરળ ખટલો બીજે ભાગ્યે જ જોવામાં આવતો. હરિદાસભાઈ કોર વગરનું સાદું કાંઇક રતાશ રંગવાળું ધોતીયું, અંગરખું, પાટીદારની સાદી પાઘડી ને સાદાં દેશી બૂટ પહેરતા. ઘોડાપર બેસવાનો પોતાને શોખ હતો. હમને જોવાનો પ્રસંગ મળેલો તે પરથી તેમની પરોણાગત, સાદાઈ, સરલતા ને બુદ્ધિને માટે ઉંચો ખ્યાલ બાંધેલો. ઇ. સ. ૧૮૯૫ ના ચૈત્ર મહિનામાં હમે આરાસુરની યાત્રાએ નીકળ્યા. પોતે કરણઘેલામાં અંબાભવાનીનું બહુ જ તાદૃશ ચિત્ર આપ્યું છે. મૂળ બીજ ફોર્બ્સકૃત રાસમાળામાંથી લીધેલું ને બાકીનું પૌરાણિકકથા, દંતકથા ને ઘણા માહાત્મ્યોપરથી લીધેલું. હમે આ યાત્રા જવા માટે ઋતુ બહુ બુરી પસંદ કરેલી. ગરમીના દિવસો તેથી રસ્તે તાપ બહુ લાગેલો. રીંછનો ભય વર્તાતો, પાણીની કમી કહેવાતી; અંબામાતાની મીઠી નજર હમારાપર હતી એમ મારી માતા માનતી, ને તેથી જ કોઇને કાંઈ ઈજા ન પહોંચી. હમને માતાજીના દેવળમાં છેક અંદર સૂધી જવા દીધાં હતાં, ને મારી માતાએ પોતાને હાથે માતાજીની પૂજા કરી હતી. માતાની પાવડી હમારે માથે અડ-

કાઢેલી. અહિં ભોળાનાથભાઈના ખાનદાન તરફથી બંદોબસ્ત છે તેથી ચોઘડીયાં પહોરે પહોર વાગે છે. નવરાત્રિમાં નાગરો ભવાઈ કરવા અહિં આવે છે. મારી માતા કહેતી કે, માતાનાં પહેલાં દર્શન એને ગણપતિના રૂપમાં થયેલાં. વિઘ્નનાશક ગૌરીસુતનું દર્શન શુભચિહ્નસૂચક ગણાય છે. ગબ્બર ચઢવાની કોશીશ કરેલી નહિ. કોટેશ્વર ગયેલાં, ને માર્ગમાં જૈન દેવસ્થાનો જ્યાં બાળી નાંખ્યાં છે, એ જગ્યાએ પણ ગયેલાં. ત્યાં એક ભોંયરું છે તેમાં થઈ તે ઠેઠ દેલવાડે નીકળાય છે, એવી કથા છે. દેવીએ જૈનના સંઘમાં ભંગ પાડ્યો, એ બાબતની દેવીની મિથ્યા સ્તુતિ હમે ત્યાં સાંભળેલી. ધર્માંધપણું કેટલું વધી ગયું છે, તેનો આ સ્પષ્ટ નમુનો પોતે કહેતા. યાત્રા પૂરી થઈ ત્યારે ગોરના હાથમાં પચીસ રૂપ્યા મૂક્યા. ગોરે કહ્યું કે, જ્યાં લગી પૂરી દક્ષિણા નહિ મળે ત્યાં લગી હું ભચો નહિ પૂકારું. પોતે કહ્યું, 'જેવી મરજી. હમારી યાત્રા ફોગટ થઈ શકે તેમ નથી.' ખુશામત ન થઈ તેથી પંડો ખીસીયાણો પડી ગયો, અને હમે ચાલવા માંડેલું, તે પાછા ફેરવી ભચોના છાપા મારી ગયો. પોતે કહેતા કે, 'લોક હાથે કરીને પંડાઓને બગાડે છે. યાત્રા પોતે કરી ને પૂર્ણ થઈ કે નહિ, તેની ખાતરી બીજો શી રીતે આપી શકે, ને ખાતરી ન આપે તો ફળ માઠાં નીવડે, એવો જ્યાં લોકનો ખ્યાલ રહેશે ત્યાં લગી આ જુલમ અચળ રહેવાનો.' એમને સગવડ કરવા માટે, ધાર્મિક સેવા માટે, કે પછી સામાન્ય ઉપયોગિતા માટે ઘટતાં નાણાં અપાય તો એમાં કાંઈ બુરું નથી. પોતે કહેતા કે, 'ગુજરાતમાં કળાકૌશલ્યની બલિહારી જૈનોને હાથે જ થઈ.' આ વણિક પ્રધાનોએ નાણાં પ્રાપ્ત કર્યાં, યુદ્ધો લડ્યાં ને વિશાળ દહેરાં બાંધ્યાં. આ દેહેરામાં આરસની કોતરણી એવી કારમી છે, કે જાણે રૂપેરી દોરાનું ગુંથણ કામ જોતા ન હોઈએ ? જ્યાં ત્યાં કેશરની બ્હેક આવ્યા કરે, આરસની વિશળા

ફરશ પવિત્રતાનો ખ્યાલ સ્વયં ઉદ્દ્ભવાવે, મોટાં ઘુમ્મટોમાં જાત્રાળુ તથા જતિનાં ગુંજારવ કરી રહેતાં સ્તવન પ્રતિધ્વનિત થાય, દીવીઓમાંથી કર્પૂર વાસ ઝરપે ને આત્મા, આ વૈશાલ્ય સૂચકસ્થાનમાં એના વલણને અનુસરી, પોતાનું જૂદાપણું વિસરી અનંતની ધૂનમાં ગરકી જાય. દહેરાં હો તો દેલવાડા જેવાં, મૂર્તિ હો તો બૌદ્ધમાર્ગની, જૈન માર્ગની. સમાધિસ્થ અવસ્થામાં લીન સાધુજન, જીવન્મુક્ત જન, અભયદાન કે ક્ષમાદાનની મુદ્રામાં પતિતને પાવન કરનાર ઉદ્ધારનાર અપૂર્ણ સૃષ્ટિમાં સંચરે, તે શુદ્ધ સ્તવનથી આ મંદિરમાં પૂજાય છે. રામચંદ્રજીના મંદિરપર પણ પોતાને પક્ષપાત હતો. પ્રજાવ્રત કોઇએ પાળ્યું હોય તો જાનકીનાથે જ! તે વ્રત જાળવવામાં સ્વાત્માર્પણ કોઇએ કર્યું હોય તો રામચંદ્રજીએ જ! તેમની પૂજા પવિત્ર, સ્તવન પવિત્ર, મંદિર શાન્તિસૂચક ને મૂર્તિ ચિત્તોત્કર્ષક હોય છે. વળી પોતે એમ પણ કહેતા કે, દેવમંદિરો ચોવીસે કલાક ખુલ્લાં હોવાં જોઇયે. લોકના ધાર્મિક પ્રોત્સાહન માટે ત્યાં પૌરાણિક કથા કે નીતિના વિષયની કથા થવી જોઇયે. દર્શનનો અમુક વખત ન રાખવો કે ભીડ થાય, મર્દ અને ઓરતોને એકત્રિત થવું પડે. બહાર તુળસી, મોગરા, ગુલાબ વિગેરેનાં છોડવા રાખવામાં આવે. સામું વિશાળ ફરસબંધી તળાવ હોય. આમાં સ્નાન કરી શકાય, બાજુએ કુવાઓ હોય તેમાંનું લોક પાણી પિયે. આસપાસ જરા ઘટાદાર વૃક્ષ જોઇએ. પ્રાતઃકાળે, મધ્યાહ્ને કે સાયંકાળે જ્યારે વખત મળે ત્યારે ભક્તજન અંદર જઈ, મનમાં કે ગણગણતો પોતાની પ્રાર્થના બોલી આવે, ને આ પવિત્ર સુગંધીથી ભરપૂર સ્થાનમાં બે ઘડી બેસી પાવન થઈ જાય. આબુથી પાછાં ફરતાં હમે વડનગર જઈ આવ્યાં. નાગરોનું આ પાટસ્થાન અસલથી તેમના ઇષ્ટ દેવ હાટકેશ્વરના મંદિર માટે પ્રખ્યાત છે. અહિં શંકરસ્થાનની કોઈ ગણના જ નથી. ભેંસબરડેશ્વર મહાદેવથી માંડીને દરેક પદવીસૂચક નામો મળી આવે છે. ધર્મ બાબત

હું પોતા જોડે ઘણી વાર વાતો કરતો તેથી પોતાના ખ્યાલો જણાઈ આવતા. સામાન્ય મનુષ્યને માટે ધર્મના પાવન કરનાર કરતાં સંકોચ કરનાર અંશ વધારે અસરકારક નીવડે છે. આમ કરશે તો હનૂમાન્ બાપજી આશે! માતા કોપે તો તેથી દેશનો લોપ થાય હોં! આવા ભયને લીધે ઘણાકો સત્યના માર્ગથી ડગતા બચે છે. 'સોક્રાટીસ'નું વેણ વદી પોતે કહેતા કે, "હરેક વ્યક્તિએ પોતાના દેશના દેવને માનવા. મૂર્તિપૂજા રાખવી જ હોય તો મંદિર સ્વચ્છ રાખવાં. પૂજા સાદી શુદ્ધ રાખવી. મૂર્તિ આરસની ઢાંકેલી, બાહ્ય વસ્ત્ર ભૂષણ વિનાની શાંતિ, શુદ્ધિ-સૂચક સ્થાપવી, હલકા અભણ પૂજારીઓને દૂર રાખવા ને તેમને બદલે મંદિરનું રક્ષણ કરવા સુશોભિત કરવા સારા રક્ષકો રાખવા, ને દક્ષિણા લેતા તેમને બંધ કરવા જોઈએ.' પ્રાર્થનાસમાજ બાબત વાત નીકળતાં પોતે કહેતા કે "એ સંપ્રદાય સામાન્ય લોકને માટે છેજ નહિ. જે લોક એના અનુયાયી છે તેમને માટે જ ઉચિત છે. પણ તેની અસર ખાસ વ્યક્તિઓ શિવાય બીજામાં જણાતી નથી. તેથી કાંઈ તેમનાં જીવનમાં ફરક પડતો નથી, ને જેમ કોઈ સામાન્ય 'ક્રીશ્ચિયન' રવિવારને સારુ અલગ રાખેલાં વસ્ત્ર પહેરી દેવળમાં જાય, પ્રાર્થના કરે, સંગીતમાં ભાગ લે ને ત્યાંથી પાછા આવી તે વસ્ત્ર ખીટીંયે ટાંગે તેમ પ્રાર્થનાસમાજમાં પણ થાય છે. ભક્તિનો પ્રવાહ સતત જારી રહે તે માટે કાંઈ ખાસ બંધારણ પોતપોતાના ઘર ઉપરાંત એકાદ દેવળમાં હોવું જોઈએ. બ્રહ્મસમાજ માટે એવો ખ્યાલ ન હતો. ન્યાતજાતનું બંધન આ સંપ્રદાય તોડવા તૈયાર થાય છે ને જનસમુદાયને ઈશ્વરનાં અનેક બાળકો સમજી એકત્રિત કરે છે તે કાંઈ ઓછો ભગીરથ પ્રયત્ન છે? પણ આ એનું મસ્તિષ્ક ભારે, ને શરીર ન્હાનકડું ને સુક્કું તેથી મંડૂકશિશુ (tad-pole) માફક તે સ્થિર રહી શકતું નથી. ભોળાનાથભાઈ પ્રાર્થનાસમાજના કર્તા-કારવતા માનવામાં આવતા. પણ એ ધર્મનિષ્ઠ પુરુષની ભક્તિસરિતા એવી

અહોનિશ વહ્યાં કરતી કે, તેનું હરેક આચરણ આ પવિત્ર ઉદકમાં ઝંપલાઈ નીકળતું હોય એમ લાગતું. જો એમનો જન્મ સોળમી સદીમાં થયો હોત તો પોતે ઉદાત્ત ભક્ત ગણાયા હોત. મહીપતરામનો સ્વભાવ આગ્રહી, સાહસી, ધર્મ-લોક સેવામાં કૃતકૃત્ય થવા મથતો. તેને મદદ આપનાર, પ્રોત્સાહન કરનાર, પરમેશ્વરની જરૂર હતી તે તેમણે બ્રહ્મસમાજને અભાવે યુનિટેરીયન મંદિરમાં પ્રાપ્ત કરી હોત. આર્યસમાજના ઉચ્ચ ભવિષ્ય માટે પોતાને મ્હોટો ભરોસો હતો. પણ મંડાણ પહેલાં ભંગાણની જરૂરત સમજી, સ્વામી દયાનંદ સરસ્વતીએ જે બીજા મતોનું ખંડન કરવા કોશીશ કરી તેનાથી ઘણી હાનિ થઈ. વેદરૂપી આદિ ગ્રંથ એમણે આદર્યો; પણ ગૌરક્ષારૂપી પનોતી તેને વળગેલી રહી, ને આથી ઇસ્લામના એકેશ્વર વાદની સાથે પોતાના નવા મતની આટલી બધી સમાનતા છતાં પણ તેઓ વચ્ચે પરસ્પર આટલો વિરોધ જારી છે. આર્યસમાજે હિંદને આર્ય કરવા કોશીશ કરી છે એ સ્તુતિપાત્ર છે, ને વૈષ્ણવ માર્ગમાંથી પતિત વર્ગોનો ઉત્કર્ષ કરવા જે માર્ગ લીધો છે, તેથી વેદનો ઉદાત્ત જ્ઞાનમાર્ગ ને સામાન્ય વ્યક્તિનો ભક્તિમાર્ગ અહિંયા એકત્ર મળી જાય છે. આ નવીન મંદિરમાં દેશનો ધર્મ જાગૃત થયો છે.” પોતે એકેશ્વર મત સ્વીકારતા, શાંત ચિત્તે પ્રાર્થના આદરતા, લોકને પોતપોતાના ધર્મમાં ચઢિયાતા થવાને શિક્ષા આપતા, ને આચરણથી પરમાર્થ સાધવા મથતા, હમેશાં સાચવટ અને પ્રમાણિકપણા બાબત દૃઢ નિશ્ચય રાખવો, એમ ઉપદેશ કરતા. કરણઘેલામાં લખ્યું છે, “જે માણસ આ જગતમાં ફાયદાને માટેજ સદાચરણે વર્તે છે તેનો ટેકો ઘણો નબળો છે.” નઠારાં કામનો નઠારો અને સારાં કામનો સારો બદલો મળશે એ ખોટું છે; એ એક જુઠી લાલચ અસલના વખતમાં ડાહ્યા લોકોએ આપેલી છે; પરલોકમાં સારાં ફળ ભોગવવાની ઉમેદથી જ તથા સદ્‌ગુણોનો બદલો સદ્‌ગુણ જ છે એમ જાણી જે

લોકોને સદ્‌ગુણ આચરવું હોય તેઓએ દુનિયા તરફના લાભ ઉપર નજર રાખવી નહી.” પોતાનું ધાર્મિક વલણ વિચારમાં નહિ તેટલું આચારમાં જણાતું, જીવનશાસ્ત્રના પોતે શોકીન અભ્યાસી હતા, તેથી ‘હાઇડ્રા’ જોડે હિંદની સરખામણી કરતા. આપણે પરવાળું જોઇયે છૈયે, તે ‘હાઇડ્રા’નું બખ્તર છે. આ ‘હાઇડ્રા’ દ્વિધા વિભાગમાં (બેવડી દિશામાં) વધે છે. કોઇવાર એકદિશામાં (બેવડી દિશામાં) વધે તો કોઈ વાર ત્યાંથી સંકોચ પામી કે રોકાઈ જઈ, બીજી તરફ વધે છે. હરેક વિભાગના મૂળ આગળ એક પારદર્શક પડદો હોય છે, તેમાં ઝીણું કાણું રહી જીવનપ્રવાહ સતત અનિવાર્ય વહ્યાં કરે છે. આથી જો કે હરેક Cell ભિન્ન ભિન્ન અલાહેદી હોય છે, તોપણ તેનો સંબંધ આગળપાછળ બન્નેન Cell જોડે પેલાં બારીક છિદ્રદ્વારા જારી રહે છે. આથી જેવું કોઈ પણ જગ્યાએ જીવનસ્પંદન થયું કે તે સઘળે પ્રસરે છે. હિંદ દેશરૂપી સાગરમાં પ્રથમ પુરાણી સંસ્કૃતિવાળું ‘દસ્યુ’નું રાજ્ય હતું, ત્યાં આર્ય હાઇડ્રા દાખલ થયો. તેની સ્થિતિસ્થાપકતા શક્તિ એટલી કે જેની તરફ એનો દ્વિધા–વિભાગ પ્રસરે, તેણી તરફથી દસ્યુ પાયમાલ થઈ જતા. વિજ્ઞાનશાસ્ત્રીઓ કુદરતને ક્રૂર કહે છે, પણ તે નથી ક્રૂર કે નથી દયાળુ. જે વ્યક્તિમાં જીવનનું પ્રાબલ્ય હોય છે તે વ્યક્તિગણ અબળ વ્યક્તિગણનો ધ્વંસ કરે છે. પોતે કહેતા કે, હિંદમાંથી દસ્યુઓનો સંપૂર્ણ નાશ કર્યો હોત તો સારું થાત, કે તદ્દન જ સેળભેળ થઈ ગયા હોત તો તેથી ઉતરતે દરજ્જે પણ બેલાશક ફાયદો થાત. ગંગા શ્વેતવર્ણી અને કાલિન્દી શ્યામળી, આ બન્નેનો સંગમ સંપૂર્ણ થવો જોઇતો હતો, તેમ નહીં તો મૂળથી જ ગંગાએ યમુનાને ત્યજી દેવી જોઇતી હતી. પણ આ વેળા મનુષ્યે કુદરતના નિયમોનું ભંગાણ કર્યું, ને તેનું ફળ હજુ સૂધી તે ભોગવે છે. આ તો આર્યનિખાલસ, શુદ્ધ આર્ય, દસ્યુ નિખાલસ, શુદ્ધ દસ્યુ. આર્ય દસ્યુનો સેળભેળ, દસ્યુ આર્યનો સેળભેળ, કેવળ આર્ય, કેવળ દસ્યુ આમ ચાર વર્ગ થઈ ગયા.

યુરોપ દેશમાં દસ્યુઓનો ત્રણ ચતુર્થાંશ હિસ્સે નાશ થયેલો ને એક ચતુર્થાંશ ભાગ સેળભેળ થઈ ગયેલો, પણ મિશ્રણ એકમેક હતું. આથી હિંદનું અનિવાર્ય લાંછન પેદા થયું. હલકામાં હલકી જાતની ગુલામગીરીનો પ્રાદુર્ભાવ થયો. કોઇક સ્થળે પરાજયથી ઉપસ્થિત થતી ગુલામગીરી જોઇયે છૈયે તો અન્ય સ્થળે વેચાણથી થતી ગુલામગીરી જોઇયે છૈયે, પણ અહિં તો અમુક વર્ગ તે ગુલામગીરીને માટે જ સર્જાયલો છે એમ સાબિત થયું. આજે યુનાઇટેડ સ્ટેટ્સમાં પણ તેવું કંઇક જણાય છે. પરિણામ એ આવ્યું કે, આર્ય જીવન પંગુલ ઠર્યું. દ્વિજ-વર્ગમાં, બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યની ગણના થઈ. એક મગજમાં બીરાજે તો બીજો હસ્ત વાપરવામાં કુશળ ગણાય, જ્યારે ત્રીજો ધાન ખાઈ પચાવી લોહીરૂપી દ્રવ્ય પેદા કરે તે પેટરૂપે ગણાય, પણ પગ તો ચોંટેલા શૂદ્રના જ. હલકું કામ તો તે જ કરે! પોતે કહેતા કે કામ, કોઇપણ જાતનું કામ, હલકું નથી. તેને હલકું ગણી અમુક જાતને સોંપ્યું, ને પાછળથી તે કામ અમુક જાત કરે છે માટે તે હલકી એમ ઠર્યું. પહેલું તો એ થવું જોઇએ કે, આ પંગુલપણું નાબુદ થવું જોઇયે. હરેક વ્યક્તિએ બનતાં લગી સંપૂર્ણ થવાની કોશીશ કરવી જોઇયે. હરેક વ્યક્તિએ મ્હેનત કરી પોતપોતાને લગતું કામ કરતાં શીખવું જોઇએ. હાથ કામ કરી હસ્તકુશળતા પ્રાપ્ત કરે, ત્યારે જ પેટ ઠીક કામ કરશે ને મગજ સુખ સૃષ્ટિ કલ્પશે, એ ખ્યાલ દરેકના મનમાં સચોટ ઉતરવો જોઇએ. હરેક વ્યક્તિએ ઉદ્યોગ તપ આદરવું જોઇયે ને કોઇપણ કામને હલકું ન સમજવું ને કોઇપણ વ્યક્તિને જન્મથી જ હલકી ન સમજવી જોઇએ. પોતે કહેતા કે, મ્હારો કહેવાનો આશય એમ નથી કે, વનનો રાજા સિંહ બોજો ઉઠાવે ને ગર્દભ હકુમત કરે. સૃષ્ટિમાં મનુષ્ય એક સરખાં નથી ને એક સરખાં થવા સરજાયલાં પણ નથી, હરેક વ્યક્તિને જન્મથી જ જૂદો જૂદો ખાનદાની વારસો પ્રાપ્ત થયેલો હોય છે. વળી પુરુષપ્રયત્નથી પણ જૂદાં જૂદાં સાધન

પ્રાપ્ત થાય છે. માત્ર સમાજની ફરજ છે કે સૌ મળીને સરખા પ્રસંગ આપવા; પછી અવસર આવ્યો પણ તેનો લાભ લીધો નહીં તો તેમાં ત્હેની ભૂલ. અમુક યોનિમાં જન્મ થવાથી ઘણી જાતના ગુણ સમાયલા હોય છે તે વાત ખરી, પણ તેથી એમજ અનુમાન કરવું કે તે બધા અમુક વ્યક્તિમાં જન્મથી જ હોવા જોઇયે ને અમુક વ્યક્તિમાં ન જ હોવા જોઇયે એ ખોટું. આર્ય લોકે હિંદમાં પહેલવહેલો પ્રવેશ કીધો ત્યારે તેઓમાં ઉદ્યોગવિભાગ હતો જ નહિ. પણ જ્યારે ભ્રમણ કરતી ગૌચરની જાત સ્થાયી થઈ, કૃષિકાર બની ત્યારે ઉદ્યોગ વિભાગ ઉત્પન્ન થયો, ને આગળ જતાં આવા વિભાગનાં આંતરા દૃઢ થઈ જઈ જીવન-પ્રવાહનો સતત સર્વવ્યાપી પ્રવાહ બંધ કરી દીધો. શરુઆતમાં તો અમુક વ્યક્તિના વલણને અનુસરી ઉદ્યોગનો આદર થયો, પણ અંતે તો વિભાગને ઉચિત જે ઉદ્યોગ એક વાર ચ્હોંટયો, તે મડા માફક ચ્હોંટી રહ્યો, ઉખેડ્યો ઉખડ્યો જ નહીં. પછી વિક્રમનું વીર્ય ક્ષીણ થઈ ગયું તેમાં શી નવાઈ? પોતે કહેતા કે "હરેક વ્યક્તિને બ્રાહ્મણ થવું હોય તો થવા દો, ક્ષત્રિય થવું હોય તો થવા દો, વૈશ્ય થવું હોય તો થવા દો. શૂદ્ર કોઇને પણ કહેવો નહિ. હરેક વ્યક્તિને પોતાના, સમાજના, દેશના, શૂદ્ર થવાની ટેવ પાડો." આ વેળા ઐતિહાસિક દૃષ્ટાંતો પોતે આપતા. મિસર દેશનો જીતનાર અમરુ નીચા કુળનો હતો, કંગાળ હતો, પણ તેને જ્યારે ઇસ્લામરૂપી પારસમણિનો સ્પર્શ થયો કે, તરત જ તે બાહોશ લઢવૈયો, ખબરદાર હાકિમ ને સંસ્કૃતિનો પ્રેરક બન્યો. નાદિરશાહ બાબત પણ આવી જ કહાણી પ્રચલિત છે. આપણા હિંદુ-સ્તાનમાં તો આવો બનાવ અશક્યજ! મુસલમાની ધર્મ નીચેથી ઉંચે ચઢાવનાર છે, પતિતપાવન કરનાર તો ઇસ્લામજ, જીર્ણોદ્ધાર કરનાર તે ઇસ્લામજ! મરુ ભૂમિમાં અનાયાસે થોડાંક ઓસનાં ટીપાં પડ્યાં, ને તેને બળે શો ઉદાત્ત ધર્મ ઉગી નીકળ્યો! તેની છાયામાં સુધરેલી સૃષ્ટિ આશ્રય પામી. તેનો ક્ષોભ શાંત પામ્યો. આ શાંતિ

કાંઈ મરણસમયની ન હતી. પણ વિદ્યા કળાવતંસ રહીને જ્યાં જ્યાં તેનું બીજ ઉડ્યું ત્યાં ત્યાં માનસિક શાંતિ ને જીવનોત્કર્ષ દૃષ્ટિએ ખડ્યાં. કોઈ પૂછશે કે શું મુસલમાનોમાં ન્યાતજાત નથી? તો તેનો જવાબ પોતે એમ જ દેતા કે, એ તો અહિં આવી હિંદુઓના અવગુણનું અનુકરણ કર્યું. હિન્દની બહાર જોઇએ તો ન્યાતજાત નથી, ધનાઢ્યપણાને લીધે પૈરવી છે. જમીનદાર કૃષિકારના વિભાગ છે, પણ આ પૈરવીમાંનો ગમે તે માણસ ચાહે તે ધંધો સ્વીકારી શકે છે. કોઈ પણ ઉદ્યોગ વિભાગ વ્યક્તિપરંપરા માટે નિર્મેલો હોતો જ નથી, અને તેથી દરજ્જાની અનિશ્ચલતા દર્શાવી તરેહ તરેહનાં નીતિવચનો આદિથી માંડી આજ લગી તેમના કવિઓને હાથે લખાયાં છે. સૃષ્ટિમાં અવિચળ કોઈ નથી, ફના ફાવે છે. કિસ્મતના ગુણદોષ ગવાય છે. સત્ય પૂછાવો તો ઇસ્લામમાં ખરી સરગરમી (ઉત્સાહ) જ્યારે આવે છે ત્યારે પુરુષપ્રયત્નજ તમે જુવો છે. પણ ઇસ્લામ તો ઉંચેથી પુકારશે કે,

जानामि धर्मं न च मे प्रवृत्तिः जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥

સુખ આવે ત્યારે ખુદાની મરજી, નહિ તો કિસ્મતનો કેર વર્તાયો ગણાય છે. પોતે કહેતા કે આપણા મનનું બંધારણ બીલકુલ એક જ વૃત્તિને અનુસરી હોય છે, તેથી જો કે ખાસ ખાસ દિશામાં વિષય પ્રવીણતા આપણી ચઢિયાતી થાય, પણ સામાન્ય રીતે ન્યૂનતા માલૂમ પડ્યા વિના રહેતી નથી. બ્રાહ્મણે તો વિદ્યા જ આદરવી, આથી એમ ઠર્યું કે, તેણે હસ્તકળામાં પ્રવીણતા પ્રાપ્ત કરવાની જરૂર નહિ. શા માટે તે શિલ્પકાર, ચિત્રકાર કે સંગીત શાસ્ત્રી ન બને? કળા તો વેદની પુત્રી, તેનું અંગ છતાં પણ આજ કાલ તેનો આદર થતો નથી. અશ્વત્થામા તથા પરશુરામ પછી બ્રાહ્મણોમાં લઢવૈયાપણું હાનિકારક જ સમજાયું. બ્રહ્મતેજ જોડે ક્ષાત્રતેજ ભળતાં તમોનો અંધકાર જ વર્તાયો, રજોની ચાંદની ખીલી નહિ. પરિણામે પ્રલય! પેશ્વાએ

શાપૈરાપિ શરૈરાપિ શાપ અને શર બન્નેથી રાજ્ય કરવા માંડ્યું. બ્રાહ્મણત્વ નાશ પામ્યું, પણ ક્ષત્રિયત્વ તો અમુક વ્યક્તિમાં પ્રાદુર્ભાવ પામેલું તેથી વીરત્વ ચમકેલું. તે વ્યક્તિના લોપ બાદ પણ ચળકાટનો આભાસ રહેલો, ને આગળ જતાં તેની પ્રણાલિકા બની. શાપ દેવાની શક્તિ ટળી, શર વાપરવાની કળા શીખાઈ નહિ. કુવામાં હોય તો હવાડામાં આવે ને! આમ પેશ્વાઈનો સો વર્ષમાં અંત આવ્યો. પરશુરામનો અવતાર પૂરો થયો, ને પાછા રામ ક્ષત્રિય જ આવ્યા! આપણે આપણી ખામી જોઈ શક્યા છીએ તેથી પોતે કહેતા કે હરેક વ્યક્તિને બધી બાબતની કેળવણી આપો. વિદ્યાદાન આપો, શસ્ત્રકળા શીખવો, ધંધો બતાવો, આમ કરવાથી કોઈ પણ વ્યક્તિ વાંકી, ચુકી ખૂણાખાંચાવાળી રહેવા પામશે નહીં. જેમ એકાદ ચોરસ વસ્તુને વર્તુલમાં ઘોંચી ઘાલવાથી જે વિપરીત પરિણામ આવે છે, તેવી અધોગતિએ પહોંચવા વારો આવશે નહીં. ઇસ્લામનો ઇતિહાસ પોતાને અતિપ્રિય હતો. મહાભારત ઉપર અતિશય પક્ષપાત હતો, આથી કરીને પોતે હમેશ કહેતા કે હમારો નાયક તે મોલવી પણ હોવો જોઇએ, ને કામ પડે કિલ્લો બાંધવા તત્પર થઈ શકે ને પાવડો લઈ મટ્ટી ખોદવામાં પણ શામિલ થાય એવો હોવો જોઇએ. પોતે કહેતા કે જ્ઞાતિબંધારણનું પ્રયોજન હવે રહ્યું નથી. કોઈ કાળે તેવું પ્રયોજન હશે, પણ હાલના જમાનામાં નથી. સમાજમાં હરેક વ્યક્તિ સાધ્ય પ્રાપ્ત કરવા અનંત ફાંફાં મારે છે, રૂપાંતર પામે છે, પણ ફળસિદ્ધિથી આગળ વધે છે. આ સાધનો તે અમુક સાધ્યને ઉદ્દેશીને જ હોય છે. દસ્યુ જોડે લઢવું તેથી ક્ષાત્ર સંસ્કારનું દૃઢીકરણ અગત્યનું ગણાયું. વિદ્યા સ્મરણશક્તિને આધીન એટલે વિદ્યા માત્ર મુખપાઠ કરનારના ધંધાને અવશ્ય ગણાઈ; કાળા લોક (દસ્યુ) ઝાઝા ને ગોરા થોડા, એટલે વર્ણસંકરના ભયથી બચવાના પ્રયત્નોની જરૂર જણાઈ; જાતિશ્રેષ્ઠતા સાબિત કરવા માટે હલકાં કામથી વિરક્ત રહેવા-

ની માન્યતા ગણાઈ; આર્ય લોક હિંદમાં પ્રવેશ પામ્યા, દોઆબમાં પથરાયા, ત્યાં લગી આ સાધનો જરૂરનાં હતાં, ને તે વેળાના કુશાગ્ર બુદ્ધિના મહર્ષિઓએ એવાં સાધનો હાથ ધર્યાં કે સાધ્ય સધાયું. તે અવસર હવે રહ્યો નથી. ભુસ્તર વિદ્યામાં જેમ મૃત્તિકાનાં ઉભાં થરો સાથેસાથે આવેલાં જોઇએ છીએ, તેમ જ્ઞાતિવિભાગો ખડા થયા ને તેમાં જેમ વાતાવરણના આઘાતથી એક સાથ ઘસારો થતો જાય છે; પાણીના પ્રવાહથી સામાન્ય આકૃતિઓ કોતરાય છે; ને સપાટી તરફ નિહાળતાં થરોની હાલત, માંહ્યોમાંહ્ય નીચેઉપર નજર કરતાં જેમ જૂદી જણાય છે, તેમ હરેક થરની સપાટી એકસરખી લાગે છે. તેના પર ઉપરનું, બાજુનું દબાણ જારી છે તેથી તેની સામું ટક્કર ઝીલવા જૂદા જ ગુણો હરેક થરના ઉપરના પડે આદર્યા છે. આથી ખરું જોતાં થરો જે લાંબા હતા, અસંખ્ય સરખાં કણોથી બનેલા હતા, તેનાપર બાજુનું દબાણ વધ્યું. કણો સંકલિત થતા ગયા, વ્યુત્ક્રાંતિ પામતા ગયા, સંયોગવિયોગના ન્યાય અમલમાં મૂકાયા, એકતાની જગ્યાએ અનેકતા, ભિન્નતા, પ્રસરી રહી, અને લંબાણમાં પ્રસાર નહીં થતાં ઉંડાણ વધ્યું. આ જ પ્રમાણે જ્યારે ન્યાતના ચાર વિભાગ હતા, ત્યારે હરેક વિભાગમાં એક જાતનાં અસંખ્ય વ્યક્તિગણ હશે, પણ જ્યારે આ સમૂહ વ્યુત્ક્રાન્તિને પામ્યો એટલે લંબાણ કમ થયું, ઉંડાણ વધ્યું, ને એક જ વર્ગમાં પૂર્વે ઉપરનીચેનાં પડો ન હતાં તે થવા લાગ્યાં. સામાજીક વાત ચાલ્યો. પરસ્પર સંઘટ્ટનથી ઘસારો લાગ્યો. ચળકાટ આવ્યો (weathering) ને પરિણામ એ આવ્યું કે, બ્રાહ્મણોનાં ઉદાત્ત પડ અને ક્ષત્રિયોનાં ઉદાત્ત પડ વચ્ચે અંતર નહિ રહ્યો, પરંતુ હરેક વર્ગમાં માંહ્યોમાંહ્ય મોટો અંતર માલૂમ પડવા લાગ્યો. આથી પ્રાચીન વિભાગમાં જ મેળ રાખવો એ શક્ય નથી. સંતતિનો ઉત્કર્ષ ચાહનાર ઉર્ધ્વ વિભાગ કરતાં સીધા વિભાગ બનાવવાની ભલામણ કરે છે. ઉદાત્ત, મધ્યમ, અને કનિષ્ઠ આ પડ તો

હરેક વિભાગમાં રહેશે. પોતાનો આ દૃઢ નિશ્ચય મેં ભુસ્તર વિદ્યાના stratification ના ન્યાયને અનુસરી આલેખ્યો છે. હરેક વ્યક્તિને સંપૂર્ણ બનાવવી, એવો પોતાનો મત હતો. બ્રાહ્મણને માત્ર વેદિયું ઢોર ન થવા દો, ક્ષત્રિયને કેવળ અરસિક ઉજટ લઢવૈયો જ ન કરો, વણિકને સ્થૂલ દ્રવ્ય ઉપાર્જનની રીતિ જ નહિ શીખવો. હરેકની સર્વાંગ ઉન્નતિ ચાહો કે જેથી તે માનુષિક જીવન ગાળી શકે ને જીવનામૃતને દુઃખમય ઉપાધિ કહે નહિ. સ્પર્શાસ્પર્શ બુદ્ધિ નષ્ટ થવી જોઈએ પણ તેની સાથ સુઘડતા ઘસડાઈ ન જાય, એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ. શરીર સ્વચ્છ રાખો કે આત્મા સ્વચ્છ રહે. હમે પણ બહારથી ફરી આવી ધોતિયાં બદલીને રાતનું ખાવાનું ખાતા. સ્હવારે તો સ્નાન કરી તરત જમતા. આ કાંઈ ધર્મ કે રૂઢિના આચરણ તરીકે નહીં પણ સામાન્ય આરોગ્યતાના નિયમથી પ્રેરાયલો રીવાજ છે. ન્યાતજાતની પરસ્પરની સ્પર્ધાએ બહુ નુકસાન કર્યું છે. "મ્હારું અડકેલું તું ખા! પણ ત્હારું અડકેલું–હા! હા!" એટલે મ્હારે માન્ય નથી. આ ખ્યાલમાં કેટલી મનની સંકડાશ! ખોટી ન્યાત કુળમોટપ ને અસામાજીક સ્વાર્થ રહ્યો છે. સ્વયંપાક એટલે કાંઈ વિશેષ પવિત્ર એ ખ્યાલ જ ખોટો. ગૌતમ મહાત્માને માટે પ્રસાદ તરીકે ભક્ષ્ય–કુતરાની ટોપી આણવામાં આવી. ચમાર ભક્તે હેતથી પ્રસાદ ધરેલો તેનું અપમાન કેમ થાય? તે ખાઈ પોતાનો દેહ પડ્યો તેની દરકાર જીવન્મુક્ત શાક્યમુનિએ ન કરી ને બધાંની સમાનતા સાબીત કરી.

લગભગ પંદર વર્ષ લગી પોતે ઉપશિક્ષકને મુખ્ય શિક્ષક રહેલા, ઇંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરવા આતુર બનેલા, સેંકડો સુરતવાસીઓનો વિદ્યાવિલાસ પોષેલો, તેથી પોતાનો અનુભવ બોધદાયક નીવડશે, એમ જાણી વાંચક વર્ગ સન્મુખ રજુ કરવામાં આવે છે. બાળકોનું શિક્ષણ ધાડાધાડમાં શરુ ન કરો, છ વર્ષ પહેલાં તેને શાળામાં ન મોકલો, એક-

ડીઆ વર્ગોમાં તેને ચાર મહિનાથી વધારે ન રહેવા દો, નહિ તો અભ્યાસપર તેની અરુચિ થશે એમ તેઓ કહેતા. નીચલાં ધોરણો ચાર ચાર મહિનામાં પૂરાં કરી શકાય એવાં રાખવાં જોઇએ. પાંચમી ચોપડી બાદ બે વિભાગ પડી જવા જોઇએ. ઇંગ્રેજી અભ્યાસ કરવા ઇચ્છા રાખનારે તરત ઇંગ્રેજી શરુ કરવું, ને ગુજરાતી ભાષાનું જ્ઞાન વધારે લેવા માટે બીજાં બે વર્ષ બસ છે. બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ જાગૃત રાખવી. પ્રશ્ન પૂછનાર બાળકને તોડી પાડવું નહિ. અપૃચ્છાએ રોગ; આરોગ્યની હાલત પ્રશ્નપરંપરાથી ઉભરાય છે.

यः सततं परिपृच्छति शृणोति संधारयत्यनिशम् ।
तस्य दिवाकरकिरणैर्नलिनीव विवर्धते बुद्धिः ॥

હોશિયાર બાળકનાં વખાણ તેની સમક્ષ કરવાની અંગ્રેજી રીત માન્ય ન કરશો. દેખાવને માટે માત્ર ભાવ ભજવવાની ટેવ બાળકને નહિ પાડવી, તેની સાથ બાળકની અવગણના પણ બીજા દેખતાં ન કરવી. તેને વારે વારે કનડવું, ટોકવું નહિ. ધમકી સારી છે, પણ દાન પેઠે ગુપ્ત રીતે અપાય તો જ. બાળકને મર્યાદિત લડાવવું ખુરું નથી. લાલન થવું જોઇએ, પણ આડાઇને અનિવાર્ય વહેવા ન દેવી. મૂળમાંથી આડો ફાંટો નીકળતો રોકવો; નહિ તો જીવન વોહ બદલાઈ જશે ત્યારે તે રોકાશે નહિ. બાળકને પરાક્રમી કહેવડાવવાની ઘણી હોંસ હોય છે. આ અંગ જ્ઞાન છે. સ્વસંરક્ષણ માટે જે ગુણની જંગલી હાલતમાં જરૂર હતી, તે તરફ તેની પ્રેરણાબુદ્ધિ તેને પ્રેરે છે. પોતે કહેતા કે, આ ગુણ બાળકના ઉત્કર્ષનું સાધન છે, તેને ખીલવો. મ્હોટાઇના વિચારની સાથ જાતિ સન્માન પણ જોડાયલું છે, તેથી બાળક રડે અથવા તેના બાળક મનને હલકું લાગે, એવું કાંઈ પણ કૃત્ય કરે તો આ જ ગુણને ઉદ્દેશી એની સાથે બોલવામાં આવે તો તે અટકી જશે. બાળક અદેખાઈ કરે, એકલપેટું થાય, લાલચુ બને, અસત્યવાદી થાય, પઝ્યાને પાટુ મારતું થાય, આડે માર્ગે ફાયદો લેવા કોશીશ

કરે તો તેની સન્માનવૃત્તિને ઉત્તેજિત કરવી. બહાદુરીનું નામ લેવું કે બાળક શરમીંદું થઈ જશે. ખોટાં લાડ ન લડાવશો. પોતે કહેતા કે હું બાપીકે ઘેર ઉછરેલો એટલે મોસાળમાં લાડ–ઘેલાં છોકરાં માફક આમન્યા તોડનાર હતો નહિ. સામાન્યતઃ આપણામાં બાળકને ઉછેરવાની પદ્ધતિ વિચિત્ર હોય છે. માતા ન્હાની હોય, બાળક પેટે જન્મ્યું હોય તેને દાદા ઉછેરે, સંભાળ રાખે, તેની સન્મુખ તે બાળકની બાળમાતાના ગુણદોષનું કથન કરે. માતા લાડકવાઈ થઈ બાળકને કાયર થઈ પટકે ત્યારે દાદી બાળકનો પક્ષ લે, પોતાનો પક્ષ તણાતો જોઈ બાળક આડાઈ કરતાં શીખે, માતાને પતન કરે ને મોસાળ–ડાહ્યું છોકરું બાપીકે ઘર આડું, કનડતું, કંકાસીયું થાય. ગુજરાતમાં છોકરાં પોતાની માતાને બ્હેન, ભાભી, મામી કે બીજાં તુચ્છ નામથી સંબોધે છે તે રીવાજ પોતાને પસંદ ન હતો. પુરાણા જમાનાના એકત્રિત કુટુંબના આ ચાળા છે. તેવાં કુટુંબમાં કર્ત્તા તે જ બાપ, એક જ કર્ત્રી તે જ મા, ખરી માથી માતાપણું ન બતાવાય. એ તો વિણમુસારાની ધાવ. માતા નહિ ધાત્રી. ભય વિના પ્રીત નહિ, એ કહેવત ખોટી નથી. ઘણુંખરું મારવું એ બુરું છે. તાડન ભય સારો, પણ તાડન અમલમાં મૂકવા વારો આવે એ ખોટો. **दशवर्षाणि ताडयेत्.** આ વાક્યમાં હરેક કહેવત માફક સત્યનો કાંઈક અંશ છે. બાલ જીવનમાં આ જ ઉમર છે કે, જે સમયે જીવન પ્રવાહમાંથી આડા ફાંટા નિકળવાનો પ્રસંગ રહે છે. તેને રોકવા તે સારા; પણ પ્રસંગોપાત્ત અતિશય મારવું કે વારે વારે મારવું, એ બન્નેથી નિષ્ઠુરતા આવી જાય છે. ભય તે આકાશમાં ટાંગેલી તલવાર; તે પડે નહિ, પણ પડી શકે. બાલક અવસ્થામાં સારી સારી કવિતાઓ કંઠસ્થ કરાવવી જોઇયે. નર્સરી રાઇમ ગુજરાતીમાં કોઇએ લખી છે તો દલપતરામ કવીશ્વરે જ. "વાડામાંથી પાડું એક છુટું થઇને નાઠું છેક;" "માખી બોલી મુખ થકી પ્યારાં બચ્ચાં પાસ, જઈ આવું હું જ્યાં સુધી ઉડીશ મા આકાશ;" "એક અડપલો છોકરો જીવો જેનું નામ."

આ કવિતાઓ બાલકો માટે ઘણી ઉચિત છે. તેની માર્મિક સરલતા, સચોટ ઉપદેશ, ને બાલ્ય-સુલભ. અનુભવસિદ્ધતા ભાગ્યે જ બીજે જોવામાં આવે છે. આડા ને અડપલાને રોકવા ભાગ્યે જ બીજી લીંટીઓ સમર્થ નીવડી હશે. "બોલ્યું મરતાં બોલજે જે ચાલે આ ચાલ, માને નહિ માબાપનું તેના એ જ બહાલ." આ વાંચતાં કયું બાલક ગદ્ગદું નહિ થયું હોય? ગરબીભટ કહી કવીશ્વરની અવગણના કરનાર ભૂલી જાય છે કે, આવી સાદી, અનલંકૃત પણ માર્મિક કવિતા લખવી સ્હેલી નથી. જ્યારે ડૉ. જોનસને ગોલ્ડસ્મીથનાં કાવ્યોમાં કેવળ નીરસ સામાન્યતા જાહેર કરી ત્યારે તે પ્રત્યુત્પન્નમતિએ જવાબ વાળ્યો કે "ડૉક્તર તમે જો માછલાંને પણ બોલતાં બનાવો તો તે વ્હેલ માફક ગર્જના કરે." આંક વીશાંથી વધારે શીખવવા નહિ; 'પાયા'ને 'અડધાં' શીખવવાં, તે ઉપરાંત નહિ. આકૃતિઓ પહેલેથી જ દોરતાં શીખવવી ને ખાસ કરીને બાળકની દૃષ્ટિ સ્હામી મૂકી પાંચસાત પેનસીલના આંકાઓ મારી કોઈ વસ્તુના જેવી આકૃતિ દોરતાં શીખવવું. હિસાબ જલદી શીખવવા માંડવા, ને ભૂમિતિ પ્રયોગ પણ સાથે સાથે શરુ કરવો. ઇતિહાસ ભૂગોળના પાઠો વાંચનમાળામાં જ શામિલ કરવા ને બીજા પાઠ જેમ ગોખાતા નથી તેમ તે પણ રહેવાના. ઘેરથી તૈયાર કરી લાવવાનું કાંઈ પણ કામ ન આપવું. વધારે રજા વચમાં આવતી હોય તો આકૃતિ કે 'ટ્રેસીંગ' ઘર કામ માટે આપવું. ભૂગોળનો ખ્યાલ તાદૃશ આપવા માટે જમીનપર ઉંચાણ-નીચાણ કરી જમીનને પાણીનો પરસ્પર સંબંધ બતાવવો. છોકરાંને બાળકપણથી નિરીક્ષણ કરતાં શીખવો, આંખ વાપરતાં શીખવો, હાથની ચાપલ્યતા વધારો કે આંખે જે દેખે તે હાથે ચીતરે, કોતરે, બનાવે ઇતિહાસનો શોખ સૌને અવશ્ય પાડવો. પોતાના ખાનદાનની તવારીખથી માંડી ગામ પ્રણાલિકા, પ્રાંત ઇતિહાસ ને આખર બધી સૃષ્ટિનો ઇતિહાસ આંખ આગળ ખડો થઈ જવો જોઇએ, ને શિક્ષકે એ વાત

તો કદાપિ ભૂલવી નહીં કે ઇતિહાસ તે માત્ર તારીખનો અંબાર નથી કે "અમુક રાજા ચઢયો ને અમુક રાજા પડ્યો." એની કહાણી પરંપરા નથી, પણ સત્ય સૂત્રથી જોડાયલો સૃષ્ટિનો ચિતાર છે. રંગભૂમિ બદલાતી રહે છે. પાત્રો બદલાય છે, પણ વસ્તુ તો એકની એક જ રહે છે. "મનુષ્યનો પરમેષ્ઠિનૂ જેવાં થવાનો સતત પ્રયત્ન" તે એજ! અંગ કસરત પરત્વે ભારે ધ્યાન આપજો. હરેક મનુષ્યથી વિદ્વાન થઈ શકાશે નહીં, પરંતુ તન્દુરસ્ત થતાં કાંઈ બાધ નથી, ને 'તન્દુરસ્તી હઝાર ન્યામતઃ શિક્ષણને જેરવવું હોય તો દેહ મજબૂત બનાવજો. કસરત કરવી તે કંટાળો આવે તેટલી હદ્દ સુધી કરવી નહી. જે માફક આવે તે કરવું. ચાલવું, દોડવું, તરવું, કૂદવું, દેશી કસરત કે વિલાયતી રમત ગમે તે આદરો, પણ બચપણમાં ઘરડાં થાઓ નહીં. હું કસરતથી બહુ કંટાળતો તેથી મારે બહુ સંભાષણ સાંભળવાં પડતાં. પોતે કહેતા કે, કાંઈ પણ ઉદ્દેશ્ય મનની અંદર નક્કી કરી તેના ખ્યાલથી જ કેળવણી લેવી સારી છે. સુકાન વિના તે વિદ્યાસાગર કેમ પાર કરી શકાય તોપણ ઘણા વિદ્યાર્થી ખલાસી થવા ઇચ્છે છે, હલ્લેસાં પ્રબળ મારે છે, પણ સુકાન વિના નાવડું અહિં તહિં રઝળી અથડાઈ પડે છે. ન્હાનપણમાં નિબંધ લખવામાં આવે છે કે, ભવિષ્યમાં શું કામ કરવા ધારો છો તે રીત કાંઈ ખોટી નથી. માબાપે નક્કી કરવું જોઇએ કે, "ભાઈ શું કરવા ધારે છે, શા કાર્ય માટે લાયક છે." ચોરસ થઈ વર્તુલમાં ઘુસવાનું બને એવી જીવન-નિષ્ફળતા પ્રાપ્ત થવાથી કયો પુરુષ ઉદાસીન નહિ થાય? અભ્યાસ મોંએ કરવો એ ખોટું નથી, એથી યાદશક્તિ કેળવાય છે. મહાન્ પુરુષોનાં કહેણ યાદ રાખવાં સારાં છે. સારી સોબતની અસર સારી જ થાય છે. બોલવામાં નાગરત્વ આવે છે. રીતભાત સુઘડ રાખવા બાબત પોતે બહુ દૃઢ હતા. શાળામાં હુકમને તાબે થતાં શીખો કે પ્રસંગવશાત્ હુકમ કરવાનો વખત આવે ત્યારે હાથ નીચેનાની હાલતપર ખ્યાલ રહે. જેણે

ફરમાબરદારી કરી નથી તે હુકમ ચલાવનાર થઈ શકનાર નથી. શાળા તે તો જગતની રંગભૂમિનું પ્રથમ પગથીયું છે. પાશેરામાં પહેલી પુણી છે, ભવિષ્યનું પૂર્વાસ્વાદન અહિં થાય છે, સમાજ માટે ઉપયોગી થનાર વ્યક્તિ શાળામાંથી જ સમષ્ટિ માટે વ્યક્તિનો સ્વાર્થ-ત્યાગ, પર ઉન્નતિના ભંગાણરહિત આત્મ-સન્માનનું મંડાણ વિગેરે અહિંસક, જાતિ ઉત્કર્ષના ન્યાયો શીખે છે. વડીલને માન આપ્યું તેમાં પોતે નીચે ન પડ્યા, પણ સમાજના સ્થિતિ સ્તંભનું સમર્થન કર્યું. પારકાનાં દૃષ્ટિબિન્દુથી જોતાં શીખવું. પોતાનો સ્વભાવ બાળકને પોતા તરફ હેતથી આકર્ષે એવો હતો. હમે પોતાની પાસે જતાં કદી ડરતાં નહિ. બચપણનો ચિતાર આંતર ચક્ષુ સ્હામો ખડો કરૂં છું ત્યારે નાંદોદનું હમારૂં દીવાનખાનું મને યાદ આવે છે. પોતે ગાદીપર તકીયે અઢેલી બેઠેલા, મ્હારી માતા તથા વડીલ બંધુઓ કાંઈ ગીત ગાતાં હોય, ને હું ને મ્હારી બે મ્હોટી બ્હેન ગાદી ઉપર વીંટલાઈ વળેલાં ને પોતા પાસ વાર્તાની માગણી કરતાં આતુર બેઠેલાં હોઇએ. "અલીયા બાબાની આત કો" આ વાક્ય મ્હારી માતુઃશ્રી મ્હને યાદ દેવડાવે છે ત્યારે મારૂં બચ-પણ મ્હને યાદ આવે છે. અલીબાબાની, પ્રત્યુત્પન્નમતિ વાંદરા ને બેવકુફ મગરની, નીલીના ભાંડમાં પડેલાં શીયાળની, એવી એવી કાંઈક સેંકડો વાર્તા પોતા પાસે કહેવાડતા. પોતે પંચોપાખ્યાનનો સાર ગુજરાતીમાં લખેલો એટલે વાર્તાનો ભંડાર ખુટે એમ નહિ હતો. પોતાની આવકારદાયક દૃષ્ટિ નીહાળી કોઇના મનમાં બંચામણ થતું નહિ. પણ આથી માનવૃત્તિ નાશ પામતી નહિ. ડુમ્મસમાં મ્હને યાદ છે કે હું ને પોતે એકલા હતા, ને મ્હારા બંધુઓના મિત્ર રા. વિજભૂખણદાસ પકવાસા મળવા આવ્યા. બહુ વાતોચિતો સમાન ભાવે કર્યા બાદ સાંજરે મ્હને તે દરીએ મળ્યા ત્યારે કહેવા લાગ્યા કે બધાંને નિશ્ચિત કરતી પોતાની કેવી અમી દૃષ્ટિ છે! કે હરેકને

પોતાના સમાન કરી તેમની સાથ તેવી જ વાતો કરે, ને જરા પણ ઉમર, ડહાપણ કે અનુભવનો પ્રબળ આભાસ એવી રીતે આવવા ન દે કે જેથી સ્હામો માણસ ઝંખવાય, ખંચાય. આ મિત્રાચારીનો સંબંધ પોતાનો હમેશ જારી રહ્યો. વહાણની અંદર ચાહે એટલો અનુભવ ને જ્ઞાનનો બોજો લાદેલો હોય, પણ દરીયાની સપાટીપર સરલતાથી ચાલ્યું જાય છે. જરા પણ પ્રસન્નતા ખંડિત કરતું નથી, ને સાથે બીજાં ન્હાનકડાં નાવડાં સમાન ગતિથી ચાલ્યાં આવે છે. પણ એ અજાણ્યું નથી કે કેટલાંક એથીએ કમ લદાયલાં વહાણ પાણીમાં એટલા તો ખાડા પાડે કે પાસે આવતી ન્હાનકડી નાવ તો તેમાં ગરકી જ જાય. આ સરલતાનો મુખ્ય હેતુ પોતાની સૂક્ષ્મ સમયોચિતતાની લાગણી જ. આને સુકુમાર સ્પર્શ કહીએ કે પછી એક જાતની નૈસર્ગિક દૃષ્ટિ કહો. કેટલે લગી જવું, ક્યાં રોકાવવું એ પોતાને બહુ સારૂં આવડતું. આથી આડંબરનો આભાસ આવતો નહિ. પાંડિત્યપોષણનો દોષ લાગુ પડતો નહિ; ને સંસ્કારમય આલાપ શિવાય બોધરહિત મિથ્યા વાર્તા કદિ કાને પડતી નહિ. પોતાના સંસર્ગમાં આવ્યાથી સુઘડ થયા વિના કોઈ રહેતો નહીં.

હમે જેમ જેમ મ્હોટા થતા ગયા તેમ તેમ રીતભાતમાં, આચાર-વિચારમાં એક તરેહની સુઘડતા લાવવી, સૂક્ષ્મતા આદરવી, સાનુકંપ દૃષ્ટિ રાખવી એ પોતાનો બોધ હતો. દિલ્હીના કાલીકાદેવી આગળ જોયલા ભયંકર દેહકષ્ટનાં પ્રદર્શન બાદ કરણઘેલામાં પોતે લખે છે કે "ઇન્દ્રિયોને મારવી ન જોઇએ, ખીલવવી જોઇએ. નિયંત્રણામાં રાખવી જોઇએ. તે એક નદીના પ્રવાહ જેવી છે; જ્યાં સૂધી તે ધીમે ચાલે છે ત્યાં સૂધી સઘળાને ફાયદો કરે છે. પણ જ્યારે તે જુસ્સાથી વહે છે ત્યારે તેના સપાટામાં જે આવે તેને ઘસડી જાય છે." આથી સર્વ નદીને નાબુદ કરવી એમ કોઈ કહેશે નહિ, પણ તેના કિનારા ઉંચા કરી બંધ બાંધી પ્રવાહમાર્ગ ઉંડો કરી, નદીને નિયંત્રિત રાખવામાંજ ડહાપણ સમજાશે.

સ્ત્રીસંસ્કાર બાબત પોતાના ખ્યાલ ઉંચા હતા. સ્ત્રીપુરુષ વચ્ચે ન ઉમરનું કે ન બુદ્ધિનું કજોડું જોઇએ. કાર્લાઇલની વહુએ નિરાશામાં કહેલું "never marry a man of genius" તેમ જ્યાં લગી પુરુષ સ્ત્રીને માન ન આપી શકે ત્યાં લગી ગૃહસંસાર લંગડાતો ચાલવાનો. સ્ત્રીને રસવિનિમય ન કરી શકે તો ભરથારના હૃદયમાં મરુભૂમિસમ શુષ્કતાજ રહેવાની. હજુ સૂધી આપણે પૂરી વ્યુત્ક્રાંતિ પામ્યાં નથી. તે આવતાં સ્ત્રીપુરુષ વચ્ચે સંઘટ્ટન થતાં વધારે ખુણા ખાંચા નીકળશે. આથી આકર્ષણ વધશે નહીં ને ઘસારો ઘટશે નહિ. સ્ત્રીને અડધા ભાગીદાર થવાને જલદી લાયક કરો. અસલના વખતમાં પોતાથી ઉંચા કુળમાં પરણાવવાનો રિવાજ આ કારણથી શરુ થયેલો કે સ્ત્રીને જ્યાં લગી શીલ, ગુણ ને કુળને ઉદ્દેશી ભરથાર તરફ ઉંચી દૃષ્ટિએ નિહાળવાનું મળે છે ત્યાં લગી તેની માનની વૃત્તિ કમી થતી નથી. પોતે કહેતા કે સ્ત્રી છત્રનો દંડ છે, પુરુષ ઉપરનું કપડું છે; દંડ તુટચો તો ઘર ભાંગ્યું; પછી તે કપડાંનો ગમે તેટલો ઘેરાવો હોય પણ બીજા દંડ વિના તે પ્રસરે નહિ; પણ કપડું નાબુદ થયું તો બુઠ્ઠોબોડો પણ ગૃહખટલો ચાલે છે. આ કારણોને લીધે વધતી કન્યાસંતતિની ત્રેવડ કરતાં ઋષિ-ઓએ વિધવાનું પુનર્લગ્ન રોકેલું. આ બાબતપર પોતે બહુ લાગણીથી કહેતા કે દસ્યુઓને શૂદ્ર કરી હમેશને માટે ગરદન માર્યા તેમ લગ્નનો પ્રતિષેધ કરી વિધવાને જન્મપર્યંત કેદખાનાની, દેહકષ્ટની સજા ફરમાવી. આ બન્ને અન્યાયે કરીને આપણો સમાજ સડી ગયો છે. કન્યા પ્રાપ્ત થઈ કે ત્યારથીજ દુઃખ? **पुत्रीतिजाता महतीव चिंता, कस्मान्प्रदेयेति महान् वितर्कः दत्वा सुखं प्राप्स्यति वा नवेति॥** 'દુહિતા ભલી ન એક' આ વાક્ય જ્યારે કોઈ પોતા આગળ બોલતું ત્યારે એમને ઘણું માઠું લાગતું. "શાં પાપ કર્યાં એ બીચારીએ?" પરણાવવાનું દુઃખ છે તો બધીને ન પરણાવો. બાળકને જેમ હદબહાર નથી જવા દેતા તેમ એને હંમેશ બાળક માફક કેમ ગણો છો? એમના મિત્રો કહે કે પુત્રી રાંડ્યા કરતાં

મરે તો સારું; રાંડેલીનું મુખ રોજ ન જોવું પડે; તેનું કષ્ટ જોઈ રોજ ન કષ્ટાવવું પડે; તેની છાયા પડતાં રોજ શોકાતુર ન થવું પડે. આ જ ખ્યાલને લીધે આ માન્યતા થવી જોઇએ. તે સાથ બીજા સેંકડો સારાં માઠાં પરિણામની દહેશત રહે છે. પોતે કહેતા કે વિધવાને પરણવું હોય તો પરણવા દો; રોકો નહિ; એમ પણ ન કહો કે વૈધવ્ય પાળવા કરતાં પરણીયત જીંદગી પસંદ કરે તે કનિષ્ઠ માર્ગ! ત્યારબાદ વૈધવ્ય-માં દેહકષ્ટની જરૂર છે, એ સંપ્રદાય તોડો. આ ખ્યાલ એક વાર નાબુદ થયો કે જેને ખરા મનથી તપ આચરવું હશે તે તેવીજ તપશ્ચર્યા આદરશે. કરણઘેલામાં ગુણસુંદરીની માના ખ્યાલ આલેખતાં પોતે સામાન્ય ગુર્જર પ્રજાની વૈધવ્ય બાબતની લાગણી દર્શાવી છે. અત્યાર સૂધીનો તેનો એવો અભિપ્રાય હતો કે છોકરી રંડાય તેના કરતાં મરે તે સારું. રંડાય તો મ્હોં આગળ એક ધગધગતી સગડી થઇને પડે; તેને જોયાથી નિરંતર દુ:ખનું સ્મરણ રહે; તેના જીવને ઘડી ઘડી કલેશ થયાં કરે, તેથી તેના માબાપના હૈયાનો તાપ હોલવાયજ નહિ. એથી ઉલટું તે મરે તો ઘણું દુ:ખ લાગે ખરૂં, પણ તે દુ:ખનો અંત પણ તેજ વખતે; પછી દેખવુંએ નહિ ને દાઝવુંએ નહિ. પણ હવે તેને લાગ્યું કે મરવા કરતાં રંડાઇને જીવતી રહે તે સારું, આંખ આગળ રહે તો શાતા વળે. બીજું તે ઘરડી અશક્ત થઈ ખાટલે પડે ત્યારે રાંડેલી છોકરી તેની ચાકરી કરવામાં તથા તેની સંભાળ રાખવામાં લાખ રૂપિયાની થઈ પડે, દુ:ખનું ઓસડ દહાડા, તેથી રાંડેલી તો રાંડેલી પણ જીવતી છોકરીથી તેનાં માબાપના અંત:કરણમાં તો સંતોષ થાય." પોતે કહેતા કે હાલની દેહકષ્ટથી ભરેલી પરતંત્ર વિરૂપા જિંદગાની-થી પીડાવવા દેવી તેનાથી તેને સતી થવા દેવી એ વધારે સારૂં છે. ગુણસુંદરીના મુખમાં જે વાક્યો મુક્યાં છે તે ઝાલિમ ગુર્જર પ્રજાને ધ્યાનમાં રાખવા લાયક છે. "હવે જીવવું? જીવીને ઘરેણાનો ત્યાગ કરી રૂદ્રાક્ષની માળા ધારણ કરવી, અને મ્હારા વાહાલાં લુગડાં

બચકે બાંધી ધોળું વસ્ત્ર પહેરી ફરવું. હવે જીવવું? જીવીને સઘળા વ્યવહારથી દૂર રહેવું, અને સઘળાં શુભ કામમાં મારો ઓળો પડવા ન દેવો. હવે જીવવું? જીવીને લોકોમાં રાંડ કહેવડાવવું, અને રસ્તામાં કોઇને મળું તો તે અપશકુન સમજી પોતાના ઘરમાં પાછા ભરાઈ જાય તે સહન કરવું. હવે જીવવું? જીવીને ઘરમાં બોજો થઈ પડવું અને માબાપના દુઃખનું મૂળ થવું. હવે જીવવું? જીવીને ભાઈ ભોજાઇના ઠોક ખાવા, અને પેટને સારૂ હલકામાં હલકી પરતંત્રતાની અવસ્થા ભોગવવી. હવે જીવવું? જીવીને શું સુખ ભોગવવું? "આ સાથે આ પણ શામિલ કર્યું હોત તો ચાલત કે, હવે જીવવું? જીવીને અસ્પર્શ્ય પરાયા પુરૂષ પાસ બેસી વપન કરાવવું, ને વિરૂપા બની પરાયા નજરપાતનું દુઃખ સહન કરવું. પણ આ ભયંકર ચિત્ર આલેખતાં રસભંગ થાય તેથી પોતે છોડી દીધું હશે. દક્ષિણમાંથી આ રીવાજ ગુજરાતમાં પણ આવ્યો. પોતે આ રીવાજની બહુજ વિરૂદ્ધ હતા. એથી નિષ્ઠુરતા આવી જાય છે, ને જેમ એક માટલું પાણી પી, પી રીઢું થાય છે તેમ વિધવા કષ્ટ ખમી ખમી રીઢી સહાનુભૂતિ વિનાની થાય છે, અને 'નાસરીની ડોકરી ને ઢબ્બુ મુડામણ'ની નીચ કહેવત પ્રસંગોપાત્ત બોલાતાં તે આચકો ખાતી નથી. મેં પોતાને પૂછેલું કે 'નાસરી એ કયું નાણું?' પોતે હસીને જવાબ આપ્યો કે, "હમારા જમાનામાં સોંઘવારી હતી. પૈસાની સો બદામ ને બાર બદામની એક નાસરી, એટલે પૈસાનો આઠમો ભાગ કહીએ તો ચાલે." વિધવા બની તેથી શું તે મા, બહેન, ભોજાઇ થતી ટળી? ખરે પારકાને મન તો તે વ્યક્તિત્વમાંથી પણ ટળી, વિધવા માંદી પડે ત્યારે માંહોમાંહ વાત થાય કે એ તો રીઢું માટલું કાંઇ ભાંગે નહી ને ભાંગે તો સુખી થઈ છુટે, આમ કહે. એક ગુલામ પોતાની ગુલામી દશાની બેડી, ને સુવર્ણ શૃંખલા માફક ચાહે છે. સ્ત્રીજાતિના ઉત્કર્ષ અને છુટકારાની વિરૂદ્ધ જો કોઈ વર્ગ હોય તો તે સાનુકંપ રહિત વિધવા વર્ગજ.

"થતું આવ્યું છે તે થયાં કરે." અરે બેન ! કોઇ વારે તો તે દાખલ થયું હશે, હવે તો એને કહાડો. ભૈયા પ્રતાપચંદ્ર મઝુમદારે પોતાની વ્યાધિગ્રસ્ત, વિધવા માતાને બેફિકરાઇ અને બેદરકારીથી મરતી જોઇ ત્યારે નીચેનો હૃદયદ્રાવક ઉદ્ગાર કરેલો !

"What need to bevail the worlds hard heartedness? What need to curse the selfish cruelty of men and women to the wretched fosaken Hindu widow ? To them she was a widow only, to me my dear mother, the sole guardian and friend I had in all the world. I do feel the widows should be more loved, nursed and cared for more humanly. If men were more compassionate, and society recognised their right to the commonest necessaries of life, perhaps they would be less hard on themselves, and many a heart-striken son would be spared the misery I felt when I found my mother's beloved life sink under the load of the world's neglect and indifference."

લોકવાયકા ચાલે છે કે વડોદરાના ખંડેરાવ મહારાજ પ્રાત:કાળે શહેર બહાર નીકળેલા ત્યારે સ્હામી કેટલીક વેશ રાખેલી બાળવિધવા તેમને મળેલી, જે સાધ્ય માટે, નીકળેલા તે સધાયું નહિ. કારણની તલાશ કરતાં કોઇએ કહ્યું, 'મ્હારાજ ! આપને સ્ત્રી સ્હામી મળી તેમાં કેટલીક વિધવા હતી. તેનાં બદશુકન દર્શનથી નિષ્ફળતા પ્રાપ્ત થઈ. અવિચારી રાજાએ હુકમ કર્યો કે, બધી વિધવા મુંડિ રહે ! આ કેવી નિષ્ઠુરતા ? કેટલો અન્યાય ?

હમારા ઘરની સ્હામું વૈષ્ણવ મંદિર આવેલું છે. તહેવારને દિવસે ત્યાં નજર કરતાં હૈયું ભરાઈ આવતું. દર્શન કરવા આવનારીમાં સાઠ

ટકા બૈરી રાંડેલીમુંડેલી નજર આવતી. આ દુઃખથી દબાઈ ગયલી, સોસવાઈ ગયલી, કરમાયલી, ચીમળાયલી, સ્ત્રી નહિ પણ અસ્ત્રી, 'ત્હારાં આચરણમાં નરમાશ નથી, કઠિનતા છે; ત્હારી વાણીમાં મીઠાશ નથી, ખારાટ છે; ત્હારી ગતિમાં મંદ વિલાસ નથી, પણ ત્વરાયમાન ધાડ છે; તું નિર્લજ્જ નથી, પણ લજ્જા ભૂલી ગઈ છે; તું દુઃખી દેખાતી નથી, પણ દુઃખ વિશેષ પેદા કરે છે. તું ધર્મપરાયણ હો તો હિંદના મંદિરોને ભક્તિના ધ્વનિથી ગજાવી મુક ને લોકમાં ધર્મની ધુન જગાવ! તું કાર્યપરાયણ હો તો શાળાઓ ખોલ, સ્ત્રીશિક્ષણમાં ગુંથાવ. બાળકની શાળા કહાડી માતાનાં લાડથી બાળકનાં મન ખિલવ. દાઈ થા. દાક્તર થા. ઉપદેશકથા કર. ધર્મ ત્હારે હાથે શીખાશે. પવિત્રતા ત્હારે હાથે જળવાશે. વિદ્યા ત્હારે હાથે લેવાશે. હે ઉગ્ર મૈયા! ત્હારું દેહ કષ્ટ વિડંબના સમજી ત્યાજ્ય ગણ. સ્ત્રીસેવા, સમાજસેવા, સ્વાત્માર્પણમાં ત્હારું દુઃખિત થયેલું વ્યક્તિત્વ લય કર. આજ સર્વોત્કૃષ્ટ સતીત્વની પૂર્ણાહુતિ પોતે સમજતા.

પુરુષની સંપૂર્ણતાને ઉદ્દેશીને જ માત્ર સ્ત્રીની ગૃહકેળવણી આજ લગી હિંદમાં અપાતી. આ માર્ગ ખોટો છે. સ્ત્રીને વધ્યપશુ ન સમજો. તેને ખવરાવી, પીવડાવી, શણગારી આખર પુરુષના સુખ કે ઉત્કર્ષકાજ ન હોમો. એનું પણ વ્યક્તિત્વ છે તે ન ભૂલો.

'મ્હારો સમાજ સુધારો, શરુઆતમાં બખ્તર પહેરેલો જ રહેતો. સંધિ કરવાનો તેને શોખ નહિ. સામ, દામ દંડ અને ભેદ આ ચારમાંથી મ્હને તો 'દંડ'જ પસંદ હતો. તોડો, કાપો એ આ જમાનાનો "વા" હતો. પણ મ્હારાં ઐતિહાસિક વાંચનને લીધે હું જલદીથી સવળા માર્ગપર આવી ગયો. બળવાના ધરતીકંપથી હિંદ હળમળી રહ્યું હતું તે સમયમાં મ્હારું વ્હાણ નાંગર્યું. પડો બાઝયાં છે તેને કહાડી નાંખો. અંદરના ઘાટઘૂટની રચનામાં ફેરફાર કરો, પણ મૂળ અંશ આત્મા જેથી તે જર્જરિત હાડપિંજર સજીવન રહે છે તેનો નાશ ન થવા

દો. હું ઉચ્છેદક, ઉદ્ધારક મ્હારી જાતને માનતો. વ્હાડકાપનાં કામની જરૂર હોય ત્યાં કરવું, પણ દેહનો નાશ કરી નવી સંસ્કૃતિ-મય પિયૂષ પી, સમાજને નવો જ દેહ ધારણ કરાવવાની મ્હારી ઇચ્છા નહિ હતી. દલપતરામ તો ક્યારના સુધારાના 'મંદાક્રાંતા' પદો ગાતા હતા. Festina Lente. આ મતમાં ને કાળના વોહમાં ઘસડાનારા મતમાં ફર્ક છે તે આટલોજ કે, પેલા લોક પોતાની સ્હામો કાંઈ આદર્શ રાખે છે. આ લોક માત્ર દૈવાધીન રહે છે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે. જો વ્યક્તિ આગળ વધશે તોજ તે પણ વધશે. એની પૂઠે કોઈ ધક્કેલનારી બીજી પોતીકી શક્તિ નથી. પણ બીજા સમાજના પરસ્પર સંઘટ્ટનના પ્રત્યાઘાતરૂપે જે ધક્કો લાગે છે તેથીજ એ ફેરફાર થાય છે. આને ઢંગધડા વિનાનો, ઘસડાતો ફેરફાર કહિયેં તો ચાલે. આપણા હિંદવાસીઓ આ જાતનો સુધારો પસંદ કરે છે. કાળે થશે તે આનું નામ. પોતે આ ખ્યાલની વિરુદ્ધ હતા. બુદ્ધિ આપી છે તો તે વાપરો, ભવિષ્યનું નિરૂપણ કરો. ને સમયને જોઈ ચાલો, બદલાઓ, પછી પડશે તેવા તો જરૂર દેવાશે. ઉંચે આવ્યા તો રાજ કરીશું, દબાયા તો ઘસડાતા ચાલીશું. શાઠચતા આદરીશું. વ્યક્તિ કાળને અનુકૂળ થાય છે, પણ કાળ કાંઈ ચીજ નથી. બીજી ચીજ હાલે, પોતે સ્થિર રહે, ને જે અવસ્થાંતરો પ્રાપ્ત થાય તેને કાળચક્ર કહે છે. આને અનુકૂળ થવું સ્હેલું પણ નિર્માલ્ય છે. ઉપાય આદરવા તે ધીમા, પણ જારી ને સચોટ જ.

साम्नेव यत्र सिद्धिर्न तत्र दण्डो बुधेन विनियोज्यः ।
पित्तं यदि शर्करया शाम्यति कोऽर्थः पटोलेन ॥

મીઠું બોલે કામ થાય તો ખારાટ વાપરવી નહિ, એ પોતાનો અભિપ્રાય હતો. "સખુન શીરી મુલકગીરી," ખરી પણ **स्पष्टवक्ता सुखी भवेत्** આ કાયદો પોતે હંમેશાં અમલમાં મુકતા. આપણે આપણા ચાર આશ્રમો છોડી દઈ ત્રણ જ રાખવા સમયોચિત છે.

વિદ્યાર્થીજીવનને બ્રહ્મચારીપણાથી અલંકૃત રાખવું કે જેથી મન કેળવાય, અંગ કસાય, વૃત્તિઓ નિયમિત બને; તન-મનનું વલણ આ જ વખતમાં બાંધી દેવાં. ગુરુ પાસે જવાતું નથી, તો શાળા અને વિશ્વવિદ્યાલયને લગતાં રહેઠાણો બંધાવો કે ત્યાં અધ્યક્ષોની સમક્ષ વિદ્યાર્થીજીવન યથાર્થ વ્યતીત થાય. બાવીશથી છવીશ વર્ષની વયે સ્નાતકે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. તે વખતે વિદ્યા કે હુન્નર એટલો પ્રાપ્ત કરવો જોઇએ કે શ્વશુર કહી શકે अत्र साधु भवानास्ताम् अर्चयिष्यामो भवन्तम् ને તેનો પ્રત્યુત્તર 'पूजय' એવો યોગ્ય અહંભાવથી આપી શકાય. સ્નાતકને આપેલી ગુરુશિક્ષા ભૂલી જવી ન જોઇયે. सत्यं वद धर्मं चर स्वाध्यायान् माप्रमदः प्रजातंतुं मा व्यच्छेत्सीः ને જ્યારે પુત્રને ત્યાં પુત્ર જોવાય ત્યારે ગૃહના છત્રરૂપી જીવનથી વિરક્ત બની પરમાર્થમાં મશગુલ થવું. પછી ગૃહમાં રહી સમાજના ઉત્કર્ષને માટે પ્રયત્ન આદરવો કે ગૃહ છોડી સંન્યસ્ત ધારણ કરી જીર્ણોદ્ધારના વિકટ કામમાં રોકાવું. આત્મમોક્ષ પારકાને સજીવન રાખવાના પ્રયત્ન પ્રબળપર આલંબે છે.

તેમના મિત્ર રા. નવલરામ પોતાની નોંધપોથીમાં લખે છે કે, "જ્યારે નિવૃત્ત થઇશ ત્યારે આર્યમિત્ર નામનું એક પત્ર પ્રકટ કરીશ, આર્ય નાટક મંડળી ઉભી કરીશ, નવી ઢબના હરદાસ ઉભા કરીશ, ઐતિહાસિક કાવ્યો ને દેશની રાસા ઓળખવા કોશીશ કરીશ; આખર દેશ સુધારા માટે સમર્પણીઓની એક 'ફ્રીમેસન' જેવી સભાએ કાયમ કરીશું." પોતે કહેતા કે આજ ખરેખરો વાનપ્રસ્થનો વ્યવસાય! રા. નવલરામે ભવિષ્યમાં વર્તમાનપત્ર પ્રકટ કરવા માટે એક યોજના ઘડી કહાડી છે તેમાં ગુજરાતના જુદા જુદા સાક્ષરને જુદો જુદો પાત્ર અપાયો છે. પોતાનું નામ આવે છે ત્યારે લખ્યું છે કે એઓ History and manners and customs ઉપર લખશે. પોતાનો ઇતિહાસનો શોખ સર્વવિદિત હતો, અને વાનપ્રસ્થ અવસ્થામાં આ

વિષયને લગતું કામ કરવા બાબત તેમના મિત્રોએ તેમના તરફથી સંપૂર્ણ ઉમેદ રાખેલી હતી. સુરતમાંથી જે જે સાક્ષર બ્હાર ગયલા તેમના લખાંણ ઉપર એક જુદી જ છાપ પડેલી. સમૃદ્ધિ પામેલા અમદાવાદમાં વસતા કવિ અને લેખક ગણના સંબંધમાં આવતાં નવલરામભાઇએ તો ઘણી મશ્કરી ભરેલી વાણી ઉચ્ચારેલી. દલપતના મ્હોં ઉપર cold formalism છે, ને આપણા નર્મદમાં તો dancing egotism of youth પ્રત્યક્ષ જણાય છે. પોતે કહેતા કે તૂર્કોના ગાઢ સંબંધમાં આવેલા એટલે પડ્યા તોએ ટંગડી ઉંચી, એ સુરત-વાસીમાં જણાઈ આવતું. “મીર કવિ દિલ્લિ છોડી લખનૌના મુશા-ઇરામાં આવ્યો ત્યારે લખનોવાસીઓએ એના તર્ઝની મશ્કરી કરેલી. આ વેળા નીચેનું વેણ ઉચ્ચારાયલું.”

ખુદ બાશો ક્યો પૂછો હો પુરબ કે સાકિનો,
હમકો ગરીબ જાનકે હંસ હંસ પુકારકે.
દિલ્લિ જો એક શહર થા આલમમેં ઇન્તિખાબ,
રહેતે થે મુંતખબ, હી જહાં રોજગારકે.
ઉસકો ફલકને લુંટકે વીરાન કર દીઆ
હમ રહને વાલે હેં ઉસી ઉજડે દયારકે.

દિલ્લિને બદલે સુરત મુક્યું હોય તો ચોર્યાશી બંદરનો વાવટો જ્યાં ઉડતો હતો એવા બંદરના વાસીની મગરુબીનો સહજ ખ્યાલ આવશે. મી૦ બેરામજી મલબારી જોડે પોતાને સારી મિત્રાચારી હતી. તેઓ સુરતની મીશન હાઈ સ્કુલમાં ભણ્યા હતા. ગરીબ રાંડીરાંડના પુત્ર, પોતાની જાતમહેનતથી હિંદુસ્તાનમાં આટલા આગળ આવ્યા હતા; આટલા રાજમાન્ય, લોકમાન્ય થયા હતા; સંસાર સુધારાનો ઝુંડો ઉંચો ઉરાડ્યો હતો. કચ્છમાં જ્યારે પોતે દીવાન હતા તે અરસામાં અમુક અંગ્રેજને હાથે ભૂલમાં શીકારી જાનવરપર ગોળી બ્હાર થવાને બદલે રાની મનુષ્ય વિંધાઈ ગયેલો, આ લખાણ મી૦ મલબારીના તરફથી અખબારોમાં છપાયું. પોતાના વાંચવામાં આવતાં તે દૈનિકને

તે અંગ્રેજ તરફ મોકલી આપ્યું; ઉત્તર કાંઈ આવ્યો નહિ. એક મહિના બાદ તે અંગ્રેજે પોતાને કહેલું કે, કેમ નંદશંકર! હવે કાંઈ લખાણ આવે છે કે? પોતે કહ્યું, 'ના' "મ્હેં સ્હેલો ઉપાય યોજ્યો." તેણે કહ્યું, એ દૈનિકની ત્રીશ નકલ રાજ્ય માટે મંગાવી એટલે રાજ્ય વિરૂદ્ધ લખાણ લેતો તે બંધ પડ્યો. "લુંટો ભાઈઓ લુંટો." પછી પાછું પોતાને કહ્યું કે, હું કાઠીઆવાડમાં રહ્યો છું. પોતાની સ્તુતિ કરાવવી કાંઈ સ્હેલી છે. દૈનિકની નકલો વધારે ખરીદો. તંત્રીની ખાતરદારી કરો. એટલે ત્હમારાં બાંગા આપોઆપ ફુંકાશે કે પછી ત્હમારા તરફેણવાળા કાંઈ સ્તુતિરૂપે લખશે તે બધું પૂરેપૂરું આગળ પડતું છપાશે." સરસ્વતીચંદ્રના વાંચનારને બુદ્ધિધનના પ્રધાનપદ-પર આરોહણને દિવસે નવીનચંદ્રથી લખાયલો મુંબાઈનાં દૈનિકમાંનો ચર્ચાપત્ર યાદ આવશે. મી૦ મલબારીએ 'સંસારિકા' નામની ગુજ-રાતી ભાષામાં લખેલી સામાજીક કાવતાની ચોપડી છાપી ત્યારે રાજ-દ્રોહ, ફિતુર, બંડ, નિમકહરામીનો વા જ્યાં ત્યાં વાઈ રહ્યો હતો. કેટલાંક 'એંગ્લો ઇન્ડીયન' પેપરોમાં આ પુસ્તક ઉપર ચર્ચા થઈ ત્યારે લખાયું કે, એમાં રાજદ્રોહનાં બીજ છંટાયલાં છે. મી૦ મલ-બારીને આથી બહુ ક્રોધ ચઢ્યો. પોતાના અભિપ્રાય માટે તેણે તે ચોપડી મોકલી આપી. પોતા આગળ હું તે વાંચી ગયેલો અને મ્હારી પાસ પોતે જવાબ લખાવેલો કે, "મી૦ મલબારીની રાજભક્તિ ઉન્નત છે. પેટ ઘસડતી નથી. એમાં રાજદ્રોહની છાયા સરખીએ નથી પડતી. લોકનો ઉત્કર્ષ એ જ રાજદ્રોહ હોય તો પછી તે આરોપમાંથી કોણ બચે એમ છે"? કાગળ માન્ય કરતાં મી૦ મલબારીએ સંસારિકાનાં બેજીલ્દની આકૃતિવાળો ઑસ્ટ્રીયામાં બનેલો ખડીઓ હમને 'સુવે-નીર' (યાદગાર) તરીકે મોકલી આપ્યો હતો. મ્હારાં લગ્ન ઇ. સ. ૧૯૦૭ માં થયાં તે વેળા કંકોતરી મી૦ મલબારી ઉપર ગયેલી. ચાંલ્લાના રૂપ્યા મોકલતાં મ્હારા વડીલ બંધુઓને સરલ ગુજરાતીમાં

એમણે પત્ર લખેલો કે 'તમારા મહાન પિતાની જન્મકથા ગુર્જર દેશના વાંચક વર્ગ આગળ તમે જ્યાંસૂધી મુકી નથી ત્યાં લગી પિતૃઋણમાંથી મુક્ત થયા નથી.'

સ્વ. રા. ગોવર્ધનભાઈ સાથે પોતાને સમાગમ બીજે થયો હોય કે નહિ પણ પહેલવેહેલો મ્હારા જાણવા પ્રમાણે તો નાંદોદમાં થયેલો. સાગબારાના જંગલ બાબત મુકદ્દમો ચાલતો હતો તેમાં એક તરફથી રા. ગોકળદાસભાઈ ને બીજી તરફથી રા. ગોવર્ધનભાઈ વકીલ તરીકે નાંદોદ આવેલા. પ્રસંગોપાત્ત વાત ચાલી તે વેળા પોતે કહેલું કે, તમારો philosophic vagabond is the true child of this generation, which thirsts after knowledge as such, but is devoid of actvty and still less capable of applying his knowledge to the rehalilitisatn of our social fabric." ગોવર્ધનભાઇએ કહેલું નંદશંકરભાઈ! આપે સચોટ મેખ મારી! 'He is a child of his age not above it.' પોતે કહેતા કે જર્મન કવિ ગ્યોઇટેના અનુકરણ કરનારામાં સૌથી મ્હોટો બુલ્વર લીટન કહી શકાય. 'અર્નેસ્ટ માલ્ટ્રાવર્સ' અને 'એલીસ'માં આજ ખ્યાલો પ્રદર્શિત થયા છે. જે કાર્લાઇલના તરજુમા ઉપરથી જણાય છે કે, ગ્યોઇટેએ વિલહેલ્મ માઇષ્ટરના મ્હોંમાં મુકયા છે. આગળ જતાં મ્હને જર્મન ભાષા શીખવાનો પ્રસંગ આવ્યો ત્યારે પોતે ભાષાંતર વાંચીને બાંધેલો ખ્યાલ બીલકુલ ખરો લાગ્યો. ફૌષ્ટના અનન્ય નાટકમાં વાગ્નર નામનું એક વેદીયું ઢોર આવે છે. ભણતરથી તેને પુષ્ટિ મળવાને બદલે અજીર્ણ થયું છે. સામાન્ય ખ્યાલો તે ઘણા આડંબરથી પ્રદર્શિત કરે છે, ને પોતાનાં ડહાપણની બડાશ મારતો મારતો પોતાની મુછોપર તાવ દે છે. પણ કાર્ય કરવાનો વખત આવે છે ત્યારે તેની આગ્રહહીન ઇચ્છા દૌર્બલ્યથી અસ્ત પામે છે. Kurz ist das Leben and Lauge ist die Kunst. જીવન ટુંકું છે, કલા લાંબી છે. આ વેણ બોલે છે. એક અર્થમાં

પણ તેનો યથાર્થ અર્થ તો એજ છે કે, જ્ઞાનનું ઉત્કૃષ્ટપણું તેના ભંડાર ઉપર નહીં પણ તેનાં અંગીકરણ ઉપર કેટલું જોર્‌યું છે તેના ઉપર અવલંબીને રહેલું છે. કલા જે ખરાં જ્ઞાનની પુત્રી છે તેને આવતાં વાર લાગે છે. 'ફ્રાઈલિગરાટે' જર્મની બાબત લખેલું કે, તે તો હેમલેટ સમાન બની ગયું છે (Deutschlaud Ist Hamlet). અર્થાત્ તે તર્કવિતર્ક તો ઉમદા કરે છે, પણ તે મુજબ વ્યવહાર થતો નથી તેથીજ તેનાથી આગળ પડી શકાતું નથી. જમાનાની આ સચોટ ચિકિત્સા સહાનુભૂતિવાળા પરિક્ષકને સહજ હોઈ શકે, નહિ કે ક્ષુલ્લક રાજ્ય-કારભારની ખટપટમાં જકડાયલા શુષ્ક પ્રધાનને. પોતે કાંઈ પોતાનું વિદ્યાર્થી મનોરાજ્ય તજ્યું નહતું. તેને પરિપૂર્ણ કરવા માટેજ કાર્ય-ધુરંધરપણું સ્વીકાર્યું હતું. પોતાને સરસ્વતીચંદ્રનો બીજો ભાગ ઘણો પસંદ હતો. 'સાસુવહુની લડાઈ' ને 'ગુણસુંદરીના કુટુંબજાળ'માં કેટલો ફેર છે? 'એક માત્ર હકીકતની નોંધ રાખનાર ક્રોનીકલર અને તવારીખકારમાં જેટલો ફેર છે તેટલો. એકે સુધારક દૃષ્ટિથી વ્યક્તિઓ જેવી મળી તેવી પ્રદર્શિત કરી; બીજાએ કવિત્વ શક્તિથી વ્યક્તિઓને અંગારી કહાડી નવીન મૂર્તિઓ બનાવી. દુઃખબાને તમે જોઇને દુભાશો. ચંડિકા જેવી ચુડેલ કોણે નથી ભાળી? સુંદર જેવી દયામણા મ્હોની બાળવિધવા પળે પળે તમે દેખશો. માનચતુરની શેહજોરી અજાણી નથી. એકત્ર ઘરખટલાનો ચિતાર ભાગ્યે જ સારો કહાડી શકાય? પહેલો ભાગ વાંચી સપક્ષ પ્રધાનપદું કરનાર શઠરાય અને બુદ્ધિધનની કરણીરહેણી વાંચી કોનું ચિત્ત બહેલા વિના રહેશે? અલકકિશોરીનો નવીનચંદ્ર જોડેનો પ્રમાદ મ્હારાથી સમજાતો નથી. અલક અગ્નિજવાળા જેવી છે. તેને વિકારની ઉધાઈ કેમ લાગી શકે? આ પોતાને અસ્વાભાવિક લાગતું. કુમુદ કરતાં કુસુમનો ચિતાર વધારે સ્વાભાવિક લાગ્યો. અલકની વાત ન્યારી જ. ધર્મલક્ષ્મી અને દેવી ખરે પૂજ્ય કહાડ્યાં છે. ત્રીજા અને ચોથા ભાગને નવલકથાનું નામ ભાગ્યે જ આપી

શકાય. પોતે કહેતા કે વિદ્યાર્થી જંતુ અનુભવ શોધતું શોધતું સૃષ્ટિમાં રખડે છે. ત્યાં જે જે અનુભવ થયા તે આલેખ્યા છે. વીલીયમ માઇસ્ટરમાં પણ આજ ખરાબી છે. નવલકથાના સામાન્ય નિયમથી આવી કૃતિની પરીક્ષા કરવી ન જોઇયે. ગોવર્ધનભાઇ માટે પોતાને ઉંચી માનની વૃત્તિ હતી, ને તેઓને પોતાને માટે પણ ઉંચો ખ્યાલ હતો; પૂજ્યભાવ હતો. સંસાર સુધારાના મુખ્ય વિષયોઃ–સ્ત્રીકેળવણી, સ્ત્રીસ્વાતંત્ર્ય, વિધવાવિવાહ ઉપર દૃષ્ટિપાત કર્યા પછી હવે આપણે તે વખતના કર્મકાંડી બ્રાહ્મણો વિષે પોતાનો શો અભિપ્રાય હતો તે વિષે કંઇક ઉલ્લેખ કરીએ.

વિજયાદત્ત પંડ્યાને પોતે કોઈ શ્રીમંત પુરુષના ગોરના નમુના ઉપરથી ચીતર્યા છે. શરીરે સ્થૂલ તેમ મતિનાએ સ્થૂલ. તોપણ ગંભીર અને શ્રીમંતના સંસર્ગમાં આવ્યાથી કાંઈ સંસ્કાર પામેલા. વિજયાદત્ત હાસ્યની સાથ દયા ઉત્પન્ન કરાવે છે, નહિ કે તિરસ્કાર. "એનું પેટ એટલું તો મોટું હતું કે તેમાં સાત લાડુ ગોઠવાય તોપણ થોડી જગ્યા ખાલી રહે." જ્યારે યજમાનરાજને પોતાની વફાદારી બાબત સંશય આવ્યો ત્યારે તે તડુકી ઉઠેલો. "બ્રાહ્મણોના દહાડા ગયા, અને તેઓની કમાઈ સુકાઈ ગઈ. યુગ બદલાઈ ગયો. રાજા અને પ્રજા બંનેમાંથી ભક્તિ ઉઠી ગઈ. પરમેશ્વર ન કરે પણ રાજની ખરાબી એ પાપને લીધે થશે." આ ચિતારમાં સરસ્વતીચંદ્રમાંના ક્ષુદ્ર મૂર્ખદત્ત જેવી વ્યક્તિ નથી નિહાળતા, પણ એથી ઉંચી. રૂઢિ-ગ્રસ્ત ગૃહપુરોહિતની પ્રતિમા છે. દશેરાને દિવસે અપરાજીત દેવીના મંદિર આગળ બ્રાહ્મણોની વચમાં રાજ-દક્ષિણાની વ્હેંચણીમાં લુંટાલુંટ થઈ તે ચિતાર જમાનાના દ્રવ્યાકાંક્ષાથી ગ્રસ્ત થયેલા ગોર લોકનો સચોટ છે. એથી ઉતરતે પગથીએ જોશી મહારાજનો ચિતાર આવ્યો છે. જે રૂપસુંદરીને નડતો રાહુ દોષ સોનામ્હોરના ચળકાટથી શમાવી દે છે, ને આખર ગામડીઆ પુરોહિતોનો ચિતાર છે. તેએ

દાન આપનાર બાબત કહે છે "તેઓએ પોતાના દેહનું સાર્થક કીધું. તેઓ તો ચોરાસી લાખના ફેરામાંથી ટળ્યા. હમણાં તેઓ આકાશમાં તારા થઈ પ્રકાશતા હશે." પોતાના જમાનાના અશિક્ષિત પુરોહિતોના જુદી જુદી પંક્તિના ચિતાર નિહાળ્યા બાદ સવાલ પેદા થાય છે કે, પોતે આ વ્યક્તિને સામાજીક જીવન માટે જરૂરી સમજતા હતા કે નહિ? આ બાબત મ્હેં પ્રશ્ન પૂછેલો ત્યારે પોતે કહેલું કે, પુરોહિતની જરૂર તો છે; હરેક ગામમાં એક ચોતરો, પાસે દહેરું, ન્હાનું તળાવ, મીઠો કુવો, એક પુરાણિક ને પુરોહિત આટલાં તો જોઇયે. પાર્થિવ જીવનમાંથી કાંઇક વિસ્તીર્ણ જીવન તે બનાવે છે, પણ તેઓને કેળવવા જોઇયે. હાલમાં ગામડાંમાં કાંઈ પણ વાત ફેલાવવી હોય તો પટેલ તળાટીની મદદ લેવાય છે; યુરોપમાં પાદરી વર્ગ કામ લાગે છે. હિંદનો ગ્રામ્ય પુરોહિત શાળાનો માસ્તર ક્રિયાકાંડમાં પ્રવીણ ગોર કેમ ન થઈ શકે? બંગાળમાં "ગુરુ મહાશય" બાબત જે લખાયું છે તેથી તેમની ઉપયોગિતા સાબિત થાય છે. હાલના ગ્રામ્ય પુરોહિતો કેવા હોય છે તેની એક કહાણી પોતે મ્હને કહેલી. સુરતમાં અશ્વનીકુમાર તીર્થે પોતે સ્નાન કરવા ગયેલા પાછા ફરતા ત્યારે એક રાજપૂત સારવા બેઠેલો. કોચો સારનાર ને કિરપો સરાવનાર તેમ રજપુત તો અજ્ઞાન તેની સાથે પેલો પુરોહિત પણ છેક જ ક્ષુદ્ર પ્રાણી સમાન હતો. હોમની અગ્નિજ્વાલાઓમાંથી પોતાના પાતરાની બીડીનું ઠુંઠું સળગાવી તે ગાજી ઉઠયો, 'પાંચ શેર તલ પાંચ શેર અડદ વિગેરે મુકો' દીન વદન કરી પેલો મુંડાયલો રજપૂત બોલ્યો, એટલું કયાંથી લાવું' મૂર્ખ બ્રાહ્મણની ગર્જના વાધી, ને તે તડુકયો, "ત્યારે સવાશેર સવાશેર તો મુક." પોતાના પિતૃને ખરે જ પહોંચ્યું એમ; માની માંગેલું દાન અપાયું. પછી તે ગોરે કેરી માંગી. 'અલ્યા ત્હારા પિતૃઓ ગોટલા ચાટે છે હોં,' એમ કહી કેરી પડાવી. છેલ્લે સુંઘવાની તપખીર પણ બાકી ન રાખી. પોતે કહેતા કે, મ્હને આ દેખાવ જોઈ ઘણી ઘૃણા ઉત્પન્ન થઈ. મ્હારા મનમાં

આવ્યું કે, જો આજ સ્વર્ગારોહણ સોપાન છે, તો જોજો! રખે ચઢતા! સડેલ્ડી છે તે તૂટી પડશે. ઉત્તર હિંદુસ્થાનમાં હું ગામડાંમાં ફરતો હતો ત્યારે એક લુહારે મ્હને કહ્યું કે, સરકાર! જમીનદારની માલગુઝારી તો સીધી વર્ષમાં બે વાર લેવાય, પાક ન થાય તો માફ થાય, પણ પુરોહિતની માલગુજારી તો આંકી ગર્ભાધાનથી માંડી મુવા લગી. એ તો લયાં જ કરે, ને ઉપકારવૃત્તિ કાંઈ નહિ, લે છે કેમ, તો કે એનો હક્ક છે. આ માલગુજારીથી આડો આંક વળ્યો. પોતાના અસલના ગોરનું નામ ચંદ્રશંકર દિક્ષિત હતું. તે પરમેશ્વરનું માણસ હતું. પ્રપંચ શું તે જાણે નહિ. ગજાસર કામ કરી યજમાનની શ્રદ્ધા ઉપર ભરોસો રાખી સુખથી જીંદગી નિર્વાહ કરતા હતા. લીહંટ માટે કહેવાય છે કે, તે પણ દુનિયાદારીથી પોતાને અજાણ્યો માનતો, લ્હેણદારના ફંદમાં ફસ્યો રહેતો, ને હું આમાંનું કાંઈ જાણતો નથી એમ કહેવાને ખંચાતો નહિ. આટલું છતાં પણ જ્યારે કીંગ જ્યોર્જ ધી ફોર્થને fat Adonis of fifty નો ઇલ્કાબ એણે આપ્યો ત્યારે બદનક્ષીમાટે તેને જેલ જાત્રા કરવી પડેલી. ચંદ્રશંકર તો સુરતના ભલા ગોરનો એક નમુનો હતા. તેમની સરખામણી 'ડીકન્સ'ના ડેવીડ સ્કીમ્પોલ જોડે કંઇક અંશે થઈ શકે. ગરીબ હતા, સમજ ઓછી હતી. પોતે જ્યારે કોઈ પરમેશ્વરના જેવો મનુષ્ય જોતા ત્યારે તેને ચંદ્રશંકરનો ઇલ્કાબ આપતા.

ડીકન્સની નવલકથાનો પોતાને ઘણો શોખ હતો. પીક્વીકની હાસ્યજનકવૃત્તિ (pickwickian sense)થી કદી રમુજ થયા વિના રહેતી નહી. બુઢ્ઢો 'વેલર' પુકારતો કે, વિધવા સ્ત્રીથી ચેતતો રહેજે (Beware of widers) ને 'સૅમવેલર'ની કહેવત વાપરવાની ટેવ કેવી ચેપીલી લાગતી? adding insult to injury as the parrot said when he was not only encaged but taught to learn English. બાપ દીકરો જ્યારે પીઠાંમાં મળે છે ત્યારે નાના વેલરને શરાબની શીશીમાંથી લાંબો ઘુંટડો ભરતો જોઈ બાપ

બોલે છે. Samuel my boy! you have an uncommon power of suction you would have made an uncommon good oyster had you been born in that station of life. આ ફીકરો પોતાને બહુ રમુજ પમાડતો. 'જીંગલ' ની ડંફાસ, 'વીંક-લ' નું મિથ્યાભિમાન 'સ્નોડગ્રાસ' ની કવિત્વ સ્ફુરણા, 'મીસીસ બાર્ડે-લ' ની ધૂર્તતાને 'પીક્વીક' ની ભલાઈ, 'મેજીસ્ટ્રેટો' ની બેવકુફાઈ અને પેશ્કારની હોશીઆરી વગેરેનો ચિતાર પોતાને બહુ પ્રિય હતો. સામાન્ય વાતચિતમાં કોઈ વ્યક્તિ 'પીક્વીક' ના પાત્રો માફક વર્તન રાખતી જણાતી તો તરત એને આમાંના એકાદનું નામ આપવામાં આવતું. 'ડોમ્બી એન્ડ સન' પણ પોતાને બહુ પસંદ– cleopatra Commands and Antony Obeys આ 'જોસફ બૅગ સ્ટૉક'નો ફિકરો પોતાને અતિશય પ્રિય લાગતો. તે શિવાય 'કટલ'નો આંકડીવાળો હાથ, 'બન્સબી'ની ઍંચાતાણી આંખ (an eye towards Greenland) પળે પળે યાદ આવતી. 'ડેવિડ કોપર ફીલ્ડ'માંની 'બેટસી ટ્રોટવુદ'ની કૅરૅક્ટર લઈ પોતે કહેતા કે, એ તો હમારા જમાનાની જુવાનીમાં રંડાયલી ઘડપણમાં આવેલી ધમકાવતી મનાવતી ફોઈ જેવી આબેહુબ ચીતરી છે. તેમાં 'પેગટ્ટી'નું ચિત્ર પણ બહુ પ્રિય લાગે એવું છે. 'બાર્કીસ' જેવું શરમાળ નાટ્ય પાત્ર મુંબાઇની રંગભૂમિપર, એક હાસ્યજનક વિષ્કંભક (farce) માં મુકાયલું મ્હને યાદ આવે છે કે તેનું નામ અહુ અડગરો ને ઉરાયાહીપની દાંભિક દીનતા તો સૃષ્ટિના સેંકડો ચિતારોમાં મળી આવશે. પણ આખર 'મિકૉબર' ત્હારું ખીલતું હસમુખુ બેપરવા મુખ જ્યારે હું નિહાળું છું ત્યારે હમારાથી આગળના જમાનાના કરજમાં ડૂબેલા સંતોષી સુખી માનતા નાગરોનું ચિત્ર યાદ આવે છે. 'બ્લી'ક હાઉસની 'મીસીસ' જલેબી તે ઉષ્ણ કટિબંધ આવેલા 'બુરીયા બુલાધાના કાળા આદમી માટે ઉનનાં કપડાં મોકલે છે ને પોતાનાં છોકરાંને રઝળાવે છે. એ

ચિત્ર તો હિંદને બહુ જ લાગુ પડતું લાગતું. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' આ વાત ઘણે ઠેકાણે હિંદમાં જણાય છે. 'ચૅડ બૅંડ' અને 'પેકસ્નીફ'નાં દાંભિક ભાષણો, તેઓની લલુતા-કપટ, ને પવિત્રતાનો આડંબર એ તો સચોટ આધુનિક બ્રાહ્મણ જીવનને લાગુ પડતાં આવે છે. હમારે ઘેર ડીકન્સ નવલકથાકાર એટલો તો પ્રિય થઈ પડેલો કે, હમે જેટલાં અંગ્રેજી વાંચી શકીએ છીએ તે બધાંએ ઘણી વાર તેની નવલકથાઓ વાંચેલી. અજાયબ જેવું તો એ જ કે પોતાને સ્કૉટનું ઘેલું છતાં હમારે ત્યાં કોઈને સ્કૉટ અતિ પ્રિય ન્હોતો. લીટનની પાછી એટલી જ ઘેલાઈ! થેકેરેનાં ગ્રંથો તો અંગ્રેજી ભાષાજ્ઞાન સુધારવા હમે વાંચતા. 'એસ્મંડ'માં દીકરી જોડે ગુંથાયલો નાયક નાયિકાની માતા જોડે પરણે છે, એ મ્હને બહુ અસંભવિત લાગતું. પોતે કહેતા કે એમાં કાંઈ અસંભવિત નથી. વિધવાથી પુનર્લગ્ન થઈ શકે તો જેમ રજપૂતોમાં પુત્રને માટે પસંદ થયલી કન્યાને બાપે પરણી લીધેલી તેમ પુત્રી માટે પસંદ થયલા વરને વિધવા માતા ગ્રહણ કેમ ન કરે? વળી થેકેરેનો વિચાર એવો કે, બીયેટ્રીસ જેવીનાં જીવનનો અંત ખેમકુશળ ઘેર પધારી હેમાહઠીની જોડી જેવો સુખી અવસાનવાળો કેમ હોઈ શકે? એને માટે સામાન્ય "ખાધું પીધું ને મોજ મઝા કરી" કેમ લખી શકાય? તેથી એને તો સંસારસાગરમાં સુકાન વગર ભટકતી જ રાખે છે ને 'એસ્મંડ' અસ્થાયી તારાને ઉદ્દેશી નાવડું હંકારતો હતો તે ત્યાંથી ફરી, ધ્રુવ ખરેખરા સ્થાયી તારા તરફ પ્રેરેલું પોતાનું સુકાન રાખે છે ને છેવટે રેશલ બંદરમાં તે નાવડું નાંગરે, તેમાં શી નવાઈ? થેકરેકૃત 'ન્યુકમ્સ' પોતાને બહુ પસંદ હતું. 'વૉરન હેસ્ટીંગ્સ'ના જમાનાના 'ઍંગ્લો ઈન્ડીયન'ને નિહાળવા હોય તો આજ ચિત્રશાળામાં પ્રવેશ કરો. 'બેકીશાર્પ' ઉપર પોતે રહેમની નજરે નીહાળતા. જેનું મૂળ જ નઠારું, તેનું સુખ ભાગ્યેજ સારું નીવડે છે એ આ સંસારની ભવિત-

વ્યતાનો કરડો અને દુઃખદાયી નિયમ છે. સાધારણ ખ્યાતિ પામેલો નવલકથાકાર હમે વાંચતા નહી. રમેશદત્તની 'લેક ઑફ પામ્સ' પોતા આગળ વાંચેલી પણ સુધા અને બિંદુ માટે પોતાને ઝાઝો પ્રેમ નહી થયેલો. તેની માધવી કંકણ પોતાને અધિક પ્રિય હતી, પણ તે જમાનાના ચિતાર માટે જ! વસ્તુ તો એમાં પણ શિથિલ અને અસંબદ્ધ છે; એમ પોતે કહેતા. જે વસ્તુ સંકલનામાં "આવશ્યકતા"ની અગત્યતા છે તે આમાં મળતી નથી. 'જીવન સંધ્યા' ને 'જીવન પ્રભાત' પોતાને વધારે સારાં લાગ્યાં હતાં. પોતાને 'મેડોઝટેલર'ની નવલકથા પસંદ હતી. બંકીમચંદ્રની નવલકથા તો નારાયણ હેમચંદ્રના ભાષાંતર દ્વારા જ વાંચેલી. પોતે કહેતા કે કૃષ્ણકાંતનું વીલ ને તેથી ઉત્તરતે દરજ્જે કુંદનંદિની અવતંસ વિષવૃક્ષ સૌથી સારી લાગતી. ગુર્જર કવિઓમાં પોતાને પ્રેમાનંદ અને દયારામ બહુ પ્રિય હતા. નાંદોદમાં પોતે રહેલા એટલે ચાંણોદ કરન્યાળી વટાવતાં દયારામની માધુર્ય શીકર જ્યાં ત્યાં ઉડી રહેલી. તેના છાંટા પોતા પર પડ્યા વિના રહેલા નહી. મ્હારાં માતુશ્રી કહેતાં કે, ચાંણોદમાં દયારામનો એક શાગીર્દ હમારી સન્મુખ આવી ગાતો. ધોળી મૂછવાળો વૃદ્ધ પણ દયારામનાં પદો ગાય ત્યારે માથે સાડી ઓઢે "એ તો ક્હાના તમે પુરુષ હમે નારી!" વૈષ્ણવ ભક્ત તો સર્વ સૃષ્ટિને ગોપીના રૂપમાં જ નિરખે છે. અર્થલાલિત્ય પદલાલિત્યમાં કોઈ ઠેકાણે દેહીભૂત થયું હોય તો અહીં જ! સરસ્વતીચંદ્ર ઉપરથી માલૂમ પડે છે કે, ગોવર્ધનરામને પણ દયારામ ઉપર પક્ષપાત હતો. આ બે ગુજરાતના પવિત્ર-જીવન અને આચાર વિચારની ટોંચે પહોંચેલી વ્યક્તિઓને દયારામભાઈ પસંદ પડ્યા તો તે કાંઈ એના ઉઘાડા શૃંગારથી નહી જ હોય! કૃષ્ણચંદ્રને ઉદ્દેશી નંદ સન્મુખ ગોપી ગાય છે. "લાલ! ત્હમારો લાડકવાયો મુજને તે કાંઈ કાંઈ કહે છેરે! મુજ સ્હામું જોઈ વ્હાલો નૈન નચાવે! અધુરું મધુરું હસી દે છે રે!" આ ગરબો મને સચોટ યાદ છે કે, ચાંણોદમાં તાલીમ પામેલી નાંદો-

દની બે બ્રાહ્મણ વર્ગની સ્ત્રી હમારે ત્યાં ઘણી વાર ગાતી ને હું બહુ જ બાળક–કાંઈ પાંચ વર્ષનો–તે મ્હને આ અધુરાં મધુરાં મુસ્ખિરાહટનું ગીત સાંભળી ઘણું ગમતું. દલપતરામ માટે પોતાને પૂજ્યભાવ હતો. હમારા નાદાનપણામાં હમે એની કવિતાની મશ્કરી કરતા ત્યારે પોતે કહેતા કે એની યમકઝમકમાં કોઈ પણ કઠિનતા કે ક્લિષ્ટતા જેવામાં આવે છે? ને ઉંચી શૈલીની કવિતા વાંચવી હોય તો તેમનો બનાવેલો ફ્રૉબ્સ વિરહ કે 'વેન ચરિત્ર' વાંચો. નૈસર્ગિક કવિ કહો તો દલપતરામ! પછી ઝવાહિરાતમાં તો હીરો પણ છે ને માણેક પણ છે.

નર્મદ માટેનો પોતાનો પ્યાર આગલા પ્રકરણમાં બતાવ્યો છે. પણ તેનામાં રસદોષ કેટલીકવાર આવી જતો. કવિધૂન એક સરખી એની કવન–શ્રેણીમાં ચાલતી નહી. આધુનિક કવિતા પોતાને વાંચવામાં આવેલી નહી; તેથી ગોવર્ધનરામ કે નરસિંહરાવની કવિતા માટે પોતાનો શો ખ્યાલ હતો તે કહી શકાય નહી. પોતે કહેતા કે કવિતા લખવી હોય તો લખો પણ વસ્તુ ક્ષુલ્લક રાખશો નહી. પછી પદલાલિત્ય રચવું અઘરું નથી.

આગલા પ્રકરણમાં બતાવી ગયો છું કે, પોતાને મરોઠા અને મુસલમાની અમલદારોનો બહુ માઠો અનુભવ થયો હતો. આથી ૧૮૯૭ ની બાદ જે સ્વરાજ્યનો મામલો ચાલ્યો તે માટે પોતાને બહુ અનુરાગ ન હતો. આપણે હજુ તાબેદારી કરતાં–એવા આજ્ઞાનુસારી થતાં શીખ્યા નથી કે આપણા ઉપરી હાકિમોને માન આપી તેના હુકમનો બખડા કર્યા વગર અમલ કરીએ. જ્યાં લગી ગુલામગીરીની આધીનતા નહી પણ ખુદ–અખ્તીયારીની આધીનતા કરતાં નહીં આવડે ત્યાં લગી રાજ્ય કરવાને લાયક ઠરીશું નહીં. અંગ્રેજ લોક મગજશક્તિમાં આપણાથી ચઢીઆતા નથી. પણ સમાજશક્તિ રાષ્ટ્રીય રહસ્ય તે એમણે સર કર્યું છે. પછી એમની બરાબરી કેમ

થાય ? પણ પોતાને આ બાબત બહુ આગ્રહ હતો કે હિંદની તદ્દન ઉચ્ચ પદની જગ્યા છોડીને તેથી હલકી પાયરીની જગ્યાઓ હિંદીવાનોનેજ આપવી જોઇયે. તેથી કામ થોડા મૂલ્યમાં પણ સારું થશે ને ઇંગ્રેજી રાજ્યના બંધારણ જોડે આ નવા ઉદ્દાત્ત વર્ગનું ભાગ્ય સંધાયલું રહેશે, એટલે રાજદ્રોહનો ઓળોએ તેમાં નહી પડવા પામે. ખુશામતના પોતે મહાન્ દુશ્મન! શ્વેત વર્ણની પૂજા જે કેટલાકમાં જાગૃત પામી છે, તે પોતાનામાં બિલકુલજ નહી. મનુષ્ય માત્ર એક સરખા! અહીંના 'ડેપ્યુટી કલેકટર' નો અનુભવ થયા બાદ ભૂતકાળ ઉપર નજર નાંખતાં પોતાનું વર્તન બહુજ સ્વમાન પુરઃસર અને ગંભીર રહેતું, એમ સ્પષ્ટ જણાય છે. જરાએ તોછડાટ પણ નહી તેમ જરા પણ લલુતાએ નહી. પોતે હમેશ કહેતા કે રાજસુધારો ને સંસાર સુધારો સાથે લાગાં ચલાવો. પોતે સરકારી નોકર એટલે નિવૃત્ત થયા પછી કોન્ગ્રેસમાં ભાગ લેવા જતા, પણ તે પહેલાં તો સંસારસુધારા તરફ પોતાને અથાગ રઘબત હતી. આપણી પ્રજાને એવી ઉંચે દરજ્જે ચઢાવો કે આપો આપ તે સમસ્ત જગપ્રજા તરફથી સાદર મનાય. પોતાપણું ભૂલવું નહિ. પશ્ચિમ વોહમાં ઘસડાયા તો નામ નિશાન પણ બાકી નહી રહે. તેથી તેમના સામાજીક બંધારણનાં મૂળ તત્વોનુંજ ગ્રહણ કરી ઉપર ટપકાની વાત જવા દેવી. 'બેંથમ' ની 'થીયરી ઓફ્ લેજીસલેશન' બાબત વાત કરતાં પોતે કહેતા કે વ્યક્તિનો સ્વાર્થ ને સમષ્ટિનો સ્વાર્થ તે સાથે લાગાં સધાવવાં જોઇએ, એમ બોલી યુરોપના ન્યાય તંત્રીઓને 'બેંથમે' પોતાની તરફેણમાં લીધેલા. બાકી એ તો કોણ જોવા ગયું છે કે સમષ્ટિને ફાયદો પહોંચ્યો કે નહી. અમુક વ્યક્તિ ગણનો નફો ટોટો પ્રત્યક્ષ કરી શકાય છે. સમષ્ટિનો તો પરોક્ષ જ રહે છે. આપણો ન્યાય ભૂલવો નહી કે, સદાચરણ કરો છો તે સમષ્ટિનાં ભલાં માટે નહી, પણ તેમ કરવાનો તમારો ધર્મ છે. તેમ કરવાથી સમાજને શાતાએ વળશે ને મારું કલ્યાણ પણ થશે. પણ સમાજનું

કલ્યાણ અને આત્મકલ્યાણ એ પારખવાં સ્હેલાં નથી. તેથી આ જ કહેવું ઠીક છે કે ધર્મ છે તે પ્રમાણે આચરો. પરિણામ જોનારા બીજા છે. આ સમાજધર્મ નશ્વર છે એમ ન કહેવાય ને અવિચળ છે, એમ પણ પોતે ન કહેતા. ફેરફારની જરૂર છે. ને સમયને અનુસરી એટલે જગતની ગતિને અનુસરી ફેરફાર કરવો જ જોઇયે. આ કામ ઉદાત્ત ન્યાય મંત્રીનું છે. પ્રજાએ તો જે ધર્મ કહ્યા, તે જ પ્રમાણે ચાલવાનું છે. પ્રજાસત્તાક રાજ ગામડાના રાજતંત્ર માટે લાયક છે ને તે પાછું જાગૃત કરવું જોઇયે. પંચાયતમાં નિર્જીવ દાવા મુકદમા ફેસલ થશે. લોક સુખાકારી સુધરાઈ તથા વ્યક્તિ લેણદેણનો લોપ ને સમષ્ટિ લેણદેણનો આરોહ સધાશે. રાજ્ય માટે તો ઉદાત્ત રાજ્ય પોતાને પ્રિય હતું. આગળ જતાં નીટશેનાં કાવ્યરૂપી ગદ્યો મ્હેં વાંચ્યાં ત્યારે મ્હને થયું કે આતો પાછો પ્રાચીન હિંદમાં ચંચુપાત થયો ને શોપનહૌરે અસ્તિત્વ,–અહંભાવનું–સમર્થન કરવાની વાંછનાનો લોપ બૌદ્ધ સરિતામાંથી પીધેલો, તેમ 'નીટશે'એ ઝળહળતાં વેદ કાલનાં સોમપીયુષ કુપ્પામાંથી ગાઢપાન કરેલું. અસ્તિત્વનો પરમ આમોદ–અસ્તિત્વને સંસ્કારી બનાવવામાં મશગુલી. જીવનને યાદ રાખો ને તે જ પૂજો. આ પ્રનાલિકા હાલ યુરોપ દેશમાં પ્રચલિત થઈ છે.

> अन्यत् श्रेयो अन्यत् उतैव प्रेयः
> तयोः श्रेय आददानस्य साधुर्भवति
> हीयते अर्थाद् यउ प्रेयो वृर्णाते. (कठ उपनिषद)

આ બાબતનો ખ્યાલ રાખી ન્યાય નિયમો બનાવવા, તે ઉદાત્ત વર્ગ જ કરી શકે. ઈ. સ. ૧૭૯૨ થી માંડી યુરોપ દેશમાં મોઘા મંત્ર ભણી એક Demos રૂપી ભૂતડું ઉભું કર્યું છે. હાલના સુરી લોક તેને શમન કરવાનું ભૂલી ગયા છે. તે ગરજ ભુખ્યું ભૂતડું સર્વ સારી નરસી ચીજનો ભક્ષ કર્યું જાય છે. તેને શીશામાં ઉતારનાર કોઈ મળ્યો કે તરત જ પાછું ઉદાત્ત રાજ જ આવવાનું; પણ પહે-

લ્લાંના ઉદાત્ત રાજ્ય કરતાં શ્રેષ્ઠ. સુધારો વર્તુલમાં ઘૂમતો નથી, પણ spiral રીત્યા ચઢે છે. આપણે આદર્શરૂપી શેષનાગ રાખ્યો છે..

હમારા જમાના બાબત પોતાનો હમે અભિપ્રાય માંગતા તો પ્રસંગોપાત્ત નીચલાં વેણ નીકળી જતાં, પણ પોતાને વણ પૂછ્યે ઉપદેશ કરવાની ટેવ નહી, એટલે એકી વખતે આ વિષય ઉપર બોલેલા નહી. “સ્વાર્થ વધ્યો છે. વ્યક્તિત્વ વધ્યું છે. બલ્કે કહીએ તો ઉપસ્યું છે. હમારા ચાંચવા પાવડાના જમાનામાં વ્યક્તિત્વ વિસ્તૃત પામ્યું હતું. તેથી સાહસ આવ્યું હતું. સ્વાર્થ જે હતો તેને પરમાર્થનો ઓપ હતો. પરમાર્થ તરફ પ્રેરાતો હતો, પણ હાલનો સ્વાર્થ તો ઉઘાડ છોક સ્પષ્ટ ખુદ ઘરઝી જ છે. આથી વ્યક્તિત્વમાં ઉન્નતિ આવશે નહી, પણ સદાકાળ અસંતોષ જ રહેશે. મનની સાંત્વના થઈ શકશે નહી ને વ્યક્તિ આપઘાત કરશે. શ્રદ્ધા પણ કમ થઈ ગઈ છે. સામાન્ય કહેવાતા ધર્મમાં હમને એ શ્રદ્ધા ઘણી કમ હતી, પણ હમે કોઈ ઉંચા જ કાર્ય માટે સર્જાયલા છૈયેં એમ માનતા. હમને આ દેશ મળ્યો છે કે જાઓ દુનિયામાં, ભીડો બાથ દુષ્ટતા જોડે ને રામનું રાજ વર્તાવો. હાલની અશ્રદ્ધા તો સ્વાર્થના પાયા પર રચેલા મંદિરનો કળશ છે. ધર્મમાં શ્રદ્ધા કમ થઈ છે એટલું જ નહી પણ જાતમાં, મનુષ્ય સંસ્કારમાં, મનુષ્યભવિષ્યમાં શ્રદ્ધા કમ થઈ ગઈ છે. આથી જ્યાં નજર નાંખીએ છૈયેં ત્યાં દુઃખીઆરું ધુંધવાતું જીવન જોઇએ છૈએ. બીજા સદ્ગુણ ઘણા છે. પહેલાં કરતાં લોક સ્વતંત્રતામાં આગળ વધ્યા છે. સ્વમાન, આત્મનિષ્ઠપણું અને જાતકેળવણી અધિક થયાં છે. શ્રદ્ધા એ તો નાવિકોનો ઉત્તર ધ્રુવ. એને નજરમાંથી ન ખસેડશો. ત્યાં જવું છે તો એને ઉદ્દેશીને જ કાર્ય કરજો. સ્વાર્થ ભારે ખરાબો છે. સ્વાર્થથી આપણું મીઠું જીવન ખારું બની જાય છે. એ આખરણ દૂર રાખજો ને જીવનમાંથી ઉત્સાહરૂપી કિરણ નાશ પામવા દેશો નહી. જીવનસાફલ્ય તેથી જ સધરાશે.

વિલહેલ્મ માઇષ્ટરમાં ગ્યોઇટે એ મીન્યોનાં દફન વખત જે બોધ આપ્યો છે તે સર્વ કાલ માટે છે.

Boys—Let us weep and remain here. The chorus (invisible)-children. Turn back into Life! Fly from night! Day and pleasure and continuance are the lot of the living.

Boys—up! Turn back into life! Let the day give us labour and pleasure till the evening (Van prastha) brings us rest and the nightly sleep refreshes us.

Chorus—Children hasten into life! In the pure garments of beauty may love meet you with heavenly looks and with the wreaths of immortality Travel, travel back into life! Take along with you the holy earnestness! For earnestness alone makes life immortal.

'ભભુત લગાયો અલખ જગાયો ખલક કીયો સબ ખારોવે!' આ માર્ગથી દૂર રહો. અલખ જગાવો ને જગતને અમૃતથી ભરેલો બતાવો. નજરબંધી કરી શકો તો સ્વર્ગનાં સુખ બતાવો. નહી કે સૃષ્ટિની નરકતુલના.

જુલમ મત કરનારે બચ્ચા,
અલખકા ખેલન સબ સચ્ચા.

તે અલખના સચ્ચા ખેલન લોકને સમજાવો. ફ્રાંસમાં Fin du siecle ના જમાનામાં જે નિરાશા છાઈ હતી, જર્મનીમાં નોવાલીસના વખતમાં Welt schmerz વ્યાપી રહ્યું હતું તેમ આ લહેર હિંદમાં આવવા લાગી છે. "પણ ખંત! સાહસ! શ્રદ્ધા! ઉત્સાહ તમને કંદીલીઆ (light-house) રૂપ નીવડશે." હું પોતાથી જ્યારે વિલાયત જવા સારુ ઇ. સ. ૧૯૦૩ ના ઑકટોબરની પહેલી તારીખ ને બૃહ-

રપતવારે વિખુટો પડ્યો ત્યારે ગળગળતે કંઠે પોતે "may God bless you" કહેલું. પોતાનો આશીર્વાદ ફળ્યો ને હું મારા ધારેલા કામમાં ફતેહમંદ નીવડી પાછો આવ્યો. મારું એટલું સદ્ભાગ્ય નહી કે હું એમનું પ્યારું પૂજનીય મુખ નીહાળી શકું. ભાવિ! મારી સીવીલ સર્વીસની પરીક્ષાને ચઉદ દિવસ બાકી હતા, તે અરસામાં પોતાના દેહનો અંત આવ્યો. મારા જ્યેષ્ઠ બંધુએ ત્રણ દિવસ આગમચ પોતાને વિનંતિ કરી મને આશિર્વેણ લખાવ્યું કે મને ધીરજ રહે. આ પત્ર મારી પાસ મોજુદ છે. હાથ સ્થિર નથી. પણ આ હરફ પોતાના ગહન હૃદયાંગણમાં પ્રવેશ પમાડી ત્યાંના અગાધ પ્રેમસરમાં મને ઝંપલાવવાનો અવસર આજ પણ આપે છે! ગ્યોઇટેએ પોતાનાં નાનકડાં મકાનમાં નીચે મુજબ કડીઓ ભીંત ઉપર લખી હતી.*

Uber allen gipfeln
  Ist Ruh,
In allen wipfeln
  Spurest du
Kaum einen hauch;
  Die Vogelein Schweigen in Walde.
  Warte nur, balde
  Ruhest du auch.

નામ તેનો નાશ નથી માત્ર અંતર સંગીત બંધ પડ્યું છે પણ રણકારા જારી છે. હમને-ગુર્જર પ્રજાને-સુખ આપવાને સદા જારી રહો!! અસ્તુ!!!

પોતાના મૃત્યુ બાદ દિલસોજીના ઘણા પત્રો આવ્યા હતા, તેમાંથી કેટલાકમાંથી નીચેના ફિકરા આપું છું.

* હરેક શિખર ઉપર શાંતિ છે. કુંપલ ઉપરથી પવનનો અભાવ જણાય છે. જંગલમાં પંખીડાં મુંગા બેઠાં છે. જરા થોભ. તુંએ મુંગો બેસવાનો.

રા. બા. ડાહ્યાભાઈ હરજીવનદાસ નાણાવટી મ્હારા ભાઈ મનુભાઇને લખે છે.

'I am extremely sorry to hear the sorrowful news of the death of your good and worthy father and my most respected Master Saheb.

મી. રોમેશચંદ્ર દત્ત લખે છે.

Baroda July 18th 1905.

MY DEAR MANUBHAI,

I am deeply graved to hear of the death of your venerable father and I beg you will accept my sincere condolences and convey the same to the bereaved family. Gujarat has lost the most distinguished of its authors and also one of the ablest and best of its citizens.

. . . .

Yours Sincerely,
(Sd). R. C. DUTT.

રા. વૃજભુખણદાસ પકવાસા સોલીસીટર લખે છે

"By his simplicity of character and unobtrusive and retiring disposition and amiability, he commanded respect and reverence from any one who came in the least contact with him."

રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ લખે છે

'In him Gujarat loses one of her brightest sons; and the good work he has done will ever remain a telling monument of it. For Moral courage and pro-

bity, absolute integrity and devotion to the common weal as an administrator he was unsurpassed in his generation and his loss to us all is absolutely irreparable.

રા. જમીયતરામ શાસ્ત્રી પ્રિન્સીપાલ ટ્રેનીંગ કૉલેજ અમદાવાદથી લખે છે.

'Gujarat must feel the loss of master Saheb terribly as in him has been taken away the father of pure Gujarati prose.

રા. લલ્લુભાઈ આશારામ શાહ (હાલમાં હૉ. મી. જસ્ટીસ શાહ) લખે છે.

"I need hardly add that I fully sympathise with you all in this hour of sorrow. We have to remember after all that it is our duty to accept without a murmur the dispensations of the almighty. It is impossible, however, for any educated Gujarati to avoid the pangs of sorrow at the idea of the writer of 'Karan Ghelo' being no more.

રા. ભુલાભાઈ જીવણજી દેસાઈ લખે છે:-

MY DEAR MANUBHAI,

The sad news has spread wide and has come to us that Master Saheb (true teacher of men he was) passed away peacefully the day before yesterday. But the loss in this case, though it is bound to be particularly heavy to us as being above all a personal one, is of practically a universal character for Gujarat in general. His life has moulded the character and

career of many a man that has lived and died to do service to this land. With him has passed away perhaps the last but the principal of the band, that con rageously shook off the yoke of the superstitions of ages and led a progressvie school of independent thought and action. His powerful individuality and his deep seated and earnest conviction are sure to leave for him a memory to be cherished with no ordinary regard or admiration.

In all this immense good that he lived to do we have now to seek consolation and the sympathies of the whole of Gujarat and of the kindred thinker of Master Saheb all over the country ought to count towards alleviating the immediate shock.

Yours Sincerely

BHULABHAI J.

મી. જમશેદજી અરદેશર દલાલ વડોદરાના માજી કેળવણી-ખાતાંના મંત્રી લખે છે:-

'My acquaintance is wide and I have been agitating for some days if I could remember (bring to my mind rather) any one whom I could put on a level with him of those now existing in this world. But I could think of no one. Highest wisdom and prudence, entire innocense of any deed or thought to harm, or even to offend the feel-

ings of any human being, extreme contentment, dignity, justice, and repose in official life, these I do not find in any one now, old or young and in the past, I can think only of Mahadeo Govind Ranade; though I judge of Ranade, only from report and not from long observation by myself. Since 1859 your father's character and carreer has been an examplar and a model of imitation for me; it would be absurd even to hint that I have approached the model in any way. We sailed in different seas and we weathered different storms. But whatever little of goodness I may have done or attempted was from ever looking up to him. I often wished to tell him of it; but I was deterred from the consideration that seeing me as I was he would have shrunk from such a copyist.

I am

Ever Yours Sincerely

Jamshedjee. A. Dalal.

ઑ. ગોકલદાસ કહાનદાસ પારેખ મ્હારા વડીલ બંધુને લખે છે.

'To people like me who had the privelege of his friendship, his wide and varied culture, his sound common sense, his brilliant wit, the complete straightness of his life, and the spartan simplicity of his habits, always commended our highest reverence and in his death Gujarat lost one of its best sons.

ઑ. રા. બા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ લખે છે.

'In him Gujarat has lost one of her great and illustrious men whose place cannot be filled. A whole life of high ideals has closed its earthly career and we have to cherish its memory in sorrowing greatfulness.

પોતાના જુના મિત્ર રા. બા. પાર્વતીશંકર તે વેળા હયાત હતા. તેમણે તેમના પુત્ર રા. મોહનલાલ હસ્તે નીચે મુજબ પત્ર લખાવ્યો હતો.

"My father wishes me to express his heartfelt sorrow at the sad death of your venerable father as perhaps you know very well, my father was on very intimate terms with the deceased from his boyhood and it is but very natural that he should feel the loss of one who was endowed with high moral and intellectual capacities and was an ornament to our community.

રા. રા. સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ મ્હારા બન્ને ભાઈઓને દિલસોજીનો પત્ર લખતાં નીચે મુજબ પોતા માટે વિચાર દર્શાવે છે:–

'Master Saheb was one of my father's truest friends and I who remember all the past days vividly feel this as something like a personal grief."

દિ. બ. વાસુદેવ મહાદેવ સમર્થ, વડોદરાના માજી અમાત્ય સાહેબે મ્હારા બીજા ભાઈને નીચે મુજબ લખેલું:–

I have not sent you a letter of condolence as is the way of the world. But I suppose you do not

mind it, knowing how sincerely I deplore the loss of your good and eminent father and that 'secretly' I held him in high esteem and respect–secretly that is to say I was not effusive or demonstrative about my sentiments. Now I think you are quite fitted to do a duty to your late lamented father and to the public. Can yau not undertake to write a brief but instructive life of him some thing on the model of Sashiya shastri's life. I send you the book if you have not come across it before. Such careers are bound to inspire some at least of the rising generation with a sense of the value and urgency of unostentatious duty amidst circumstances not at all inspiring.

પોતાના મિત્ર રા. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકના પુત્ર રા. રા. માધવલાલભાઈ મ્હારા વડીલ બંધુને લખે છે કેઃ-

The death of Nandshankarbhai must cause a void which it will be difficult to fill for years. A thoroughly self made man, he made the best use of the powers that God had been pleased to bestow on him. His quiet persistent industry entitled him to claim a degree of scholar's life in his days, rarely to be met with in the best University now. While his exemplary honesty, superior intellectuality and regular studious habits won him the regard and esteem of those who had to deal with him. To all this, it must be said

to his eternal credit, he added an amiable nature a quiet gentility and a spirit of self-effacement which was as winning as it was able. It is but natural that the whole of Gujarat shares with your sorrow for the loss of one so gifted. So good and so learned.

આ ઉપરાંત સુરતના નાગરિકોની એક સભા ત્યાંના કલેક્ટર મી. વેસ્ટ્રૉપના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં મર્હૂમના કુટુંબ પ્રતિ સહાનુભૂતિનો ઠરાવ પસાર થયેલો તે મોકલતાં નીચે પ્રમાણે લખાઈ આવેલું:-

I have the honor to forword, in pursuance of the resolution passed at a public meeting of the citizens of Surat held in the municipal hall in 5th August 1905 over which I had the honour of presiding the copy of the accompanying resolution.

I trust it will be some consolation to you to find that the public of the city has shown its appreciation of the life work of the deceased whom I understand it held in high esteem.

સુરત ઍંડ્રુઝ લાઈબ્રેરીના ઑનરરી સેક્રેટરી રેવરન્ડ શિલિડી તરફથી પોતા માટે નીચે મુજબ વિચાર દર્શાવવામાં આવ્યા હતા.

'It is with much regret, the managing committee records here the death of Rao Bahadur Nandshankar Tuljashankar who for the last ten years was the member of the managing committee of this institution. So long as the Gujarati language endures, his name

will be known in connection with his famous historical novel Karan Ghelo which is recognized by all as one of the few classical works our Gujarati language possess. We need say nothing of Mr. Nandshankar's profound historical researches and his knowledge of the antiquities of Gujarat or of the grace of his literary style as all acquainted with his book are aware of these facts.

રા. રા. કૃષ્ણમુખરામ આત્મારામ મ્હેતાના પ્રમુખપણા નીચે મળેલી સુરત નાગર એસોસીએશનમાં થયેલો સહાનુભૂતિનો ઠરાવ મ્હારા બંધુઓ ઉપર મોકલી આપતાં તેઓ લખે છે કે,

'મર્હૂમ રાવબહાદુરે બ્રીટિશ રાજ્ય તથા દેશી સંસ્થાનોમાં મ્હોટા મ્હોટા ઓદ્ધાને શોભાવી પોતાના ઉંચી બુદ્ધિ અને નીતિના ગુણોથી તેમ જ સાદાઈ અને નિશ્ચયપૂર્વક શાંતપણે કાર્ય કરવાની પદ્ધતિથી રાજા તથા પ્રજા બન્નેને સંતોષ પમાડી જે દેશસેવા બજાવી છે, તેને માટે આખી ગુજરાતની પ્રજા તેમની મ્હોટી આભારી છે. એવા પવિત્ર બુદ્ધિશાળી અને સાક્ષર વર્ગમાંના એક અગ્રેસર ગૃહસ્થને માટે આખી નાગરી ન્યાત વાસ્તવિક અભિમાન રાખતી આવેલી છે અને આજે તેમના મરણથી આખી નાગરી ન્યાત શોકમાં ભાગ લે છે.

આ ઉપરાંત સુરત નાગર બ્રાહ્મણ યુનીયન, ગુજરાત સાહિત્ય સભા, રામચંદ્ર દીપચંદ કન્યાશાળાની વ્યવસ્થાપકમંડળી, સુરત મહાજન અનાથ બાળાશ્રમની કમીટી, સિરોહી (રજપુતાણા) યુનીયન કલબ, વિગેરે મંડળો તરફ સહાનુભૂતિના ઠરાવો લખાઈ આવ્યા હતા.